
# મળવા જેવા માણસ




પી. કે. દાવડા

## અનુક્રમણિકા

પ્રસ્તાવના ........ 6

મારા જીવનસંગ્રામની સાથી ........ 10

નિવેદન ........ 11

શ્રી વિનોદ ગણાત્રા ........ 13

શ્રી હિમ્મતલાલ જોષી (આતા) ........ 17

શ્રી શરદ શાહ ........ 21

ડૉ. કિશોરભાઈ મોહનભાઇ પટેલ ........ 25

શ્રી ગોવિંદ પટેલ ........ 28

શ્રી હરિકૃષ્ણ મજમુંદાર ........ 32

શ્રી વલીભાઈ મુસા ........ 35

શ્રી જીગ્નેશ અધ્યારૂ ........ 38

શ્રી વિજય શાહ ........ 42

પ્રાધ્યાપક દિનેશ પાઠક ........ 47

શ્રી સુરેશ જાની ........ 51

શ્રી વિનોદભાઈ આર. પટેલ ........ 55

ડો. ચંદ્રવદન મિસ્ત્રી ........ 62

ડો. દિનેશ શાહ ........ 66

શ્રી પ્રવીણ શાસ્ત્રી ........ 71

શ્રી મહેન્દ્ર મહેતા ........ 76

શ્રી કૃષ્ણકાંત ઉનડકટ ........ 81

શ્રી જયકાંત જાની ........ 85
ડૉ. પ્રતાપભાઈ પંડ્યા ........ 89
શ્રી રમેશ પટેલ ........ 93
શ્રીમતિ પારૂબહેન કૃષ્ણકાન્ત ........ 97
શ્રી અશોક મોઢવાડીયા ........ 103
શ્રીમતિ મેઘલતાબહેન મહેતા ........ 108
પી. કે. દાવડા (મારો પરિચય) ........ 112
શ્રી જુગલકિશોર વ્યાસ ........ 118
શ્રી દીપક ધોળકિયા ........ 124
શ્રી ચીમન પટેલ 'ચમન' ........ 129
શ્રીમતિ દેવિકા રાહુલ ધ્રુવ ........ 135
શ્રી નવીન બેંકર ........ 139
શ્રીમતિ હીરલ શાહ ........ 145
શ્રી શકુર સરવૈયા ........ 149
શ્રી સુરેશચંદ્ર શેઠ ........ 154
શ્રીમતિ રેખાબહેન સિંઘલ ........ 158
શ્રી. ભૂપેન્દ્રસિંહ રાઓલ ........ 164
ડૉ. ચિંતન વૈશ્નવ ........ 168
કેપ્ટન નરેન્દ્ર ફણસે ........ 172
શ્રી અરવિંદ અડાલજા ........ 177
શ્રી ગિરીશ ચિતલીયા ........ 181

શ્રી પ્રભુલાલ ટાટારીઆ ........ 186

શ્રીનગીનભાઈ જગડા ........ 190

........ 190

ડો. મહેશ રાવલ ........ 195

શ્રી હરનિશ જાની ........ 202

શ્રી ગોપાલ પારેખ ........ 207

શ્રીમતિ બાનુમા (સપના) વિજાપુરા ........ 211

શ્રીમતિ રાજુલ શાહ ........ 216

શ્રી અનિલ ચાવડા ........ 220

શ્રીમતિ નીલમ દોશી ........ 225

શ્રી વિશ્વદીપ બારડ ........ 230

શ્રીમતિ પ્રજ્ઞાબહેન દાદભાવાળા ........ 236

શ્રી સુરેશ પટેલ ........ 241

# પ્રસ્તાવના

પરિચયલક્ષી લેખો લખવા અને આ લેખો પણ એટલા ટૂંકાણમાં લખવા જેથી માહિતીનો અતિરેક ન થાય, એ બહુ જ કપરું કામ છે. એનાથી પણ વધુ કપરું કામ છે કે આ લખાણો માત્ર બાયોડેટા કે રેઝ્યુમી ન બની જાય એ માટે લેખકનું સતત સજાગ રહેવું. આ સજાગતા સાથે એ પણ ધ્યાન રાખવાનું હોય છે કે આવા પરિચયલક્ષી લેખોમાં માત્ર માહિતીનું પ્રાધાન્ય ન રહે પણ સાથે વાચકોની રસક્ષતિ ન થાય અને વાર્તા તત્વ પણ જળવાઈ રહે. હવે આમાં બીજો "એક્સ ફેક્ટર" એ ઉમેરાય છે કે વિશિષ્ટ અને જુદા જુદા ફલક પરથી આવતી પ્રતિભાઓનું આલેખન એવી રીતે થવું જોઈએ કે વાચકવર્ગની ઉત્સુકતા એક પરિચય વાંચ્યા પછી બીજો પરિચય વાંચવા માટે જળવાઈ રહેવી જોઈએ. આ બધી જ કસોટીઓમાંથી લેખક સો ટચના સોના જેવા ખરા ઉતર્યા છે. મેં "મળવા જેવા માણસ"ના લેખો છૂટા છવાયા બ્લોગ્સ અને ઈ-મેલમાં વાંચ્યા હતા પણ જ્યારે આ પ્રસ્તાવના લખતી વખતે હું વાંચવા બેઠી તો એક જ બેઠકે વાંચી ગઈ. એક પછી એક લેખો હું વાંચતી ગઈ અને ક્યાંય મને એવું ન લાગ્યું કે હું એક સુગ્રથિત ક્રમમાં આલેખાયેલી માહિતી વાંચી રહી છું. દરેક પરિચયમાં, લેખકને અને જેની સાથે લેખક આપણને મેળવી રહ્યા છે એ વ્યક્તિને જાણે વાચક તરીકે આપણે પ્રત્યક્ષ મળીને વાતો કરી રહ્યા હોઈએ એવું લાગે છે. લેખકની આ મોટામાં મોટી સિધ્ધિ છે.

અહીં સર્જક આપણને પચાસ વ્યક્તિઓના જીવનની યાત્રા પર લઈ જાય છે. આ બધી જ વિભૂતિઓ સમાજના વિભિન્ન વર્ગ અને સ્તરની છે. આ સહુની જીવતરની સફર અલગ અલગ પારિવારિક, સામાજિક અને વ્યવસાયિક સંજોગોમાં આકાર પામી છે. બધાની પૃષ્ઠભૂમિ આટલી જુદી હોવા છતાં એક સંદેશો અ સહુ લેખોમાં સતત રહ્યો છે. જીવન અને વિધાતાની સાથે સમાધાન કરીને આ મહાનુભવો બેસી ન પડ્યા પણ સામા પ્રવાહે તરીને, પોતાનો કિનારો સ્વયં શોધી, જીવનને જીવંતતાથી જીવ્યા

છે. એમની જિંદાદિલીને સલામ અનાયસે થઈ જાય એવું સાલસ અને સહજ નિરુપણ દરેક પરિચયમાં જોવા મળે છે. આ રીતે જોઈએ તો માહિતી અને મેસેજ-સંદેશ-ની દ્રષ્ટિએ દરેક લેખના વહેણમાં-Flowમાં - સામ્ય હોવા છતાં પણ નાવીન્ય અને ઉત્સુકતા ક્યાંય ઝંખવાતી નથી એ લેખકની સિધ્ધહસ્તતાનો કમાલ છે.

દરેક મળવા જેવા માણસની વાતો વાંચતી વખતે, સહજતાથી જ એમના જીવનનો પ્રેરણાદાયી પંથ આપણા સહુ માટે દિવાદાંડીની ગરજ સારી જાય છે. લેખકે પુરષાર્થ અને કર્મઠતાની વાત કરતી વખતે, "ભગવાન-ભગવાન" અને "ભક્તિ"ની ભેળસેળ નથી કરી કે નથી ક્યાંય એમની કલમ ઉપદેશાત્મક બની. સર્જકે, આ સહુના જીવનમાંથી વાચકે શું મેળવવું છે એ વાચકની સહ્રદયતા અને સંવેદનશીલતા પર છોડી દીધું છે. આ વસ્તુ લેખકની જ પરિપક્વતાનું જ પ્રમાણ નથી આપતી પણ વાચકવર્ગની સજ્જતા ને પરિપક્વતા પર લેખકના વિશ્વાસની પ્રતિતી કરાવે છે. આ ગુજરાતી સર્જકો માટે મોટી શીખ છે. ભાવકવર્ગની સમજદારી કેળવવાની અને એ કેળવાય તે માટે લેખકની જવાબદારી પણ ખૂબ મોટી છે. લેખક જ્યારે વાચકને વિચારતાં કરી દે ત્યારે એ લેખનની ચરમ સીમા પર પહોંચે છે, જે આ પુસ્તકમાં દાવડાસાહેબ પહોંચી ચૂક્યા છે. અહીં સર્જક કલાત્મકતા તો જાળવે જ છે પણ એના વાચકવર્ગને અને વાચકવર્ગની સમજદારીને આહવાન આપે છે કે "આ વાંચીને જે તમારે લેવું હોય તે તમે લઈ જાઓ, આનાથી વધુ મારે કઈં કહેવું નથી". સાચી વાત તો એ છે કે જે લખાણ વાંચનારને વિચારપૂર્વક માણતાં કે માણીને વિચારતાં ન કરી શકે એ લખાણ પથ્થર પરથી સરી જતાં પાણી જેવું છે. આ પચાસ લેખો વંચાયા પછી એક જ વાક્ય અનાયસે મનમાં આવ્યું, "અરે, બસ પચાસ જ લેખો? હજુ બીજા થોડા હોવા જોઈએ." આવું તો જ બને જો લેખકની સર્જનકળા સોળે કળાએ ખીલી હોય. આ તો જાદુ છે, સર્જકના શબ્દોનો, એના શબ્દોમાં ગોપિત રહેલી અનુભૂતિનો. અનેક ઠેકાણે લેખકે સૂક્ષ્મ વિનોદને શબ્દના ભાવ સાથે સુંદરતાથી શણગાર્યો છે, જે

આ પરિચયલક્ષી લેખોમાં સાહિત્યિક મૂલ્યોનો ઉમેરો કરે છે. દા.ત. “જો સ્ટેથોસ્કોપ મૂકીને સાંભળો તો એમના હ્રદયના ધબકારા પણ ગુજરાતીમાં સંભળાય.”

વ્યક્તિ પરિચય – એમાં પણ જે વ્યક્તિઓ સાથે વ્યક્તિગત રીતે સંકળાયેલાં હો એમના માટે સંક્ષિપ્તમાં લખવું અઘરું છે. પાછું એ પણ એવી રીતે લખવું કે એમના વ્યક્તિત્વ કે એમના જીવન સફરની મહત્તમતા ક્યાંય પણ ઓઝપાય નહીં એ કલમ પાસેથી બહુ જ સંયમ માગી લે છે. આ સંયમ અને એ માટેનો કસબ અહીં પ્રસ્તુત દરેક લેખોમાં સહજતા અને સાલસતાથી, કોઈ પણ પ્રયાસ વિના ઉભરે છે. દાવડાસરનો આ કસબ, મને આદરણીય શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીની “અડધી સદીની વાચનયાત્રા” ની યાદ અપાવી ગયો. અહીં ખૂબ જ આદરપૂર્વક આદરણીય, પૂજ્ય શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીને વંદન કરી લઉં છું.

વ્યક્તિ તરીકે દાવડાભાઈ અતિશય મૃદુ, વિનયી, સંવેદનશીલ અને સૌજન્યસભર વ્યક્તિત્વના સ્વામી છે. દાવડાભાઈ જિંદગીને સચ્ચાઈથી સદા જીવ્યા છે. અહીં, અમેરિકામાં જિંદગીના ઉત્તરાર્ધમાં આવ્યા છતાં પણ એ અહીં વસતા સહુ નાનામોટા ગુજરાતીઓના હ્રદયમાં, પોતાની સરળતા અને સત્ય માત્ર કહેવાની નહીં પણ સ્વીકારવાની અદભૂત હિંમતને કારણે વસી ગયા છે. દાવડાભાઈ વ્યવસાયિક જિંદગી તો ભારતમાં જીવ્યા છે પરંતુ તીવ્ર બુધ્ધિમતાને કારણે ટૂંકા સમયમાં જ અમેરિકાની અને વૈશ્વિક સ્તરની સામાજિક પરિસ્થિતી, અર્થકરણ, રાજનીતિ, રમતગમત અને મનોરંજનની દુનિયાને સંપૂર્ણપણે આત્મસાત કરી શક્યા છે. આ જ કારણો સર એમને ક્યાંય પણ કોઈની પણ સાથે વાતચીત કરતાં કે વિચાર વિમર્શ કરતાં સંકોચ તો નથી રહેતો પણ સામો માણસ એમની સાથેના સંવાદમાંથી હંમેશાં કઈંક શીખીને જાય છે. દાવડાભાઈ અને ચંદ્રલેખાભાભીની ઓળખાણ મારે માટે બે એરિયામાં મળેલી મહામૂલી મિરાત છે અને એ બદલ હું ઈશ્વરની ઋણી છું. જો કે બે એરિયા જ શું, પણ ભારત અને વિશ્વભરમાં જે એમને ઓળખે છે એ સહુ માટે દાવડાભાઈ અને ભાભીની ઓળખાણ એ મહામૂલી મૂડી છે. વ્યવસાયે એન્જિનિયર

હોવા છતાં, જિંદગીના પાછલા તબક્કામાં કલમ સાથેની દોસ્તી કરવી અને એ પણ એટલી ગાઢ કે કલમ અને દાવડાભાઈ, બેઉને એકમેકથી જુદા કલ્પવું શક્ય જ ન બને! જ્યારે મને ખબર પડી કે રીટાયર થયા પછી એમણે લખવાનું શરુ કર્યું છે તો મને તાજુબી ન થઈ કારણ કે આ સર્જકતા બહાર તો આવવાની જ હતી. ગુજરાતી ભાષાનું એ સદભાગ્ય છે કે આ સર્જકતાનો ધરો, હ્રદયમાંથી નીકળી, અસ્ખલિત વહી શક્યો અને અમેરિકામાં વસતા ગુજરાતી ભાષા પ્રેમીઓનું સદનસીબ કે અમેરિકાની ધરતી એ માટે નિમિત્ત બની.

“મળવા જેવા માણસ” પુસ્તકના પ્રકાશન વખતે મને થાય છે કે સાચા અર્થમાં પરિચયલક્ષી વિષયોનું ખેડાણ ગુજરાતી ભાષામાં આટલા પરિપક્વ લખાણ સાથે, આટલી સક્ષમ અને સજ્જ કલમ દ્વારા આટલી સુંદરતાથી અને સંક્ષિપ્તતાથી નથી થયું. ઈશ્વર પાસે એક જ અભ્યર્થના કે એમની કલમ હવે અહીં અટકે નહીં. એટલું જ નહીં પણ, એમની સર્જકતા નવા આયામ અને નવા શિખરો ગુજરાતી ભાષામાં સર કરે. દાવડાસરે જેટ યુગની સમયની કમી સરસ રીતે પીછાણી છે અને એમની પાસે ટૂંકાણમાં રસહાની કર્યા વિના, જે કહેવું છે તે કહેવામાં નૈસર્ગિક હથોટી છે. દાવડાભાઈ, આપના વૈવિધ્યસભર લખાણો ને સર્જનો થકી, આપણા સહુની લાડલી માતૃભાષા ગુજરાતી સમૃધ્ધ બનતી રહે. તમે સતત લખતા રહો એવી જ વિનંતી. પ્રથમ ઈ-પુસ્તક બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને લાખો શુભેચ્છાઓ સાથે વિરમું છું.

**જયશ્રી વિનુ મરચંટ (ફ્રીમોન્ટ, કેલિફોર્નિયા)**

# મારા જીવનસંગ્રામની સાથી



સ્વ.ચંદ્રલેખા દાવડા

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।

# નિવેદન

૨૦૧૪ અને ૨૦૧૫ માં લખાયેલા આ પચાસ પરિચય લેખનો યશ, આ લેખોમાં જેમનો પરિચય આપવામાં આવ્યો છે એમને જાય છે. એમના સહકાર વગર આ લેખ લખવાનું શક્ય ન થાત. પ્રત્યેક લેખ માટે, જેમનો પરિચય લખ્યો છે તેમની સાથેના લેખિત સવાલ-જવાબ, અન્ય સ્રોતોમાંથી એમના વિષે એકઠી કરેલી માહિતી, એમના પરિચિત મિત્રો પાસેથી જાણેલી હકીકતો, અને મારી પોતાની એમના વિષેની જાણકારીનો ઉપયોગ કર્યો છે. ભૂલચૂક ન રહી જાય એટલા માટે પ્રગટ કરતાં પહેલા ફાઈનલ ડ્રાફ્ટ મોકલી એમની મંજૂરી લેવામાં આવી હતી.


આ લેખમાળા લખવા પાછળનો મારો મૂળ હેતુ સમાજને જાણ કરવાનો હતો, કે સાધારણ પરિસ્થિતિમાં જન્મેલી વ્યક્તિઓએ સંઘર્ષ કરી, જીવનમાં જે હાંસિલ કર્યું, એમાંથી અન્ય લોકોને પ્રેરણા લઈ શકે. આ વ્યક્તીઓએ માત્ર સફળતા પ્રાપ્ત કરી બેસી ન રહેતાં, સમાજ માટે ઉપયોગી કાર્યો પણ કર્યા છે.

આ લેખમાળાના ઘણાં લેખ અનેક બ્લોગ્સમાં, અને સામયિકોમાં પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. એક બે બ્લોગ્સમાં તો બધા ૫૦ પરિચયો સચવાયા છે. તેમ છતાં આ ઈ-પુસ્તક તૈયાર કરવા માટે અનેક મિત્રોનો આગ્રહ હતો, એટલે આ ઈ-પુસ્તક તૈયાર કરી લોકો વિના મુલ્યે Down Load કરી શકે એ રીતે મૂકવાનો વિચાર કર્યો છે.

આ પરિચયોનું સંકલન કરવામાં મારા સ્વ. પત્ની ચંદ્રલેખાએ ઘણી મદદ કરી હતી, એટલે આ પુસ્તક સપ્રેમ એને અર્પણ કર્યું છે.

–પી. કે. દાવડા

# શ્રી વિનોદ ગણાત્રા



ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બહુ લાઈમલાઈટમાં નહીં આવેલી એક પ્રતિભા છે વિનોદ ગણાત્રા. કદાચ ભારતમાં તેમને અને તેમની ફિલ્મોને ઓળખનારા હશે તેના કરતાં વિદેશોમાં વધારે હશે. તેમની ફિલ્મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ્સ ગજાવે છે. તેમને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યૂરીના સભ્ય તરીકે પણ આમંત્રણ મળે છે.

'હેડા હૂડા', 'લુક્કા છુપ્પી' અને 'હારુન-અરુણ'. આવી ફિલ્મોનાં નામ સાંભળ્યાં છે? નથી સાંભળ્યાં ને? તો જાણી લો કે 'હેડા હૂડા' પંચાવન આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવાઈ ચૂકી છે, તો 'લુક્કા છુપ્પી' બાવીસ અને 'હારુન-અરુણ' બે ડઝન ફેસ્ટિવલની શોભા બની ચૂકી છે. આ ત્રણેય ફિલ્મોના દિગ્દર્શક છે આપણા ગુજરાતી વિનોદ ગણાત્રા. 'હારુન-અરુણ' તો ગુજરાતી ભાષામાં અને ગુજરાતમાં શૂટ થયેલી ફિલ્મ છે, જેને શિકાગો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં સુપ્રતિષ્ઠિત 'લીવ ઉલમાન પીસ પ્રાઈઝ' મળેલ છે.

કેતન મહેતાની ફિલ્મ 'ભવની ભવાઈ' (૧૯૮૦) પછી આટલું મોટું આંતરરાષ્ટ્રીય સન્માન કોઈ ગુજરાતી ફિલ્મને મળ્યું હોય તેવો આ પહેલો પ્રસંગ છે.

વિનોદ ગણાત્રાએ. દિગ્દર્શક તરીકે ફિલ્મો તો ત્રણ જ બનાવી છે, 'હેડા હૂડા', 'લુક્કા છુપ્પી' અને 'હારુન-અરુણ', (ત્રણેય ફિલ્મોનું નિર્માણ ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટી ઓફ ઈન્ડિયા'એ કરેલું છે), પરંતુ આ ત્રણ ફિલ્મો બનાવતા અગાઉ તેઓ ૪૦૦ જેટલી ડોકયુમેન્ટરી અને ન્યૂઝરીલનું દિગ્દર્શન અને એડિટિંગ કરી ચૂક્યા છે, તથા ૨૫ જેટલા જુદા-જુદા ટીવી કાર્યક્રમો પણ બનાવી ચૂક્યા છે.

ચાલો જાણીએ કે કેવી રીતે શરૂ થઈ તેમની આ દિગ્દર્શક તરીકેની યાત્રા તેમના જ શબ્દોમાં.
'હું તો ભાઈ, મુંબઈના ઘાટકોપરમાં આવેલી ઝુનઝુનવાલા કોલેજમાં કલર્ક હતો, પણ એક રોંગ નંબરે મારી જિંદગી જ બદલી નાખી, અને એ રોંગ નંબરને લીધે જ હું ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવી ચઢ્યો. બાકી અમારા કચ્છી પરિવારમાંથી ફિલ્મમાં કોઈ નહીં. વળી કચ્છી લોકોમાં તો ફિલ્મલાઈન ખરાબ લાઈન તરીકે જ ઓળખાય, પણ મને રસ ખરો. બીજું કે હું લોઅર મિડલ કલાસનું બાળક. મારા પિતાજી ડોક પર ક્લિયરિંગ એજન્ટનું કામ કરતા. મને ગમે તેટલો રસ હોય, તો પણ ફિલ્મોનાં સપનાં જોવાં આપણું ગજું નહીં, કારણ કે સારો સ્ટીલ ફોટોગ્રાફીનો કેમેરા પણ ખરીદવાના વેંત નહોતો.

આર્થિક કારણોસર જ કોમર્શિયલ આર્ટનો અભ્યાસ અધૂરો મૂકીને નોકરી પર લાગી જવું પડ્યું હતું. ઝુનઝુનવાલા કોલેજમાં કલર્ક તરીકે કામ કરતો. સાંજની કોલેજમાં મારી ડ્યૂટી હતી. એક દિવસ ખૂબ જ વરસાદ પડતો હતો. કોલેજમાં હું એકલો જ હતો ત્યારે એક ભાઈનો ફોન આવ્યો. એ ભાઈએ કહ્યું કે તમારી કોલેજની સામે જ હું રહું છું. ત્યાં મારી વાઈફ પ્રેગ્નન્ટ છે અને એકલી છે. પ્લીઝ તમે મારી વાઈફને મેસેજ આપો કે હું સલામત છું અને મારી ચિંતા ના કરે. હું કાલે જ ઘરે આવી શકીશ. મને

એ ભાઈની વાતમાં સચ્ચાઈ લાગી, એટલે મેં સામે ઝૂંપડપટ્ટીમાં તેનું ઘર શોધીને તેની પત્નીને મેસેજ આપ્યો કે તારો પતિ કાલે આવી જશે, તું ચિંતા ના કરીશ. એ પછી પેલા ભાઈ મારો આભાર માનવા માટે મળવા આવ્યા, અને કહ્યું કે તમારે શુટિંગ જોવું હોય તો કહેજો. મને શોખ તો હતો જ, પણ પહેલા ક્યારેય મોકો નહીં મળેલો, એટલે મેં તો એ ભાઈનું તરણું પકડી લીધું. એક દિવસ તેણે કહેલા મોડર્ન સ્ટુડિયો પર ગયો. ત્યાં ખબર પડી કે તે ભાઈ ઓફિસમાં પ્યૂન હતા. એમની ઓળખાણથી હું સ્ટુડિયોના ચક્કર કાપવા લાગ્યો. એક દિવસ મીનાકુમારીની ફિલ્મ ‘અભિલાષા’માં પ્રોડક્શન યુનિટમાં કોઈ વ્યક્તિની જરૂર હતી, એટલે મને એ જોબ ઓફર મળી. હું તો નોકરી છોડી પ્રોડક્શનના કામમાં લાગી ગયો.

દિગ્દર્શક કાંતિલાલ દવેએ મને એડિટિંગ શીખવા કહ્યું, એટલે હું એડિટિંગ શીખવા લાગ્યો. પછી સહાયક દિગ્દર્શક તરીકે પણ કામ કર્યું અને પછી દિગ્દર્શક-એડિટર તરીકે ડોકયુમેન્ટરી કરવા લાગ્યો. અમદાવાદ દૂરદર્શન માટે ધીરુબહેનની વાર્તા પરથી ‘નાગરદાસની હવેલી’ સિરિયલ બનાવી હતી. દિલ્હી દૂરદર્શન માટે ‘બેંગનદાદા’ બનાવી. મરાઠીમાં પણ ચાર સિરિયલો બનાવી. જીવનના બાવનમા વર્ષે મેં ફિલ્મમાં ઝંપલાવ્યું અને ‘હેડાહૂડા’થી શરૂઆત કરી.’

વિનોદભાઈની ફિલ્મોમાં બાળકો કેન્દ્રિય સ્થાને હોય છે. તેમની ત્રણમાંથી બે ફિલ્મોનું બેકડ્રોપ કચ્છ છે. તેઓ કહે છે કે, ‘મને બાળકોના પ્રોગ્રામો અને તેમની વાતો વધારે ગમે છે. બે દાયકા કરતાં વધુ સમયથી હું બાળકોની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છું, મારી ‘બેંગનદાદા’ સિરિયલ દૂરદર્શન પર ૧૭ વાર પ્રસારિત થઈ છે. ત્યારથી છોકરાઓ સાથે કામ કરવાની મજા પડે છે. વળી છેલ્લાં વીસ વર્ષથી હું આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ સાથે સંકળાયેલો છું. બીજી વાત કે કચ્છ એ મારું મૂળ વતન છે. બાળપણથી કચ્છ સાથેનો મારો ગાઢ નાતો રહ્યો છે. એટલે જ મારી ફિલ્મોમાં પણ કચ્છ જોવા મળે છે.’

તેમની ‘હેડા હૂડા’ ફિલ્મ દુનિયાના ૫૮ ફિલ્મ ફેસ્ટિવલમાં જઈ આવી.

તેઓ કહે છે કે, ‘જીવનભર મારે તો બાળકો માટે સારી સારી ફિલ્મો બનાવતા રહેવું છે, એ જ મારો ધ્યેય છે, પરંતુ બાળકોના વાલીઓને હું એક વાત ખાસ કહેવા માગું છું કે, મા-બાપ બાળકોને સારી ફિલ્મો બતાવવા માટે જાગૃત થાય તે બહુ જરૂરી છે. બાળકને સારું જમવાનું આપવા માટે, સારાં કપડાં આપવા કટિબદ્ધ હો તો બાળકને સારું મનોરંજન આપવા પ્રત્યે પણ કટિબદ્ધ બનો.

# શ્રી હિમ્મતલાલ જોષી (આતા)



૯૩ વર્ષની વયના મારા મિત્ર શ્રી હિમતલાલ જોષીને વધારે લોકો તેમના હુલામણા નામ “આતા” કે “આતાઈ” થી ઓળખે છે. મારા પ્રત્યેક ઈ-મેઈલનો તરત જ જવાબ લખનારા આ આતા, સદા આનંદિત રહે છે. તેઓ પોતાનો “આતાવાણી” નામે બ્લોગ ચલાવે છે, અને બીજા અનેક બ્લોગ્સની મુલાકાત પણ લેતા રહે છે. વેબ ગુર્જરી દ્વારા સન્માનિત આતાની વાત એમના શબ્દોમાં જ વાંચો.

“મારો જન્મ ૧૫ મી એપ્રિલ ૧૯૨૧ ના દિવસે દેશીંગામાં થયો હતો. દેશીંગા જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાનું એક ગામ છે. મારા પિતા જેઠા બાપા દેશીંગામાં માસિક રૂપિયા ૧૨/- ના મબલખ પગારથી પોલીસ પટેલ તરીકે નોકરી કરતા. હું દેશીન્ગાની નિશાળમાં ગુજરાતી પાંચ ધોરણ સુધી ભણ્યો; કેમકે વધારે ધોરણ હતાં નહીં. પછી દેશીંગાથી અર્ધો ગાઉ દુર મરમઠ ગામમાં અંગ્રેજી વિના સાત ધોરણ પાસ કર્યા. મારી ભણવાની બહુ હોંશ હોવા છતાં, મારા બાપાની ગરીબીએ મને આગળ ભણતો અટકાવ્યો. પછી મને બીલખામાં શ્રી નથુરામ શર્માનાં આશ્રમમાં સંસ્કૃત ભણવા મુક્યો. આશ્રમ માં ભણતો હતો ત્યારે મને પંજાબના ઉદાસી સંપ્રદાયના સાધુનો ભેટો થયો. આ સાધુ પાસેથી હું ઉર્દુ લખતા, વાંચતા શીખ્યો. અહી મેં

આશ્રમના એક ક્લાર્કને લાકડીથી માર્યો હતો, અને આ કારણે મને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવ્યો.

આશ્રમમાંથી કાઢી મુક્યા પછી હું ઘરે આવ્યો, અને પછી મેં ખાંડ, કેરોસીન વગેરે વસ્તુ કાળાબજારમાં વેચવાનો ધંધો શરૂ કર્યો, પણ એમાં જોખમ હોવાથી મારી માએ આવો ધંધો ન કરવાનું કહ્યું.

આ વખતે બીજું વિશ્વ યુદ્ધ જોરશોરથી ચાલી રહ્યું હતું. હું આર્મીમાં ભરતી થઇ ગયો. ૧૯૪૨ થી ૧૯૪૭ સુધી આર્મીમાં કામ કર્યું. બીજું વિશ્વયુધ્ધ પૂરૂ થઈ જવાથી મને સેનામાંથી છુટો કર્યો. ત્યાર બાદ, હું અમદાવાદ પોલીસ ફોર્સમાં જોડાયો. ૧૯૪૭ થી ૧૯૭૪ સુધી પોલીસ ખાતામાં કામ કર્યું. અમદાવાદમાં હું એક એવો પોલીસ હતો કે D.S.P. સુધીના માણસો મને અંગત રીતે ઓળખે. એનું કારણ એ કે, હું કાળા નાગને કોઈ પણ જાતના સાધન વગર મારા ખુલ્લા હાથથી પકડી લેતો. હું મારા આવા સરપ પકડવાના ધંધાને લીધે છાપે ચડ્યો હતો . અમદાવાદનો સુભાષ બ્રીજ બની રહ્યો હતો ત્યારે એના ચીફ એન્જીનીઅર બી. કુમાર હતા. તે એક વખત સિનેમા જોઈ ઘરે આવ્યા અને પથારી પાસે ગયા ત્યારે, ત્યાં ગુંચળું વાળીને બેઠેલા નાગદેવતાએ ફૂફાડો મારીને એમને ડરાવ્યા. એટલે એ તો હડી કાઢીને બંગલાની બહાર નીકળી ગયા. આ વખતે લોકોનું ટોળું પણ ભેગું થઇ ગયેલું. પણ મજાલ છે કે, કોઈ બંગલા નજીક જાય! પણ એક ભડનો દીકરો ભૈયો હતો, તે દરવાજા પાસે હાથમાં લાકડી અને ટુવાલનો ડૂચો લઈને બેઠો હતો. મને બોલાવવામાં આવ્યો. હું ગયો એટલે ભૈયાએ મને ચેતવ્યો કે,

“साब! आप साथ कुछ नहीं लाए। यह साप बड़ा खतरनाक है।”

મે તો મારા હાથમાં લાકડી હતી; એ પણ દુર મૂકી દીધી; અને પથારી પાસે ગયો. એટલે મને ડરાવવા નાગ દેવતાએ ફેણ માંડી, અને ફૂફાડો માર્યો. હું સૌને સંભળાવવા બોલ્યો -

" નાગબાપા! આ તમે જુઓ છો એ માંયલો માણસ હું નથી."

એમ બોલી ફેણ માથે હાથ મૂકી નીચે કરી દીધી. પછી એના ગુંચળા નીચે મારા બે હાથની હથેળીઓ ઘાલી નાગદેવતાને ઊંચા કરી મારા નાક સામે ફેણ મંડાવી; અને પછી ચાદરમાં મૂકી દીધા.

કોઈક બોલ્યું કે આને કૈંક ઇનામ આપવું જોઈએ. બી.કુમારે મને વીસ રૂપિયા આપવાનું કર્યું. મેં તેમને કહ્યું કે મારાથી સીધું ઇનામ ન લેવાય. તમે મને મારા ખાતા મારફત આપો.

પછી તો ઈન્સ્પેક્ટરે છાપાંવાળાઓને બોલાવ્યા. મારો ઈન્ટરવ્યુ લેવડાવ્યો; અને હું તો છાપે ચઢી ગયો. મુંબઈના 'જન્મભૂમિ' છાપામાં આ મારા સર્પ પકડવાની વિગત પણ છપાણી. મારો જીવતા સાપ પકડવાનો આ શોખ, એક વાર નાગના કરડવા છતાં, આજસુધી કાયમ છે.


પોલીસ ફોર્સમાંથી વહેલો નિવૃત થઈ, અને મારા નાનાભાઈના તેડાવવાથી, ૧૯૭૪ માં અમેરિકા આવ્યો. છ દિવસ આરામ કર્યાં પછી નોકરીની શરૂઆત કરી. ૧૯૮૫ સુધી પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરી કમાયો અને એરિઝોનામાં પોતાની કમાણીથી ઘર ખરીદ્યું. છાપાઓમાં લેખો લખ્યા. લેખોએ મને ઘણી પ્રસિદ્ધિ અપાવી. ડો. કનક રાવલ (જાણીતા ચિત્રકાર રવિશંકર રાવલના સુપુત્ર) જેવા મિત્રો મળ્યા. શ્રી સુરેશ જાની (બ્લોગ જગતના જાણીતા સુરેશદાદા) એ મારો ઉત્સાહ ખુબ વધાર્યો.

અમેરિકા આવ્યા બાદ સાહિત્યમાં રસ કેળવાયો અને ઉર્દૂ અને અરબી ભાષા શીખ્યો. ૧૯૯૬ સુધી ન્યુ યોર્ક રાજ્યમાં અને ત્યારબાદ એરિઝોના રાજ્યમાં રહ્યો. ૪૦ વર્ષથી અમેરિકામાં રહેવા છતાં હજી અમેરિકાની નાગરિકતા સ્વીકારી નથી.

૨૦૦૭ માં મારી પત્નીના પરલોક ગયા પછી હું બહુ ઉદાસ રહેતો હતો; પણ મને પોતાના દાદાથી અધિક ચાહતી, અને મને મારી પોત્રી જેટલી જ વહાલી, ગોરી અમેરિકન લિયા એ મારી ઉદાસીનતા દુર કરી."

હાલમાં આતાજી સવારે વહેલા તૈયાર થઈ, સરકાર દ્વારા ચાલતા Senior Citizen Centre માં પહોંચી જાય છે, ત્યાં મિત્રોને મળે છે, કોમપ્યુટર ઉપર કામ કરે છે, વાંચન કરે છે, લેખ અને શાયરીઓ લખે છે. બપોરે ઘરે આવી થોડો આરામ કરે છે, ત્યાર બાદ ઘરના બાગમાં થોડું કામ કરે છે, લોકોને હળે મળે છે, અને આનંદમાં જીવન વ્યતિત કરે છે. એમને જીવન પ્રત્યે કોઈ ફરિયાદ નથી.

# શ્રી શરદ શાહ



પ્રસિધ્ધિથી દૂર રહેવા માગતા, આ મળવા જેવા આ માણસ, શ્રી શરદ શાહ વિષે હું કંઈપણ લખું એના કરતાં મારા આગ્રહને વશ થઈ એમણે મને ઈ-મેઈલ દ્વારા જે જણાવ્યું, એ જ અહીં re-produce કરૂં છું.

પ્રિય દાવડાજી,
પ્રેમ,
સ્વપરિચયના પ્રયત્નમાં છું. બાકી જે શરીરને બધા શરદના નામે ઓળખે છે તેનો જન્મ ૪થી સપ્ટેમ્બર ૧૯૫૨ના રોજ બ્રાહ્મણ પરિવારમાં થયો. પરિવારતો બ્રાહ્મણ હતો પણ દાદાના સમયથી જ સંસ્કારોમાં ક્રાંતિ આવી ગઈ હતી. દાદાએ વૈષ્ણવ ધર્મી બાળવિધવા સાથે લગ્ન કરેલાં અને જ્ઞાતિ બહાર મુકાયેલાં. નાત-જાતના ભેદભાવોથી પરિવાર પર હતો. દાદાએ ભર યુવાનીમાં ઉપાસની મહારાજનુ શિષ્યત્વ સ્વીકારી સંસાર ત્યાગ કરેલ ત્યારે મારા પિતાની ઊંમર ફક્ત ચાર વર્ષની હતી. દાદીએ કઠીનાઈઓ વેઠી મારા પિતાનો ઊછેર કર્યો. પિતાએ મેટ્રીક્યુલેટ અને સંગિત વિશારદ(વોકલ) નો અભ્યાસ કરેલો.

અમે ચાર ભાઈબહેનો(ત્રણ બહેન અને હું). હું સૌથી નાનો. મારી સાડા ત્રણ વર્ષની ઉંમરે મારી માતાએ શરીર છોડ્યું. બાળપણની પરવરિશ દાદીએ કરી. આઠ વર્ષ પછી પિતાએ બીજા લગ્ન કરતાં, બીજી માતાના હાથે શેષ પરવરિશ થઈ. જીવનના ઘણાં પાઠ બાળપણમાં જ શીખી લીધા, જે મોટાભાગના લોકોને મોડા શીખવા મળે છે. પરિણામ સ્વરુપ ઘડતર એવું થયું કે ગમેતેવી વિપરીત પરિસ્થિતી પણ વિચલિત ન કરી શકે; જે આજે સન્યાસ આશ્રમ જીવન સ્વિકાર્યા પછી ખુબ ઉપયોગી સાબિત થઈ રહી છે.

ભણતરમાં, કોમર્સ ગ્રજ્યુએશન અમદાવાદમાં રહી ગુજરાત યુનિવર્સિટિથી કર્યું, અને પોસ્ટગ્રેજ્યુએશન (માર્કેટિંગ અને મેનેજમેન્ટ) ભવન્સ કોલેજ મુંબઈથી કર્યું. ટ્યુશનોથી શરુ કરેલ વ્યવસાયિક કારકિર્દી, ૩૧માર્ચ ૨૦૧૩માં રીટાયર થયો ત્યારે સિનિયર પ્રોજેક્ટ કન્સલટન્ટ તરીકે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ અને ટેકનિકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈઝેશન લિમિટેડ (જીટકો લિમિટેડ) માં થયો.

૧૯૭૧માં આચાર્ય રજનીશના પરિચયમાં આવ્યો અને ૩જી નવેમ્બર ૧૯૭૮ ના રોજ તેમના હાથે સન્યાસ લીધો. ૧૦ ડિસેમ્બર ૧૯૭૮ના રોજ લગ્ન કર્યા અને કાળક્રમે બે પુત્રોનો પિતા થયો. મોટા પુત્ર પાર્ષદ નો જન્મ ૧૯૭૯માં થયો અને નાના પુત્ર (પૂર્ણ)નો જન્મ ૧૯૮૨માં થયેલો. મોટાં પુત્રએ એમબીએ(માર્કેટીંગ) કર્યું. હાલ આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડન્ટ  તરીકે અમદાવાદની કંપનીમાં છે. નાનો પુત્ર સી.એ. કર્યા પછી હાલ ફ્લીપ કાર્ટ નામની કંપની, બેંગ્લોરમાં, મેનેજર ફાઈનાન્સ છે. મોટા પુત્રને ત્યાં પુત્ર(રાહીલ) અને નાના પુત્રને ત્યાં પુત્રી (વૈશ્વી) છે, આમ હું હવે દાદા બની ગયો છું.

રીટાયર્મેન્ટ પછીનું શેષ જીવન અમારા ગુરુ, જેમનું નામ સ્વામી બ્રહ્મવેદાંતજી છે, અને જેમનો આશ્રમ માધોપુર(ઘેડ)માં છે, ત્યાં રહી ગુજારવાનો નિર્ણય કરેલ છે. ૧૯૮૬માં

સ્વામી બ્રહ્મવેદાંતના પરિચયમાં આવ્યો અને ત્યારથી તેમના આશ્રમમાં જતો આવતો.

હું વિચારું છું કે મને શું યાદ રહી જાય છે અને હું શું ભુલી જાઉં છું? મનનીવૃતિઓ કેમ કાર્ય કરે છે ? હવે ભિતર જોઉં છું તો સમજાય છે કે કોઈએ મેણું માર્યું, ટીકા કરી અપમાન કર્યું તો એ બધું મગજ માં કોતરાઈ જાય છે, પરંતુ કોઈએ પ્રેમ કર્યો, સ્વાગત કર્યું, ભોજન બનાવી પીર્સ્યું તે યાદ નથી રહેતું. આવા નેગેટીવ મનની વૃત્તિઓમાંથી કેમ છુટવું?

મેં જોયું છે કે ઘણીવાર વ્યક્તિ, એક યા બીજી સાધના કરતાં હોય ત્યારે એવી ભ્રમણામાં પડી જાય છે કે હું અદકેરો સાધક છું, અને અન્ય બધા તુચ્છ જીવો છે. તેમનો ક્યારે છુટકારો થશે, તેની ચિંતા પણ કરતો હોય છે.

હું વિચારું છું કે હું દુખી ક્યારે થાઉં છું? શાને કારણે થાઉં છું? આનંદિત શાને કારણે થાઉં છું? હવે થાય છે કે મારા સુખ દુખનુ કારણ બહાર હોય તો હું તો પરવશ છું, ગુલામ છું. તો મારે મારા સ્વયંના સ્વામી બનવા શું કરવું? બહાર દુખ હોય અને છત્તાં ભિતર આનંદમાં કેમ રહેવું? બસ આજ કળા ગુરુ ચરણે બેસી શીખી રહ્યો છું.

ધાર્મિક અને આધ્યામિક પ્રવાસની વ્યાખ્યાઓ દૃષ્ટિ સાથે ફરી જાય છે. એક સમયે મંદિરે દર્શન કરવા જતો તો તે ધાર્મિકતા હતી. હવે મંદિરે દર્શન કરવા જાઉં ત્યારેની મનોદશા, ભાવદશા અને વિચારદશા કેવી છે તે ઓળખવી તે ધાર્મિકતા છે. એક સમયે આધ્યાત્મિકતા, ઓશોના પુસ્તકો વાંચવા, ધ્યાનની વિધીઓ કરવી તે હતું, આજે સમજાય છે કે આ ક્ષણમાં જીવતાં આવડે તે જ આધ્યાત્મિકતા છે. જે શિખી રહ્યો છું.


મારો અનુભવ છે કે અહીં દરેક વ્યક્તિ પછી તે હિન્દુ હોય કે મુસલમાન, ખ્રિસ્તી હોય કે પારસી, જૈન હોય કે બૌધ્ધ, કે અન્ય કોઈપણ માર્ગે હોય. અરે! ગુંડો હોય કે

દારુડીયો, કે ચોર હોય કે લુંટારો કે અન્ય કોઈ. બધા જ મનુષ્ય અહીં સુખ અને આનંદની શોધમાં જ છે. તમે તેને પરમાત્મા કહી શકો. કારણકે પરમાત્મા આનંદ સ્વરુપ છે (સત-ચિત્ત આનંદ).

કોઈને આનંદ ધનમાં દેખાય તો કોઈને સત્તામાં, તો કોઈને સુંદર સ્ત્રીમાં કે દારુના નશામાં. પરંતુ ભ્રામક સુખ-આનંદ અલ્પજીવી હોય છે અને વહેલાં મોડાં એ દરેક વ્યક્તિને સમજાઈ જાય છે. સુખ- આનંદનુ લેબલ મારેલ બોટલોમાં પણ દુખ અને પીડાઓ ભરેલી હોય છે, અને જેમ જેમ એ નકલી દારુ પીવાતો જાય તેમ તેમ પીડાઓ વધતી જાય. પછી જેવી જેની સહન શક્તિ અને બુધ્ધિમતા, એ મુજબ સમય નક્કી થાય.પરંતુ એક વાત નક્કી છે કે દરેક જીવ શિવમાંથી આવ્યો છે, અને પાછો શિવમાં ભળી જશે. આ પરમાત્મા અને પ્રકૃતિની એક રમત માત્ર છે. રમત રમતની રીતે રમો તો જીવનમાં પણ આનંદ આવે છે અને રમતમાં તણાઈ જઈએ તો પીડા.

હવે દેખાય છે કે અહીં મિત્ર અને શત્રુ જેવું કાંઈ નથી. આજે જે મિત્ર છે તે કાલે શત્રુ બની શકે છે, અને આજે જે શત્રુ છે તે કાલે મિત્ર બની શકે છે. એટલે બહાર મિત્ર શોધવા કરતાં ભિતર મિત્રતાનો ભાવ શોધવો વધુ જરુરી છે.
શેષ જીવન હવે ગુરુનિશ્રામાં અને ગુરુના માર્ગદર્શન હેઠળ જીવવું એવી ઈચ્છા છે.
હરી ઈચ્છા શું છે તે ખબર નથી."
પ્રભુશ્રીના આશિષ.
શરદ.

# ડૉ. કિશોરભાઈ મોહનભાઇ પટેલ



કિશોરભાઈનો જન્મ ૧૯૫૯મા એક સાધારણ કુટુંબમાં થયો હતો. પિતા મોહનભાઈ માત્ર એક જ ચોપડી ભણેલા હતા આજીવિકા માટે વણાટ ખાતામાં વણકર તરીકે કામ કરતા હતા. માતા ગંગાબેન માત્ર છ ચોપડી ભણેલા હતા પરંતુ તેમને તેમના બાળકોને ભણાવવાની ખુબ જ ઈચ્છા હતી. કુટુંબમા મોહનભાઈના મા-બાપ, પત્ની, બે પુત્ર અને બે પુત્રીઓ આમ આઠ જણનું પરિવાર હતું, અને કમાનાર મોહનભાઈ એકલા હતા. ૧૦ ફૂટ X ૧૦ ફૂટ ની ઓરડીમાં આ આખું પરિવાર સમાઈ જતું. સંતાનો ભણી શકે એટલા માટે મોહનભાઈ લોકો પાસેથી જૂના પુસ્તકો લઈ આવતા. ગંગા બહેન પડોસમાં રહેતા એક પારસી બાઈને ત્યાં રસોઈ કરતા, બદલામાં એમને થોડું ખાવાનું મળતું અને બાળકોને પારસીના ઘરમાં બેસી વાંચવાની સગવડ મળતી. ચારે ભાઈ બહેન પણ નાના મોટા કામની શોધમાં રહેતા અને થોડા ઘણાં પૈસા લાવી ઘરમાં મદદરૂપ થતા.

૧૯૭૧ ની સાલમાં ધોરણ ૮ માં પાસ કરી, આર્થિક કારણોસર કિશોરભાઈને અધવચ્ચેથી શાળા છોડી દેવી પડી. કુટુંબને મદદરૂપ થવા એમણે ૧૯૭૧ થી નોકરી કરવાનું શરૂ કર્યું, સાથે સાથે ઘરે પુસ્તકો વાંચી ભણવાનું ચાલુ રાખ્યું, અને ૧૯૭૮ માં ખાનગી વિદ્યાર્થી તરીકે એસ.એસ.સી.ની પરીક્ષા આપી. ૧૯૭૮ માં એસ.એસ.સી. માં

પાસ થયા પછી નોકરીની સાથે સાથે ભણવાનું ચાલુ રાખ્યું. આજે એમની પાસે M.Com., M.A., M.Ed. (Gold Medal) અને Ph.D ની ડીગ્રીઓ છે.

૧૯૮૭ માં એમણે શિક્ષકની નોકરી સ્વીકારી. ૨૦૦૬મા એમને ગુજરાત રાજ્ય તરફથી શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક આપવામાં આવ્યું.

૧૯૮૯ માં કિશોરભાઈના લગ્ન થયા, એમના પત્ની સુમિત્રા પણ શિક્ષીકા જ છે. કિશોરભાઈના એક પુત્ર અને એક પુત્રી છે. પુત્ર કુણાલ M.E. ના છેલ્લા સેમિસ્ટરમાં છે, અને પુત્રી M.B.B.S. ના બીજા વર્ષમાં છે.

આજે પણ કિશોરભાઈ એક શિક્ષક જ છે. વિદ્યાર્થીઓ માટે મદદરૂપ થાય એવા અનેક સોફ્ટ્વેર એમણે તૈયાર કર્યા છે. એમના લેખનના શોખના પરિણામે એમના ચાર પુસ્તકો પ્રકાશિત થયા છે, શબ્દનો પડછાયો ( કાવ્ય સંગ્રહ ), શબ્દના શિખરો ( કાવ્ય સંગ્રહ ), મારા શિક્ષણાનુંભવોની યાત્રા (શિક્ષણની સમસ્યા ઉકેલ પર લેખો ), શિક્ષણ સરોવર ( કાવ્ય સંગ્રહ ). એમના કેટલાક કાવ્યો બદલ, ગુજરાતના આગળ પડતા નેતાઓ અને પ્રધાનોએ એમને અભિનંદન પત્રો લખ્યા છે.

અનેક સામાજીક કાર્યોમાં કિશોરભાઈએ સક્રીય ભાગ લીધો છે, એમાના થોડાક કાર્યો આ પ્રમાણે છે, બેટી બચાવો અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન, નિર્મલ ગુજરાત અભિયાન, માતૃવંદના અભિયાન, નારી તું નારાયણી અભિયાન, બાળ નિરોગી બારખડી અભિયાન, શિક્ષક દેવો ભવ અભિયાન વિગેરે.

૧૧ મા અને ૧૨ મા ધોરણના વિદ્યાર્થીઓ માટે એમણે અનેક સોફ્ટ્વેર તૈયાર કર્યા છે. ૨૦૦૯ થી શરૂ કરેલા એમના બ્લોગ “શિક્ષણ સરોવર” નો અનેક વિદ્યાર્થીઓ લાભ લે છે.

માત્ર વિદ્યાર્થીઓને જ નહિં, શિક્ષકોને પણ એમણે અનેક ક્ષેત્રોમાં તાલીમ આપી છે, જેવા કે ચૂંટણીમાં અધિકારી તરીકે કામ કરવાની તાલીમ, વસ્તી ગણત્રી કરવાની તાલીમ, આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની તાલીમ વગેરે વગેરે.


શ્રી કિશોરભાઈને અત્યાર સુધીમાં મળેલા  સન્માનોની યાદી પણ જોવા જેવી છે. જ્યારે M.Ed. મા ઉત્તિર્ણ થઈ સુવાર્ણ ચંદ્રક મેળવ્યો, ત્યારે ગુજરાતના ગવર્નર શ્રી સુંદરસિંહ ભંડારી અને મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે તેમનું સન્માન થયું. ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પારિતોષક મળ્યું ત્યારે, તે સમયના ગવર્નર શ્રી નવલકિશોર શર્માના હાથે, અને શિક્ષામંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલના હાથે તેમનું સન્માન થયું. સુરત શહેરના વિકાસ માટે તેમના લેખને પ્રથમ સ્થાન આપી મેયર શ્રી ભીખાભાઈ બોધરાના હાથે, અને કમિશ્નર શ્રી ગુરૂપ્રસાદ મહાપાત્રના હાથે, તેમનું સન્માન થયું. પર્યાવરણ બચાવો વિષય પર લખેલા તેમના કાવ્ય માટે મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલના હાથે સન્માન થયું.

આમ સામાન્ય પરિસ્થિતિમાંથી ઉપર ઉઠી, સમાજમાં પોતાનું સ્થાન અંકિત કરવાવાળાઓમાં કિશોરભાઈનું માનભર્યું સ્થાન છે.

કિશોરભાઈ કહે છે, “ ભગવાને અમારી પ્રમાણિકતાનો બદલો અપેક્ષા કરતાં વધારે આપ્યો છે. આજે અમે ખૂબ સુખી છીએ. આપ જેવા મિત્રોનો પ્રેમાળ સહયોગ મળ્યો છે.”

કિશોરભાઈનો યુવાનોને સંદેશ છે, “ગમે તેવી ખરાબ પરિસ્થિતિ હોય તો પણ પ્રમાણીકતા ન છોડશો, ભગવાન તમારી મદદે જરૂર આવશે.”

# શ્રી ગોવિંદ પટેલ



ગોવિંદભાઈનો જન્મ ૧૯૪૮ મા આણંદ જીલ્લાના પેટલાદ તાલુકાના જેસરવા ગામમાં થયો હતો. જેસરવામાં ચાર ધોરણ સુધી અભ્યાસ કરી, પાંચમાથી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ કરવા પેટલાદમાં રહ્યા. ત્યારબાદ શિક્ષક થવાની ટ્રેઈનિંગ માટે વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં ગયા. ૧૯૬૯ માં પેટલાદ તાલુકાના માનપુરા ગામમાં શિક્ષક તરીકેની નોકરીથી કારકીર્દીની શરૂઆત કરી. લગભગ ૨૦ વર્ષ સુધી વિવિધ શાળાઓમાં શિક્ષક તરીકે કામ કર્યા બાદ, ૧૯૮૯ માં ઓ.એન.જી.સી. ખંભાતમાં ૧ થી ૪ ધોરણની નવી શાળા શરૂ કરી. મુખ્ય શિક્ષક તરીકે ગોવિંદભાઈ અને સહાયક શિક્ષક તરીકે ખોડસિંહ પરમાર. શાળા શરૂ કરવા માટે જીલ્લા પંચાયતને બાંહેધરી આપેલી કે દરેક વર્ગમાં  ઓછામાં ઓછા ૨૫ થી ૩૦ બાળકો હશે. આ સંખ્યા ઝૂટાવવા સવારના સાત વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી વાલીઓને સમજાવવા ઘરો ઘર ફરવું પડેલું. જૂનમાં શાળા શરૂ કરી અને ડીસેમ્બરમાં તાલુકાના શાળા શતાબ્દી મહોત્સવ નિમિત્તે ભરાયલા વિજ્ઞાન મેળામાં ભાગ લીધો.

બસ થઈ ગઇ શરૂઆત ! ત્યાર બાદ પાંચ જીલ્લા કક્ષાના અને એક રાજ્ય કક્ષાના વિજ્ઞાનમેળાઓમાં ભાગ લીધો.

શિક્ષક તરીકે કામ કરતાં કરતાં પણ ગોવિંદભાઈ સમાજ પ્રત્યેની ફરજ બજાવવાની એક પણ તક જવા ન દેતા. ૧૯૭૩ માં ભાલ વિસ્તારમાં અને ૧૯૭૯ માં મોરબીમાં આવેલા પૂરના રાહત કાર્યોમાં ગોવિંદભાઈએ પૂરજોરમાં કામ કરેલું. ૧૯૭૩ થી ૧૯૯૦ સુધી દર વર્ષે ગ્રામ સફાઈ સિબીરોમાં જઈને કામ કરતા. દુષ્કાળ રાહતના કામોમાં પણ ગોવિંદભાઈ સામિલ હોય જ.

રાજકારણમાં શરુઆતથી જ ગોવિંદભાઈને રસ પડતો. ૧૯૫૯-૬૦ ની મહાગુજરાત માટેની ચળવળ, ૧૯૭૪ નું નવ નિર્માણ આંદોલન અને ૧૯૭૫ ની ઈમરજન્સી, આમ બધી ચળવળમાં ગોવિંદભાઇએ જુસ્સાભેર ભાગ લીધેલો.

૧૯૯૦ માં ગોવિંદભાઈના અમેરિકા સ્થિત સાળી મંજૂલાબહેનના આગ્રહથી ગોવિંદભાઈ સહકુટુંબ અમેરિકામાં સ્થાયી થવા આવ્યા. આવીને બે મહિના સાઢુભાઈની નર્સરીમાં કામ કર્યું, ત્યારબાદ સોલિડ સ્ટેટ ડિવાઈસ નામની કંપનીમાં કલાકના ૩.૨૫ ડોલરના પગારે નોકરી શરૂ કરી. ત્યારે કલાકના ૩.૨૫ ડોલર એ અમેરિકામાં ન્યુનતમ પગારનું કાયદેશરનું ધોરણ હતું. ત્યારબાદ પ્રેમજીભાઈ નામના એક ગુજરાતીએ કલાકના ૪.૦૦ ડોલરના હિસાબે ગોવિંદભાઈને કામ આપ્યું.

૧૯૯૧ માં પ્રદીપભાઈ પટેલની એક મોટેલમાં બે મહિના માટે કામ કરી, મોટેલના ધંધા વિશે ઘણી જાણકારી હાંસિલ કરી. ૧૯૯૨ માં સ્ટાર ડસ્ટ મોટેલમાં દસ મહિના માટે કામ ક્યું. થોડિક આર્થિક સ્થિરતા આવી એટલે એમણે એમની માતા સુરજબાને વિઝીટર વિશા લઈ અમેરિકા તેડાવ્યા. અમેરિકા આવ્યાની આઠ મહિનાની અંદર જ માતા સૂરજબાનું અવસાન થયું, એટલે ૧૯૯૨ માં જ ગોવિંદભાઈ મા ના અસ્થિ લઈ ભારત પાછા આવ્યા, અને ત્રણ માસ માટે ફરી ખંભાતની ઓ. એન. જી. સી. પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી. અહીં તેમની અગાઉની નોકરી અને આ ત્રણ

માસની નોકરીને ગણત્રીમાં લઈ એમને પેન્શન આપવાનું નકકી થયું. ગોવિંદભાઈએ આ પેનશનની રકમ ગામનો પાણીવેરો ભરવા માટે દાનમા આપી દીધી. હજીસુધી ગામનો પાણીવેરો આ પેનશનની રકમમાંથી ભરાય છે.

૧૯૯૩ માં અમેરિકા પાછા ફરી ફરી એક મોટેલમાં નોકરી શરૂ કરી. એ જ વર્ષે એમના નાનાભાઈને સહકુટુંબ અમેરિકા બોલાવી લીધા. ૧૯૯૪ માં એક ફાર્મપ્રોડ્યુસ માર્કેટમાં નોકરી કરી. આમ થોડો થોડો આવકમાં વધારો કરવા નોકરીઓ બદલતા રહ્યા. ૧૯૯૫ માં એક હેન્ડલુમ ફેકટરીમાં બાર કલાકની રાતપાળીના મેનેજર તરીકે નોકરી કરી.

૧૯૯૫ માં ગોવિંદભાઈની કારને અકસ્માત નડ્યો. હેલીકોપ્ટરથી એમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. નશીબ જોગે એ થોડા સમયમાં ઠીક થઈ ગયા, અને ફરી પાછા સખત મજૂરીવાળી નોકરીમાં લાગી ગયા.

એમણે ભારતમાં રહીને જે સામાજિક કાર્યો કરેલા એને લીધે એમની રાજકારણીઓ સાથે સારી જાણપિછાણ થઈ ગયેલી, એટલે એમની સેવાઓનો ઉપયોગ કરવા ગુજરાતના મુખ્યમંત્રીઓ અને ભાજપના મોટા નેતાઓ પણ ચૂંટણી વખતે ગોવિંદભાઈને ભારત બોલાવતા, બદલામાં ગોવિંદભાઈના ગામમાં નાનીમોટી પ્રવૃતિઓના ઉદઘાટન માટે તેઓ ઉપલબ્ધ થતા. ગોવિંદભાઇના કૌટુંબિક પ્રસંગોમાં પણ જાણીતા નેતાઓ હાજરી આપતા.

૧૯૯૬ થી ૧૯૯૮ સુધી અમેરિકામાં વિનસ ટેક્ષટાઈલ્સ નામની કંપનીમાં નોકરી કરી. ૧૯૯૮ માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે ભારત આવ્યા. અહીં તેમનો સંપર્ક સુષ્મા સ્વરાજ, નરેશ કનોડિયા, શત્રુઘ્ન સિંહા, અશોક ભટ્ટ અને રમણસિંહ જેવા મોટા નેતાઓથી થયો. આમાના કેટલાક આજે પણ ગોવિંદભાઈના સંપર્કમાં છે.

ગોવિંદભાઈના આ સંપર્કને લીધે જેસરવા અને એની આસપાસના ગામોના વિકાસ કાર્યોમાં તેજી આવી.

૧૯૯૮ માં ગોવિંદભાઈએ પોતાની મા ના નામે "માતૃશ્રી સુરજબા પરાર્થે સમર્પણ" નામના ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટ દ્વારા ચૈત્રી પુનમે ડાકોર જતા પગપાળા યાત્રાળુઓ માટે ઠંડી છાશનો બંદોબસ્ત કરાયો. મોટી ઉમરના યાત્રાળુઓના પગ દબાવી આપવા પગારદાર માણસો રોક્યા. ૧૯૯૯ માં ગામમાં "સુરજબા કન્યા વિદ્યાલય" શરૂ કરી, જેમાં બાળાઓને વિના મુલ્ય શિક્ષણ ઉપરાંત કપડાં, ચપ્પલ, પુસ્તકો, નોટબુક્સ, કમ્પાસ, પેન અને પેન્સીલ આપવામાં આવતા. સરકાર સાથે શાળાની જમીન અંગે મતભેદ થતાં ૨૦૧૦ માં આ શાળા બંધ કરી.

૧૯૯૯થી એક મોટેલમાં કાયમી નોકરી મળી. મોટેલમાં એમને રહેવા માટે ઘર, પાવર, પાણી અને ગેસ પણ મોટેલ તરફથી વિના મુલ્યે મળ્યા. ગોવિંદભાઇએ એમના પત્નિ અને બાળકો સાથે મળીને નક્કી કર્યું કે દર મહિને આપણા ૪૦૦-૫૦૦ ડોલર બચે છે તો આ રકમા શા માટે સેવા કાર્યોમાં ન વાપરવી? બસ એમણે શરૂઆત કરી દીધી. ૧૯૨ દેશોના ધ્વજ થોકબંધ ખરીદીને ગુજરાતની વિવિધ શાળાઓના બાળકોને મોકલી આપવા, ગુજરાતના નકશા થોકબંધ ખરીદીને શાળાઓને ભેટમાં આપવા અને કોઈપણ સામાજીક પ્રવૃતિમાં મદદ કરવા જેવું લાગે તો મદદ કરવી.

૨૦૦૯ માં જાણીતા ગુજરાતી ભાષાના બ્લોગ્સને આર્થિક મદદ કરી. પોતે પણ પરાર્થે સમર્પણ અને ગોદડિયો ચોરો નામના બે બ્લોગ્સ ચલાવે છે, ગોદડિયો ચોરો નામની તળપદી ભાષાની લેખમાળા લખે છે, અને કવિતાઓ લખે છે.

નાની આવક પણ મોટું મન. બસ આ જ એક વાત એમને મળવા એવા માણસ બનાવેછે.

# શ્રી હરિકૃષ્ણ મજમુંદાર



હરિકૃષ્ણનો જન્મ વડોદરામાં ૧૯૧૯મા થયો હતો. શાળાનો અભ્યાસ વડોદરામાં જ કર્યો. ત્યારબાદ વડોદરાની કોલેજમાંથી બી.એ. કરી, કાયદાનો અભ્યાસ કરવા અમદાવાદ ગયા અને ૧૯૪૧ માં એલ.એલ.બી. ની ડીગ્રી મેળવી.

૧૯૪૧ માં એક ટેક્ષટાઈલ મિલમાં નોકરી શરૂ કરી. ૧૯૪૩ માં એમને મુંબઈમાં એકાઉન્ટન્ટ જનરલની ઓફીસમાં નોકરી મળી. નોકરી કરતાં કરતાં જ ૧૯૪૮ માં એમણે બી. કોમ. ની ડીગ્રી પણ મેળવી લીધી. એકાઉન્ટન્ટ જનરલની ઓફીસમાં કામ કરતા હતા ત્યારે ૧૯૬૦ માં તેમને ભાભા એટોમિક સેંટરમાં મોકલવામાં આવ્યા, અને ત્યાં કાયમ થયા. ૧૯૭૭ સુધી ત્યાં કામ કરીને નિવૃત્ત થયા.

નિવૃતિબાદ આઠ વર્ષ સુધી વિદ્યાર્થીઓને ટ્યુશન આપવાના અને બીજા નાના મોટા કામ કર્યા. ૧૯૮૫ માં દીકરીએ એમને અમેરિકા તેડાવ્યા. તેમના કહેવા પ્રમાણે અમેરિકા આવવા પાછળ એમના મનમાં કોઈ યોજના ન હતી, એ માત્ર એમના સંજોગોનો તકાદો હતો. એમના શબ્દોમાં કહું તો, "ભારતમાં મારા નિવૃતિબાદના વર્ષો ઉપર મારૂં કોઈ નિયંત્રણ ન હતું, સંજોગોને આધિન સમય વ્યતિત થતો હતો."

૧૯૮૫ માં તેઓ અમેરિકા આવ્યા. અમેરિકામાં આવીને એમણે કોમ્યુનીટી કોલેજમાં કેલ્ક્યુલસ અને શેક્સપિયરનો ઊંડો અભ્યાસ કર્યો. કેલક્યુલસ વિષયમાં તો તેમણે “ફેકટરાઈકઝેસન” નામનું પુસ્તક પણ લખ્યું. ત્રણ વર્ષ સુધી ઈન્ડિયા પોસ્ટ નામના છાપા માટે કોલમ લખી.

અમેરિકામાં મોટી ઉંમરના ભારતીયોની વિટંબણાઓથી જેમ જેમ પરિચિત થતા ગયા તેમ તેમ તેનો ઉકેલ લાવવા સિનિયરોને લગતા કાયદાઓ અને સિનિયરોને અપાતી છૂટછાટનો અભ્યાસ કરતા ગયા. ભારતથી આવતા લોકોની સોશ્યલ સીક્યુરીટી, ઇમિગ્રેશન અને અન્ય વિષયની ગુંચો ઉકેલવાની મદદમાં લાગી ગયા. વડીલોની મુંઝવણો સમજી લઈને એનો સમાધાન પૂર્વક ઉકેલ લાવવામાં મદદરૂપ થવા લાગ્યા. ૨૦૦૨માં અમેરિકાની વેલ્ફેર યોજનાની માર્ગદર્શિકા “ભુલભુલામણીનો ભોમિયો” (Mapping of the Maze) પુસ્તક લખીને સિનિયરોને માર્ગદર્શન આપ્યું. અનેક સ્થળોએ સિનિયરોને માર્ગદર્શન આપવા વ્યાખ્યાનો આપવાનું શરૂ કર્યું. અમેરિકાના સેનેટરોને, અદાલતોને, પત્રકારોને અને નેતાઓને, પત્રો અને પીટિશન્સ લખી લોકોને ન્યાય અપાવવા લાગ્યા. બસ લોકો તેમને દાદાના હુલામણા નામથી ઓળખતા થયા.

એમણે સિનિયરોને સલાહ આપી કે સ્વાલંબી બનો, પરિવારમાં મદદરૂપ બનો, જીવન માત્ર જીવો જ નહિં પણ એને માણો. પોતે પોતાની પુત્રીના બેકયાર્ડમાં પોતાનો ઓરડો બાંધી સ્વાલંબી જીવન જીવીને ઉદાહરણ પૂરૂં પાડે છે.

તેમની સેવા ની પ્રવુતિ માટે તેમને ઘણા એવોર્ડ મળ્યા છે, Santa Clara County ના Human Resources Commission તરફથી "Toni Sykes Memorial Award " દાદાને મળ્યો છે. દાદા પોતે કાયમી વસવાટ માટે પરદેશથી આવેલ વસાહતી છે. 2011માં તેમણે"સાઉથ એશિયન સિનયર સર્વિસ એસોસીએશન” રચ્યું. આજની તારીખે દાદા છેલ્લાંમા છેલ્લાં કાયદા અને નિયમો વિષે પોતાને માહિતગાર રાખે છે,

અને ઝીણવટ, સમજ અને અનુભવી કોઠાસુજથી લોકોના વણઉકેલ્યા કોયડાને ઉકેલે છે.  દાદાની વાત સીનિયરોને અને ભવિષ્યની પેઢીને વિચારતા કરી મૂકે તેવી મૌલિક છે. દાદા કહે છે"અમેરિકામાં રહેનાર ભારતીય સીનિયરો પોતાના સાંકડા વર્તુળમાં પોતાનું જીવન જીવી નાખે, તેના કરતાં બહાર આવી અહીંનાં સમાજની વિશેષતા માણે તો આનંદપુર્ણ જીવન જીવી શકે. “સ્વ” પરથી નજર હટાવી “અમારા” પર નજર કરવાની જરૂર છે. હકારાત્મક જીવનમાં સુખી થવાનો આ ગુરૂમંત્ર છે. દાદાની વડીલોને સલાહ છે કે બાળકો ઉપર તમારા સિધ્ધાન્તો અને તમારા અનુભવો ન થોપતા. શક્ય છે કે બદલાયલા સંજોગ અને બદલાયલા સમયમાં એ એમને ઉપયોગી ન પણ થાય.

દાદા કહે છે, “ અહીં અમેરિકામાં હું મારા જીવનનું નિયંત્રણ કરી શકું છું, કારણ કે અહીં લોકો નૈસર્ગિક જીવન જીવે છે. લોકો અહીં માન અને પ્રેમના ભૂખ્યા છે, અને અન્યોને પણ તેઓ માન અને પ્રેમ આપે છે. મને મારા કાર્યના બદલામાં પૈસાની ભૂખ નથી, લોકો મને જાણે, મારા કાર્યની નોંધ લે, મારા માટે એ જ પુરતું છે. અહીં તમે કંઈપણ ન કરો તો જ તમારૂં કાર્ય વણનોંધ્યું રહે.”

# શ્રી વલીભાઈ મુસા



વલીભાઈનો જન્મ ૧૯૪૧ માં આવેલા બનાસકાંઠા જીલ્લાના કાણોદર ગામમાં થયો હતો. કાણોદર એ સમયમાં ટેક્ષટાઈલ ઉદ્યોગમાં આગળ પડતું હતું. વલીભાઈના પિતા પણ ટેક્ષટાઈલના ધંધામાં હતા. વલીભાઈના માતા-પિતા અભણ હતા, પણ એમણે પોતાના બધા બાળકોને સારૂં શિક્ષણ અપાવ્યું. આજે એમના પરિવારના બધા સભ્યો અલગ અલગ વિષયોમાં પારંગત છે, જેમાં એંજીનીઅરીંગ અને મેડિકલ નો પણ સમાવેશ થઈ જાય છે.

વલીભાઇ શાળામાં હતા ત્યારે તેમના અભ્યાસક્રમના એક પાઠમાં William Tell ની વાર્તા હતી, તેથી વલીભાઈના મિત્રોએ તેમનું હુલામણું નામ વિલિયમ પાડી દીધું. આજે પણ એમના કેટલાક મિત્રો એમને વિલિયમ નામથી જ બોલાવે છે.

વલીભાઈ ૧૯૫૯ માં મેટ્રીક પાસ કરનાર કુટુંબના પહેલા સભ્ય હતા. ૧૯૬૬ માં એમણે બી.એ.(ઓનર્સ) ગુજરાતી, અંગ્રેજી અને સોશ્યોલોજી વિષયો સાથે કર્યું. નાની વયથી એમને સાહિત્યમાં રસ પડતો.

વલીભાઈ માત્ર ૧૬ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું. ત્યારથી જ વલીભાઈ ઉપર બહોળા કુટુંબનું નેતૃત્વ કરવાની જવાબદારી આવી પડી, જે છેલ્લી અર્ધી સદીથી તેઓ સંભાળી રહ્યા છે. આજે એમના માર્ગદર્શન હેઠળ કુટુંબના સભ્યો, ભણતર, ખંત અને ઈમાનદારીથી ઓટોમોબાઈલ, હોટેલ્સ, મેડિકલ ફેસીલીટીસ વગેરે અનેક ધંધાઓમાં પ્રગતિ કરી રહ્યા છે.

ગુજરાતી સાહિત્ય રસિકોમાં વલીભાઈનું નામ જાણીતું છે. ૧૯૬૬ માં તેમની પહેલી વાર્તા "જલસમાધી" એક ગુજરાતિ સામયીકમાં પ્રસિધ્ધ થઈ, ત્યાર બાદ વલીભાઈએ કદી પાછું વળીને જોયું નથી.

૨૦૦૭ માં કેનેડા સ્થિત એમના પુત્ર સમાન ભત્રીજાએ એમને બ્લોગ્સની સમજણ આપી, અને એમણે પોતાના બ્લોગ "William's Tales" ની શરૂઆત કરી. આ બ્લોગમાં શરૂઆતમાં તેઓ માત્ર અંગ્રેજીમાં જ લખતા, પણ પાંચ વર્ષના ગાળા બાદ એમાં ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષાઓમાં લખવાની શરૂઆત કરી. આજસુધીમાં વલીભાઈએ અનેક લેખ, વાર્તાઓ અને હાયકુ લખ્યા છે અને બ્લોગ્સ દ્વારા ગુજરાતીઓને આપ્યા છે.

ખૂબ નાની વયથી જ વલીભાઈ ગાંધીવાદી ધારાથી પ્રભાવિત થયા હતા. "જીવો અને જીવવા દો" મંત્ર નાનપણથી જ એમણે આત્મસાત કરી લીધો છે. જયપ્રકાશ નારાયણ, વિનોબા ભાવે અને રવિશંકર મહારાજ ની સામાજીક ન્યાયની પ્રવૃતિઓથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયેલા. તેઓ કહે છે, "ક્યાં પણ લડાઈ ઝગડા થાય, માણસ માણસને મારી નાખે તો મને ખૂબ જ માનસિક પીડા થાય છે. આજે દુનિયામાં પર્યાવરણની રક્ષા અને માણસાઈ ભર્યા કાર્યો કરવાવાળાની સંખ્યા ઝડપથી ઘટવા લાગી છે. સામાજીક ન્યાય અને શાંતિની વાતો કરનારાનું કોઈ સાંભળતું નથી. કોઈપણ એક ધર્મ બીજા ધર્મ કરતાં વધારે સારો કે ખરાબ નથી, બધા ધર્મ એકબીજા સાથે સદભાવથી રહેવાનું શીખવે છે, કોઈનો તિરસ્કાર કરવા કે કોઈને નુકશાન

પહોંચાડવાની વાત કોઈપણ ધર્મમાં કહેલી નથી. સૌથી મોટો ધર્મ તો માનવ ધર્મ છે."

વલીભાઈ કહે છે, " વલીનો અર્થ આમ તો સંત થાય છે, પણ હું કોઈ સંત નથી. હું આ દુનિયાના અનેક લોકોની જેમ દુન્યવી જરૂરતોથી ઘેરાયલો સામાન્ય માણસ છુ. આ તો ઈશ્વરની કૃપા છે કે આટલા વર્ષો સુધી મારૂં સંયુક્ત કુટુંબ ટકી રહ્યું છે, કુટુંબીઓ વચ્ચે સદભાવના અને પ્રેમ ટકી રહ્યાં છે. આજે આ કુટુંબ ભાવનાને લીધે અમે આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી છે અને આવતી પેઢીને પ્રેરણા આપી છે."

આજે વલીભાઈ નિવૃત જીવન ગાળે છે. કુટુંબમાં એમનાથી નાની વયના સભ્યોએ કારોબાર સંભાળી લીધો છે. વલીભાઇની આજે મુખ્ય બે પ્રવૃતિઓ છે, સાહિત્ય સર્જન અને મહેમાન ગતિ. મને એક દુહો યાદ આવે છે,

"એકવાર કાઠિયાવાડમાં તું ભૂલો પડ ભગવાન,

થા મારો મહેમાન, તને સ્વર્ગ ભૂલાવું શામળા."

બસ વલીભાઈ પણ પોતાના મિત્રોને કંઈક આવું જ કહે છે. વલીભાઈની મહેમાનગીરી માણવાની તક મેં હજી ઝડપી નથી, પણ એમની મહેમાનગીરી માણી આવેલા લોકોની પાસેથી એની વાતો સાંભળી છે. મારા એક બ્રાહ્મણ મિત્ર એમની મહેમાનગીરી માણી આવ્યા છે અને એમણે મને કહ્યું, એ તો બાહ્મણનો પણ બ્રાહ્મણ છે."

વલીભાઈ વિશે લખવું એ એમના મિત્રોને સૂરજને અરિસો દેખાડવા જેવું લાગસે.

# શ્રી જીગ્નેશ અધ્યારૂ



અત્યાર સુધીમાં જે મળવા જેવા માણસો વિશે મેં લખ્યું છે તે બધા જીવનના છ દાયકાથી વધારે વય પસાર કરી ચુકેલા લોકો છે. આજે હું જેમના વિશે લખું છું એ માત્ર ૩૪ વર્ષના જ છે. મારી આ લેખમાળાનો એક ઉદ્દેશ એવો છે કે જે લોકોએ પ્રતિકુળ પરિસ્થિતિઓનો સામનો કરી, જીવનમાં પ્રગતિ કરી છે અને સમાજને ઉપયોગી થયા છે એમની જાણ મારા મિત્રોને કરી શકું.

જીગ્નેશનો જન્મ ૧૯૮૦ માં પોરબંદરમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમના દાદા કર્મકાંડી બ્રાહ્મણ હતા. તેમના યજમાનોમાં ખારવાઓ અને કોળીઓ જેવા ગરીબ લોકો હતા. ગુજરાન ચલાવવા આ બ્રાહ્મણવૃતિ પૂરતી ન હોવાથી એમણે ટ્યુશનો કર્યા પણ ગરીબ માબાપના છોકરાઓ એમને ફી આપી શકતા નહિં. ફરસાણની દુકાન પણ ચલાવી જોઈ પણ સ્વભાવે ઉદાર હોવાથી સગાં-સંબધીઓ પાસેથી પૈસા માગતા અચકાતા, જેથી ખાસ નફો ન થતો.

ગરીબ પિતાના પુત્ર હોવાથી જીગ્નેશના પિતા પણ બહુ અભ્યાસ કરી શક્યા નહિં. ૧૯૭૬ માં એમને ૨૫ રૂપિયાના માસિક પગારે પ્લેનમાં કચરો ભેગો કરવાની અને સામાન ઉપાડવાની, તેને ગોઠવવાની નોકરી મળી. લગ્નબાદ પત્નીના આગ્રહને વશ થઈ એમણે દસમા અને બારમા ધોરણની પરિક્ષાઓ આપી અને પરિણામે એમને હેલ્પર તરીકે બઢતી મળી. તેમની બદલી વડોદરા ખાતે થઈ. અહીં એમણે જીગ્નેશને ઓછી ફી વાળી સરકારી શાળામાં દાખલ કર્યો. શાળા ઘરથી સાત કીલોમીટર દૂર હતી અને પગે ચાલીને જવું આવવું પડતું, તેમના મમ્મી રોજ તેમને મૂકવા અને તેડવા આવતા. આવું અપ-ડાઊન બે વર્ષ ચાલ્યું..

શાળાના ભણતર દરમ્યાન એમની વકતૃત્વ કળા અને ગીત ગાવાની કળાઓ સારી રીતે ખીલી. અનેક સ્પર્ધાઓમાં એને ઈનામો મળ્યા. ભણવામાં ખૂબ જ હોશિયાર હોવાથી હંમેશાં ખૂબ સારા માર્કસ આવતા, પણ દસમા ધોરણની પરીક્ષામાં પેપર તપાસવાની ભૂલને લીધે એમને સમાજવિજ્ઞાનમાં ૧૬ માર્કસ જ આવ્યા. આ પરિક્ષામાં તેમને ગણિતમાં ૯૮ અને વિજ્ઞાનમાં ૯૦ માર્કસ હતા અને સરેરાસ ૭૬ ટકા માર્કસ હતા. ફરી પેપર્સ તપાસવાની અર્જી કર્યા બાદ એમને ૧૬ ની જગ્યાએ ૬૭ માર્કસ આપવામાં આવ્યા.

આવી કઠોર પરિસ્થિતિમાં પણ જીગ્નેશે ૨૦૦૧ માં બી.ઈ. (સિવીલ)ની પરિક્ષા પાસ કરી. ૨૦૦૧ થી ૨૦૦૩ સુધી નોકરી કરી અને ત્યારબાદ વધુ અભ્યાસ માટે નોકરી છોડી, એમ.ઈ. ના કોર્સમાં એડમિશન લીધું. ૨૦૦૫ માં એમ.ઈ.(જીઓટેકનીકલ)ની ડિગ્રી મેળવી.

૨૦૦૫ થી એમણે પિપાવાવ બંદરમાં Docks & Harbours ને લગતા બાંધકામ ખાતામાં નોકરી સ્વીકારી. આ નોકરી વિષે તેઓ કહે છે, “૨૦૦૫થી દરીયાઈ બાંધકામના ક્ષેત્રમાં ઝંપલાવ્યુ અને ઈશ્વરકૃપાથી આજે આઠ વર્ષથી વધારેનો, આ ક્ષેત્રનો નસીબદારને જ મળે એવો અનુભવ મળ્યો છે. બે જેટ્ટી, Ship Building માટેનો વિશ્વનો ત્રીજા નંબરનો વિશાળ ડૉક, રસ્તા, પુલ અને ગરનાળાં બાંધવાનો અનુભવ મળ્યો. દરિયામાં જહાજને આવવા જવા માટે ચેનલ બનાવવા ડ્રેજીંગનું કામ કંપનીએ મારી કાબેલિયત પર

ભરોસો રાખીને મારા માટે તદ્દન નવું આ ક્ષેત્ર મને આપેલું. એ પ્રયાસમાં કંપની માટે છ મહીનામાં લગભગ અગીયાર કરોડની બચત કરી આપવા બદલ ૧૪ ઓગસ્ટ ૨૦૧૩માં પીપાવાવ પોર્ટ અને શિપયાર્ડ તરફથી મને પ્રશસ્તિપત્ર અપાયું."


ચણતરના કામને તો જીગ્નેશભાઈ સંપૂર્ણ ન્યાય આપે જ છે પણ સાથે સાથે ગુજરાતી સાહિત્યના ઘડતરનું કામ પણ તેઓ બહુ સારી રીતે કરે છે. તેઓ કહે છે, " સ્વભાવે હું જીઓટેકનિકલ (સિવિલ) એન્જિનિયર છું એટલે લેખન મારા માટે ધરતીના પેટાળમાં ઊતરવા જેવી અંતર્મુખ પ્રવૃત્તિ છે."  ૨૦૦૭ થી બ્લોગ જગતમાં તેઓ સક્રીય રહ્યા છે. અક્ષરનાદ નામના એમના બ્લોગમાં પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચિન સાહિત્યનો સમાવેષ થાય છે. વિષયમા વિવિધતા અને ઉચ્ચ કક્ષાનું સાહિત્ય એ એમના બ્લોગની ખાસ ખાસિયત છે. જીગ્નેશભાઈની પોતાની કલમમાં કેટલી તાકાત છે એના દાખલા આપું તો, અખંડ આનંદમાં છપાયેલ એમના મદુરાઈના ક્રિષ્ણન વિશેના લેખને લીધે ક્રિષ્ણનને ઘણી આર્થિક મદદ મળી હતી. અખંડ આનંદમાં છપાયેલ સાંટીયાભાઈના ગાંડાઓના આશ્રમ વિશેના લેખને લીધે આશ્રમને ઘણી આર્થિક મદદ મળી રહી હતી. નવનીત સમર્પણમાં છપાયેલ એમના સવાઈપીર દરગાહ વિશેના અને ત્યાંની જરૂરતો વિશેના લેખને લીધે ઈંગ્લેન્ડથી પોરબંદર આવેલા એક એન.આર.આઈ ભાઈએ વિશેષ પીપાવાવ આવી, એમની સાથે સવાઈબેટની મુલાકાત લીધી હતી અને ત્યાં મદદરૂપ થાય એવી સામગ્રી તેઓએ આપી."

આજે એમનો બ્લોગ "અક્ષરનાદ" ગુજરાતી બ્લોગ જગતમાં ખૂબ જ લોકપ્રિય છે. ખૂબ જ જવાબદારીવાળી નોકરી કરતાં કરતાં આવા બ્લોગને ચલાવવા માટે એમને રાતપાળી કરવી પડતી હશે. તમને જાણીને નવાઈ લાગશે કે પોતાના પગારની આસરે સાત ટકા જેટલી રકમ આ બ્લોગના રખરખાવ અને પુસ્તકોની ખરીદી પાછળ ખર્ચે છે. બ્લોગની પ્રવૃતિ દરમ્યાન એમણે '૧૫૧ અનોખી અને ઉપયોગી વેબસાઈટ્સ' નામના ઈ-પુસ્તકનું સંપાદન કર્યું છે. આ ઉપરાંત એમણે શિયાળબેટ ઉપર એક ડોક્યુમેંટરી પણ બનાવી રહ્યાં છે. 'ગાંધી વર્સિસ મોહનીયો' નામની શોર્ટ ફિલ્મમાં તેમણે ગાંધીનું પાત્ર ભજવ્યું છે.

જીગ્નેશભાઈને કુદરત પ્રત્યે અતિશય આકર્ષણ છે. એક જગ્યાએ એમણે લખ્યું છે, "સિવિલ એન્જિનિયરિંગના અભ્યાસે મને જમીન સાથે જોડયો છે, તો મહુવા પાસે આવેલા પિપાવાવ પોર્ટની નોકરીએ મને દરિયાનું સાનિધ્ય પૂરું પાડ્યું છે. પાસે આવેલા ગીર વિશે તો મારે શું કહેવું ? ગીરનું ભ્રમણ એ મારો શોખ જ નહીં, સ્વભાવ બની ગયો છે. ગીરના અડાબીડ જંગલોમાંથી દેખાતા મધ્યરાત્રિના આકાશે જાણે પોતાની છાતી ચીરીને મને બ્રહ્માંડદર્શન કરાવ્યું છે. નેસમાં વસતા ભોળા માણસોની દુનિયા અને જગતથી અલિપ્ત એવા નાદાન બાળકોનું સ્મિત મને સતત એમની તરફ ખેંચતા રહે છે. હું હંમેશા ત્યાં દોડી જવા માટેની તક શોધતો હોઉં છું. કુદરતના ખોળે વહેતા ઝરણાં, શીતળ ધોધ, ચોમાસામાં ગિરે ઓઢેલી લીલી ચાદર, વહેલી સવારે સંભળાતો સિંહોના ડૂકવાનો અવાજ, ઝાડી પાછળ દેખાતી દીપડાની તગતગતી આંખો – આ બધું જાણે મને કોઈ અનોખી અગોચર દુનિયામાં મૂકી દે છે. "

એમના જીવનનું તત્વજ્ઞાન છે, "એક હકારાત્મક મન અનેકોને પ્રેરે છે. એવી જ હકારાત્મકતા સાથે આનંદ કરો અને આનંદ કરાવો."

# શ્રી વિજય શાહ



વિજયભાઇનો જન્મ ૧૯૫૨ માં એક મધ્યમ વર્ગી કુટુંબમાં, ભરૂચમાં થયો હતો. એમના પિતા સરકારી નોકરીમાં હોવાથી સમયાંતરે થતી બદલીઓને લીધે એમનું શાળાનું શિક્ષણ અનેક શહેરોમાં થયું. આખરે ૧૯૭૫ માં નડિયાદથી એમ.એસસી (માઈક્રો બાયોલોજી) કરી અભ્યાસ પૂરો કર્યો.

૧૯૭૫ માં તેમણે સારાભાઈ કેમિકલ્સમાં નોકરી શરૂ કરી. બે વર્ષને અંતે આ વિજ્ઞાનના અનુસ્નાતકને લાગ્યું કે શેરબજારમાં વધારે પૈસા છે, એટલે ૧૯૭૭ માં એમણે મુંબઈમાં શેરબ્રોકરનું કામ શરૂ કર્યું.

વિજયભાઈને સાહિત્યનો શોખ તો ૧૨ વર્ષની વયે જ લાગી ગયેલો. ૧૯૬૪ માં તેમની બાળવાર્તા “જાદુઇ વાડકો” નૂતન ગુજરાતમાં છપાઈ. ૧૯૭૨ માં વીસ વર્ષની વયે આકાશવાણી સુધી પહોંચી  ગયા અને “યુવાવાણી” કાર્યક્રમમાં ભાગ લીધો. ૧૯૭૭ માં એમનો પ્રથમ કાવ્ય સંગ્રહ “હું એટલે તમે” પ્રસિધ્ધ થયો. ૧૯૮૧ માં તેમનું પહેલું નાટક દુરદર્શનમાં પ્રસારિત થયું. બસ પછી તો નવલિકા, નવલકથા, દૈનિકોમાં અને સામયિકોમાં કોલમ્સ, આમ સાહિત્યમાં આગેકુચ જારી રહી.

૧૯૯૬ માં અમેરિકા સ્થિત વિજયભાઈના મોટાભાઇએ તેમને વધુ સારા ભવિષ્ય માટે કુટુંબ સહિત અમેરિકા આવવા આગ્રહ કર્યો, અને એમની વાત માની લઈ વિજયભાઈ કાયમી વસવાટ માટે સહકુટું અમેરિકા આવી ગયા. આ નિર્ણય લેતા પહેલાં એમને ઘણો માનસિક સંઘર્ષ કરવો પડેલો, કારણ કે વયોવૃધ્ધ પિતાને ભારતમાં મૂકી અમેરિકા જવા એમનું મન માનતું ન હતું, પણ આખરે પિતાના આગ્રહ હેઠળ એમને નમતું જોખવું પડ્યું.

અમેરિકામાં પણ એમણે શેર બજારનું કામકાજ જ ચાલુ રાખવા જરૂરી લાયસેંસ મેળવી લઈ, ધંધો શરૂ કરી દીધો. અહીં પણ એમનો સાહિત્ય રસિયો જીવ ક્યાં ઝંપીને બેસવાનો હતો? અમેરિકામાં સ્થાયી થયા કે તરત જ એમણે સાહિત્ય રસિયાઓના સાથ શોધી કાઢ્યા અને એમની પ્રવૃતિઓમાં સક્રીય થઈ ગયા. પ્રિન્ટ મીડિયામાં લખવાનું શરૂ કર્યું. ૧૯૯૬ થી ૨૦૦૨ સુધી આ પ્રવૃતિઓ ચાલુ રહી. આમા ખાસ નોંધવા જેવી વાત તો એ છે કે 'ગુજરાતી સમાજ ઓફ હ્યુસ્ટન' માં તેના માસિક "દર્પણ" નું ૧૯૯૭ થી ૨૦૦૨ સુધી સંપાદન કર્યું. એજ સમય દરમ્યાન સર્જક મિત્રો સાથે મળી "ગુજરાતી સાહિત્ય સરિતા" શરુ કર્યું.

૨૦૦૨ માં ઈન્ટરનેટમાં ગુજરાતી બ્લોગ્સના પગરણ થયા. વિજયભાઈએ બ્લોગ્સના સંચાલકોનો સંપર્ક કરી, પોતાના લખાણો આ નવા માધ્યમમાં મૂકવાની શરૂઆત કરી. ૨૦૦૬ સુધી આ બ્લોગ્સ યુનિકોડમાં ન હતા, અને બ્લોગ્સમાં ગુજરાતીમાં લખવાનું આજના જેવું સરળ ન હતું. તે છતાં કેસુડા, અભિવ્યક્તિ, ઝાઝી વગેરે બ્લોગ્સ ઝડપથી લોકપ્રિય થવા લાગ્યા હતા. ૨૦૦૬ પછી વિશાલ મોણપરા અને અન્ય વ્યક્તિઓના પ્રયાસોથી સાદા કોમપ્યુટરમાં ગુજરાતી અક્ષરો લખવાનું સહેલું થઈ ગયું, અને બસ ગુજરાતી બ્લોગ જગતમાં તો જાણે ઊભરો આવ્યો. આ ઊભરાની શરૂઆતમાં જ વિજયભાઈએ પોતાના થોડા બ્લોગ્સ શરૂ કરી દીધા. ટેકનોલોજીમાં નિષ્ણાત મિત્રોએ એમને મદદ કરી, તો એમણે અન્ય લોકોને પોત પોતાના બ્લોગ્સ

શરૂ કરવા માટે પ્રેરણા આપી અને સક્રીય મદદ કરી. એમની ખાસ નોંધવા જેવી સાહિત્ય પ્રવૃતિ છે "સહિયારૂં સર્જન". એકથી વધારે લેખકો સાથે મળી એક નવલકથા લખે, અથવા સાહિત્યના અન્ય પ્રકારનું સર્જન કરે; એમના આ વિચારે ગુજરાતી બ્લોગ જગતમાં એક નવું સોપાન સર કર્યું છે. એમના પોતાના લખાણો ગણાવા બેસું તો ઘણાંબધા પાના ભરાઈ જાય.

ગુજરાતી બ્લોગ્સની સંખ્યા જે ઝડપથી વધવા લાગી એને લીધે ગુજરાતી વાંચકોને કયા બ્લોગમાં શું છે અને એને કેમ શોધવા એવી મુશ્કેલીઓ પડવા લાગી. વિજયભાઈએ થોડા મિત્રોની મદદથી એક એવો બ્લોગ બનાવ્યો કે જેમાં બ્લોગની લીંક, બ્લોગના સંચાલકનું નામ અને બ્લોગ વિશે માહિતીનો સમાવેશ કરી લેવામા આવ્યો. એમના પોતાના ખૂબ જાણીતા ત્રણ બ્લોગ્સ છે.

ભગવદ ગો મંડલ જેવું ઓનલાઇન મુકાયુ ત્યારે બ્લોગર મિત્રોને અજાણ્યા અને અઘરા શબ્દો શોધવાની હાકલ કરી અને અંગ્રેજી ભાષાનો પાયાનો પ્રકાર "સ્પેલ બી" ગુજરાતી શબ્દ સ્પર્ધાનાં નામે વિશાલ મોણપરા, કાંતિભાઇ કરસાલીયા અને હીના બહેન પરીખ જેવા બ્લોગ મિત્રો સાથે તૈયાર કર્યુ.

આજે પણ વિજયભાઈ હ્યુસ્ટનમાં સાહિત્ય પ્રેમીઓ દ્વારા, વર્ષોથી ગુજરાતી સાહિત્યનો પ્રચાર અને પ્રસાર કરતી સંસ્થા "ગુજરાતી સાહિત્ય સરિતા"ની નિયમિત ભરાતી બેઠકોમાં આગળ પડતો ભાગ લે છે. ભારતમાં અને અમેરિકામાં રહેતા ગુજરાતીઓને લખવા માટે પ્રેરિત કરે છે અને માર્ગદર્શન આપે છે. હું અમેરિકામાં સ્થાયી થવા જાન્યુઆરી ૨૦૧૨ માં આવ્યો ત્યારે મને આવકાર આપતા જે લોકોએ ઈ-મેઈલ મોકલ્યા એમાં વિજયભાઈ પણ સામિલ હતા. હું જ્યારે પણ લેખન પ્રવૃતિમાં ધીમો પડું ત્યારે વિજયભાઈ ધક્કો મારી પાછો મને કામે લગાડી દે છે.

વિજયભાઈના બધા લખાણોને આવરી લેવાનું તો મારૂં ગજું નથી તો પણ એમના ત્રણ પુસ્તકોનો ઉલ્લેખ કર્યા વગર હું ન રહી શકું.

"વસવાટ વિદેશે" નામના પુસ્તકમાં વિજયભાઈએ, ભારતથી કાયમી વસવાટ માટે અમેરિકા આવતા લોકોને, અહીંની રહેણી કરણી, અહીં પડતી તકલીફો અને તેના નિરાકરણ અંગે સરસ માહિતી પૂરી પાડી છે. મારા મતે પહેલીવાર અભ્યાસ માટે અમેરિકા આવતા વિદ્યાર્થીઓ અને બાળકો સાથે કાયમી વસવાટ માટે આવતાં મા-બાપ બન્ને માટે આ પુસ્તક એક સરખું ઉપયોગી છે.

"મન કેળવો તો સુખ" પુસ્તકમાં એમણે હકારાત્મક જીવન જીવવાનો કક્કો શીખવ્યો છે. એક જ વાક્યમાં કહેવું હોય તો Think positive. અનેક લોકોએ અલગ અલગ રીતે આ વાત કહી છે, નરસિંહ મહેતાએ કહ્યું, "સુખ દુખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં" તો નરસિંહરાવ દિવેટિયાએ લખ્યું છે, "સંસારની આ ઘટમાળ એવી, દુખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી." અહીં વિજયભાઈનું કહેવું છે "સારૂં વિચારો, દુખનો અહેસાસ આપોઆપ ઓછો થઈ જશે."

"નિવૃતિની પ્રવૃતિ" પુસ્તકમાં એમણે જીવનના આખરી પડાવ પર આવી પહોંચેલા માણસોને સમજાવ્યું છે ઘડપણ શ્રાપ નથી પણ અનેક સોનેરી તકોથી ભરેલો જીવનનો

એક તબ્બકો છે. એને માણો, એનો સદ્‌ઉપયોગ કરો. પોતે આનંદ માણો અને અન્યોને પણ આનંદ આપો. ટુંકમાં તેઓ કહેવા માગે છે કે, નિવૃત્તિના સમયમાં પ્રવૃત્ત રહેવા આર્થિક સ્વાવલંબન જરૂરી છે. નિવૃત્તિ પછીની આર્થિક પરિસ્થિતિ, તમારા પ્રવૃત્તિ સમય જેટલી જ સધ્ધર રહે તેવું આયોજન કરો. એટલે કે "When there is silver in your hair, there should be sufficient gold in your purse." વધુમાં તેમનું કહેવું છે, "આપણા મનની ધરબી રાખેલી ઈચ્છાઓને નિવૃત્તિ સમયમાં સાકાર કરવાનો અવસર મળે છે. તંદુરસ્તીને પ્રાથમિકતા આપો, દુનિયાની ઘટનાઓથી માહિતિગાર રહો, જ્ઞાનવર્ધક, જીજ્ઞાસા સંતોષાય તેવી, આધ્યાત્મિક, ધાર્મિક ચેનલો માણો. શક્ય હોય તો પ્રવાસ યાત્રાઓમાં જોડાવ. વાંચનનો શોખ આવકારદાયક છે, તમને રસ પડે તેવા વિષયોનું નિયમિત વાંચન કરો. જૂના મિત્રોને મળો, સંબંધોમાં તાજગી લાગશે."

આજે હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાનું સંચાલન બળ એટલે વિજય શાહ અને તેમના જેવા સર્જક મિત્રો છે.સાહિત્યપ્રેમી વ્યક્તિની કલાનું ઉજળું પાસુ જોનાર અને તેની કલાને બહાર લાવવાના કામમાં નિરંતર કાર્યરત વ્યક્તિ એટલે વિજય શાહ. નિસ્વાર્થ ભાવે ભાષા-સેવાનો ભેખ લઇ બેઠેલ મિતભાષી વ્યક્તિ એટલે વિજય શાહ. માતૃભાષા પ્રત્યેની લગન,તેમના વ્યક્તિત્વનું મુખ્ય પાસુ. અનેક સર્જકોના ગુજરાતી બ્લોગ, નેટ પર ખોલી આપવાવામાં તેમનો સક્રિય ફાળો છે. હું કહું છું કે કોઇવાર મોકો મળે તો વિજયભાઈના હ્રદય ઉપર સ્ટેથોસ્કોપ મૂકી જુઓ, એમના હ્રદયના ધબકારા પણ તમને ગુજરાતીમાં સંભળાસે.

માણસોને મળવા હંમેશા ઉત્સુક માણસ એટલે શ્રી વિજય શાહ.

# પ્રાધ્યાપક દિનેશ પાઠક



દિનેશભાઈનો જન્મ ૧૯૪૫ માં નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકાના થળી ગામમાં થયો હતો. પાંચ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ થળીમાં જ થયું હતું. ભણવામાં ખુબ હોશિયાર હોવાથી શિક્ષકોના માનીતા હતા. જ્યારે એ ચોથા ધોરણમાં હતા ત્યારે એક શિક્ષકે એમને પાંચમાં ધોરણના પ્રશ્ન અને એના સાચા ઉત્તર વાંચવા આપ્યા. દિનેશભાઈએ બધા પ્રશ્નો અને તેના જવાબો સમજીને યાદ કરી લીધા. શિક્ષકે પરીક્ષા લીધી તો બધા ઉત્તર સાચા હતા, જ્યારે પાંચમાં ધોરણના વિદ્યાર્થીઓ પણ બધા સાચા ઉત્તર આપી શક્યા ન હતા.

પાંચમાં ધોરણ સુધીની શાળા તો થળીમાં જ હતી પણ છઠ્ઠા ધોરણથી આગળ ભણવા માટે એમને બે કીલોમિટર દૂર આવેલી શાળામાં જવું પડતું. આ શાળામાં પહોંચવા તેમને ખેતરોમાંથી અને સૂકાઈ ગયેલા વોંકડામાંથી પસાર થવું પડતું, અને આને લીધે ચોમાસામાં ખૂબ મુશ્કેલી પડતી. કોઈક વાર તો વોંકડામાં પાણીનો પ્રવાહ એટલો રહેતો કે તણાઈ ન જવાય એટલે ત્રણ ચાર વિદ્યાર્થીઓ એક બીજાઓ હાથ પકડી વોંકડા પાર કરતા.

૧૯૫૭ માં દિનેશભાઈ આગળ અભ્યાસ માટે બહેનના ઘરે ધંધુકા રહેવા ગયા. અહીં એમના ભાણેજ એમને દિનુ મામા કહી બોલાવતા એટલે નાના મોટા બીજા બધા પણ એમને દિનુમામા કહેતા.(આજે પણ ઘણા લોકો એમને દિનુ મામા કહીને જ બોલાવે છે.)

ધંધુકાની શાળામાં એમને દુહા, રાસ અને છંદો ગાવાનો મોકો મળ્યો. એ એટલું સરસ ગાતા કે સવારની પ્રાર્થનામાં ભજન ગાવાનું એમના ભાગે જ આવતું.

બે વર્ષ બાદ બહેન-બનેવી વડોદરામાં સ્થાયી થયા એટલે દિનેશભાઈ પણ વડોદરા આવી ગયા. બનેવી ગાંધીવાદી વિચારધારાના હોવાથી દિનેશભાઈને બાળપણથી જ સારા સંસ્કાર અને પરોપકારની શિક્ષા મળી. વડોદરામાં જ શાળાનું શિક્ષણ પૂરૂં કરી વડોદરાની પ્રખ્યાત Faculty of Technology and Engineering (કલાભવન) નાં આર્કિટ્ક્ચર વિભાગમાં દાખલ થયા. અહીં પણ એમણે સાથે ભણતા વિદ્યાર્થીઓને સમુહ કાર્યોમાં જરૂરી મદદ પૂરી પાડી. અહીં એમને પ્રથમવાર જ અનુભવ થયો કે Practical Life માં માત્ર હોશિયારી જ પૂરતી નથી, ઓળખાણ-લાગવગ પણ એટલા જ મહત્વના છે. આ વાતની જાણ તેમને સરકારમાં મોટા પદો પર બેઠેલા માણસોના પુત્ર-પુત્રીઓ, જે એમના સહપાઠીઓ હતા તેમની મારફત થઈ. સ્નાતક થયા પછી આ વાતની એમને પ્રતિતી થઈ ગઈ.

વ્યવસાયિક જીવનની શરૂઆત તેમણે ૬-૬ મહિના માટે સુરત અને ગાંધીનગર કેપિટલ પ્રોજેક્ટ્સમાં કામ કર્યું, અને ત્યાર બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જોડાયા. મ્યુનિસિપાલીટીમાં કામ દરમ્યાન ત્યાં ચાલતી ગેરરીતિઓથી કંટાળી જઈ આખરે તેમણે દસ વર્ષ કામ કર્યા પછી રાજીનામું આપ્યું અને કલાભવનમાં પ્રાધ્યાપકની નોકરી સ્વીકારી. ત્યાં તેમણે ૨૯ વર્ષ સુધી કામ કર્યું.

આ તો વાતો થઈ અભ્યાસ અને રોજી-રોટીની, પણ દિનેશભાઈને મળવા જેવા માણસ બનાવે છે એમની સામાજીક અને ઈતર પ્રવૃતિઓ. નાની વયથી જ એમણે સંગીત, નાટક, વાંચન અને પર્યટનનો શોખ કેળવ્યો. સંતો, સમાજસેવકો, લેખકો, કવિઓ અને કલાકારોને જોવાની અને મળવાની એમને તીવ્ર ઉત્કંઠા રહેતી. અત્યાર સુધીમાં ૩૦૦ થી ૪૦૦ મહાનુભવોના પ્રત્યક્ષ દર્શન અને રૂબરૂ મુલાકાતોનો લાભ એમને મળ્યો છે. પર્યટન શોખીન દિનેશભાઈએ ભારતમાં હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતનાં ૨૦૦ જેટલા સ્થળોની મુલાકત લીધી છે. પરદેશમાં નેપાલ અને કતારની મુલાકાતો પણ લીધી છે.

આકાશવાણી દ્વારા ત્રણ વાર એમનો વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવ્યો હતો, અને વડોદરા સ્થાનિક ચેનલ JTV દ્વારા વિવિધ વિષય પર ૨૦૦ વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવ્યા હતા. એમણે ૬૦૦ જેટલા કાવ્યોની રચના કરી છે, જેમાં એમણે પ્રકૃતિ, સંસ્કૃતિ, ભજન અને ગીતાનો ઉપદેશ રજૂ કર્યા છે. એમના કાવ્યોના પુસ્તક “મારે હૃદય વસ્યો ઘનશ્યામ” માંથી ઘણા ગીતો શશાંક ફડનીસે સ્વરબધ્ધ કર્યા છે. આ સિવાય અલગ અલગ વિષય પર એમના દસ પુસ્તકો પ્રસિધ્ધ થયા છે.

સામાજીક પ્રવૃતિઓમાં રોટરી કલબ, લાયન્સ કલબ અને સીનિયર સીટિઝન્સ માટેના સંઘઠનોમાં સક્રીય ભાગ લીધો છે. એમનો મોટો ફાળો તત્વવેત્તા અને સમાજ સુધારક શાસ્ત્રી પાંડુરંગ આઠાવલેની સ્વાધ્યાય ચળવળમાં રહ્યો છે. ૧૯૬૨ થી એમણે પાંડુરંગ શાસ્ત્રીના પ્રવચનો વાંચવાનું શરૂ કર્યું. ૧૯૬૮ માં પહેલીવાર એમણે એમના પ્રવચનમાં હાજર રહી એમની વાતો સાંભળી. ૧૯૭૩ થી તેઓ સક્રીય રીતે સ્વાધ્યાય ચળવળમાં જોડાઈ ગયા. ૧૯૭૭-૭૮ થી શાસ્ત્રીજી સાથે એમનો સંપર્ક વધ્યો અને એમણે જીલ્લાના ક્ષેત્રપાલ તરીકે જવાબદારી સ્વીકારી. સ્વાધ્યાય પ્રવૃતિને અનુલક્ષીને એમણે ૬૦૦ જેટલા ભાવગીતો લખ્યા. એકવાર શાસ્ત્રીજીએ એમને સૂચવ્યું કે તમે ભલે આર્કિટેક્ટ છો પણ જન્મથી બ્રાહ્મણ છો એટલે જાહેરમાં સત્યનારાણની કથા કરો. શાસ્ત્રીજીની આજ્ઞા શિરોમાન્ય કરી એમણે કથાના અર્થ અને મર્મનો અભ્યાસ કરીને સમજી લીધો, અને ત્યારબાદ શાસ્ત્રીજીની હાજરીમાં કથા કરી. શાસ્ત્રીજી જે પોતે ધાર્મિક વિષયોના ઉચ્ચ કોટિના નિષ્ણાત છે, તેમણે કહ્યું કે ૨૩ વર્ષ બાદ એમણે આવી સરસ અર્થપુર્ણ સત્યનારાયણની કથા સાંભળી.

૩૨ વર્ષ સુધી સ્વાધ્યાય ચળવળમાં સક્રીય રહ્યા બાદ, સ્વાસથ્ય ખરાબ થવાથી નિવૃતિ લીધી. તેમના જ શબ્દોમાં કહું તો, “મારું મુખ્ય કામ પ્રવચન આપવા, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા, વિવિધ Group Sittings કરીને આયોજન કરવાનું, યુવા પ્રવૃત્તિ અને ભાવગીતો લખવાનું હતું. ભાવ ફેરીઓ પણ ઘણી કરી અને એનાં લીધે ભારતનાં લગભગ ૪૦૦ ગામડાં જેમાના ૧૫૦-૨૦૦ ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં ફરવા અને સંસ્કૃતિની

વાતો ફેલાવોનો મોકો મળ્યો. સ્વાધ્યાય પ્રવૃત્તિ દ્વારા રજુ કરાયેલ ભાવગીતોના સંગ્રહ “તીર્થ યાત્રા” માં ‘ચાલી વણઝાર’ અને “અમૃતાલયમ” ભાવગીત સંગ્રહમાં ‘તારો હું થઈ જાઉં કનૈયા’ ગીતો સુરેશ વાડકર, મનહર ઉધાસ અને અનુરાધા પૌડવાલે ગાયા છે.”

નિવૃતિની પ્રવૃતિ વિશે તેઓ કહે છે, “નિવૃત્તિના સમયમાં હું મુખ્યત્વે લેખનમાં સમય ગાળું છું. વડોદરમાં જ રહીને Senior Citizen Club, Rotary Club, Lions Club, દિવ્ય જીવન સંઘ, અવધૂત પરિવાર, સાંઈ પરિવાર જેવી સંસ્થાઓમાં પ્રવચનો આપું છું. નિવૃત્તિ પછી પણ પુસ્તકો લખવાનો દોર ચાલુ રહ્યો છે. મિત્રો અને સ્નેહીજનો મને વિવિધ વિષયો પર પુસ્તક લખવાની સલાહ આપે છે. મારું પ્રથમ પુસ્તક ‘ષોડશ સંસ્કાર’ બહુ વખાણાયું અને આજે પણ સારું એવું વંચાય છે. થોડા સમય પહેલાં જ મને ગુજરાત પુસ્તકાલય, વડોદરામાંથી ફોન આવ્યો કે એક ભાઈ એક સાથે ૪૦૦ પુસ્તકો લઈ ગયા. આજે આ પુસ્તકને લખાયે ૧૦ વર્ષથી ઉપર થઈ ગયા તો પણ લોકોને યાદ છે એને હું મારી જીંદગીની મૂડી ગણું છું.”

દિનેશભાઈ પુત્ર અને પુત્રવધુની મદદથી એક બ્લોગનું સંચાલન કરે છે. મેં જ્યારે આ લેખ માટે થોડી જરૂરી માહિતી માટે ફોન કરેલો ત્યારે તેઓ ડાયાલીસીસ ઉપર હતા, છતાં મારી સાથે પ્રેમથી વાત કરી અને બે દિવસમાં જ મને જરૂરી માહિતી મોકલી આપી.

અંતમાં હું કહીશ, “દિનુમામા જીંદાબાદ...”

# શ્રી સુરેશ જાની



સુરેશભાઈનો જન્મ એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ કુટુંબમાં, ૧૯૪૩ માં અમદાવાદમાં થયો હતો. એમના પિતા જ્યારે ૧૯૫૫ માં રેલ્વેની નોકરીમાંથી રીટાયર્ડ થયા ત્યારે તેમનો ૨૫૦ રૂપિયા પગાર હતો. શાળામાં તો ચાલતા જતા હતા, પણ દૂર આવેલી એંજીનીઅરીંગ  કોલેજમાં જવા  સુરેશભાઈને બસ ભાડા માટે રોજ ૧૦ પૈસા મળતા . નોટબુક્સ, પુસ્તકો વગેરે શાળામાંથી અથવા જ્ઞાતિ ટ્રસ્ટમાંથી મફત મળતા. એક સમય એવો હતો કે એમને મળતી ૧૦૦/-રૂ ની પોસ્ટ મેટ્રિક્યુલેશન સ્કોલરશીપ ઘરમાં ગાડાના પૈડા જેવી હતી.

સુરેશભાઈ એમના પિતા વિશે કહે છે, “બાપુજી સાવ સામાન્ય સ્થિતિના પણ દિલના અમીર.  લોકો એમને ધરમનો કાંટો ગણતા. અનેક લોકો એમની સલાહ લેવા આવતા. એમણે અનેક લોકોને એમના પ્રશ્નો ઉકેલવામાં મદદ કરી હતી. એમની ધાર્મિકતા એ જમાનાના માણસો કરતાં બહુ અલગ હતી. એમણે કદી અમને મંદિર જવાનો  કે ચીલાચાલુ પૂજાનો આગ્રહ રાખ્યો ન હતો. તેઓ શ્રી. અરવિંદની ફિલસુફી સાથે આત્મસાત થયા હતા; અને રેલ્વેની નોકરીને કારણે મળતા ફ્રી પાસને લીધે અમને બે વખત પોન્ડિચેરી લઈ ગયા  હતા.” એમના માતા વિશે તેઓ કહે છે, “મા ચાર જ ચોપડી ભણેલા, પણ વાંચનના શોખીન. ક.મા.મુન્શી; ર.વ.દેસાઈ , ધૂમકેતુ ના મોટા ભાગના પુસ્તકો વાંચેલા. અનેક ગીતો, ભજનો, સ્તોત્રો , ગીતાના અધ્યાયો મોઢે

કડકડાટ. ઘરના કામના ઢસરડા અને પાચ સંતાનોના ઉછેરની જવાબદારી, પણ ક્યારે પણ ફરિયાદ ન કરેલી. એ પેઢીની ખાનદાની અલગ હતી.”

અભ્યાસમાં સુરેશભાઈ ખૂબ જ હોશિયાર હતા, હંમેશાં બહુ જ ઊંચા માર્કસ મેળવી પાસ થતા. મેથ્સ અને સાયન્સમાં એમને એટલો રસ હતો કે એ હંમેશાં પોતાની કક્ષા કરતાં ખૂબ જ આગળ રહેતા. દસમા ધોરણમાં બનેલો એક પ્રસંગ સુરેશભાઈના શબ્દોમાં જ કહું તો “દસમાં ધોરણમાં મને ગણીતમાં ૯૯ માર્કસ આવ્યા. મેં બારમાંથી આઠ સવાલ નહીં, પણ બારે બાર સવાલના જવાબ આપ્યા હતા. હું અમારા ગણીતના શિક્ષક શ્રી. ચીતાણીયા સાહેબ પાસે ગયો. અને પુછ્યું, મને એક માર્ક ઓછો શા માટે આપ્યો છે? સાહેબે કહ્યું,” જો, ભાઈ! ઉત્તરવહીમાં તેં પહેલા પાને લખ્યું છે કે – ગમે તે આઠ ઉત્તર તપાસો. આ તારું અભિમાન બતાવે છે. એ તારા અભિમાનનો એક માર્ક મેં કાપ્યો. તારી હોંશીયારી તને જીવનમાં કામ લાગશે; તેના કરતાં વધારે આ અભિમાન તને વધારે નડશે. ” સુરેશભાઈએ શિક્ષકની આ વાત જીવનભર માટે યાદ રાખી લીધી.

દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા, અમદાવાદ, માંથી એસ.એસ.સી. પાસ કરી સુરેશભાઇએ બે વર્ષ માટે ગુજરાત કોલેજ, અમદાવાદમાં અભ્યાસ કર્યો. આ સમય દરમ્યાન એમને ફીઝીક્સ અને મેથ્સમાં એટલો રસ પડ્યો કે એમણે વૈજ્ઞાનિક બનવાનો મનોમન નિર્ણય કરી લીધો હતો, પણ કુટુંબના આગ્રહને વશ થઈ એમણે અમદાવાદની એલ.ડી. કોલેજ ઓફ એંજીનીરીંગમાં ત્રણ વર્ષનો બી.ઈ.(મિકેનીકલ) નો અભ્યાસ કર્યો. ત્યારબાદ એક વર્ષ વધારે અભ્યાસ કરી બી.ઈ.(ઈલેક્ટ્રીકલ)ની ડિગ્રી પણ મેળવી લીધી. જો સુરેશભાઈનું મનનું ધાર્યું થાત તો ભારતને એક પ્રતિભાશાળી વૈજ્ઞાનિક મળત.

૧૯૬૫ માં અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપનીમાં આસીસ્ટંટ એંજીનીઅર તરીકે નોકરીની શરૂઆત કરી અને છેક ૨૦૦૦ માં સાબરમતી પાવર સ્ટેશનના જનરલ મેનેજર તરીકે નિવૃતિ લીધી. નોકરી દરમ્યાન એમણે પાવર એંજીનીઅરીંગના વિવિધ ક્ષેત્રોમાં કામ કર્યું,

ત્રણ પાવર સ્ટેશનોના બાંધકામમાં સક્રીય કામગીરી બજાવી. બે વર્ષ માટે વીજ ચોરી પકડવાનું કામ પણ કર્યું. બે વર્ષ માટે ઝોનલ મેનેજરનું ખૂબ જ જવાબદારીવાળું કામ પણ સંભાળ્યું, ૨૦૦૦ની સાલમાં નિવૃત થયા ત્યારે તેઓ જનરલ મેનેજરના પદ પર હતા.

નોકરી દરમ્યાન સુરેશભાઈ પરિસ્થિતિનો તાગ કાઢી એમા ઉત્પાદકતા વધારવા હંમેશાં Time and Motion Studies અને Inventory control નો ઉપયોગ કરતા. માત્ર પોતાના ઉપરી અધિકારીયો જ નહિં પણ પોતાના હાથ નીચેના માણસો પાસેથી નવું નવું શીખવા ઉત્સુક રહેતા. કોઈપણ મુસ્કેલીનો તેઓ કાયમી ઈલાજ કાઢવા પ્રયત્નશીલ રહેતા.

ઉદ્યોગોમાં અકસ્માતોને સંપૂર્ણપણે નિવારી શકાતા નથી. એમના હાથ નીચેના કામોમાં જ્યારે પણ અક્સ્માતમાં કોઈ કામદારને ઈજા થતી, ત્યારે સુરેશભાઈ માનસિક રીતે ખૂબ જ વિક્ષુબ્ધ થતા.

નિવૃતિબાદ સુરેશભાઇ શેષ જીવન પસાર કરવા અમેરિકા આવી ગયા. અમેરિકા આવીને જેમ દુલા ભાયા કાગને ઇચ્છા થઈ (કરને બાળક કાગડા) તેમ સુરેશભાઈની પણ ફરીથી બાળક બની જઈ, આનંદમાં શેષ જીવન ગુજારવાની ઈચ્છા થઈ. એમણે લખ્યું,

“બાસઠના આ ડોસાજીને ચાર સાલના થાવું છે.<br>
સંતાકુકડી, છુક છુક ગાડી, લખોટીમાં લલચાવું છે. ”

પબ્લીક લાયબ્રેરીમાંથી બાળકોના વિભાગમાંથી પુસ્તકો મેળવી વાંચવાના શરૂ કરી દીધા. Origami માં પણ એમણે પુષ્કળ હાથ અજમાવ્યો. શાળામાં હતા ત્યારથી જ સાહિત્યમાં રસ તો હતો જ, પણ નિવૃતિમાં આ તેમણે પ્રવૃતિ બની ગઈ. નિબંધ, લેખ, કવિતા, ટુંકી વાર્તા અને નવલકથા, આમ સાહિત્યના બધા પ્રકારોમાં એમણે હાથ અજમાવ્યો. ૨૦૦૬ માં બ્લોગ્સમાં ગુજરાતીમાં લખવાની સુવિધા થઈ જતાં સુરેશભાઈને મોકળું મેદાન મળી ગયું. એમણે ૨૦૦૬ માં જ સાત બ્લોગ્સમાં લખવાની શરૂઆત કરી દીધી, આમાંના ઘણા બ્લોગ્સ તો એમણે જ શરૂ કરેલા. બ્લોગ્સની બાબતમાં તેઓ એટલા બધા ઉત્સાહી હતા કે જે કોઈ


મિત્રને પોતાનો બ્લોગ શરૂ કરવો હોય તેને પુરજોશથી મદદ કરવામાં લાગી જતા. એંજીનીઅર હોવાથી કોમપ્યુટરની નવી નવી તરકીબો પોતે સમજી લઈને મિત્રોને પણ શિખવવાનો એમનો શોખ આજે પણ ચાલુ જ છે, અને એટલા માટે જ સુરેશભાઈ બ્લોગ જગતમાં સુરેશદાદા અથવા ફક્ત દાદા ના હુલામણા નામે ઓળખાય છે.

એમના છેલ્લા આઠ-દશ વર્ષના કાર્યોને આ નાનકડા લેખમાં સમાવી લેવાનું શક્ય નથી, પણ માત્ર ન ભૂલાય એવા થોડા કાર્યોનો ઉલ્લેખ કરવો હોય તો એમના બ્લોગ, "ગુજરાતી પ્રતિભા પરિચય" નો ઉલ્લેખ કરવો જ પડે. આ બ્લોગમાં એમણે ૫૪૫ જેટલા ગુજરાતી મહાનુભવોનો પરિચય કરાવ્યો છે. એમના બીજા એક જાણીતા બ્લોગ્સનું નામ છે 'સૂર સાધના' જે ત્રણ જૂના બ્લોગ –'અંતરની વાણી', 'કાવ્યસુર' અને 'ગદ્યસુર' નો સમન્વય છે. એમણે લખેલી ૬ ઈ-બુકમાથી એમના હ્રદયની ખૂબ જ નજીક ઈબુકનું નામ છે - "બની આઝાદ". આ પુસ્તકમાં એમણે સ્વાનુભવ આધારિત જીવનની ફીલોસોફી વણી લીધી છે.

હાલમાં સુરેશભાઈ વધારે આંતરમુખ થઈ, થોડા ગંભીર વિષયોના વિચારોમાં વ્યસ્ત છે, છતાં પણ લંડનથી બહેન હીરલ શાહે શરૂ કરેલી ઈ-વિદ્યાલયને પગભેર કરવામાં સક્રીય મદદ કરે છે, અને કોમપ્યુટર માટે નવા સોફટવેર બનાવવા અને મોજુદા સોફટવેર્સ પર હાથ અજમાવવાનું કાર્ય તો ચાલુ જ છે.

એમની સલાહ છે, ભૂતકાળ વાગોળવામાં કે ભવિષ્યની ચિંતા કરવામાં સમય ન ગાળતાં Live this moment powerfully.

# શ્રી વિનોદભાઈ આર. પટેલ



વિનોદભાઇનો જન્મ બર્મા(આજનું મ્યાંમાર)ના રંગુન શહેરમાં જાન્યુઆરી ૧૯૩૭માં થયો હતો. બીજા વિશ્વયુધ્ધ વખતે જાપાને જ્યારે રંગુન ઉપર સખત બોમ્બમારો કર્યો ત્યારે એનાથી બચવા વિનોદભાઈનું કુટુંબ ૧૯૪૧માં કમાયેલી બધી મિલકતો રંગુનમાં છોડીને પોતાના મૂળ વતન, મહેસાણા જીલ્લાના ડાંગરવા ગામમાં આવી ગયું હતું .ગામમાં કુટુંબનો વ્યવસાય ખેતીનો હતો .

ડાંગરવામાં આવ્યાના થોડા મહિનાઓમાં જ વિનોદભાઈને સખ્ત તાવ આવ્યો અને ગામમાં ચાલતા પોલીયોના વાયરસમાં તેઓ ઝડપાઈ ગયા .આ પોલીયોની અસરથી એમનો જમણો હાથ અને ડાબો પગ જીવનભર માટે ક્ષતિ ગ્રસ્ત અને નબળા પડી ગયા .

વિનોદભાઈનું છ ધોરણ સુધીનું શિક્ષણ ડાંગરવામાં જ થયું. ૧૯૫૦માં એ વખતે “ઉત્તર ગુજરાતનું શાંતિ નિકેતન” કહેવાતી કડીની જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલયમાં સાતમા ધોરણમાં દાખલ થયા.એ શાળામાંથી ૧૯૫૫માં તેઓએ એસ.એસ.સી.ની

પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. પોતાની શારીરિક ક્ષતિ ભણતરમાં બાધારૂપ ન થાય એટલા માટે વિનોદભાઈએ પોતાની જાતને મનાવી કે “ભગવાન જ્યારે એક દ્વાર બંધ

કરે છે ત્યારે બીજું દ્વાર પણ ખોલી આપે છે.કુદરતે મારી શારિરિક ખોટની સામે મને બૌધિક શક્તિની ભેટ આપીને પૂરી કરી છે, આ શક્તિના બળે મારો જીવન રાહ સરળ અને સફળ બનાવવામાં હું કામયાબ રહ્યો છું ."

કડીની શાળાના અભ્યાસ દરમ્યાન વિનોદભાઈ સ્કુલના વિશાળ પરિસરમાં જ આવેલ પાટીદાર વિદ્યાર્થી આશ્રમ નામની બોર્ડિંગમાં રહેતા ૪૦૦ છાત્રોવાળા આ ગાંધી મૂલ્યોને વરેલ આશ્રમમાં ગુરુઓ સાથે રહેવાથી એમનામાં બાહ્ય દુનિયાની ઘણી સમજદારી આવી ગઈ હતી .શાળાના આચાર્ય સ્વ. નાથાભાઈ દેસાઈ અને ગુજરાતીના શિક્ષક જાણીતા સાહિત્યકાર શ્રી મોહનલાલ પટેલ જેવા ગુરુઓ એમના માટે ખુબ પ્રેરક બળ બન્યા.એમણે વિનોદભાઈમાં સાહિત્યનો અને પુસ્તક વાંચનનો પ્રેમ જગાડ્યો. આશ્રમમાં ગૃહપતિ ગુરુઓ સાથે સ્ટેજ ઉપર બેસી સવાર-સાંજની પ્રાર્થના ગવડાવતી વખતે એમનો આત્મવિશ્વાસ વધતો કે શારીરિક ક્ષતિ હોવા છતાં જીવનમાં હું પણ કંઈક કરી શકું એમ છું.

૧૯૫૫માં એસ.એસ.સીમાં પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયા બાદ વિનોદભાઈએ અમદાવાદની એચ.એલ.કોમર્સ કોલેજમાંથી ૧૯૫૯માં બી.કોમ.ની પરીક્ષા પાસ કરી. રંગુનની જાહોજલાલી જોયા પછી ગામમાં પિતાને ચાર દીકરા અને ત્રણ દીકરીઓના બહોળા કુટુંબનો ખેતી,દૂધ અને ગામમાં નાના વેપારની ટૂંકી આવકમાંથી નીભાવ કરવાનો હોવાથી પિતાને આર્થિક રીતે સંકળામણ રહેતી હતી.આ સંજોગોમાં કોલેજના અભ્યાસ માટે વિનોદભાઈને સંસ્થાઓ તરફથી સારા માર્ક ઉપર અપાતી સ્કોલરશીપ ઉપર આધાર રાખવો પડેલો, એટલે બી.કોમ.માં પાસ થયા બાદ તરત જ એમણે મહિલા ઉત્કર્ષ માટેની સામાજિક સંસ્થા વિકાસગૃહમાં એના સ્થાપક પુષ્પાબેન

મહેતાના હાથ નીચે હિસાબનીશ અને સેક્રેટરી તરીકે ૧૪૫ રૂપિયાના માસિક પગારની નોકરી સ્વીકારી હતી . પગારનો પહેલો ચેક મળતાં એમને અને પિતાને ખુબ આનંદની લાગણી થઇ હતી અહીં આઠેક મહિના જોબ કર્યાં પછી એમને એમના પિતા જ્યાં નોકરી કરતા હતા એની નજીકમાં કઠવાડા,અમદાવાદમાં કેમિકલ્સ બનાવવા

માટે નવી સ્થપાએલ કંપની સેલ્યુલોઝ પ્રોડક્ટ્સ ઓફ ઈન્ડીયા લીમીટેડમાં રહેવાના મકાન સાથેની એકાઉન્ટ ક્લાર્ક તરીકેની નોકરી મળી ગઈ. આ કંપનીમાં જોબ કરતાં કરતાં એમણે ૧૯૬૦માં બી.એ.૧૯૬૨માં એમ. કોમ.૧૯૬૯માં એલ.એલ.બી. સુધીની પરીક્ષાઓ પાસ કરી .એની સાથે સાથે  કંપનીનીની મેનેજમેન્ટ દ્વારા  એમની મહેનત અને વફાદારીની કદર થતી રહી અને એમના હોદ્દાઓમાં અને વેતનમાં વૃદ્ધિ થતી રહી .

૧૯૭૩ થી ૧૯૭૬ ત્રણ વર્ષ એમના કુટુંબના સભ્યોએ વડોદરા નજીક નંદેસરી ખાતેની ફોર્મલડીહાઈડ કેમિકલ બનાવવાના નવા પ્રોજેક્ટને શરૂ કરવા માટે સમય જોયા વિના સખત કામ કર્યું.ત્યારબાદ ૧૯૭૬માં ત્યાંથી છુટા થઇ અમેરિકા રહેતા એમના ભાઈઓએ એમને અમેરિકા ફરવા માટે બોલાવતાં ચાર મહિના માટેના બીજનેસ વિઝા મેળવી કુટુંબી જનોને મળવા અને ફરવા માટે તેઓ પહેલી વખત અમરીકા ગયા હતા .આ ચાર મહિનાના અમેરિકાના રોકાણ દરમ્યાન કેલીફોર્નીયા નજીકના આઠ  સ્ટેટમાં તેઓ ભાઈઓ સાથે જોવા જેવાં સ્થળોએ કેમ્પરમાં ખૂબ ફર્યા. ત્યાંના કુદરતી સૌંદર્યથી અને અમેરિકાના પ્રથમ અનુભવથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

અમેરિકાથી પાછા ફર્યા બાદ જ્યાં પ્રથમ કામ કરતા હતા એ સેલ્યુલોઝ પ્રોડક્ટ્સ લિમિટેડે દેશમાં ન બનતું એક કેમિકલ ઇથીલીન એમાઈન્સ વડોદરા ખાતેની ફેક્ટરીમાં બનાવવા માટે પ્રમોટ કરેલ નવી કંપની ડાયામાઈન્સ એન્ડ કેમિકલ્સની

અમદાવાદ,આશ્રમ રોડ ખાતેની ઓફિસમાં કંપની સેક્રેટરી અને ફાઈનાન્સ મેનેજર તરીકે ૧૯૭૬થી ફરી જોડાઈ ગયા.

આ ઓફિસમાં રહી નવા પ્રોજેકટના પબ્લિક ઇસ્યુથી માંડી વડોદરાનો પ્રોજેક્ટ કામ કરતો  થયો ત્યાં સુધીના ફાઈનાન્સ, માર્કેટિંગ અને અન્ય વહીવટી પ્રશ્નો અને એના ઉકેલનો બહોળો અનુભવ તેઓએ આ કંપનીમાં પ્રાપ્ત કર્યો.વિનોદભાઈના ધંધાકીય

જ્ઞાન અને અનુભવોને ધ્યાનમાં લઇ અમદાવાદની કેમિકલ બનાવતી એક પ્રાઈવેટ લીમીટેડ કંપની ઓમ નીલકંઠએ  એમના ડિરેક્ટરોના બોર્ડમાં ઘણા વરસો સુધી એમની ડિરેક્ટર તરીકે નિમણુંક કરી હતી .

ઉપરની ગ્રુપ કંપનીઓમાં મેનેજમેન્ટ કેડરમાં અગત્યના હોદા સંભાળી, સળંગ ૩૪ વર્ષની સેવાઓ આપ્યા પછી ૧૯૯૨માં એમનાં ધર્મપત્નીના અવસાન બાદ ૧૯૯૪માં વિનોદભાઈએ છેલ્લે ડાયામાઈન્સ એન્ડ કેમિકલ્સ લીમીટેડમાં કંપનીના સીનીયર એક્ઝીક્યુટીવના પદે રહીને નિવૃતિ લીધી .નિવૃતિ બાદ ભાઈઓના આગ્રહથી વિનોદભાઈ ગ્રીનકાર્ડ લઈ કેલીફોર્નીયામાં રહેતાં સંતાનો અને અન્ય પરીવાર જનો સાથે કાયમી વસવાટ માટે ૧૯૯૪માં માતા અને પિતાને લઈને અમદાવાદથી કાયમી વસવાટ માટે અમેરિકા આવી ગયા .

વિનોદભાઈનાં લગ્ન ૧૯૬૨ના ઓગસ્ટમાં કુસુમબહેન સાથે અમદાવાદ ખાતે થયાં હતાં. ૧૯૬૨માં લગ્ન બાદ સ્ટુડીયોમાં જઈ એમણે પડાવેલી એક યાદગાર તસ્વીર આ રહી.



ત્રીસ વર્ષના સુખી દામ્પત્ય જીવન બાદ ૧૯૯૨માં ૫૪ વર્ષની વયે જ કુસુમબહેનનો દુખદ સ્વર્ગવાસ થયો. એમના બે પુત્રો અને એક પુત્રી હાલમાં કેલીફોર્નીયા, અમેરિકામાં સારી રીતે સેટ થઇ સપરિવાર સુખી જીવન ગાળી રહ્યાં થયાં છે એનો એમને અંતરથી ખુબ સંતોષ છે .

૧૯૬૨માં વિનોદભાઈના લગ્ન બાદ કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધરી હતી .એમનાથી ત્રણ નાના ભાઈઓ એક પછી એક એમ અમેરિકા ભણવા ગયા અને ત્યાં જ સ્થાયી થયા. પહેલાં ભાડાના મકાનમાં રહેતા હતા એના બદલે નારણપુરામાં મોટા બે માળના મકાનમાં માતા પિતા સાથે સહકુટુંબ રહેવાનું શક્ય બન્યું .અહીં આ મકાનમાં જ અમેરિકાથી આવીને એમના ત્રણે ય નાના ભાઈઓએ લગ્ન કર્યાં હતાં અને લગ્ન કરીને પરત અમેરિકા ગયા હતા .

ભૂતકાળમાં કુટુંબના ઉત્કર્ષ માટે જેઓએ ખુબ સંઘર્ષ અને ત્યાગ કર્યો અને જીવનભર વિનોદભાઈની સાથે રહ્યાં અને એમને અઢળક પ્રેમ આપ્યો એ વિનોદભાઈના જીવનનાં ત્રણ મુખ્ય પ્રિય પાત્રો –૧૯૯૨માં જીવન સાથી કુસુમબેન ,૧૯૯૫માં માતા શાંતાબેન બન્ને અમદાવાદમાં અને ૨૦૦૭માં પિતાશ્રી રેવાભાઈ ,સાન ડીયેગો, અમેરિકામાં એમને છોડીને  વિદાય થયાં છે,એનું સ્વાભાવિક રીતે એમના મનમાં ખુબ દુઃખ છે, પરંતુ આ ત્રણ દિવ્યાત્માઓનું સ્મરણ એમને હંમેશાં પ્રેરણા આપતું રહે છે .

લોસ એન્જેલસ અને સાન ડીયાગોમાં  રહેતાં ત્રણ સંતાનો અને જોઈને આંખ ઠરે એવાં એમનાં ૬ પૌત્ર -પૌત્રીઓના દાદા તરીકેનો પ્રેમ પામીને હાલ તેઓ એમના દિવસો સાન ડીયેગો, કેલીફોર્નીયા ખાતે આનંદ ને સંતોષની લાગણીથી પસાર કરે છે.



(છ પૌત્ર-પૌત્રીઓ સાથે વિનોદભાઈ- ઓગસ્ટ-૨૦૧૪)

અમેરિકામાં આવીને ૨૦૦૬ થી ૨૦૧૧ સુધીમાં વિનોદભાઈ એ એમનામાં વર્ષોથી પડેલા સાહિત્યના રસને તાજો કર્યો અને સર્જનની પ્રવૃતિમાં લાગી ગયા. એમના લેખ, વાર્તા, કાવ્ય વગેરે અમદાવાદથી પ્રસિધ્ધ થતા માસિક “ધરતી” માં છપાતા. આ

માસિકમાં એમની પહેલી વાર્તા "પાદચિન્હો" ૧૯૯૬માં છપાઈ હતી .એ જ રીતે ન્યુયોર્ક/ન્યુજર્સીથી પ્રગટ થતા સાપ્તાહિક "ગુજરાત ટાઈમ્સ"ની ૨૦૦૧માં શરૂઆત થઇ ત્યારથી જ એમનાં લખાણો ૨૦૧૧માં એમનો પોતાનો બ્લોગ વિનોદ વિહાર શરુ કર્યો ત્યાં સુધી નિયમિત રીતે પ્રગટ થતાં રહ્યાં .

વિનોદભાઈએ ૨૦૧૧માં કોમપ્યુટરમાં ગુજરાતીમાં કેમ લખાય એ  શીખી લીધું અને "વિનોદ વિહાર" નામે એમનો બ્લોગ શરૂ કર્યો. આ બ્લોગના મુલાકાતીઓનો આંક આજે ક્વાટર મિલિયનનો આંક વટાવી ચુક્યો છે.

બ્લોગની પ્રવૃત્તિ વિષે વિનોદભાઈ કહે છે: "નિવૃતિમાં સારી રીતે સમય પસાર કરવાનું બ્લોગ ઉત્તમ સાધન છે .યોગ: કર્મશુ કૌશલમની જેમ બ્લોગીંગ એક મેડીટેશનની ગરજ સારે છે. બ્લોગીંગ માટે જરૂરી અવનવી ટેકનીકોનું જ્ઞાન આપવા તેમ જ સતત માર્ગ દર્શન આપી પ્રોત્સાહિત કરવા માટે મારા આત્મીય મિત્ર શ્રી સુરેશ જાનીનો હું આભારી છું .વિનોદ વિહારના માધ્યમથી કદી નજરે જોયા કે મળ્યા ન હોય પણ મળવા ગમે એવા ઘણા સહૃદયી નેટ મિત્રો સાથે આત્મીય સંબંધ બંધાય છે . મિત્રો સાથે બ્લોગના માધ્યમથી તેમ જ સતત ઈ-મેલ પર સંપર્ક અને વિચાર વિનિમયથી મન સતત આનંદમાં રહે છે ."

"બાળપણની શારીરીક ક્ષતિ અને લગભગ ૮૦ વરસની ઉંમરે શરીર ભલે બરાબર સાથ નથી આપતું પણ મારું મગજ આ ઉંમરે પણ ખુબ તેજ દોડી રહ્યું છે . હજુ કામ આપતા એક જ હાથે ટાઈપ કરીને મારા બ્લોગની પોસ્ટ તૈયાર કરી તમારા જેવા અનેક મિત્રો /ચાહકોને શક્ય એટલું સંસ્કારી સાહિત્ય હજુ પીરસી શકું છું એથી મનમાં ખુબ આનંદ અને સંતોષની લાગણી થાય છે.આવી શક્તિ આપવા અને આ ઉમરે પણ ચાલુ રાખવા માટે ભગવાનનો હું આભાર માનું છું ."

વિનોદભાઈની જીવનની ફીલોસોફી વિશે તેઓ કહે છે કે ....

“જીવનમાં ગમે એટલા વિપરીત સંજોગો ભલે આવે પણ હિંમત ન હારવી, મન મજબુત રાખવું અને સંતોષી જીવન જીવવા પ્રયત્નશીલ રહેવું .જે પળ જીવતા હોઈએ એને ઉત્સાહ અને જોશથી જીવી લેવી. ગીતાનો આ સાર મનમાં હંમેશા યાદ રાખવો..

जो हुआ वह अच्छा हुआ ,


जो हो रहा है ,वह अच्छा हो रहा है ,

जो होगा ,वह भी अच्छा होगा .”

વળી,

“આંતરિક હિમ્મત, દિલી પુરુષાર્થ, સકારાત્મક અભિગમ, ભગવાન ઉપર શ્રધા અને એની કૃપા જ્યારે ભેગા થાય એટલે જીવન યાત્રાનો રસ્તો સરળ બની જાય છે. “

# ડો. ચંદ્રવદન મિસ્ત્રી



ચંદ્રવદનભાઈનો જન્મ ૧૯૪૩ માં નવસારી જીલ્લાના વેસ્મા ગામમાં એક પ્રજાપતિ કુટુંબમાં થયો હતો. ચંદ્રવદનના મોટાભાઈ છગનભાઈના જન્મ પછી બીજા ચાર ભાઈ બહેનનો જન્મ થયો હતો પણ એ ચારેનું બાળવયે જ અવસાન થયું હતું. આમ છગનભાઈ ચંદ્રવદનથી ૧૮ વર્ષ મોટા હતા. ચંદ્રવદન છગનભાઈને પિતાતુલ્ય માનતા. ૧૯૪૫ માં ચંદ્રવદનની ઉંમર માત્ર બે વર્ષની જ હતી ત્યારે એમના પિતા આફ્રીકા વ્યાપાર અર્થે જતા રહ્યા. ચંદ્રવદનનો ઉછેર દાદી, માતા અને મોટાભાઈ અને ભાભીની દેખરેખમાં થયો.

પાંચ વર્ષની વયે એમને ગામની શાળામાં દાખલ કરવામાં આવ્યા. અહીં પાંચ ધોરણનો અભ્યાસ પૂરો કરી, ૧૯૫૪ માં ચંદ્રવદનના પિતા ભારત આવેલા ત્યારે તેઓ ચંદ્રવદનને પણ આફ્રીકા તેડી ગયા. આફ્રીકામાં એમના પિતા અને મોટાભાઈનું કુટુંબ પેમ્બા ગામમાં રહેતું હતું, જ્યાં કોઈ શાળા ન હતી એટલે દુર આવેલા "લીવીન્ગટન" શહેરમાં એક પટેલ મિત્રના પરિવારના ઘરે રહી પ્રાઈમેરી શાળા

(૧૯૫૫-૧૯૫૮) અને ત્યારબાદ, સાઉથ રોડેશીયામાં એક કેથોલીક શાળામાં ( ૧૯૫૯-૧૯૬૧) હાઈસ્કુલ પુરી કરી. અહીંનું શિક્ષણ અંગ્રેજી ભાષામાં હોવાથી એમને રાત-

દિવસ મહેનત કરી અંગ્રેજી શીખી લેવું પડ્યું. ખૂબ મુશીબતોનો સામનો કરી ચંદ્રવદન આફ્રીકામાં શાળાનો અભ્યાસ પૂરો કરી, કોલેજનો અભ્યાસ કરવા૧૯૬૨માં ભારત આવ્યા. ૧૯૬૪ માં મુંબઈની ભવન્સ કોલેજમાંથી Inter Science માં ઉત્તિર્ણ થઈ, મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવા ઓરિસાની કટક મેડિકલ કોલેજમાં દાખલ થયા અને ૧૯૬૮ માં અહીંથી MBBS ની ડિગ્રી મેળવી. કાયદા પ્રમાણે એમને એક વર્ષની Internship કરવાની હતી તે તેમણે થોડી ભારતમાં અને થોડી ઝાંબિયામાં પૂરી કરી આખરે ૧૯૭૧ ના જાન્યુઆરીમાં MBBS ની ડીગ્રી મેળવી.

૧૯૭૦ માં ચંદ્રવદનના ભારતમાં કમુબહેન સાથે લગ્ન થયા, અને ૧૯૭૧ માં એમની પહેલી પુત્રીનો જન્મ થયો. થોડો સમય આફ્રીકામાં નોકરી કર્યા બાદ એમણે વધારે અભ્યાસ કરવા ઈંગ્લેંડ જવાની ઈચ્છા વ્યક્ત કરી.

૧૯૭૩ માં મોટાભાઈની રજા લઈ, પોતાની પત્ની અને પુત્રીને મોટાભાઈ પાસે મૂકી ચંદ્રવદન ઈંગ્લેંડ ગયા. ત્યાં છ માસ સુધી નોકરી કરતાં કરતાં આગળ ભણવાની તૈયારી કરતા હતા,  ત્યારે જ એક કાર accident માં મોટાભાઈનું મૃત્યુ થવાના સમાચાર આવ્યા. એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર ચંદ્રવદન લુસાકા પહોંચી ગયા, ત્યાં મોટાભાઈના કામકાજની, તેમના કુટુંબની અને પોતાના કુટુંબની જવાબદારી ત્રણ વર્ષ સુધી સંભાળી. આટલી મુશીબતો વચ્ચે પણ એ ડોકટરી કારકીર્દીને ભૂલ્યા ન હતા. ત્યાં રહીને એમણે જાન્યુઆરી, ૧૯૭૬ માં Ec.F.M.G. ની પરીક્ષા આપી. આ પરીક્ષામાં પાસ થનારને અમેરિકાનું ગ્રીનકાર્ડ મળી શકે એમ હતું. આમા એક શરત એવી હતી કે પાસ થનારે ડિસેમ્બર ૧૯૭૬ સુધીમાં અમેરિકામાં પહોંચી જવું જોઈએ. ડૉ. ચંદ્રવદન આ પરિક્ષામાં પાસ થઈ, લુસાકાની જવાબદારી ભત્રીજાને સોંપી, ૧૯૭૭ની શરૂઆતમાં જ અમેરિકા પહોંચી ગયા.

અમેરિકામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી, ચાર વર્ષ સુધી સખત પરિશ્રમ કરી, જરૂરી પરિક્ષાઓ પાસ કરી અને ટ્રેઈનીંગ લઈ, ડોકટર તરીકે કામ કરવાનું લાઈસેંસ

મેળવ્યું. ૧૯૮૧ માં લોસ એંજીલીસ કાઉન્ટીની લેન્કેસ્ટરની હોસ્પીટલમાં કાયમી નોકરી શરૂ કરી. અહીં ૨૫ વર્ષ કામ કરી ૨૦૦૬ માં નિવૃતિ લીધી.

આ ગાળા દરમ્યાન, ૧૯૮૯ માં ડો. ચંદ્રવદનને હ્રદયરોગના એક મોટા હુમલાનો સામનો કરવો પડ્યો. ટ્રીપલ બાયપાસ સર્જરીથી એમનું જીવન બચી ગયું, પણ આ હુમલાએ એમના જીંદગી વિશેના ખ્યાલો બદલી નાખ્યા. કુટુંબ વત્સલ અને સંસ્કારી ચંદ્રવદનમાં ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા અને સમાજ પ્રત્યેની જવાબદારીમાં ખૂબ જ વધારો થયો. પોતાના ભાગનું દુખ તો પોતે વેઠી લીધું, પણ પોતાના ભાગના સુખને અન્ય લોકો સાથે વહેંચવાનું નક્કી કર્યું. એમણે કાર્યક્ષેત્રો તરીકે જ્ઞાતિ અને ગામની પસંદગી કરી.

૧૯૯૩માં માતાપિતાની યાદગીરીમાં ગામમાં એક ધર્માદા આર્યુવેદીક દવાખાનાની શરૂઆત કરી...અને ત્યારબાદ વેસ્માામાં થયેલ સાર્વજનિક હોસ્પીતાલે માતાની યાદમાં દાન આપી મેટરનીટી વોર્ડ શરૂ કરવા સહાય કરી.

જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક મદદ અને ગામ માટે સમાજને ઉપયોગી થાય એવી સંસ્થાઓના નિર્માણમાં એમણે વિશેષ રૂચી દર્શાવી. ગામમાં વિવિધ પ્રવૃતિઓ માટે હોલના બાંધકામ, શાળાનો વિસ્તાર, મંદિરોના નિર્માણ કે જીર્ણોધ્ધાર, ગામ માટે લાયબ્રેરી વગેરે માટે સમયે સમયે ફાળો આપતા રહ્યા છે.

૨૦૦૬ માં નોકરીમાંથી નિવૃત થયા પછી ડો. ચંદ્રવદને એક મિત્ર શ્રી વિજય શાહની મદદથી ચંદ્રપૂકાર નામના બ્લોગની શરૂઆત કરી. આ બ્લોગમાં પ્રજાપતિ સમાજ, ઘર, પરિવાર, વ્યક્તિગત જીવન, ટુંકી વાર્તાઓ, કવિતાઓ, લેખો અને ભક્તિ સાહિત્ય નિયમિત રીતે મૂકવાનું શરૂ કર્યું. આજે પણ આ બ્લોગનું પોતાનું એક Captive વાંચક વર્ગ છે.

નિવૃતિ બાદ સમાજ વિશે વિચારવા અને સમાજ માટે કંઈક કરી છૂટવા માટે વધારે સમય ઉપલબ્ધ થયો. એમણે આર્થિક મદદ સાથે આર્થિક ઉત્થાન ઉપર ધ્યાન કેંદ્રિત

કરી, બીલીમોરા અને બારડોલીમાં મહિલાઓ માટે શિવણ-ભરત-ગુંથણના વર્ગો, ત્યાંની સ્થાનિક સંસ્થાઓની મદદથી શરૂ કર્યા. એક મિત્રના સહકારથી પાલનપૂરમાં એક સ્વાસથ્ય કેંદ્ર શરૂ કર્યું. આવા કામોની વણજાર હજીપણ વણથંભી ચાલી રહી છે. જન્મભૂમીને યાદ કરી કંઈક ઋણ ચુકાવવા કાર્યો કર્યા એટલું જ નહિં પણ અમેરીકા યાને "કર્મભૂમી" ને યાદ કરી લેન્કેસ્ટરમા હાઈસ્કુલ અને કોલેજમાં શિક્ષણ ઉત્તેજન માટે યોજનાઓ કરી અને એક ચેરીટેબલ ફંડ શરૂ કરી "રેડ ક્રોસ", "અમેરીકન વેટર્ન્સ" તેમજ "યુનીસેફ" અને વર્લ્ડ ફુડ પ્રોગ્રામ" જેવી સંસ્થાને હંમેશ સહકાર આપ્યો.

મેં થોડા સમય પહેલા એમની પાસેથી થોડી ડોકટરી સલાહ માંગેલી. એમણે મને કહ્યું, “પહેલા તો એ સ્વીકારી લો કે હું બિમાર છું, આ વાતમાં આનાકાની કરવામાં કોઈ ફાયદો નથી. Why me? આવો પ્રશ્ન નિર્થક છે. દુનિયામાં લાખો માણસો અલગ અલગ બિમારીઓથી પીડાય છે. બીજી વાત દવા લેવા પ્રત્યે અણગમો ન દર્શાવો. દવા તમારા ભલા માટે છે, જેમ તમારા માટે ખોરાક ઉપયોગી છે તેમ દવા પણ ઉપયોગી છે. આમ બિમારી અને દવા બન્નેનો સ્વીકાર કરવો એમાં જ તમારી ભલાઈ છે.” થોડા દિવસ સુધી મેં એમની સલાહ ઉપર વિચાર કર્યો, મને એમા રહેલું પાયાનું તત્વજ્ઞાન સમજાઈ ગયું. આજે હું પણ અન્ય લોકોને આ સલાહ આપતો થઈ ગયો.

જેનું વિશ્વના ચાર ખંડો(એશિયા, આફ્રીકા, યુરોપ, અમેરિકા) માં ઘડતર થયું છે એવા ડૉ. ચંદ્રવદન, ૭૧ વર્ષની વયે પણ Active છે. એમની ચાર દિકરીઓ પરણીને સુખી સંસાર ચલાવે છે, ડોકટર અને એમના પત્ની કમુ બહેન, આ બીજી અને ત્રીજી પેઢી સાથે પોતાની વધતી વયમાં આનંદપૂર્વક જીવન પસાર કરે છે.

# ડો. દિનેશ શાહ

દિનેશભાઈનો જન્મ ૧૯૩૮ માં મુંબઈમાં થયો હતો. એમનું મૂળગામ કપડવંજ. એમના પિતા મુંબઈમાં ગોદરેજ કંપનીમાં એકાઉંટ્સ વિભાગમાં નોકરી કરતા હતા. દિનેશભાઈની ઉંમર દસ વર્ષની હતી ત્યારે એમણે પિતાની છત્રછાયા ગુમાવેલી. પિતાની બિમારીના ખર્ચને લીધે કુટુંબની આર્થિક પરિસ્થિતિ પણ કથળી ગયેલી. એમના ચાર ભાઈ બહેન અને માતા મળીને છ જણનું કુટુંબ અનેક પ્રકારના નાનામોટા કામો કરીને જીવનવિર્વાહ ચલાવતા. કુટુંબનું લક્ષ્ય હતું કે મુશીબતોનો સામનો કરીને પણ વિદ્યા પ્રાપ્ત કરી લેવી જેથી કુટુંબ ફરી પગભેર થઈ શકે.

દિનેશભાઈનું બાલમંદિરથી મેટ્રીક સુધીનું શિક્ષણ કપડવંજમાં જ થયું. બાળપણથી જ વાંચનના શોખીન દિનેશભાઈએ શાળાના વર્ષો દરમ્યાન જ અનેક મહાપુરૂષોના જીવનચરિત્રો વાંચી લીધેલા. ૧૯૫૫ માં કપડવંજ સેંટરમાં સૌથી વધારે માર્કસ મેળવી, દિનેશભાઈ મેટ્રીકમાં ઉતિર્ણ થયા.

મેટ્રીક બાદ મુંબઈની એલફિસ્ટન કોલેજમાં પ્રવેશ મેળવ્યો અહીં એમને વાડિયા સ્કોલરશીપ મળી. ગોકુલદાસ તેજપાલ ચેરિટી બોર્ડીંગમાં ચાર વર્ષ રહી એમણે ૧૯૫૯ માં B.Sc. સુધીનો અભ્યાસ પુરો કર્યો. આ દરમ્યાન, આર્થિક પરિસ્થિતિને લીધે એમને ટ્યુશનો કરવા પડતા. એમણે આગળ ભણવાનું ચાલુ રાખી ૧૯૬૧ માં Bio-Physics માં M.Sc. ની ડીગ્રી પ્રાપ્ત કરી. એમના મનમાં હજી વધારે અભ્યાસ કરવાની ઈચ્છા હતી. એમના સદનશીબે ભૂલાભાઈ દેસાઈના કુટુંબની સહાય મળી અને Ph.D. કરવા માટે તેઓ ૧૯૬૧ માં અમેરિકા આવ્યા. અમેરિકામાં ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાંથી ૧૯૬૫ માં એમણે Ph.D. ની ઉપાધી હાંસિલ કરી. અહીં

એમની મુલાકાત વડોદરાથી M.Sc. કરી Ph.D. માટે આવેલા સુવર્ણા શાહ સાથે થઈ અને વડિલોની મંજૂરીથી તેઓએ લગ્ન કર્યા.

અભ્યાસ પૂરો કરી, દિનેશભાઈ કોલંબિયા યુનિવર્સિટીમાં જ અધ્યાપક તરીકે જોડાયા. બે વર્ષ અહીં નોકરી કર્યા બાદ એક વર્ષ માટે અમેરિકાની વિખ્યાત સંસ્થા NASA માં AMES રીસર્ચ સેંટરમાં કામ કર્યું અને ત્યારબાદ ફરી પાછા કોલંબિયા યુનિવર્સિટીમાં "લામોન્ટ જીઓલોજીકલ ઓબઝર્વેટરી" માં "બાયોલોજીકલ ઓશનોલોજી રીસર્ચ એસોસિયેટ" તરીકે જોડાયા. અહીં બીજા બે વર્ષ સુધી કામ કર્યું, આ પછી બીજા ૩૭ વર્ષ ફ્લોરિડા યુનિવર્સિટીમાં આસીસ્ટંટ પ્રોફેસર, પ્રોફેસર, ચેરમેન ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ એંજીનીઅરીંગ, ડાયરેકટર સેન્ટર ફોર સરફેઈસ સાયન્સ એન્ડ એંજીનીઅરીંગ વગેરે કેપૅસીટીમાં કામ કર્યુ. ૨૦૦૭ માં નિવૃત થયા છતાં યુનિવર્સિટીમાં માનદ પદવીધારક તરીકે એમની ઓફીસ મોજૂદ છે.

આ ત્રીસ વર્ષ દરમ્યાન ૩૭૫ થી વધારે રીસર્ચ પેપર્સ લખ્યા, દસ પેટંટ્સ મેળવી અને અનેક દેશમાં અસંખ્ય સંસ્થાઓમાં પ્રવચન આપ્યા. એમની વિધ્વતા માટે એમને અનેક માન-સન્માન અને પારિતોષિકો એનાયત થયા છે.

અર્ધી સદીથી પણ વધારે વિદેશમાં ગાળ્યા છતાં તેઓ સ્વદેશને ભૂલ્યા નથી. ૨૦૦૮ માં એમણે નડિયાદમાં Shah-Schulman Center for Surface Science and Nanotechnology સ્થાપ્યું, અને આજે પણ એના Founder Director તરીકે સેવા આપે છે.

એમના પત્ની સુવર્ણાબહેને, પોતે ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કર્યો હોવાથી, દિનેશભાઈને ખૂબ જ સાથ સહકાર આપ્યો. ૨૦૦૦ માં સુવર્ણાબહેનનું અવસાન થતાં દિનેશભાઈને એક પ્રકારના ખાલીપાને અહેસાસ થયો, પણ એમણે વધારે પ્રવૃતિઓમાં ઓતપ્રોત થઈ એ ખાલીપાને સર્જનાત્મક ઢાળમાં ઢાળી દીધો.

અત્યાસ સુધી મેં દિનેશભાઈની academic સિધ્ધીઓની વાતો કરી. પણ મારી જેમ તમને પણ આસશ્ચર્ય થશે કે દિનેશભાઈ એક સારા કવિ અને લેખક પણ છે. સાહિત્યનો શોખ તો તેઓ શાળામાં હતા ત્યારથી જ કેળવેલો. છઠ્ઠા ધોરણમા હતા ત્યારે એમણે આ પંક્તિઓ લખેલી,

“મારા  જીવનના  બે  છે  સહારા, વહેતાં એ ઝરણાં, ને ખરતા સિતારા,

વિંધી  શિલાઓ  વહી  આગે  જાઉં, મળે  કદી  ના  જો  મુજને  કિનારા.

અંધારી  રાતે  ઝબકી  બૂઝી  જાઉં, ભૂલ્યા  પ્રવાસી,  ને કરતાં  ઈશારા.”

અને બસ એમણે એમની પંક્તિ પ્રમાણે જીવનમાં સાહિત્યના ઝરણાંને વહેતું રાખ્યું છે અને ધ્રુવ તારાની જેમ સ્થિર રહી, અનેક લોકોને સાચી દિશા બતાવી છે. એમની રચનાઓની સંવેદનશીલતા સમજવી હોય તો સળગતી ચિતાને જોઈને લખેલી આ પંક્તિઓ જૂવો,

“શંકા જાગી મુજ હ્રદયમાં દેખી શિખાઓ આખરે,

ન ચળ્યું પાષાણ  હૈયું, તે  તુજમાં જલસે  ખરે?”

એક પાષાણ હ્રદયના માણસના મૃત્યુબાદ એની જલતી ચિતા જોઈને એમણે આ શબ્દો લખેલા. દિનેશભાઈની પંક્તિઓ કવિ સંમેલનો અને મુશાયરાઓમાં લોકોને ખુશ કરી દે છે, એક ઉદાહરણ આપું,

“નથી જો તારલાની ભાત તો એ રાત સુની છે,

નથી છો છાપ પગલાની તો એ વાટ સૂની છે.”

પત્નીના મૃત્યુબાદ બે પંક્તિઓમાં જ જીવનમા આવેલા બદલાવ અંગે એ as a matter of fact કહે છે,

“હ્રદયની રાણી સ્વર્ગે વળાવી ઘરમાં એકલા રહેવાનું,

શાંત  પડી આ સગડી  મારી, આંધણ  જાતે મૂકવાનું.”


એમની મોટાભાગની રચનાઓમાં જીવનનું તત્વજ્ઞાન ભરેલું હોય છે, એમાં રહેલું ઊંડાણ સમજવા એકાગ્રતા હોવી જરૂરી થઈ જાય છે. સહેજ લાગતા શબ્દોમાં ઘણાં ગર્ભિત ઈશારા હોય છે,

“દુનિયા છે એક હાટ મોટું, જેમાં જુદા જુદા તોલ,

હોય ભલે ચીજો એકસરખી, પણ જુદા જુદા મોલ,

આપ ભલા તો જગ ભલા, એવા આતમના બોલ,

રંગીન કાચ છે માનવ મન, આંખો અંતરની ખોલ.”




આ ચાર પંક્તિઓમાં એમણે સંસારની કેટલી બધી વાતો કહી દીધી છે?


દિનેશભાઈ ના ગામ કપડવંજમાં એમની જનસેવાના ફળસ્વરૂપે એક માર્ગનું નામ "આંતર રાષ્ટ્રિય વૈજ્ઞાનિક દિનેશભાઈ શાહ માર્ગ" નું 2009 માં લોકાર્પણ કરવામાં આવેલું . આ પ્રસંગોનો વિડીયો તેમજ તેમન કોન્સર્ટમાં રજુ થયેલા તેમના ગીતો યુ ટ્યુબ (You Tube, Search for Dinesh O. Shah Songs) ઉપર વાચકોને જોવા મળશે. તેઓએ  પોતાના ગામની અનેક જાહેર સંસ્થાઓને આર્થીક મદદ કરી છે.

દિનેશભાઈનો પરિચય આ ત્રણ ચાર પાનામાં લખવાનું શક્ય નથી, એના માટે તો એક પુસ્તક લખવું પડે, પણ પુરું કરતાં પહેલાં આટલું જરૂર કહીસ કે દિનેશભાઈને બોલતા સાંભળવા એ પણ એક લહાવો છે. વર્ષો સુધી પ્રોફેસર હતા એટલે બોલતાં આવડે એમા કંઈ નવાઈ નથી, પણ તમે સમજી શકો એ રીતે બોલવું એ એમની

આગવી વિષેશતા છે. મેં એમને ૨૫ મી એપ્રીલ, ૨૦૧૪ ના માત્ર અર્ધા કલાક માટે જ સાંભળેલા, પણ મને લાગ્યું કે મારો વીસ માઈલનો ફેરો વસૂલ થઈ ગયો.

એક ગુજરાતી તરીકે મારી સલાહ છે કે કયારે પણ દિનેશભાઈને સાંભળવાની તક મળે તો એને ઝડપી લેજો, જરૂર તમને મારી સલાહ સાચી લાગશે.

# શ્રી પ્રવીણ શાસ્ત્રી



પ્રવીણભાઈનો જન્મ ૧૯૩૯ માં સુરતમાં એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. એમના દાદા ઘેલાભાઈ શાસ્ત્રી કર્મકાંડી બ્રાહ્મણ હતા અને એક મધ્યમવર્ગી સંયુક્ત કુટુંબના વડા હતા. પ્રવીણભાઈના પિતા મગનલાલભાઈનું કુટુંબ અને કાકા મોહનલાલભાઈનું કુટુંબ બધા એક જ ઘરમાં સંયુક્ત કુટુંબ તરીકે રહેતા. પિતા અને કાકા એમ બન્ને કુટુંબો વચ્ચે પુત્ર સંતાનમાં માત્ર પ્રવીણભાઈ જ હોવાથી એમને ખૂબ લાડકોડમાં ઉછેરવામાં આવ્યા. કુટુંબ એમના પ્રત્યે કાયમ over protective રહ્યું, જે ક્યારેક ક્યારેક એમની પ્રગતિ માટે બાધારૂપ બની જતું. પિતા અને કાકા બન્ને શિક્ષક તરીકે શાળામાં નોકરી કરતા હોવાથી,મર્યાદિત આવકમાં કુટુંબનું ગાડું ચાલતું.

ધાર્મિક અને સંસ્કારી બ્રાહ્મણ કુટુંબમાં જન્મ થયો હોવાથી, નાની વયે જ રામાયણ, મહાભારત અને ભાગવતની વાતો બા અને દાદા પાસેથી સાંભળવા મળેલી. પિતાએ નાનપણમાં જ જીવનની વાસ્તવિકતાના પાઠ ભણાવેલા અને કાકાએ સંગીતમાં રસ લેતા કરેલા. શાળાના ભણતરમાં કોઈ મુશ્કેલી ન જણાઈ. શાળામાં અભ્યાસ સાથે સાથે વક્તૃતવ કળા, અભિનય, ચિત્રકળા અને લેખન કળા, વગેરેમાં પણ આગળ પડતો ભાગ લીધો. નવમા ધોરણમાં આવ્યા બાદ નીચલા ધોરણના વિદ્યાર્થીઓને ટ્યુશન આપી કમાવાનું પણ શરૂ કરી દીધું. નાનપણથી વાંચનનો શોખ કેળવેલો.

કોઈપણ એક લેખક પસંદ કરી એમના બધા પુસ્તકો વાંચી લેવાની આદત એમણે નાનપણથી કેળવી.

એ સમયની જ્ઞાતિની પ્રથા અનુસાર ૧૬ વર્ષની વયે, ૧૯૫૫ માં, એમનું વેવિશાળ યોગીની સાથે કરવામાં આવ્યો, અલબત ભણવાનું ચાલુ જ રહ્યું. ૧૯૫૭ માં એસ.એસ.સી.ની પરિક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. એ જ વર્ષે એમની પહેલી નવલિકા “પાગલની પ્રેયસીઓ” નવવિધાન માસિકમાં એમના ફોટા સાથે પ્રગટ થઈ, અને ત્યારબાદ એક પછી એક વાર્તાઓ સાપ્તાહિક અને માસિકોમાં પ્રગટ થતી રહી.

૧૯૫૭ માં પિતા નિવૃત થયા અને કાકાને લકવો થઈ ગયો. આવી કઠીન પરિસ્થિતિમાં પણ એમણે ફ્રીશીપ મેળવી લઈ અને ટ્યુશનો કરી, આગળ ભણવાનું ચાલુ રાખ્યું. એમનો વધુ પડતો સાહિત્ય શોખ, વિજ્ઞાનના વિષયોવાળા ભણતરમાં નડતર રૂપ થયો, અને પ્રવીણભાઈ ઈન્ટર સાયન્સમાં નાપાસ થયા. એમણે નક્કી કર્યું કે આ સાહિત્યનો છંદ એમને પોષાય એવો નથી, અને એમણે લખવા-વાંચવાનું બંધ કરી અભ્યાસ ઉપર જ ધ્યાન કેંન્દ્રીત કર્યું. આખરે ૧૯૬૨ માં બી.એસસી. કરી જે સ્કૂલમાં ભણેલા ત્યાં જ શિક્ષક તરીકે નોકરી સ્વીકારી. સમયનો તકાદો હતો કે કુટુંબને પાછું આર્થિક રીતે પગભેર કરવા વધારે આવકવાળી નોકરી શોધવી. સુરતની બહાર વલસાડની અતુલ અને વડોદરાની સારાભાઈમાં ૧૬૦-૧૮૦ રૂપિયા પગારવાળી નોકરી મળતી પણ હતી, પણ કુટુંબનો એકનો એક દીકરો એકલો બહારગામ કેમ રહી શકે? વળી ત્યાં બીજું ઘર ભાડે રાખીને રહેવું પડે તો બે કુટુંબનું ભરણ-પોષણ આટલી રકમમાં શી રીતે થાય? આખરે ૧૯૬૩ મા લગ્નબાદ ઉધનામાં બરોડા રેયોનમાં નોકરી સ્વીકારી પત્ની સાથે ઉધના રહેવા ગયા. ૧૯૬૪ માં પુત્રી દિપ્તી અને ૧૯૬૬માં પુત્ર કર્મેશનો જન્મ થયો.

જીવનમાંપ્રગતિ કરવાનો તલસાટ મનમાં કાયમા રહેતો હોવાથી, ૧૯૬૭ માં ઈંગ્લેન્ડમાં Employment Voucher માટે અર્જી કરી અનેતે મંજૂર થઈ ગઈ, પણ કુટુંબ રજા નહિં આપે એવી ખાત્રી હોવાથી બે મહિના સુધી ચુપચાપ બેસી રહ્યા.

દરમ્યાનમાં એમના એક સગા યુ.કે. થી આવ્યા હતા, એમને આ વાતની જાણ થઈ. એમણે કહ્યું કે આ વાઉચર તારી જગ્યાએ બીજાને મોકલનારા એજંટો તને આના દસ હજાર રૂપિયા આપીને ખરીદી લેશે. કુટુંબને આ વાતની જાણ થઈ અને કાકાની દરમ્યાનગીરીથી એમને ત્રણ-ચાર વર્ષમાં પાછા આવી જવાની શરતે યુ. કે. જવાની રજા આપી. એ નક્કી પાછા આવી જાય એટલા માટે એમના દીકરી અને દીકરાને ભારતમાં જ રોકી લીધા.

૧૯૬૮ માં પ્રવીણભાઈ એમની પત્ની સાથે લંડન ગયા અને સદભાગ્યે એમને બ્રીટીશ રેલ્વેની રીસર્ચ લેબમાં નોકરી મળી ગઈ. આ નોકરીમાં, Perks તરીકે, વર્ષમાં યુરોપ પ્રવાસ માટે પાંચ પાસ મળતા. બે વર્ષમાં એમણે લગભ આખું વેસ્ટર્ન યુરોપ ફરી લીધું. એમણે જોયું કે જીવનમાં પ્રગતિ કરવા માત્ર બી.એસસી. ની ડીગ્રી પૂરતી નથી. એમણે નોકરી કરતાં કરતાં Wandsworth Technical College, London માં Advance Spectrology નો કોર્ષ કર્યો, જે એમના શબ્દોમાં એમને જીવન-ભર દાળ-રોટલા માટે કામ લાગ્યો.

કદાચ ઈંગ્લેંડ કરતાં અમેરિકામાં સફળતા માટે વધારે અવકાશ હોય એમ વિચારી એમણે અમેરિકાના વિઝા માટે અરજી કરી. તે સમયે Professional Third Preference Visa મળતા હતા. રેલ્વેમાં રીસર્ચના અનુભવને લક્ષમાં લઈને એમને વિઝા મળી ગયા, અને ૧૯૭૦ માં પ્રવીણભાઈ અમેરિકા આવ્યા. આવીને બે દિવસમાં જ એક ટેકનીશીયનની નાની નોકરી શોધી કાઢી. અમેરિકામાં તો જોવા જેવું ઘણુંબધું છે, એટલે એમણે ૩૦૦ ડોલરમાં તદ્દન ભંગાર જેવી કાર ખરીદી, અને શનિ-રવિની રજાઓમાં નજીકના સ્થાનો જોવાના શરૂ કરી દીધા. તેમને યાદ હતું કે ચાર વર્ષમાં ભારત પાછા આવી જવાનું મા ને વચન આપીને ભારત છોડ્યું હતું, એટલે વચન પાળવા ચાર વર્ષને અંતે ભારત પાછા ફર્યા. પાછા ફરતાં નક્કી કર્યું કે ભવિષ્યમાં અમેરિકામાં સ્થાયી થઈશ તો તે કુટુંબ અને સ્વજનોના હિતમાં જ હશે.

થોડા સમયમાં જ પત્ની અને બાળકો સાથે પ્રવીણભાઈ અમેરિકા પાછા ફર્યા. નાની મોટી લેબોરેટરીઓમાં નોકરી કરી, ભાગીદારીમાં કારોબાર પણ કરી જોયો પણ ખાસ કાંઈ ગાંઠે પડ્યું નહિં, માત્ર ગુજારો થયો. નશીબ જોગે એમને Engelhard Corporation માં R & D Lab માં સારી નોકરી મળી ગઈ. પગભેર થતાં જ કુટુંબને થાળે પાડવાનું શરૂ કર્યું. ૧૯૭૬ માં બા ગુજરી ગયા એટલે પિતાશ્રીને અમેરિકા લઈ આવ્યા. પછી તો સિલસિલો શરૂ થઈ ગયો, મોટી બહેન અને એના બે દીકરા, સાસુ-સસરા અને ત્યારબાદ અનેક કુટુંબીઓ સ્વકલ્યાણ અર્થે અમેરિકા આવ્યા. આ બધા સ્થાયી થાય ત્યાં સુધીની જવાબદારી પ્રવીણભાઈએ નિભાવી. બસ જાણે કે એમના જીવનનો એ એક લક્ષ્ય જ ન હોય? આ જવાબદારી નિભાવવા સ્થાયી નોકરી ખૂબ જરૂરી હોવાથી Engelhard Corporation ની નોકરી ચીવટપૂર્વક જાળવી રાખી આખરે ૨૦૦૯ માં ૭૦ વર્ષની ઉંમરે નિવૃત થયા.

આટ આટલા સ્વજનોને પગભેર થવામાં મદદ કર્યા બાદ આજે પ્રવીણભાઈ મહેસુસ કરે છે કે "સ્વજનો આવ્યા અને અંગત વિકાસ માટે વિખરાતા ગયા. સ્વજનોની શૃંખલા સર્જાતી રહી અને વિખરાતી રહી, હવે હું ઘણાં મોટા ટોળામાં એકલો છું" એમની આ લાગણી માટે હું આજના સમયમાં આવેલા સામાજીક પરિવર્તનને કારણભૂત ગણું છું.

નિવૃતિએ એક શૂન્યાવકાશ ઊભો કર્યો. ઈન્ટર સાયન્સમાં નાપાસ થવાથી પોતાની પ્રિય સાહિત્ય પ્રવૃતિને એમણે ત્યાગી દિધેલી એ પાછી મનમાં સળવળાટ કરવા લાગી. ૪૦-૪૫ વર્ષથી ન તો ગુજરાતીમાં વાંચ્યું હતું કે ન લખ્યું હતું. અરે કોઈ ગુજરાતી નાટક કે સિનેમા, હોલમાં કે ટી.વી. માં, પણ જોયા ન હતા. ભારતના ૪૦-૪૫ વર્ષોના ઈતિહાસથી પણ લગભગ અપરિચિત થઈ ગયા હતા. કંઈક વાંચવાની ઈચ્છા થતાં નજીકમાં આવેલી "ગુજરાત દર્પણ" માસિક દ્વારા ચાલતી લાયબ્રેરીમાં ગયા. "ગુજરાત દર્પણ"ના તંત્રી શ્રી સુભાષભાઈ શાહ સાથે અનાયાસે મુલાકાત થઈ. વાતચીતમાં સુભાષભાઈએ જાણી લીધું કે પ્રવીણભાઈ યુવાનીમાં વાર્તાઓ લખતા.

એમણે આગ્રહ કર્યો, "ફરી લખો, હું છાપીસ." બસ થઈ ગઈ શરૂઆત. ઓક્ટોબર ૨૦૦૯ થી શરૂ થયેલી આ યાત્રા આજે ૨૦૧૪ માં પણ વણથંભી આગળ વધી રહી છે. અત્યાર સુધીમાં ગુજરાત દર્પણમાંજ લગભગ ૮૦ વાર્તાઓ પ્રગટ થઈ ચૂકી છે. દરમ્યાનમાં એમની એક નવલકથા "શ્વેતા" ૨૦૧૧ માં પ્રગટ થઈ ચૂકી છે. "ગુજરાત દર્પણ" સિવાય "તિરંગા ઈન ન્યુ જર્સી" માસિકમાં પણ એમની વાર્તાઓ નિયમિત રીતે પ્રગટ થાય છે.

૨૦૧૨ માં એમણે બ્લોગ્સની વિશાળ પહોંચ વિષે વિચારીને પોતાનો એક બ્લોગ શરૂ કર્યો, અને પોતાની વાર્તાઓ અમેરિકા બહારના ગુજરાતિઓ સુધી પહોંચાડવાનું શરૂ કર્યું. (http://pravinshastri.wordpress.com/). ૨૦૧૩ માં એમના બ્લોગમાની એમની એક વાર્તાથી પ્રભાવિત થઈ, મેં એમને ટેલીફોન કર્યો. વાચચીત દરમ્યાન એમની નમ્રતા અને એમના Downt to earth વર્તનથી પ્રભાવિત થઈ મેં એમની સાથે મિત્રતા વધારી. આજે મારા મિત્રવર્ગમાં એમનું નામ જડાઇ ગયું છે.

પ્રવીણભાઈની વાર્તાના પાત્રો એટલા વાસ્તવિક છે કે મને એ જ સમજાતું નથી કે ૪૦-૪૫ વર્ષ ગુજરાતથી બહાર રહ્યા છતાં એ ગુજરાતના સામાન્ય ઘર અને ગામનું આટલું આબેહૂબ વર્ણન કેવી રીતે કરી શકે છે? પ્રવીણભાઈ તો કહે છે કે, "બે તૃતિયાંશ જીવન અમેરિકામાં વીત્યું છે. અમેરિકામાં આપણા ભારતીય સમાજના રંગો નિહાળ્યા છે અને અનુભવ્યા છે. મારી મોટાભાગની વાર્તાઓ આપણી જ જૂદી જૂદી પેઢી ના અમેરિકન જીવનશૈલી પર સર્જાયલી છે. બસ એ વાસ્તવિકતા ના માનસિક રૂપરંગ બદલાતા જાય. કાલ્પનિક પાત્રો અને ઘટનાઓ માનસપટ પર સર્જાય. હું દરેક પાત્ર ભજવતો બહુરૂપીઓ બની જાઉં અને જે અનુભવું તે વાત કે વાર્તા બની જાય. "

પ્રવીણભાઈ કહે છે કે તેમની ૨૦૦૯ પછીની લેખન પ્રવૃતિના આડકતરા લાભ તરીકે એમને અનેક મિત્રો મળ્યા છે, જેમાં એ મારો પણ સમાવેશ કરે છે." હું પ્રવીણભાઈની અદેખાઈ એટલા માટે કરૂં છું કે મારી પાસે એમની કલ્પના શક્તિના દસમાં ભાગની પણ કલ્પના શક્તિ નથી.

# શ્રી મહેન્દ્ર મહેતા



મહેન્દ્રભાઈનો જન્મ ૧૯૪૧ માં ભાવનગરમાં એક શિક્ષણ પ્રેમી કુટુંબમાં થયો હતો. એમના દાદા ભાવનગરમાં શિક્ષક હતા. એમના શિક્ષણ પ્રત્યેના સમર્પણથી પ્રભાવિત થઈ, ભાવનગરની પારસી સંસ્થાએ એમને કરાંચીમાં ગુજરાતિ શાળા સ્થાપવા અને ચલાવવા માટે મોકલ્યા હતા, અને એ કામ એમણે સફળતા પુર્વક કર્યું હતું. એમના દાદી પણ નીડર અને સાહસિક હોવાથી, એકલા ભાવનગર અને કરાંચી વચ્ચે આવવા-જવાનું કરતા, અને સગા-સંબંધીઓને પણ લઈ જતા. એમના કાકા પણ આજીવન શિક્ષક હતા અને ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃતના વિદ્વાન હોવાથી આનંદશંકર ધ્રુવે તેમને બનારસ બોલાવ્યા હતા. ગુજરાતના ખૂબ જ જાણીતા કવિ ઉમાશંકર જોષી મહેન્દ્રભાઈના કાકાના મિત્ર હોવાથી જ્યારે પણ ભાવનગર આવે ત્યારે એમના કાકાને મળવા આવતા.

મહેન્દ્રભાઈના પિતા ઈલેક્ટ્રીકલ-મિકેનીકલ એંજીનીઅર હતા. પોતે ઉચ્ચ શિક્ષણ મેળવેલું હોવાથી સ્વભાવિક રીતે પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષા આપવા માટે શક્ય તે બધું જ કર્યું. મહેન્દ્રભાઈના પિતા ૧૪ વર્ષ સુધી બિમારીથી પથારીવશ હતા, ત્યારે

એમની માતાએ બાળકોના અભ્યાસમાં બાધા ન આવે એટલા માટે એકલા હાથે એમની ચાકરી કરી. આ શિક્ષણપ્રેમી કુટુંબનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

મહેન્દ્રભાઈનો શાળાનો અભ્યાસ મહદ અંશે ભાવનગરમાં થયો હતો. ૧૯૫૩ માં એમના પિતાને બોમ્બે પોર્ટ ટ્રસ્ટમાં નોકરી મળવાથી, છેલ્લા ત્રણ વર્ષનો અભ્યાસ

મુંબઈની શાળામાં થયો. ૧૦મા અને ૧૧મા ધોરણમાં જાણીતા કવિ જગદીશ જોષી એમના ગુજરાતીના શિક્ષક હતા. જગદીશ જોષી એ જમાનામાં Stanford માંથી M.A. ની ડીગ્રી લઈ આવેલા, તેમ છતાં ઉચ્ચ હોદ્દાવાળી અનેક નોકરીઓની ઓફર્સ ઠૂકરાવીને કુટુંબદ્વારા ચલાવાતી શાળામાં ગુજરાતિ અને અંગ્રેજીના શિક્ષક બની રહ્યા. જગદીશભાઈની મહેન્દ્રભાઇ ઉપર આની જે અસર થઈ એ એમના શબ્દોમાં કહું તો, "જીવન માં પૈસા કે હોદ્દો કરતા નિષ્ઠા વધારે અગત્યના છે, ઉપદેશ થી નહિ પણ પોતાના વર્તન થી જગદીશભાઈએ શિખવ્યું." મહેન્દ્રભાઈનો સાહિત્ય પ્રેમનો પાયો પણ અહીં વધારે મજબૂત થયો.

S.S.C. માં ઉત્તિર્ણ થઈ, મહેન્દ્રભાઈ એ મુંબઈની જયહિંદ કોલેજમાં બે વર્ષ અભ્યાસ કરી ઘણાં ઉચ્ચ માર્કસ સાથે, ૧૯૬૦ માં ઈંટર સાયન્સ પાસ કર્યું. મુંબઈની ત્રણ પ્રતિષ્ઠિત કોલેજો એટલે V.T.T.I., I.I.T. અને U.D.C.T. આમાંથી કોઈપણ એક કોલેજમાં એડમીશન મળે એટલે સમજવું કે એ વિદ્યાર્થી મુંબઈ યુનિવર્સીટીના વિદ્યાર્થીઓમાંથી ટોપ બે ટકામાંથી છે. મહેન્દ્રભાઈને આ ત્રણે કોલેજમાં એડમિશન મળ્યું. આમાં સૌથી વધારે આકર્ષક ભવિષ્ય આપે એવી કોલેજ I.I.T. હોવાથી મહેન્દ્રભાઈએ I.I.T. માં સિવિલ એંજીનીઅરીંગમાં એડમિશન લીધું. ૧૯૬૪ માં B.Tech.(Civil) ની ડીગ્રી મેળવી અને વધારે અભ્યાસ કરવા અમેરિકા જવાની તૈયારી શરૂ કરી. ૧૯૬૪ માં એમને Stanford University માં Partial Scholarship સાથે એડમીશન મળ્યું. અહીં એમણે રેકોર્ડ સમય, માત્ર નવ મહિનામાં M.S. (Structural) ની ડિગ્રી મેળવી લીધી.

૧૯૬૫ માં મહેન્દ્રભાઈ પાસે M.S.(Structural)ની ડીગ્રી અને ખીસ્સામાં માત્ર ૧૪ ડોલર રોકડા હતા. તરત નોકરી ન મળે તો ઘરેથી પૈસા મંગાવવા પડે, જે કરવાની એમની ઈચ્છા ન હતી. ૧૪ ડોલરમાં ત્રણ અઠવાડિયા ગુજારો કરવા બાદ એમને Southern Pacific Railway માં નોકરી મળી. અલબત આ ત્રણ અઠવાડિયા એમને મિત્રોએ થોડી મદદ કરેલી. મહેન્દ્રભાઈ મિત્રોની આ મદદને આજસુધી ભૂલ્યા નથી. Southern Pacific Railway ના બ્રીજ વિભાગમાં આઠ વર્ષ નોકરી કરી પણ પછી Descrimination થી નારાજ થઈ આ નોકરીમાંથી રાજીનામું આપ્યું. નોકરી છોડવાના ત્રણ દિવસમાં જ વિશ્વ વિખ્યાત Earthquake Engineering માં નિષ્ણાત John Blume & Associate માં નોકરી મળી ગઈ. આ કંપનીમાં સાત વર્ષ કામ કર્યું એ દરમ્યાન એમને આ ક્ષેત્રનો શ્રેષ્ઠ અનુભવ મળ્યો, એટલું જ નહિં એમને Structural Engineer તરીકે સ્વતંત્ર રીતે કામ કરવાનું લાયસેંસ પણ મળ્યું. ત્યારબાદ એક વર્ષ માટે San Francisco ની એક કંપનીમાં ચીફ એંજીનીઅર તરીકે કામ કર્યું.

આ દરમ્યાન ૧૯૭૦ માં મહેન્દ્રભાઈના લગ્ન કુટુંબે પસંદ કરેલી મીરા સાથે થયા. મીરાબહેન ગુજરાતના ખૂબ જ જાણીતા જસ્ટીસ બાલકૃષ્ણ ત્રિવેદી અને સમાજ સુધારક શાન્તિલાબહેનના પુત્રી હતા. મીરાબહે પાસે M.A., LLB ઉપરાંત જર્નાલીઝમનો ડિપ્લોમા હતા. એમણે શાસ્ત્રીય સંગીત, કથક અને મણીપુરીના શિક્ષણ ઉપરાંત સાહિત્ય શોખ પણ નાનપણથી જ કેળવેલો. ૧૮ વર્ષની ઉમ્મરમાં જ કેટલીક કવિતાઓ ઉપરાંત “કલાપ્રણય” નામે એક નવલકથા લખી, ક.મા.મુનશીના હાથે ઈનામ મેળવેલું. આમ મહેન્દ્રભાઈ અને મીરાબહેનના લગ્ન એક “રબને બનાઈ જોડી” જેવા સાબિત થયા. મહેન્દ્રભાઇની ત્યારબાદની બધી સામાજીક પ્રવૃત્તિઓમાં મીરાબેનનો ખૂબ જ મોટો ફાળો હતો.

૧૯૭૨ માં એમની એકમાત્ર પુત્રી કલા નો જન્મ થયો. કુટુંબની શિક્ષણ પરંપરા જાળવી રાખીને કલાબહેને પણ અનેક ક્ષેત્રોમાં ઉચ્ચ ડીગ્રીઓ મેળવી.

મહેન્દ્રભાઈએ San Franscisco માં એક વર્ષ કામ કર્યા બાદ, Los Angles ની એક કંપનીમાં મેનેજર તરીકે આઠ વર્ષ કામ કર્યું. ૧૯૮૮ માં આ કંપનીમાંથી સ્વેચ્છાએ છૂટા થયા, અને California Government ની Division of State Architect, Sacramento Office માં જોડાયા. અહીં ત્રણ વર્ષ કામ કરી, પ્રમોશન મેળવી San Diego ની ઓફીસના વડા તરીકે ગયા. અહીં એમણે પ્રચલિત કાર્યપધ્ધતિમાં ફેરફાર કરી, કોઈપણ પ્રોજેકટમાં કામ કરતી બધી જ એજંસીસ જેવી કે School Districs, Architects અને Contractors વચ્ચે સમન્વય સાધી, સાથે મળીને પ્રોજેકટને સફળ બનાવવાનું કાર્ય કર્યું. ૨૦૦૬ માં એમણે કામકાજમાંથી નિવૃતિ લીધી અને પૂરો સમય સામાજીક પ્રવૃતિઓમાં ગાળવાનું શરૂ કર્યું.

આ નાના લેખમાં એમના સામાજીક યોગદાનને આવરી લેવું શક્ય નથી. એમણે અને મીરાબેને સાથે મળીને જે અનેક કામો કર્યા છે એમાંથી થોડાનો ઉલ્લેખ કરવો હોય તો, Indians For Collective સંસ્થા શરૂ કરવામા સક્રીય મદદ, Ali Akabar College of Music ને મદદ અને એના બોર્ડમાં સક્રીય સેવા, ૧૯૮૪ માં Indian Cousel General ને Festival of India ના આયોજનમાં સક્રીય મદદ, સાહિત્ય અને સંગીતના ૨૦૦ થી વધારે કાર્યક્રમોનું આયોજન, India Currents અને બીજી સંગીત, સાહિત્ય અને કળા સંસ્થાઓને પ્રોત્સાહન અને મદદ વગેરેનો સમાવેશ કરી શકાય.

સંગીતના કાર્યક્રમોમાં નોંધપાત્ર, ઉસ્તાદ અલીઅકબરખાન, પંડિત રવિશંકર, નીખીલ બેનરજી, હરિપ્રસાદ ચોરસિયા ઝાકીર હુસેન, સ્વપન ચોધરી, પુરષોત્તમ ઉપાદ્યાય, રાસબિહારી દેસાઈ, અમર ભટ્ટ અને બીજા અનેક કલાકારો ના કાર્યક્રમ યોજ્યા. સાહિત્યના કાર્યક્રમોમાં, ઉમાશંકર જોશી, મનુભાઈ પંચોલી, મકરંદ દવે, નિરંજન ભગત, સુરેશ દલાલ અને બીજા ઘણા સાક્ષરો ને નોતર્યા અને તેમના કાર્યક્રમ યોજ્યા.

સ્થાનિક કલાકારો માટે તેમને હમેશ કુણી લાગણી રહી, કલાકરો ને પોતાના ગણી તેમને સહાયભૂત થવા  અને પ્રોત્સાહન આપવા હમેશાં તત્પર રહ્યા.

૨૦૧૩માં મહેન્દ્રભાઈ દ્વારા આયોજીત “સભા ગુર્જરી” કાર્યક્રમમાં, અમેરિકામાં વાર્તાલાપ આપવાનો સર્વપ્રથમ અવસર મને મહેન્દ્રભાઈએ જ આપેલો. એ વાર્તાલાપ પછી જ મને બીજા કાર્યક્રમોમાં વાર્તાલાપ આપવાના અવસર મળવા લાગ્યા.

૫ મી એપ્રીલ, ૨૦૧૪ માં મીરાબહેનનું અવસાન થતાં, મહેતા-દંપતી દ્વારા ચાલતી, કેલિફોર્નિયાના Bay Area ના ગુજરાતીઓ માટેની સાહિત્ય અને સંગીતની પ્રવૃતિને મોટી ક્ષતિ થઈ છે, પણ મને ચોક્કસ ખાત્રી છે કે મહેન્દ્રભાઈ થોડા સમયમાં જ સ્વસ્થ થઈ, મીરાબેનની સક્રીયતાની યાદોને સહારે ફરી કાર્યાન્વિત થઈ Bay Area ના ગુજરાતીઓની સેવામાં લાગી જશે.

# શ્રી કૃષ્ણકાંત ઉનડકટ



કૃષ્ણકાંત ઉનડકટનો જન્મ ૧૯૬૩માં જુનાગઢ જીલ્લાના એક નાનકડાં ગામ શાપુરમાં થયો હતો. એમના પિતા રસિકલાલ ઉનડકટ વેપારી હતા અને માતા જશુબહેન શિક્ષિકા હતા. આર્થિક રીતે એ એક સુખી પરિવાર હતું.

કૃષ્ણકાંતભાઈએ ધોરણ ૧ થી ૪ સુધી ગામની શાળામાં જ અભ્યાસ કર્યો પણ પાંચમા ધોરણથી નવમા ધોરણ સુધીનો અભ્યાસ કરવા એમને પોરબંદર જવું પડ્યું. પોરબંદરમાં એમની જ્ઞાતિ દ્વારા ચલાવાતા લોહાણા બાલાશ્રમમાં રહીને આ અભ્યાસ કર્યો. ત્યાર બાદ કુટુંબે શાપુરથી જુનાગઢ સ્થળાંતર કર્યું, એટલે કૃષ્ણકાંતનો ૧૦મા થી ૧૨મા ધોરણ સુધીનો અભ્યાસ જુનાગઢમાં થયો અને ત્યારબાદ જુનાગઢની જ કોમર્સ કોલેજમાંથી B.Com. અને ત્યાંની જ લો કોલેજમાંથી LLB કર્યું. પિતા "શરૂઆત" નામના સાપ્તાહિકના માલિક હતા, એટલે કૃષ્ણકાંતને જર્નલિઝમમાં પહેલેથી રુચી હતી. એમણે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના એ. ડી. શેઠ પત્રકારિત્વ ભવનમાં જર્નલિઝમ ડીપ્લોમા અને ત્યારબાદ માસ્ટર ઇન જર્નલિઝમ એન્ડ માસ

કમ્યુનિકેશનની ડિગ્રીઓ પ્રાપ્ત કરી. આ સિવાય એમણે IIM ઈંદોરમાં પત્રકારિતા અંગેનો ખાસ કોર્સ પણ કર્યો છે.

શિક્ષણ પૂરું કરી જૂનાગઢ ખાતે પહેલા જનસત્તા દૈનિક અને એ બાદ ગુજરાત સમાચાર દૈનિકના બ્યુરોચીફ તરીકે કામ કર્યું. ત્યારબાદ ગુજરાતના ખૂબ જ લોકપ્રિય સાપ્તાહિક ચિત્રલેખાના સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત અને છેલ્લે દિલ્હીના બ્યુરોચીફ તરીકે પાંચ વર્ષ માટે કામ કર્યું. ચિત્રલેખા છોડ્યા બાદ ગુજરાત સમાચારના નિવાસી તંત્રી તરીકે ચાર મહિના માટે ભાવનગર શહેરમાં કામ કર્યું, ભાવનગર બાદ ગુજરાત સમાચારની જ વડોદરા આવૃત્તિમાં લગભગ એક દસકા સુધી નિવાસી તંત્રી તરીકે પત્રકાત્વ ખેડ્યું.

પત્રકારત્વની દુનિયામાં વધુ પ્રગતિ સર કરી તેઓ ગુજરાત સમાચાર બાદ દિવ્ય ભાસ્કરના તંત્રી બન્યા. દોઢ વર્ષ સુધી દિવ્ય ભાસ્કરની સુરત આવૃત્તિ અને એક વર્ષ માટે વડોદરા આવત્તિના નિવાસી તંત્રી તરીકે કામ કર્યું. દિવ્ય ભાસ્કર સમૂહના માસિક અહા જિંદગીમાં પણ તેમના લેખો અને કોલમ નિયમિત રીતે પ્રકાશિત થતા હતા.

કૃષ્ણકાંત ઉનડકટ છેલ્લાં ચાર વર્ષથી પરિવાર સાથે અમદાવાદ સ્થાયી થયા છે. 2010-11ના આઠેક મહિના સમભાવ ગ્રુપના અભિયાન સાપ્તાહિકના તંત્રી તરીકે ફરજ બજાવી. છેલ્લાં ત્રણેક વર્ષથી તેઓ સંદેશ દૈનિકના તંત્રી છે.

કૃષ્ણકાંત ઉનડકટના જીવનસાથી જ્યોતિબહેન પણ પત્રકાર છે. મુંબઈ સમાચાર દૈનિકની ગુરુવારે પ્રસિદ્ધ થતી લાડકી પૂર્તિમાં તેઓ “તારે મન મારે મન” નામની કોલમ લખે છે. એમણે ૧૫ વર્ષ સુધી ચિત્રલેખા સાપ્તાહિકમાં સિનિયર રિપોર્ટર અને કોલમિસ્ટ તરીકે ફરજ બજાવી. છ મહિના માટે અભિયાન સાપ્તાહિકના ફીચર્સ એડિટર તરીકે કામ કર્યું છે. એ બાદ છ મહિના તેમણે સ્પાર્ક્ બ્રોડકાસ્ટિંગ પ્રાઈવેટ લિમિટેડના મોનિટર પખવાડિકમાં ફીચર્સ એડિટર તરીકે ફરજ બજાવી છે. પત્રકારત્વની દુનિયામાં આ યુગલ માનભર્યું સ્થાન ધરાવે છે.

પત્રકારત્વમાં બહોળો અનુભવ ધરાવતાં કૃષ્ણકાંત ઉનડકટ વાચકોના મનને સ્પર્શી જાય એવાં લેખો લખવામાં માહેર છે. જિંદગીની ઘટમાળને ફિલોસોફી સાથે સાંકળી અને લોકોને કંઈક શીખવા મળે એ રીતે તેમના શબ્દો વાચકના હ્રદય સુધી પહોંચે છે. સાંપ્રત પ્રવાહો અને રાજકારણને લગતાં લેખોમાં તેમની હથોટી અને બહોળો અનુભવ રીફ્લેક્ટ થયાં વગર નથી રહેતો. દર રવિવારે સંદેશ દૈનિકની સંસ્કાર પૂર્તિમાં કૃષ્ણકાંત ઉનડકટની  ચિંતનની પળે કોલમ છેલ્લાં દસ વર્ષમાં એક મુકામ કાયમ કરી શકી છે. અનેક વાચકોને પોતાની જિંદગી વિશેની સમજ અને સહજતા આ લેખોમાંથી મળે છે એવું લખીએ તો યોગ્ય કહેવાશે. એમના લેખોમાં વિષયની સમજ, ઊંડાણ, પ્રવાહિતા સાથે સાથે સરળતા જોવા મળે છે. કોઈપણ વિષયને દાખલા-દલીલો સાથે સમજાવવાની એમની શક્તિ અદભૂત છે.

સાંપ્રત પ્રવાહો અને રાજકારણને લગતાં લેખો પણ સંદેશ દૈનિકમાં પ્રકાશિત થાય છે. દેશ અને દુનિયાનાં વિષયો આવરી લેતી દૂરબીન કોલમ દર સંદેશ દૈનિકમાં બુધવારની અર્ધ સાપ્તાહિક પૂર્તિમાં પ્રકાશિત થાય છે. આ ઉપરાંત દેશ અને દુનિયા રાજકારણને સ્પર્શતી તેમની એકસ્ટ્રા કોમેન્ટ કોલમ દરરોજ નિયમિત રીતે સંદેશના એડિટ પેઈજ ઉપર પ્રકાશિત થાય છે. આ તમામ લેખો તેમનાં  પોતાના બ્લોગ http://krishnkantunadkat.blogspot.com/ , સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ પણ તેમજ બીજા અનેક બ્લોગ્સમાં જોવા મળે છે.

ચિંતનના વિષય ઉપર એમના પાંચ પુસ્તકો ચિંતનની પળે, ચિંતનને ચમકારે, ચિંતનને અજવાળે, ચિંતન @ ૨૪ x ૭ અને આમને-સામને પ્રગટ થયા છે.

કૃષ્ણકાંતભાઈ એક સારા લેખક ઉપરાંત એક સારા વક્તા છે. એમણે ઘણી જાણીતી સંસ્થાઓમાં પત્રકારિતા અને અન્ય વિષય ઉપર પ્રવચનો આપ્યા છે. આ અંગે એમણે સિંગાપોર, લંડન, સ્વીટ્ઝરલેન્ડ અને બાંગ્લાદેશનો પ્રવાસ પણ કર્યો છે. પોતાનું પત્રકારિતાનું જ્ઞાન અન્ય લોકોને મળે એટલા માટે પત્રકારિતાની કોલેજોમાં પાર્ટ ટાઈમ લેકચરર તરીકે પણ સેવા આપે છે.

કૃષ્ણકાંતભાઈને જાણવા માટે પહેલા એમના લેખ વાંચવાની હું ભલામણ કરૂં છું, એ લેખ વાંચ્યાબાદ તમને લાગશે કે મેં એમનો પરિચય અધૂરો જ આપ્યો છે.

# શ્રી જયકાંત જાની

જયકાંતભાઈનો જન્મ ૧૯૪૬ માં ગોહિલવાડ જીલ્લાના ભાવનગરમાં થયો હતો. એમના પિતા ભાવનગરની એક તાલુકાશાળામાં આચાર્ય હતા. જયકાંતભાઈનું પ્રાથમિક શિક્ષણ ગામની શાળામાં થયું, પણ હાઈસ્કૂલ માટે પાંચ કિલોમીટર ચાલીને જવું પડતું. ૧૯૬૩ માં એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી સર પી.પી. ઈનસ્ટીટ્યુટ ઓફ સાયન્સમાં એડમિશન લીધું. ઈન્ટર સાયન્સમાં પૂરતા માર્કસ ન મળવાથી એંજીનીઅરીંગ કોલેજમાં એડમીશન ન મળ્યું, એટલે બી.એસસી. કોર્સમાં જોડાવું પડ્યું. ૧૯૬૭ માં ફર્સ્ટક્લાસમાં બી.એસસી. ની ડીગ્રી મેળવી.

૧૯૬૮ માં આલફ્રેડ હાઈસ્કૂલમાં સાયન્સના શિક્ષક તરીકે ૪૩૦ રૂપિયાના માસિક પગારવાળી નોકરીમાં જોડાયા. એમને આજીવન શિક્ષક બની રહેવાની ઈચ્છા ન હતી એટલે ૧૯૬૯ માં ૨૧૫ રૂપિયા પગારવાળી નોકરી લઈ એક સ્ટીલ ફાઉન્ડ્રીમાં કેમીસ્ટ તરીકે જોડાયા. અહીં ચીવટ પૂર્વક કામ કરી પ્રોડક્શન મેનેજરની પદવી સુધી પહોંચ્યા. કંપનીએ એમને વધારે સારી ટ્રેનીંગ મળે એટલા માટે જાપાન મોકલ્યા. ૩૫ વર્ષ સુધી આ એક જ કંપનીમાં નોકરી કરી, જયકાંતભાઈ ૨૦૦૪ માં રીટાયર્ડ થયા.

એમને એક વાત સારી રીતે સમજાઇ ગયેલી કે વર્તમાન યુગમાં શિક્ષણ અતિ મહત્વનું છે, એટલે એમની દિકરીને બી.એ. અને દિકરાને ફાર્મસીમાં પી.એચડી. સુધીનું શિક્ષણ અપાવ્યું.

૨૦૦૪ માં એમના નજીકના સંબંધીઓએ એમને અમેરિકાના વિઝા માટે સ્પોનસોર કર્યા એટલું જ નહિં, અમેરિકામાં સ્થાયી થવા માટે જરૂરી મદદ કરી. જયકાંતભાઇએ અમેરિકામાં નોકરી કરવા માટે જરૂરી ટ્રેનિંગ લીધી અને નોકરીએ લાગ્યા. સમય જતાં અમેરિકાના નાગરિક પણ થઈ ગયા. અલબત એમના સંતાનોએ ભારતમાં જ રહેવાનું

પસંદ કર્યું અને ત્યાં રહીને જ સારી પ્રગતી કરી. મોટાભાગે આપણને આનાથી ઉલટું જોવા મળે છે, જ્યાં બાળકો અમેરિકામાં અને મા-બાપ ભારતમાં રહેતા હોય છે.

શાળા-કોલેજના અભ્યાસ દરમ્યાન એમને ગુજરાતી સાહિત્ય પ્રત્યે સારૂં એવું આકર્ષણ હતું. વાંચનની સાથે સાથે લેખનની શરૂઆત શાળામાંથી જ થઈ ગઈ હતી. લેખ, વાર્તા અને કવિતા, આ ત્રણે સાહિત્યના પ્રકાર ઉપર હાથ અજમાવ્યો. ૨૦૦૬ થી બ્લોગ્સમાં એમને રસ પડ્યો અને એમણે નિયમિત રીતે અલગ અલગ બ્લોગ્સમાં એમના લખાણ મૂકવાના શરૂ કર્યા. અત્યાર સુધીમાં ૪૦૦ થી વધારે કવિતા અને પ્રતિ-કાવ્યો લખીને એમણે બ્લોગ્સમાં મૂક્યા છે, જેમા એમને સારો આવકાર મળ્યો છે. અમેરિકાના ઈસ્ટ કોસ્ટથી પ્રસિધ્ધ થતાં માસિક “ગુજરાત દર્પણ”માં પણ એમની કવિતાઓ છપાય છે. એમની કવિતાઓ મુખ્યત્વે બે પ્રકારની છે, એક પોતાના સ્વતંત્ર વિચારોમાંથી સર્જાયલી કવિતાઓ અને બીજા પ્રતિકાવ્યો. મારી બ્લોગ્સમાં મુકાયલી કેટલીક કવિતાના પ્રતિકાવ્યો જયકાન્તભાઇએ લખ્યા હતા. પહેલા પ્રકારની કવિતાઓમાં વતન અને અમેરિકા વચ્ચે મનમા ચાલતી ખેંચતાણ સ્પષ્ટ પણે જોવા મળે છે. એક કવિતામાં જયકાન્તભાઈએ લખ્યું છે,

“બહેન રાખડી બાંધવાની રાહમાં સ્વર્ગવાસી થઈ ગઈ,

બહેનના ભ્રાત્રુપ્રેમથી મોં ફેરવી, અમે દૂર ભાગી આવ્યા.”

બીજી જગ્યાએ પોતે સમાજ માટે ખાસ કંઈ કરી શક્યા ન હોવાનો અહેસાસ વ્યક્ત કરતાં કહે છે,

“હજાર  હાથે તું  સૌને લુંટાવે છે,

 એક હાથે કોઈને ન દેવાય પ્રભુ?”

આજની સમાજ વ્યવસ્થાથી વ્યથિત થઈ, ફરી ઇશ્વરને પૂછે છે,

"સંતાનો હક્ક લઈ, ફરજ ભૂલી જાય છે,

તારાથી એને ન સમજાવી શકાય પ્રભુ?"

અમેરિકામાં રહેતા કેટલાય ભારતિયોની મનની વાત કહેતાં લખે છે,

" મુંઝારો એવો અનુભવી રહ્યો છું આ ડોલરના દેશમાં,

કે ઉભડક શ્વાસે જીવી રહ્યો છું આ ડોલરના દેશમાં"

પોતાના ગામ ભાવનગરને યાદ કરીને લખે છે,

"ગામ વચ્ચે તખ્તેશ્વર, અનુપમ સામે અંબાજી,

ભીડ ભાંગતા ભીડભંજન, મંદીર મંદીરમાં કાલી,

થાપનાથના ચરણ પખાળે બો-તળાવના નીર.."

એમની બ્લોગ જગતમાં ખૂબ જ જાણીતી એક કવિતા "સારી રીત નથી" માં જયકાન્તભાઈ લખે છે,

"એવું યે નથી વતન માટે મને પ્રીત નથી,

હું જાણું છું કે અમેરિકા રહેવામાં મારૂં હીત નથી;

ઇચ્છા થાય છે અમેરિકાના અનુભવો લખું તમને,


શું લખું? અહીંયા સંસ્કાર, સંસ્કૃતિ સંકલિત નથી.

સાહિત્ય ઉપરાંત જયકન્તભાઈએ વર્ષોથી જ્યોતિષશાસ્ત્રના અભ્યાસનો શોખ કેળવેલો. ભારતમાં આ વિષય ઉપર એમના ઘણાં લેખ જાણીતા પંચાંગ અને સમાચાર પત્રોમાં છપાયલા. જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ એમણે ભારતમાં અને અમેરિકામાં કર્યો અને આમાંથી થતી બધી આવકનો ઉપયોગ એમણે ધરમ-દાન માટે જ કર્યો.

ધનની બાબતમાં જયકાન્તભાઈ કહે છે કે “લોકોને કમાતાં, વાપરતાં અને બચાવતાં આવડવું જોઈએ.” વધુમાં એ કહે છે, “ભોગવે તે ભાગ્યશાળી.”

હાલમાં તેઓ ન્યુજર્સીમાં વોલ-માર્ટના ફાર્મસી વિભાગમાં નોકરી કરે છે. ડાયાબિટીસને લીધે એમની નર્વસને નુકશાન થયું હોવાથી તેઓ હવે પહેલા જેવો કોમપ્યુટનો ઉપયોગ કરી શકતા નથી, એટલે હાલમા બ્લોગ્સમાં એમની હાજરી દેખાતી નથી. નજીકના ભવિષ્યમાં જ શેષ જીવન બાળકો સાથે ગુજારવા ભારત પાછા ફરે એવી શક્યતા છે.

# ડો. પ્રતાપભાઈ પંડ્યા



પ્રતાપભાઈનો જન્મ ૧૯૩૮ માં અમરેલી જીલ્લાના અડતાળા ગામમાં થયો હતો. પિતા જયંતીભાઈ શિક્ષક હતા. છ વર્ષની નાની વયે જ પ્રતાપભાઈએ પિતાની છત્રછાયા ગુમાવી હતી એટલે ઉછેર આર્થિક સંકણામણમાં થયો. પ્રતાપભાઈનું ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ ભાવનગર જીલ્લાના શાહપૂર ગામમાં, એમના મોશાળમાં રહીને થયો હતો. ઘરથી શાળા ત્રણ કિલોમીટર દૂર હતી, અને આ અંતર પગે ચાલીને જવું પડતું.

સાત ધોરણ સુધી અભ્યાસ કરી એમણે વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા પાસ કરી અને શિક્ષક તરીકેની લાયકાત પ્રાપ્ત કરવા પી.ટી.સી. ના બે વર્ષના કોર્સ માટે લોકભારતી અધ્યાપન મંદિરમાં એડમીશન મેળવ્યું. આ કોર્સની માસિક ફી દર મહીને ૩૫ રૂપિયા હતી. તેમને ૨૫ રૂપિયા પ્રતિમાસની મુંબઈ રાજ્યની શિષ્યવૃતિ મળી પણ બાકીના ૧૦ રૂપિયા માટે એમને ગાયકવાડી રાજ્યમાં અરજી કરીને શિષ્યવૃતિ મેળવવી પડી. અન્ય ખર્ચ માટેની રકમ એમણે લોકભારતીમાં નાનામોટા કામ કરીને મેળવી.

૧૯૫૭ માં એમણે ચોસલા ગામમાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે, ૮૦ રૂપિયા પ્રતિમાસના પગારની નોકરી શરૂ કરી. ત્યારબાદ અનેક ગામોની પ્રાથમિક

શાળાઓમાં એમની બદલી થતી રહી, શિક્ષકમાંથી આચાર્ય થયા અને વિદ્યાર્થીઓને કેળવતા રહ્યા. દરમ્યાનમાં ૧૯૬૧ માં એમના લગ્ન  પાલીતાણાના ડો.વિશ્વનાથ

દવેની પુત્રી રમાગૌરી સાથે થયા. રમાગૌરી પણ વ્યવસાયે શિક્ષીકા હોવાથી, આજે જેને આપણે Double Income Family કહીએ છીએ, તેની શરૂઆત થઈ ગઈ. પણ આ ડબલ ઈન્કમ મધ્યમવર્ગી ડબલ ઈન્કમ હતી.

૧૯૬૪ અને ૧૯૭૪ ની વચ્ચે રમાગૌરી અને પ્રતાપભાઈ ચાર બાળકોના માતા-પિતા બન્યા. બે પ્રાથમિક શાળાના શિક્ષકોની આવકમાંથી આ ચાર બાળકોનો ઉછેર અને શિક્ષણ પણ સરળ ન હતું, માત્ર દ્રઢ નિર્ણય અને સહનશક્તિને લીધે એમણે ચારે બાળકોને સારૂં શિક્ષણ અપાવ્યું. બાળકોએ સ્વબળે, શિષ્યવૃતિઓ મેળવી, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું.

૧૯૯૩ માં પ્રતાપભાઈએ શિક્ષકની નોકરીમાંથી નિવૃતિ લીધી. શિક્ષકની એમની પોતાની વ્યાખ્યા એમના પોતાના જ શબ્દોમાં કહું તો, “શિક્ષક એટલે થનગનતું યૌવન, રણઝણતું ઝરણું, ઘૂઘવતો સાગર, ઊગતો સૂર્ય, ધોધમાર વરસાદ, ગુંજતો ભ્રમર અને તેજનો ફૂવારો.” એમની શાળાની પ્રવૃતિઓની અન્ય શાળાઓ નકલ કરતી. ૧૯૬૧ માં એમની શાળાને જીલ્લાની શ્રેષ્ઠ શાળાનું પારિતોષક મળેલું.

૧૯૫૭ થી ૧૯૯૩ સુધીના કાર્યકાલમાં પ્રતાપભાઈ માત્ર શિક્ષક કે આચાર્ય બનીને બેસી ન રહ્યા. વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની સાથે સાથે ગ્રામ સુધારણાની અનેક પ્રવૃતિઓમાં તેઓ સક્રીય રહ્યા.  તરવડા ગામને આદર્શ ગામ બનાવવા માટે તેમણે વિદ્યાર્થીઓ તથા વાલીઓની મદદથી મકાનો બનાવ્યા, નદી ઉપર પૂલો બનાવ્યા, એટલું જ નહિં ગામમાં, અછૂતોને સમાજથી અળગા રાખવાના રૂઢીગત રિવાજોમાં પણ સુધારા લાવવામાં આગળ પડતો ભાગ ભજવ્યો. મુસ્લીમ કોમના બાળકો

શાળામાં ઓછી સંખ્યામાં દાખલ થતા. પ્રતાપભાઈએ મુસલમાનોના ઘરે ઘરે જઈ એમને શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને એમના બાળકોને શાળામાં દાખલ કરાવ્યા.

પ્રતાપભાઈ વિશે જાણવા જેવી બીજી એક વાત કરૂં. ૧૯૫૩માં સાત ધોરણનો અભ્યાસ પુરો કરી તેમણે ભણવાનું છોડી દીધેલું, પણ તે સમયના કાયદા મુજબ ૧૯૬૦ માં એમણે External Student તરીકે S.S.C. ની પરીક્ષા આપી અને એમા પાસ થયા. ૧૯૯૩ માં રીટાયર્ડ થયા બાદ પ્રતાપભાઈએ બાળકોના ઉચ્ચ અભ્યાસને લક્ષમાં લઈ વડોદરા ખાતે સ્થળાંતર કર્યું. સામાજીક કાર્યકર જીવ અહીં પણ ક્યાં ઝંપીને બેસવાનો હતો. અહીં એમણે મિત્રો સાથે મળી, “સૂરવાણી” નામે સંસ્થાની શરૂઆત કરી. આ સંસ્થાના આશ્રયે એમણે ભીખુદાન ગઢવી, શાહબુદ્દીન રાઠોડ, દિવાળીબેન ભીલ, પ્રફુલ દવે જેવા કલાકરોના કાર્યક્રમો આયોજીત કર્યા. અહીં રહીને જ એમણે લોકસાહિત્યમાં ઊંડી ઋચી કેળવી અને એમાંથી એમને વધારે અભ્યાસ કરવાની પ્રેરણા મેળવી. આયુષ્યના સાઈઠમાં વર્ષે એમણે લોકભારતી વિદ્યાપીઠમાંથી સ્નાતક અને અનુસ્નાતકની પદવીઓ મેળવી. ત્યારબાદ પ્રોફેસર ડો. માર્કંડ ત્રિવેદીના માર્ગદર્શન હેઠણ “લોકસાહિત્ય દ્વારા માનવ મૂલ્યોનું જતન” વિષય ઉપર નિબંધ લખીને ગુજરાત વિદ્યાપીઠમાંથી પીએચ.ડી. ની પદવી મેળવી.

પ્રતાપભાઈ લોક્ભાતી માં સ્વ મનુભાઈ પંચોલી પાસેથી સાહિત્ય પ્રેમ અને સર્જન ના સંસ્કારો મેળવ્યા બાદ “લાગણીનો દસ્તાવેજ”, “શિક્ષણ જ્ઞાનની પરબ”, “સો ડગલા સુખના', “રવિશંકર મહારાજ” અને “વેદવાણી” જેવા જીવન લક્ષી પુસ્તકો સમાજને આપ્યા છે, જે બહુજ લોકપ્રિય થયા છે.

પ્રતાપભાઈની આ બધી કામયાબીઓને ક્યાંયે પાછળ મૂકી દે એવી એમની કામયાબી એટલે એમના દ્વારા સ્થપાયેલી ભારતમાં ૧૪૦ અને અમેરિકામાં ૬ પુસ્તક પરબો. તરસ્યાને પાણી પાવા માટે પરબનું આયોજન એ ભારતની સંસ્કૃતિમાં હજાર વર્ષ જૂની પરંપરા છે, પણ જ્ઞાનના તરસ્યા લોકોને જ્ઞાન મેળવવા વિનામૂલ્ય સગવડ કરી

આપવી, એ પ્રતાપભાઈ જેવા વિરલા જ વિચારી શકે. ભણી-ગણીને એમના બે બાળકો અમેરિકામાં સારૂં કમાતા થયા, એટલે પ્રતાપભાઈની ઈચ્છામુજબ ૨૦૦૫ થી એમણે દરમહિને સારી એવી રકમ પ્રતાપભાઈની આ સામાજીક પ્રવૃતિ માટે મોકલવાની શરૂઆત કરી. એક પછી એક ગામમાં, જરૂરી પુસ્તકો પૂરા પાડી, પુસ્તક પરબ ચલાવવાનો વહિવટ સ્થાનિક લોકોને સોંપી, આસરે રૂપિયા પચીસ લાખ ખર્ચીને એમણે ભારતમાં ૧૪૦ અને અમેરિકામાં ૬ પુસ્તક પરબ શરૂ કરી, અને હજી વધારે પરબો શરૂ કરવાનો એમનો ક્રમ ચાલુ જ છે. ધનનો આનાથી વધારે સારો ઉપયોગ કયો હોઈ શકે.?

મારો પ્રતાપભાઇ સાથે થોડા દિવસ પહેલા જ પરિચય થયો. એમની વાત કરવાની ઢબ, એમની Body Language, અને એમના મળતાવળા સ્વભાવથી આકર્ષાઈને મેં એમના વિશે માહિતી એકઠી કરવાનું શરૂ કર્યું. મારી “મળવા જેવા માણસ” લેખમાળામાં એમનું પાત્ર તંતોતંત બેસી ગયું. મોકો મળે તો તમે પણ એમને મળજો અથવા એમની પુસ્તક પરબનો લાભ લેજો.

શ્રી પ્રતાપભાઈનો સંપર્ક :

અમેરિકા:

12643 paseo flores, saratoga CA 95070, U S A
phon 001 469 579 1451

ભારત :A1/1 સામ્રાજ્ય, મુંજ મહુડા રોડ, વડોદરા-૨૦. ફોન નંબર – 9825323617

# શ્રી રમેશ પટેલ



રમેશભાઈનો જન્મ ૧૯૪૮ માં ખેડા જીલ્લાના મહુધા તાલુકાના મહિસા ગામમાં થયો હતો. પિતા ઝવેરચંદભાઈ અને માતા કાશીબાના કુટુંબની ગણત્રી ગામના મોભાદાર મુખી કુટુંબમાં થતી. આઝાદીના આંદોલનમાં રંગાયલા આ સંસ્કારી કુટુંબમાં રમેશભાઈનો ઉછેર થયો હતો. આમ તો પિતાનો વ્યવસાય ખેતી હતું, પણ માતા-પિતા બન્ને શિક્ષિત અને શિક્ષણ પ્રેમી તથા વાંચનના શોખીન હતા. આઝાદી સંગ્રામના તાલુકા-જીલ્લાના આગેવાનો સાથે પિતા ઝવેરભાઈને નજીકનો ઘરોબો હતો.

રમેશભાઈનું શાળાનું શિક્ષણ ગામની જ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં થયું હતું. અભ્યાસમાં તેજસ્વી રમેશભાઈએ બારમા ધોરણ સુધી અભ્યાસની સાથે સાથે હિન્દી, સંસ્કૃત, ડ્રોઈંગ વગેરેના અભ્યાસમાં પણ રસ લીધો. શાળાજીવન દરમ્યાન એમના વાંચનના જબરા શોખને લીધે, એમણે રામાયણ-મહાભારત ઉપરાંત સ્વામી વિવેકાનંદ, અને ઝવેરચંદ મેધાણીના પુસ્તકો વાંચેલા. એમના ઘરમાં જ એક નાનું પુસ્તકાલય હતું, જેનું સંચાલન રમેશભાઈ જાતે કરતા. ગામમાં પૂજ્ય રવિશંકર મહારાજની મુલાકાત દરમ્યાન એમણે કરેલા પ્રવચનની રમેશભાઈના જીવન ઉપર ઊંડી અસર થયેલી.

બારમાં ધોરણમાં સારા માર્કસ મેળવી, વલ્લભ વિદ્યાનગરની બિરલા એન્જીનીઅરીંગ કોલેજમાં દાખલ થયા અને ૧૯૭૧ માં પ્રથમ વર્ગમાં પાસ થઈ B.E.(Electrical) ની ડીગ્રી

મેળવી. ૧૯૭૨ માં રમેશભાઈના લગ્ન સવિતાબહેન સાથે થયા અને આ સાથે એમના વ્યવસાયિક અને સાંસારિક એમ બન્ને જીવનની શરૂઆત થઈ ગઈ.

નોકરીની શરૂઆત એમણે ૧૯૭૨માં ગુજરાત વિદ્યુત બોર્ડ સબડિવીઝનમાં, કપણવંજ મુકામથી, ફિલ્ડવર્ક દ્વારા કરી. ગ્રામ્ય વિદ્યુતકરણની તે વખતે શરુઆત હતી. પોતે તો ફાનસના અજવાળે ગામમાં ભણેલા, તેથી આ કામને ઉમળકાથી વધાવી લીધું. ગામોના કાચા ધૂળિયા રસ્તા, ખેતરો, વાત્રક અને મહોર નદીઓની કોતરોમાં ભર ઉનાળે બળબળતા બપોરે સર્વે માટે તેઓ ખૂબ ઘૂમતા. ગામડામાં ઘરોમાં વીજળી પહોંચાડવા અને ગામની ધરતીને પંપદ્વારા પાણી પહોંચાડી હરિયાળી બનાવવા, સાત વર્ષો સુંધી તેમણે મહત્વનું યોગદાન આપ્યું. એમના શબ્દોમાં કહું તો, "આજથી ૪૫ વરસ પહેલાં ગામડાઓમાં.વીજળી, રસ્તા, ટેલિફોન અને દવાખાનાઓની પાયાની જરુરિયાતોનો અભાવ વરતાતો હતો.લોકો તે માટે અધીરા હતા. ધૂળિયા રસ્તામાં પગપાળા સર્વે કરી.વિદ્યુત લાઈનો ઉભી કરાવવી, અને આખા ગામને ખેતીવાડી માટે વિદ્યુત જોડાણ આપવું, એ કપરી મહેનતનું કામ હતું. શહેરી જીવડાઓને તો તે ફાવે તેવું ન જ હતું."

રમેશભાઈની મહેનત રંગલાવી સાત વર્ષમાં તાલુકાની રોનક ફરી ગઈ. ઘરોમાં વીજળીના દીવા અને લીલાછમ લહેરાતા પાક જોઈ રમેશભાઈને આત્મસંતોષ મળતો.

રમેશભાઇની કારકિર્દીનું બીજું અગત્યનું સોપાન એટલે વણાકબોલી થર્મલ પાવર સ્ટેશન. આધુનિક સ્ટીમ જનરેટર માટે તોતીંગ ૨૨૦ ફૂટ ઊંચા બોયલરોના નિર્માણ માટે ૧૯૭૯માં તેમનું પોષ્ટીંગ થયું. શરૂઆત મહિસાગરની વેરાન કોતરોને સમતળ બનાવવાથી કરી. અહીં નિર્માણ કાર્ય તબક્કાવાર આગળ વધવાનું હતું. રહેવા, જમવા અને ફેમીલી સાથે રહેવા માટે સગવડ થવાની વાર હતી. મોટાભાગે ફક્કડ ગિરિધારી જેવો સ્ટાફ, પણ પાયાના પથ્થરો જેવા આ સ્ટાફ સાથે તેઓ એકલવીર બની યજ્ઞમાં જોડાઈ ગયા. એક પછી એક, ૨૧૦ મેગાવૉટની ક્ષમતા વાળા મહાકાય યુનિટો, ઊભા કરી, અડધા ઉપરાંત ગુજરાત રાજ્યને પહોંચે એટલું વીજ ઉત્પાદન કરી, સતત ૨૧ વર્ષ ત્યાં ફરજ બજાવી. આ કાર્યને લીધે તેઓ એક નિષ્ણાત વીજ ઈજનેર

તરીકે  પ્રખ્યાત થયા. ગુજરાત સરકારે કદર રૂપે,ચીફ બોયલર ઈન્સ્પેક્ટર અને મેમ્બર ઓફ બોર્ડ ઓફ એક્ઝામીનર્સ તરીકે અને મોર્ડન હાઈ પ્રેશર બોયલરના પ્રેક્ટીકલ નિષ્ણાત તરીકે, ત્રણ વર્ષ માટે (૧૯૯૯-૨૦૦૧) નીમણૂક કરી. વીજ નિગમોના ટેકનિકલ પ્રશ્નો ઉકેલવાની સમિતિમાં રહી, ફોરેન કંસલ્ટીંગ ટીમો સાથે, ઈક્વીપમેન્ટોમાં દૂરોગામી ફેરફારો કરી, લાખોટન રીઝેક્ટમાં જતા કોલસા બચાવી, દેશની સંપત્તિ માટે એક આગવો ફાળો આપ્યો. તેમના આ યોગદાનની, કેન્દ્ર સરકારની થર્મલ પ્લાન્ટ બનાવતી, બીએચએલ કંપનીની ડિઝાઈનીંગ ટીમે નોંધ લીધી. તેમણે ૫૦૦ મેગાવૉટના યુનિટોના સ્પેસીફીકેશનમાં ફેરફાર કર્યા. આ ફેરફારે, અનેક રાજ્યોના નિગમોને આર્થિક ફટકામાંથી બચાવી લીધા, આ રમેશભાઈની કોઇ નાનીસુની સિધ્ધી ન કહેવાય.

ત્યારબાદ એમણે ગાંધીનગર થર્મલ પ્લાન્ટ ખાતે એક્ઝીક્યુટીવ એંજીનીઅર તરીકે સેવા આપી. આ દરમ્યાન એમણે અનેક તજજ્ઞ સમિતીઓનું નેતૃતવ કર્યું. તે સમયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ એમને મળવા બોલાવેલા.

આ બધી વાતોથી તમને લાગશે કે રમેશભાઈ માત્ર એક નિષ્ણાત વીજ-ઈજનેર જ છે. ના ભાઈ ના, એવું નથી. રમેશભાઈ એક સારા કવિ પણ છે. સન ૨૦૦૦ની આસપાસ તેઓ મેધાવી સાહિત્યકાર શ્રીદોલતભાઈ ભટ્ટના સંપર્કમાં આવ્યા અને તેમની પ્રેરણાથી કવિતાઓ લખવાનું શરૂ કર્યું. "આકાશદીપ" ઉપનામથી ગુજરાત સમાચાર દૈનિક અને ગુજરાત સરકારના 'ગુજરાત' પાક્ષિક દ્વારા કવિતાઓ પ્રગટ કરી, 'આકાશદીપ' ઝગમગવા લાગ્યા. સાહિત્યકારોના સત્સંગથી, અને વિશાળ વાંચનથી..સુંદર રચનાઓ કરી, ત્રણ કાવ્ય સંગ્રહ ,'સ્પંદન', 'ઉપાસના' અને 'ત્રિપથગા' પ્રસિધ્ધ કર્યા.

સાથે સાથે, જીઈબી ગાંધીનગરની લાયન્સ ક્લબના તેઓ ફાઉન્ડર મેમ્બર બની તરીકે અનેક સામાજિક કાર્યોમાં સહભાગી બન્યા.

છેલ્લા દશકાથી , અમેરિકામાં કેલિફોર્નીઆથી, શ્રી સુરેશભાઈ જાનીના માર્ગદર્શનથી શરૂ કરેલા 'આકાશદીપ' બ્લોગ થકી , બ્લોગ જગતમાં માનીતા થઈ ગયા છે. 'કાવ્ય સરવરના ઝીલણે' નામે ૪00 ઉપરાંત રચનાઓની પ્રથમ ઈ બુક અને 'ઉપવન' નામે કાવ્યોની બીજી ઈ-બુક વેબમાં મૂકી એમણે એમનો કવિ તરીકેનો પરિચય દઈ દીધો છે. યુ.કે. સ્થિત શ્રી દિલીપભાઈ ગજ્જર અને રોશનીબેન શેલતના મધુર કંઠે ગવાયેલી , તેમની દેશ પ્રેમની એક રચના, સાચે જ  યશકલગી સમાન છે.

રમેશભાઇની રચનાઓનો પરિચય આ નાનકડા લખાણમાં આપી શકાય નહિં. માત્ર નમુનો જ આપું તો,

"નથી  અમારું  નથી  તમારું, આ  જગ સૌનું સહીયારું ,

મારામાં રમતું તે તારામાં રમતું, અવિનાશી અજવાળું."

એમની અનેક ઉત્તમ રચનાઓ માણવા તો તમારે એમના બ્લોગની મુલાકાત લેવી પડશે.

એમના પરિ્વારમાં ત્રણ સુશિક્ષિત દીકરીઓ શ્વેતા, મેનકા ને વિતલના સુખી પરિવારની મહેક માણતા, ધર્મપત્નિ સવિતા સાથે રહી, કવિતા દ્વારા સૌને મળતા જ રહે છે.

# શ્રીમતિ પારૂબહેન કૃષ્ણકાન્ત



પારૂબહેનનો જન્મ ૧૯૬૮ માં અમદાવાદમાં સુખી, સંસ્કારી અને આદર્શવાદી અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતા નરેન્દ્રભાઈની ટેલીફોન ખાતામાં નોકરી હતી. માતા જ્યોતિબહેન ઉપરાંત કુટુંબમાં નાની બહેન કાનનનો સમાવેશ થતો હતો. બન્ને દિકરીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળે એ માટે માતા-પિતાએ શક્ય એ બધું જ કર્યું. પારૂબહેને અમદાવાદની શ્રેષ્ઠ ગણાતી "અમૃત જ્યોતિ" અંગ્રેજી મીડિયમની શાળામાં દાખલ થઈ વિદ્યાપ્રાપ્તિની શરૂઆત કરી. આ શાળા, એ વખતની સામાન્ય શાળાઓ કરતાં અલગ હતી. અહીં ભણતર ઉપરાંત બાળકની પ્રતિભા નિખારવા (Personality Development) ઉપર ખાસ લક્ષ આપવામાં આવતું. આ શાળામાં રહી, માત્ર ૧૨ વર્ષની વયે પારૂબહેને વિવિધ પ્રાર્થના અને શ્લોકોની સાથેસાથે ઈશાવાસ્ય અને ભૃગુવલ્લી જેવા ઉપનિષદ કંઠસ્થ કર્યા હતા અને બીજી પ્રવૃત્તિઓ જેવીકે મેડિટેશન,

યોગા, હોર્સ રાઈડિંગ , સ્કેટિંગ , ડાન્સિંગ, ડ્રામેટીક્સમાં પણ નિપૂર્ણતા મેળવી. ૯ મા ધોરણમાં ભારત નાટ્યમનો સાત વર્ષનો કોર્સ પૂર્ણ કરીને અમદાવાદના ટાગોરહોલ માં આરંગેત્રમ કર્યું. સાથે સાથે કરાટે શીખવાનું પણ ચાલુ કર્યું પણ તેમાં બહુ ફાવટ

ન આવવાથી એક વર્ષ કરીને છોડી દીધું . પારૂબહેનને વાંચનનો ખુબજ શોખ હતો. એમણે સ્કૂલ લાઈબ્રેરીની અનેક બુક્સ વાંચી નાખી હતી, એટલું જ નહિં પણ ઘરે અને પડોશમાં આવતા તમામ ન્યુઝ પેપર અને મેગેઝીન પણ વાંચતા.૧૨ માં ધોરણમાં એમના પિતાની બદલી વડોદરા ખાતે થઈ. વડોદરામાં ૧૨માં ધોરણ સાયન્સનો અભ્યાસ પૂરો કરી વડોદરાની ફેકલ્ટી ઓફ હોમ સાયન્સમાં એડમીશન લીધું. અહીં એમણે ઈતર પ્રવૃતિમાં સ્વીમીંગ શીખી લીધું. કોલેજમાં એમણે ચાઇલ્ડ ડેવેલપમેન્ટમાં સ્પેશ્યલાઈઝેશન કર્યું અને ફાઈનલ વર્ષમાં યુનીવર્સીટીમાં પ્રથમ આવ્યા.

કોલેજના વર્ષો દરમ્યાન વિવિધ પ્રોજેક્ટ્સ , assingnments અને પરીક્ષાઓમાં અતિ ઉજ્જ્વલ દેખાવને કારણે પ્રોફેસરો, HOD અને ડીન ઉપર એક આગવી છાપ છોડી. હજી ભણવાનું પુરૂં નહોતું થયું તે દરમ્યાન એક અનોખો બનાવ બન્યો. વડોદરાની મેડિકલ કોલેજમાંથી M.D.(Skin & VD) ડીગ્રી મેળવેલા ડો. ક્રિષ્ણકાંતને પારૂબહેન ગમી ગયા. ડોકટરનો અને પારૂબહેનના કુટુંબનો પારીવારિક સંબંધ તો હતો, તેથી વાત આગળ વધારવામાં બહુ અડચણ ન આવી. ભણવાનું ચાલુ હતું છતાંયે સગપણ અને લગ્ન થઈ ગયા. ગ્રેજ્યુએટ લેવલનું ભણવાનું તો પુરૂં થયું, પણ પ્રોફેસરો, ડીન વગેરેના અતિ આગ્રહ છતાં, પરિણીત જીવનની કેટલીક મર્યાદાઓને માન આપી, એમણે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં એડમીશન ન લીધું. ફેકલ્ટી તો પારૂબેનને વધુ અભ્યાસ માટે સ્કોલરશીપ આપી ઈંગ્લેંડ મોકલવા પણ તૈયાર હતી, પણ એમણે એ ઓફર નકારી દીધી.

લગ્નબાદ એમના સસરા અને એમના પતિના જોબ અલગ અલગ શહેરોમાં હોવાથી, શરુઆતના બે વર્ષ રાજકોટમાં પતિ-પત્નીએ Nuclear Family નું જીવન ગુજાર્યું. એ દરમ્યાન એમને રાજકોટની પ્રખ્યાત શાળા એમ.વી.ધુલેશિયા સ્કૂલમાં શિક્ષક તરીકેની નોકરીની સામે ચાલીને ઓફર આવી, જે એમણે સહર્ષ સ્વીકારી. એ સમયગાળા વિશે પારૂબહેન કહે છે, “નવું ઘર , નવી જવાબદારી , નવી જોબ, નવો ઉમંગ અને ઉત્સાહ, બધુંય સાથે નીભાવાનું મુશ્કેલ તો હતું પણ અમે બેજ હતા , હોમ મેનેજમેન્ટ અને

ટાઈમ મેનેજમેન્ટના નવા નવા experiment થતા ગયા અને ધીરેધીરે ફાવી ગયું. સ્કૂલમાં પણ ખુબ મન લગાવીને કામ કરતી. અહી લાઈબ્રેરી ખુબ મોટી હતી તે ઉપરાંત કોઈ પણ બુક ઓર્ડર કરીને મંગાવાની છૂટ હતી. શીખેલું બધુજ અમલમાં મુકવાના પૂર્ણ પ્રયાસ સાથે નવા નવા સુજાવ અને પ્રવૃતિઓ આપતી રહેતી. અહી મારા વાંચનનો શોખ કામ લાગતો હતો recent advances in education અંગે ખુબ નવું નવું વાંચી અને અમલમાં મુકવાના પ્રયાસ કરતી રહેતી, અને તે બધું સ્કુલ મેનેજમેન્ટને યોગ્ય લાગતું અને તેથી યથા યોગ્ય બદલાવ થતા ગયા, અને ત્યાંપણ મારી એક સરસ ઈમેજ ઘડાતી ચાલી."

ત્યારબાદ એમની દિકરી ઋજુતાનો જન્મ થયો અને એમના સસરાની નિવૃતિને લીધે Nuclear family નું Joint family માં પરિવર્તન થયું . તે અંગેની સર્વે જવાબદારીઓ તેઓએ હંમેશા ખુબજ મનથી લાગણી અને પ્રેમથી નીભાવી છે . આ સમય દરમ્યાન તેમના પતિ ડો ક્રિષ્ણકાંતને આગળ અભ્યાસ અર્થે લંડન જવાનું પણ ગોઠવાયું સંજોગોને વશ થઈ પારૂબહેને શાળામાંથી એક વર્ષ માટે છૂટ્ટી લીધી. એક વર્ષ પછી પાછી જોબ ચાલુ થઇ ગઈ, સ્કુલમાં પણ નવી નવી જવાબદારીઓ સોંપાતી ચાલી અને પ્રગતિ ચાલુ રહી, સ્કુલની પણ અને એમની પણ! સ્કુલનેમાટે જરૂરી

એવા સેમિનાર્સ , ટ્રેનીંગ વર્કશોપ્સ, ડિસટન્ટ લર્નીંગ કોર્સ વિગેરે એમણે સફળતાપૂર્વક પુરા કર્યા. આ દરમ્યાન કોમપ્યુટર વાપરવાનું પણ શીખી લીધું.

સ્કુલ ની પ્રગતિ ખુબ ઝડપી હતી નવા કેમ્પસ અને નવા નવા સેક્શનસ બનતા જતા હતા અને નવી નવી જગ્યાએ પારૂબેન નું પોસ્ટીંગ થતું હતું. છેવટે ICSE બોર્ડની S N Kansagra સ્કુલમાં સ્થાયી જવાબદારી મળી . મોટી દીકરી ઋજુતા પછી નાનો દીકરો હેતવ હતો. બંને સંતાનો ICSE બોર્ડની ગુજરાતની બેસ્ટ S N Kansagra સ્કુલમાં અતિ ઉત્તમ દેખરેખ હેઠળ ભણતા હતા.

સ્કુલમાં પારૂબેનનું કાર્ય ક્ષેત્ર વિસ્તરતું જતું હતું , ટીચિંગ , પ્લાનીંગ , ટીચર્સ ટ્રેનીગ , coordinating વગેરે વગેરે . સન 2005 માં સ્કુલ તરફતી તેઓનું **સન્માન** કરવામાં આવ્યું . હેમુ ગઢવી હોલ માં 2500 માણસો વચ્ચે ખુબજ યાદગાર ફંન્કસન કરવામાં આવ્યું તે તેમના જીવનનું અમુલ્ય સંભારણું બની રહ્યું. Principal ની પોસ્ટ માટે જરૂરી MEd ની ડીગ્રી માટે તેનો 2 વર્ષ નો કોર્સ કરવા માટે તેમને સ્કુલ તરફથી સિંગાપોર મોકલવાનું નક્કી થયું. ખર્ચ બધો સ્કુલ ભોગવવાની હતી પરંતુ ઘર કુટુંબ અને સંતાનોની જવાબદારી ને કારણે તે શક્ય બન્યું નહિ. થોડા સમય બાદ શાળામાં children with special needs માટે નવું section ચાલુ થયું અને એમાં std 1 to 10 ના coordinator તરીકે જવાબદારી મળી, તે ખુબ મન લગાવીને છેલ્લે સુધી નિભાવી. ૧૯ વર્ષ સ્કુલમાં કામ કરી આખરે એમણે તંદુરસ્તી અને કુટુંબની જવાબદારીને લક્ષમાં લઈ રાજીનામું આપ્યું.

પારૂબહેનના માતા-પિતાએ પોતાની બે દિકરીઓને જે રીતે ઉછેરેલી અને જે જાતનું શિક્ષણ આપેલું, એનું જ અનુકરણ કરીને પારૂબહેને એમની દીકરી ઋજુતા અને દીકરા હેતવના સંસ્કારો અને શિક્ષણ ઉપર પુરતું લક્ષ આપ્યું. આજે દિકરી Dentist છે અને દીકરો ૧૨ માં ધોરણમાં અભ્યાસ કરે છે.

પતિની અને બાળકોની પ્રગતિ માટે એમણે હંમેશાં પોતાની કેરીઅરના કોરે મૂકી છે. ડો ક્રિષ્ણકાંત પંડ્યા ખુબજ એક્ટીવ academician અને સફળ ડોક્ટર છે. International કોન્ફરન્સમાં એમના પેપર present થાય છે. આજે એમનું કલીનીક ૧૫૦૦ sq.ft. ની જગ્યામાં, લેટેસ્ટ લેઝર મશીન્સ, ૧૨ વેલ ટ્રેઇન્ડ અને ક્વોલિફાઇડ સ્ટાફ સાથેનું આખા ગુજરાતના one of the best dermatology અને cosmetology માટેનું ક્લીનીક ગણાય છે.

આવી high pressure વાળી કારકીર્દીમાં પણ પારૂબેન એમના સાહિત્ય પ્રત્યેના પ્રેમથી અળગા રહી શક્યા નથી. એમના મોટા ભાગના લખાણનો વિષય, પછી એ લેખ હોય

કે કવિતા, પ્રેમ રહ્યો છે. એમની કવિતાઓમાં એમનો પતિ પ્રત્યેનો પ્રેમ નજરે ચડ્યા વગર રહેતો નથી. એક્વાર તો મજાકમાં મેં એમના એક કાવ્યના પ્રતિભાવમાં લખેલું, "એક રાધા, એક મીરા અને એક પારૂ; ત્રણે કૃષ્ણના દિવાના." અનેક બ્લોગ્સમાં એમની રચનાઓ પ્રગટ થઈ ચૂકી છે. એમના લખાણો "પિયુની" ઉપનામથી પ્રગટ થયા છે. એમના પોતાના બ્લોગનું નામ પણ એમણે પિયુનીનો પમરાટ રાખ્યું છે. કૌટુંબિક જવાબદારીને લઈ થોડા સમયથી એ બ્લોગ શાંત છે.

પારૂબહેનને જાણવા માટે તમારે 'પિયુની' ની કવિતાઓનો આસ્વાદ લેવો પડશે .

પારૂબેનના પોતાના શબ્દોમાં તેમની કાવ્યમય ઓળખ પિયુનીનો પમરાટમાં મૂકી છે.



તેઓ પોતાની ફિલસુફી અને જીવન મુલ્યો વર્ણવતા કહે છે,

कर्मणयेवाधिकारस्ते मा फलेषु कदाचन।

मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि।

"મનુષ્યનો તેના નિયત કર્તવ્ય અને કર્મ કરવાનો અધિકાર છે,
પરંતુ તે કર્મના ફળ ઉપર તેનો અધિકાર નથી, માટેજ તેણે
પોતાની જાતને કદી પણ તેના કર્મોના ફળનું કારણ માનવી નહિ. તેણે ફળ પ્રતિ આસક્તિ રાખ્યા વગર કર્મ કરતા રહેવું જોઈએ. આવા નિષ્કામ કર્મ મનુષ્યને નિ:સંદેહ મુક્તિના માર્ગ પ્રતિ દોરી જાય છે."

"શ્રીમદ ભગવદ ગીતાના આ શ્લોકને સમજીને અમલમાં મુકવાની કોશિશ કરું છું. આત્મા ને પરમાત્મા સમજીને દરેક વર્ગના લોકો સાથે સદભાવ અને પ્રેમભર્યો વ્યહવાર રાખવાની કોશિશ કરું છું. સમાજના ગરીબ, દુ:ખી અને નિ:સહાય અને જરૂરીઆતમંદ લોકોને થાય તેટલી મદદ કરીને પોતાની જાતને પરમકૃપાળુ પરમાત્માનું વહાલું સંતાન સમજી અને નસીબદાર માનું છું." -

# શ્રી અશોક મોઢવાડીયા



અશોકભાઈનો જન્મ ૧૯૬૭માં, મોસાળનાં ગામ, પોરબંદરમાં થયેલો. બાપદાદાનું ગામ નજીકનું વિસાવાડા. મધ્યમવર્ગીય ખેડૂત કુટુંબના એમના પિતા મેરામણભાઈ મોઢવાડીયા જો કે સરકારી કર્મચારી હતા. પ્રાથમિક શાળાના ધોરણ સાત સુધીનો અભ્યાસ એમણે ગામની તાલુકા શાળામાં કર્યો હતો. આઠમા ધોરણનો અભ્યાસ ગામની સરકારી શાળામાં કર્યા બાદ, ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ માટે જૂનાગઢની વિવેકાનંદ હાઈસ્કૂલમાં દાખલ થયા હતા. બારમા ધોરણમાં અસફળ રહ્યા બાદ એમણે ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સીટીનો અભ્યાસક્રમ કરી B.Com. ની ડીગ્રી હાંસિલ કરી. શાળાના વર્ષો દરમ્યાન એમણે વક્તૃત્વ હરિફાઈઓ અને સામાન્યજ્ઞાન સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામો મેળવેલા.

શાળાજીવન દરમ્યાનમાં જ, સ્વાલંબનની ભાવનાથી પ્રેરાઈને, અગરબત્તી બનાવવાના, કાગળની થેલીઓ બનાવવાના અને બુકસેલરને ત્યાં મદદનીશ તરીકે કામ કરવાના, આવા અનેક કામો કરી પોતાના માટે ખીસાખર્ચી મેળવી લેતા. આગળ

જતાં ITI માં શિક્ષણ લઈ સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં એપ્રેન્ટીસ મિકેનીકનું કામ પણ કરેલું. ઈલેક્ટ્રોનીકસના શોખને લઈ, એ જમાનામાં નવા જ દાખલ થયેલા બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી.ની રચના સમજી લઈ, એમણે ટી.વી. રીપેર કરવાનું અને એસેમ્બલ્ડ ટી.વી. બનાવીને વેંચવાનું શરૂ કર્યું. બસ આમાંથી જ એમનો Electrical Home Appliances Sales and Service નો ધંધો શરૂ થયો.

૧૯૮૯ માં અશોકભાઈના લગ્ન દક્ષા બહેન સાથે થયા. અશોકભાઈના શબ્દોમાં જ "દક્ષા એક ઘરરખુ સ્ત્રી, ઉમદા પત્ની અને આદર્શ માતા છે." અશોકભાઈ અને દક્ષા બહેનના બે સંતાનોમાંથી દિકરો ઈજનેર થઈ સ્વતંત્ર વ્યવસાય કરે છે અને દિકરી ઈજનેરીનો અભ્યાસ કરે છે.

અત્યાર સુધી મેં જે વાતો કરી એ બધી "આમ આદમી" અશોક મોઢવાડીયાની હતી. હવે જે વાતો કરવાનો છું એ "ખાસ આદમી" એટલે કે "મળવા જેવા માણસ" અશોક મોઢવાડીયાની છે. પોતાના નામ "અશોક" વિશે અશોકભાઈ કહે છે, "મારૂં નામ જ અશોક છે એટલે હું કોઈ વાતનું માઠું લગાડી શોક કરતો નથી." અશોકભાઈને વાંચન, ફોટોગ્રાફી અને ડાયરા ભરવાનો જબરો શોખ તો છે જ, પણ જ્યારથી એમણે કોમ્પ્યુટર વાપરવાનું શીખી લીધું ત્યારથી માત્ર "નેટ સર્ફીંગ" જ નહિ પણ નેટનો ગુજરાતી પ્રજા માટે સદ્ઉપયોગ પણ શરૂ કરી દીધો છે.

જ્ઞાનના ભંડાર રૂપી પુસ્તકને અંગ્રેજીમાં encyclopedia કહે છે. વર્ષો પહેલા "એનસાઇક્લોપિડીયા બ્રિટાનિકા" સર્વ શ્રેષ્ઠ ગણાતું. કોમ્પ્યુટરો સામાન્ય થયા ત્યારે માઇક્રોસોફ્ટનું "એનકાર્ટા" પોપ્યુલર થયું. અંગ્રેજી ભાષામાં તો Wikipedia માં જ્ઞાનના ભંડાર છે, પણ અંગ્રેજી નહીં જાણનારા ગુજરાતીઓનું શું? અશોકભાઈએ વિકિપીડિયા ગુજરાતી માટે, મિત્રોની મદદ લઈ, દસ હજાર ઉપરાંત લેખોનું સંપાદન કર્યું અને એ લેખ નેટ ઉપર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવ્યા. તે ઉપરાંત અશોકભાઈ અને થોડા મિત્રોએ વિકિપીડિયાના બહુભાષી સાહિત્ય પ્રકલ્પ "Wikisource" પર ગુજરાતી ભાષાના સાહિત્ય માટે અલાયદું Domain મેળવ્યું, અને તે

પર ગુજરાતી સાહિત્ય ઉપલબ્ધ કરાવવાનો કાર્યારંભ થયો. એમનો પોતાનો એક આગવો બ્લોગ પણ માણવા જેવો છે. સ્થાનિક મિત્રો સાથે મળી “અભિવ્યક્તિ” નામનું જૂથ બનાવી વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને ઉપયોગી પ્રવૃત્તિઓ માટે પણ અશોકભાઈ સમય ફાળવે છે. બ્લોગ જગતનાં લોકપ્રિય બ્લોગ વેબ ગુર્જરી ના સંચાલક મંડળમાં સામેલ થઈ અશોકભાઈ ગુજરાતી વાંચકોની સેવા કરે છે. તેઓ કહે છે, “કમ્પ્યુટરનું કોઈ અધિકૃત ભણતર ભણ્યો નથી, પણ મિત્રોના સહારે ગણતા ગણતા, ગણતર આવડી ગયું, ને કમ્પ્યુટર પાસેથી ખપજોગું કામ કઢાવી શકું છું. ‘વેબગુર્જરી’નાં વિદ્વાન મિત્રોને જરૂર પડે ત્યારે, આવડત પ્રમાણે, તકનિકી અને ઈ-બૂક્સ બાબતે સેવા આપતા આનંદ અનુભવું છું. અન્ય બ્લૉગમિત્રો પણ મને મારી આવડત પ્રમાણે સેવા કરવાનો મોકો આપે ત્યારે અત્યંત આનંદ થાય છે. માતૃભાષાની સેવાના સેતુબંધ સમા વિશાળ કાર્યમાં ખિસકોલી સમાન યોગદાન આપવા પ્રયાસરત રહું છું.”

મારા માટે તો અશોકભાઈની વિચારવાની રીત જ એક મોટું આકર્ષણ છે. તેઓ કહે છે, “સત્ય હંમેશા બે અંતિમ ધ્રુવોની વચ્ચે ક્યાંક સંતાયેલું હોય છે. જેનો અલ્પાંશ પણ શોધવા માટે બંને અંતિમ ધ્રુવોથી મધ્ય તરફની સફર અનિવાર્ય છે. વાંચન,દર્શન કે શ્રવણ દ્વારા આપણને જે મળે છે તેને માહિતી કહી શકાય, જેની જ્ઞાન સાથે ભેળસેળ

કરવાની ભુલ આપણે મોટાભાગે કરીએ છીએ. માહિતીઓ ક્યારેક તટસ્થ તો ક્યારેક પક્ષપાતી પણ હોઇ શકે. મળેલ માહિતીઓને ચિંતનરૂપી અગ્નિમાં તપાવી અને દરેકે પોતાનું અંગત જ્ઞાનરૂપી કંચન તારવવું પડે.”

એક જગ્યાએ અશોકભાઈએ કહ્યું છે, “જ્ઞાનરૂપી સુવર્ણ એકત્ર કરવાની ઇચ્છા ધરાવનારને, માહિતીરૂપી હજારો મણ માટીને ફંફોસે ત્યારે, તેમાંથી અલ્પાંશે સુવર્ણની પ્રાપ્તિ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સર્વદિશાએથી પ્રાપ્ત થતા વિચારોને ખુલ્લું મન રાખી ગ્રહણ કરવા, અને ત્યાર પછી તેમાંથી, પોતાના અગાઉના સંચિતજ્ઞાન વડે, ઉપયોગી વિચારો અલગ તારવવા. આ નિરંતર ચાલતી રહેતી પ્રક્રિયા જ્ઞાનપ્રાપ્તિ

માટેનું પ્રથમ ચરણ છે. કોમ્પ્યુટરની ભાષામાં કહીએ તો, માહિતીરૂપી ડેટાને ડેટા મેનેજમેન્ટ સોફ્ટવેર દ્વારા ગોઠવી અને ઉપયોગી થઇ શકે તેવો જ્ઞાનરૂપી રિપોર્ટ તૈયાર કરવો."

પુસ્તકોના વાંચન પ્રત્યે ઘટતી જતી રૂચી વિશે અશોકભાઈ કહે છે, "અત્યારનાં સમયમાં તો માહિતી મેળવવા માટેના અસંખ્ય સ્રોત ઉપલબ્ધ થયા છે. ઇન્ટરનેટ, ટેલિવિઝન, અખબારો, પત્રિકાઓ અને પુસ્તકો તો ખરાજ. આ બધા સ્રોતોમાં કદાચ જાણ્યે અજાણ્યે પુસ્તકો પ્રત્યેની આપણી રૂચી ઘટતી જતી હોય તેવું લાગે છે. વાંચન માટે કાં તો સમય મળતો નથી અને કાં તો ઇચ્છા થતી નથી. આર્થિક રીતે પરવડવાની બાબતનો અહીં ઉલ્લેખ નથી કર્યો, કારણકે સારા પુસ્તકો, હંમેશા મોંઘા નથી હોતા!"

અશોકભાઈ માને છે કે વ્યક્તિ કરતા તેના વિચારો અને કાર્યની ઓળખ વધુ મહત્વની હોય છે, અને એટલા માટે જ મેં અશોકભાઈ વિષે ઓછું લખ્યું છે અને એમના વિચારો વિષે વધારે લખ્યું છે. એમના વિચારો પાછળ એમનું વિશાળ વાંચન રહેલું છે. તેઓ કહે છે, "મને ઉપલબ્ધ તમામ વિષયોના પુસ્તકો હું વિનાપૂર્વાગ્રહ વાંચું છું. જેમાં ધર્મ, વિજ્ઞાન, સાહિત્ય, ચિંતન, કલા જેવા ઘણા વિષયો આવી જાય છે.

ટુંકમાં હું આઇન્સ્ટાઇન થી લઇને એલિસ્ટર મેક્લિન અને ઋષિમુનિઓ થી લઇને રસિકભાઇ સુધીના સૌની કૃતિઓને મારી અલ્પબુદ્ધી પ્રમાણે સમજવાનો પ્રયત્ન કરતો રહું છું."

અશોકભાઈ, પોતાની વાત જ ખરી છે અને અન્ય લોકોની વાત ખોટી છે એવું માનનારાને એક સારી સલાહ આપે છે. "મારૂં સત્ય આપને, અને આપનું સત્ય મને, સંપૂર્ણપણે લાગુ પડે તે જરૂરી નથી. અને તેથીજ, સૌએ પોતપોતાના સત્યની શોધ કરવીજ પડે છે."

અંતમાં રત્નાગીરીના હાફૂસથી પણ વધારે સારી કેરીની મજા માણવી હોય તો જૂનાગઢની કેસર ચાખી જોજો. અને એ ચાખવા જૂનાગઢ જઈ શ્રી અશોક મોઢવાડીયાને જરૂર મળજો.

# શ્રીમતિ મેઘલતાબહેન મહેતા



મેઘલતા બહેનનો જન્મ ૧૯૨૭માં વીસનગરમાં થયો હતો. પિતા વકીલ તરીકે પ્રેકટીસ કરતા. મેઘલતા બહેને નવમા ધોરણ સુધીનો અભ્યાસ વડોદરાની મહારાણી કન્યાશાળામાં કરેલો. આ સમય દરમ્યાન એમણે શાળાના પ્રત્યેક ઉત્સવમાં, નૃત્ય અને નાટકમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલો. કેટલીયેવાર એમને વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાદના હસ્તે ઈનામ મેળવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયેલું. દસમા તથા અગિયારમા ધોરણનો અભ્યાસ તેમણે પાટણમા રહીને કરેલો. એ દરમ્યાનમાં એમના પિતાની ઈલોલમાં જજ તરીકે નિયુક્તિ થતાં, થોડો સમય એમને ફૈઈબાને ઘરે રહી મેટ્રીક સુધીનો અભ્યાસ પુરો કરવો પડેલો.

૧૯૪૦ અને ૧૯૪૭ વચ્ચેનો સમયગાળામાં આઝાદીની ચળવળ એની પરાકાષ્ટાએ હતી. આ સમયમાં ઉછરેલા બાળકોએ વત્તેઓછે અંશે આ ચળવળમાં ભાગ લીધેલો.મેઘલતા બહેન જ્યારે ૧૦ મા ધોરણમાં હતા ત્યારે, ૧૯૪૨ ની ભારત છોડોના આંદોલનમાં સક્રીય ભાગ લેવા તેમણે એક આખો દિવસ અપવાસ કરી

રેંટિયો કાંતેલો, અને ત્યારબાદ અનેક દિવસ સુધી એકટાણા કરેલા. પિતાની સરકારી નોકરી હોવા છતાં, કુટુંબમાં, સગાસંબધીઓમાં અને અડોસ-પડોસમાં આઝાદીની લડતના રંગમાં રંગાયલા લોકો વચ્ચે એમનો ઉછેર થયો હતો.

૧૯૪૪ માં મેટ્રીકની પરીક્ષા પાસ કર્યા બાદ, પાટણમાં કોલેજ ન હોવાથી, બે વર્ષ ભાવનગરમાં માસીને ત્યાં રહી, ફર્સ્ટ ઈયર અને ઈંટર આર્ટસનો અભ્યાસ કર્યો. અહીં એમના માસાના ભત્રીજા રશ્મિકાન્ત સાથે એમનો પરિચય થયો. ૧૯૪૪ માં રશ્મિકાન્ત સાથે એમનું સગપણ નક્કી થયું અને ૧૯૪૯ માં ખૂબ જ સાદી વિધીથી લગ્ન થયા. આ દરમ્યાન કોલેજમાં ઈતર પ્રવૃતિઓ, નૃત્ય, નાટક, સાહિત્ય સભાઓ વગેરેમાં મેઘલતા બહેને ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને આને લઈને અભ્યાસ માટે પુરતો સમય ન ફાળવતા તેઓ ઈંટર આર્ટસની પરીક્ષામાં નાપાસ થયા.

ઈંટર આર્ટસમાં પાસ ન થવાથી, ફરી પરીક્ષા આપતા પહેલાના એક વર્ષના સમયને પસાર કરવા તેઓ માતા-પિતા પાસે ઈલોલ આવી ગયા. ઈલોલમાં એક નાની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષકની જગ્યા ખાલી હતી, એમને એ નોકરી મળી ગઈ. આ ઉપરાંત ત્યાંના દરબારગઢથી રજવાડાએ એમની ઠકરાણીને ભણાવવાનું કામ પણ સોંપ્યું. આમ એક વરસ જોતજોતાંમાં પસાર થઈ ગયું. ફરી પાછી કોલેજ જોઈન કરી, બાકીના બે વર્ષ પૂરા કરી, ૧૯૪૮ માં B.A. ની ડીગ્રી મેળવી. કોલેજના આ બે વર્ષ દરમ્યાન પણ એમણે નાટ્ય પ્રવૃતિમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો એટલું જ નહિં પણ એ જમાનાના અતિ પ્રખ્યાત કલાકારો સાથે કામ કર્યું. એક સ્પર્ધામાં તો તેમણે જયંતિ પટેલ (રંગલો)ને હરાવીને પ્રથમ ઈનામ મેળવ્યું.

દેશભક્તિના રંગે રંગાયલા મેઘલતાબહેને, ૧૫મી ઓગસ્ટ,૧૯૪૭ માં મળેલી આઝાદી ઉજવવા આગલી આખી રાત જાગીને અનાજના દાણાની ત્રિરંગાની રંગોળી બનાવી. એજ રીતે ૩૦ મી જાન્યુવારીએ ગાંધીજીની હત્યાથી આહત થઈ, ઉપવાસ કરી, વૈષ્ણવજન  તો તેને રે કહીએ.... ગાંતાં ગાતાં દૂધેશ્વર સુધી ચાલિને ગયા. આવા આવા પ્રસંગો મેઘલતા બહેનના ઊર્મીશીલ સ્વભાવનો પરિચય કરાવે છે.

B.A. ની ડીગ્રી મેળવી મેઘલતાબહેને મહેસાણામાં માબાપ સાથે રહેવા પાછા ગયા અને ત્યાંની શાળામાં શિક્ષીકાની નોકરીમાં જોડાયા. ૧૯૪૯ માં રશ્મિકાન્તભાઇ સાથે લગ્ન થયા બાદ અમદાવાદ રહેવા ગયા, અને ત્યાં પણ શાળામાં શિક્ષીકાની નોકરી શરૂ કરી. આ ગાળા દરમ્યાન અમદાવાદ રેડિયો સ્ટેશન ઉપરથી રજૂ થતા નાટકોમાં કામ કરી ખૂબ નામના મેળવી. નાટકો સિવાય પણ રેડિયો સ્ટેશન ઉપરથી પ્રસારિત થતા અન્ય કાર્યક્રમો, જેવા કે હિન્દી શિક્ષણ, તાણા વાણા, સ્ત્રીઓ માટેના કાર્યક્રમો અને બાળકો માટે પ્રસારિત થતા કાર્યક્રમોમાં ભાગ લઈ ખૂબ જ જાણીતા થયા. એમની કાબેલિયતથી ખુશ થઈ, રેડિયો સ્ટેશનના ડાયારેકટરે એમને સ્ત્રીઓ માટેના કાર્યક્રમોના નિયામક તરીકે મહિને ૭૦૦ રૂપિયાના પગારવાળી નોકરીની ઓફર કરી, પણ એમની ઈચ્છા પતિ સાથે વડોદરા શીફટ થવાની હતી, એટલે એમણે રેડિયોની નોકરીનો અસ્વીકાર કર્યો.


વડોદરામાં એમણે શિક્ષીકા તરીકે બે-ત્રણ શાળાઓમાં નોકરી કરી, અને તે દરમ્યાન એમણે આગળ ભણવાનું ચાલુ રાખ્યું અને ૧૯૬૮ માં B.Ed., ૧૯૬૯ માં M.Ed.; ૧૯૭૩ માં M.A. ઉપરાંત નાટ્યશાસ્ત્રની અને સંગીતશાસ્ત્રની ડીગ્રીઓ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાંથી મેળવી. ત્યારબાદ એમના પતિ રશ્મિકાન્તભાઈને અમેરિકાની Full Bright Scholarship મળી એટલે ૧૯૬૧માં પતિ સાથે અમેરિકા પ્રયાણ કર્યું. અમેરિકામાં માત્ર પતિની સ્કોલરશીપના પૈસાથી પૂરૂં થાય એમ ન હોવાથી મેઘલતા બહેને બેબી સીટીંગ, સિતાર વાદન, અને સ્ટોર્સમાં કામ કરી ગુજરાન ચલાવ્યું. અહીં અમેરિકામાં કેટલાક વિચીત્ર બનાવોએ એમને થોડી આર્થિક મદદ કરી આપી. Life મેગેજીને એમના ફોટા પાડી એમને ૫૦ ડોલર આપ્યા તો NBC એ પોતાના To-day Show માં સિતાર વગાડવા ૩૦૦ ડોલર આપ્યા.

અમેરિકામાં રહીને તેમણે વધારે અભ્યાસ કરવાનું ચાલુ રાખ્યું અને એકટીંગ વિષય લઈ કોલંબિયા યુનિવર્સીટીમાંથી બે કોર્સ કર્યા. એક વર્ષ અમેરિકામાં ગાળી, ૧૯૬૨ માં બન્ને ભારત પાછા ફર્યા.

દેશભક્તિ અને ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો પ્રેમ આ બે મેઘલતાબહેનના જીવનના અગત્યના પાસાં છે. છેક ૧૯૪૬ થી એમણે લખવાનું શરૂ કર્યું હતું. એમની રચનાઓ અખંડ આનંદ, સ્ત્રી જીવન, બાલ આનંદ વગેરે લોકપ્રિય સામયિકોમાં પ્રસિધ્ધ થતી. એમના પુસ્તકો "જ્યોત", "પંચામૃત", "ગટુની ગિલ્લી", વગેરેને સારો આવકાર મળેલો. ટી.વી. માં ભવાઈના કાર્યક્રમોમાં પણ તેમણે ભાગ લીધેલો. એમણે પોતાની કવિતામાં હ્દયની સાચકલી લાગણી ઓં ,ભાવનાઓ, સંવેદનો અને કેટલેક અંશે અનુભવો ઉતાર્યા છે. તેઓ કહે છે કે "કાવ્ય માણવાની સાચી મઝા તો ત્યારે જ આવે જયારે વાચનાર ને લાગે કે આતો મારી જ વાત છે". વધુમાં મેઘલતા બહેન કહે છે કે "જિંદગીને નોટબુકની નહીં,સ્લેટની જેમ વાપરતા જાઓ, લખેલું બધું લુછ તાં જાઓ ,ને નવું નવું લખતા જાઓ."

એમની બન્ને દિકરીઓ અમેરિકામાં સ્થાયી થઈ હોવાથી, વચ્ચે વચ્ચે અમેરિકા આવવા જવાનું થતું રહેતું. આખરે નિવૃતિ બાદ અમેરિકામાં કાયમી વસવાટ માટે આવી ગયા, અને સમય જતાં અમેરિકન નાગરિકતા સ્વીકારી. કેલિફોર્નિયાના Bay Area માં મેઘલતા બહેનનું નામ ખૂબ જાણીતું છે. એમની ગુજરાતી ભાષાની સેવાને લક્ષમાં લઈ થોડા સમય અગાઉ બેય એરિયા ગુજરાતિ સમાજ તરફથી એમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આજે ૮૭ વર્ષની વયે મેઘલતાબહેન કહે છે, "જુવાનીના જોમમાં જીવવાની ટેવ પડી ગઈ છે, આ ઘડપણ તો અતિથી જેવું લાગે છે."

# પી. કે. દાવડા (મારો પરિચય)



મારો જન્મ ૧૦મી માર્ચ, ૧૯૩૬ ના મુંબઈમાં થયો હતો. પિતાનો અનાજના જથ્થાબંધ વેપારનો વિશાળ પાયા ઉપર ધંધો હતો. પિતા માત્ર ચાર ધોરણ સુધી જ ભણેલા હતા. બાને માત્ર થોડું લખતા વાંચતા આવડતું. ૧૯૪૧ માં પાંચ વર્ષની વયે મને નજીકની અંગ્રેજી શાળામાં દાખલ કર્યો હતો.

અમારૂં ઘર, મુંબઈના વિક્ટોરિયા ડોકથી માત્ર ૨૦૦ મીટર દૂર હતું. ૧૪મી એપ્રીલ, ૧૯૪૪ ના વિકટોરિયા ડોકમાં થયેલા બોંબના ધડાકામાં અમારી જીંદગી બદલાઈ ગઈ. પ્રભુ કૃપાએ અમારૂં આખું કુટુંબ હેમ-ખેમ બચી ગયું, બીજા અનેક કુટુંબોએ સ્વજનો ગુમાવેલા. બસ શરીર ઉપર પહેરેલા કપડા સિવાય બીજું બધું આગમાં સ્વાહ થઈ ગયું, મકાનની જગ્યાએ કાટમાળનો ઢગલો હતો.

તે સમયની અંગ્રેજ સરકારે થોડા દિવસમાં જ દરેક કુટુંબની ચોકસી કરી તેમને વાજબી વળતર આપ્યું. અમે મુલુંડ નામના દૂરના પરામાં રહેવા ગયા. આ એક નાનકડું ગામડું હતું અને એમા અંગ્રેજી કે ગુજરાતી શાળા ન હતી, એટલે મને ઘાટકોપર નામના બીજા એક પરાની ગુજરાતી શાળામાં દાખલ કર્યો. ટ્રેનમાં મુલુંડથી ઘાટકોપર વીસ મીનિટ લાગતી. મને શાળામાં લઈ જવા અને ઘરે લાવવા એક નોકરનો બંદોબસ્ત કરેલો. મેં ત્રણ વર્ષ અંગ્રેજી શાળામાં અભ્યાસ કરેલો, એટલે મને

ગુજરાતી શાળાને અનુકૂળ બનાવવા પ્રાઈવેટ ટ્યુશનની પણ વ્યવસ્થા કરેલી. ચોથા ધોરણમાં આવ્યા પછી બધું વ્યવસ્થિત થઈ ગયુ.

આઠમા ધોરણથી મેં શાળાની પ્રવૃતિઓમાં વધારે ઉત્સાહથી ભાગ લેવાનું શરૂ કર્યું. દશમા ધોરણમાં હું Captain of the School ચૂંટાયો અને શાળામાં પહેલીવાર ઊનાળાની રજાઓમાં બાળકોને રજડપાટમાંથી બચાવવા વિવિધલક્ષી "ગ્રીષ્મ પ્રવૃતિ"નું આયોજન કર્યું. આ પ્રવૃતિને લીધે મને સારી પ્રસિધ્ધી મળી. આ દરમ્યાન જ મને માઈક હાથમાં લઈ લોકોને સંબોધવાની પ્રેક્ટીસ થઈ.

૧૯૫૩ માં S.S.C. પરિક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી અને મુંબઈની ખાલસા કોલેજમાં Science Branch માં દાખલ થયો. ઈંટર સાયન્સમાં પુરતા માર્કસ ન મળવાથી મને મુંબઈ કે મહારાષ્ટ્રની બાકીની ત્રણ એંજીનીઅરીંગ કોલેજોમાં એડમીશન ન મળ્યું. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં Faculty of Technology & Engineering માં સિવીલ એંજીનીઅરીંગમાં એડમીશન લીધું. પ્રથમ ત્રણ વર્ષ ફર્સ્ટ ક્લાસ અને છેલ્લા વર્ષમાં ડીસ્ટીંક્શન સાથે, યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે આવી, ૧૯૬૧માં B.E.(Civil) ની ડીગ્રી મેળવી, ભણતર પૂરૂં કર્યું.

૧૯૫૩ થી ૧૯૬૧ નો સમય ગાળો મારા માટે ખૂબ જ પ્રતિકૂળ હતો. ૧૯૫૩ માં મારા બાપુજીને ધંધામાં ન પૂરી શકાય એટલું મોટું નુકશાન થયું (આજના હિસાબે ત્રીસ કરોડ રૂપિયા), એમની પેઢીએ દેવાળું કાઢ્યું. જાહોજલાલીવાળું અમારૂં કુટુંબ રાતોરાત ગરીબ થઇ ગયું. જાહોજલાલીના સમયમાં મારી બાએ સારા એવા ઘરેણાં કરાવેલા. આ ઘરેણાં વેંચીને આઠ વર્ષ સુધી કુટુંબનું ભરણપોષણ ચાલ્યું. મારૂં મેટ્રીક પછીનું શિક્ષણ અતિ ગરીબીમાં થયું. છેલ્લા વર્ષની છેલ્લી ટર્મની ફી ભરવા મારે મિત્રની મદદ લેવી પડેલી. ૧૯૫૩ પહેલા અને ૧૯૬૧ પછી મને આવી આર્થિક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો નથી.

૧૯૬૧ થી ૧૯૭૧ સુધી મુંબઈની ખૂબ જ જાણીતી કંપની Larsen & Toubro Ltd. ના Construction વિભાગ Engineering Construction Corporation માં નોકરી કરી. અહીં મને વિશાળ કદના ઓદ્યોગિક પ્રોજેકટસનાં બાંધકામનો અનુભવ મળ્યો. બાંધકામમાં આંતર-રાષ્ટ્રીય કક્ષાની ટેકનિક્સ શિખવાના મોકા સાથે આ કંપનીના આંતર-રાષ્ટ્રીય ભાગીદારો, જાપાની, ઈટાલીઅન, જર્મન, સ્વીસ અને અમેરિકન એંજીનીઅરો સાથે કામ કરવાનો મોકો મળ્યો. ૧૯૬૪ માં જ્યારે ભારતમાં પહેલીવાર જ PERT/CPM વિષય દાખલ કરવા PERT ના શોધક ચાર્લસ જોન્સ અને CPM ના શોધક ડો. સ્ટીવ ડીંબીકી ભારત આવેલા ત્યારે **National Institute of Industrial Engineering** (**NITIE**) એ આખા દેશમાંથી માત્ર ૧૮ જણને વિવિધ ક્ષેત્ર (રેલ્વે, એરલાઇન્સ, સ્ટીલ ઉદ્યોગ, માઈન્સ, કનસ્ટ્રક્શન વગેરે) માંથી ટ્રેનિંગ માટે પસંદ કરેલા, તેમાં મારી પસંદગી થઈ હતી.



૧૯૭૦ માં મારા લગ્ન એક હોમિયોપેથી ડોકટર ચંદ્રલેખા સાથે થયા. નોકરીમાં અનેક શહેરોમાં બદલી થતી, એમાંથી બચવા અને એક જ શહેરમા સ્થાયી થવા મેં ૧૯૭૨માં Larsen & Toubro Ltd. માંથી રાજીનામું આપ્યું અને P.K.DAVDA,

Counsulting Structural Engineer નામ રાખી, સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. શરૂઆતના ત્રણ ચાર વર્ષ કઠણાઈઓ ભોગવી પણ પછી ખૂબ જ સફળતા મળી.

૧૯૭૭ માં Govt. of India ની Ministry of Finance તરફથી મને પ્રોપર્ટીના વેલ્યુઅર તરીકેનું લાઈસેંસ મળ્યું. ૧૯૮૫ સુધી Structural Engineer અને Valuer બન્ને વિભાગોમાં કામ સંભાળ્યું. ૧૯૮૫ માં Structural Engineer તરીકેની પ્રેકટીસ બંધ કરી. ૧૯૯૪ માં મારો પુત્ર ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ગયો, ૧૯૯૮માં મારી દિકરી પણ વધુ અભ્યાસ માટે અમેરિકા ગઈ. ૨000 માં મેં વેલ્યુઅર તરીકેની પ્રક્ટીસ પણ બંધ કરી, નિવૃતિ લીધી.

મારી પ્રોફેશનલ પ્રેકટીસ દરમ્યાન મેં Hospitals, Schools, Religious Places વગેરેને વિના વળતરે સેવાઓ આપેલી જેને લીધે મારા Social Contacts નો વ્યાપ વધ્યો હતો.

દિકરો M.S.(Computer Science) અને દિકરી Ph.D.(Pharmacy-PK/PD) કરી અમેરિકામાં જ સ્થાયી થઈ ગયા. ચારેક વાર હું અને મારી પત્ની બાળકોને મળવા અમેરિકા ફરી ગયા. બાળકો પણ દર વર્ષે ભારત આવી અમને મળી જતા. આખરે ૭૬ વર્ષની વયે આ ફેરા હવે નહિં ફાવે સમજી ૨૦૧૨ ના જાન્યુઆરીમાં કાયમી વસવાટ માટે અમેરિકા આવી ગયા.

૧૯૫૩મા શાળા છોડ્યા પછી, ગુજરાતીમાં એકપણ નિબંધ, લેખ, વાર્તા કે કવિતા લખેલા નહિં. જાન્યુઆરી ૨૦૧૦ મા કોમપ્યુટરમાં ગુજરાતી ફોન્ટની પ્રેક્ટીસ કરવા રમત રમતમા “ઘર બેઠે ગિરધારી” નામે એક કવિતા લખી. લગભગ એ જ ગાળામા, મને બ્લોગ એટલે શું એની જાણ થઈ હતી, એટલે મેં શરૂઆત કરવા, આ કવિતા “રીડ ગુજરાતી”ના શ્રી મૃગેશ શાહને મોકલી આપી. એમણે એ ૨૯ જાન્યુઆરી ૨૦૧૦ના “રીડ ગુજરાતી”મા મુકી. સરસ કોમેંટ્સ મળ્યા. બસ થઈ ગઈ યાત્રાની શરૂઆત.

આ સમયગાળા દરમ્યાન, સર્ફીંગ કરતાં કરતાં મને શ્રી ભરત સૂચકના “ગુજરાતિ”, “બ્લોગની જાણ થઈ. હું જેમ જેમ લખતો ગયો તેમ તેમ લેખ અને કવિતા આ બ્લોગ્સમાં મૂકવાનું શરૂ કર્યું. જાતે જ પોસ્ટ મૂકવાની સગવડ હોવાથી મને આ બ્લોગ વધારે માફક

આવ્યો. મોટા ભાગના લખાણોને સારા પ્રતિભાવ મળવા લાવ્યા. આ બ્લોગને લીધે મારી બ્લોગ મૈત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ (સ્વપ્ન જેસાવરકર), શ્રી રમેશ પટેલ (આકાશદીપ), ડો. કિશોરભાઈ મોહનભાઇ પટેલ, બહેન પારૂ કૃષ્ણકાન્ત અને બહેન સીમા દવે સાથે થઈ. જોત જોતાંમા ૧૫૦ પોસ્ટ થઈ ગઈ.

આ સમયગાળા દરમ્યાન કેટલાક લેખ અને કાવ્યો અન્ય લોકએ પોતાના બ્લોગમાં રીબ્લોગ કર્યા. જાન્યુઆરી ૨૦૧૦થી જાન્યારી ૨૦૧૨ સુધી મુંબઈથી લેખ અને કવિતા ગુજરાતી બ્લોગમા મૂકતો રહ્યો. મારા બ્લોગના કોઈપણ બે લખાણ ના વિષયમાં ક્યાંયે દૂર દૂરનો પણ સંબંધ ન હતો. મનમા આવે એ વિષય પર, મનમા આવે તે લખતો. કંઈ પણ પ્લાનીંગ નહિં, કંઈ પણ એડીટીંગ નહિં. લોકોના પ્રતિભાવ પરથી સમજાઈ જતું કે મેં કેવું લખ્યું છે. મારા બધા જ લખાણ મારા જીવનમાં જોયેલી, અનુભવેલી, સાંભળેલી અને સમજેલી ઘટનાઓ પર આધારિત હતા. કોઈની લાગણીને ઠેસ ન પહોંચે એ વાતનું હું ખાસ ધ્યાન રાખતો.

કેટલાક મિત્રો મારૂં નામ પૂછે છે. મારૂં નામ પુરૂષોત્તમ છે, પણ શાળાના સમયથી જ મારા શિક્ષકો અને મિત્રો “પીકે” કહીને બોલાવતા. આજે મને પુરૂષોત્તમ નામે ભાગ્યે જ કોઈ ઓળખે છે એટલે મેં મારી ઓળખ જાળવવા “પીકે દાવડા” ચાલુ રાખ્યું. ૧૯૬૧ પછી, હું એંજીનીઅર હોવાથી, મારી બીજી ઓળખ “દાવડા સાહેબ” તરીકે બની, જે પહેલી ઓળખ કરતાં પણ વધારે પ્રચલિત છે. હવે તો મારી આ ઓળખ મેં પણ સહજપણે સ્વીકારી લીધી છે.

૨૦૧૨ના જન્યુઆરીમા હું કાયમી વસવાટ માટે અમેરિકા આવ્યો. અહીંથી પણ મેં બ્લોગ્સ માટે લખાવાનું ચાલુ રાખ્યું. અહીં આવ્યા બાદ મારા બ્લોગ મિત્રોમા થોડી વ્યક્તિઓનો ઉમેરો થયો. આમાના લગભગ બધા જ બ્લોગ જગતમા ખૂબ જાણીતા છે. “અક્ષરનાદ” ના શ્રી જીગ્નેશ અધ્યારૂ, “ગદ્યસૂર” અને બીજા અનેક બ્લોગ્સના સંચાલક શ્રી સુરેશ જાની, “વિલિયમ્સ ટેલ્સ” ના શ્રી વલીભાઈ મુશા, “આકાશ દીપ” ના શ્રી રમેશ પટેલ, “ચંદ્ર પુકાર”ના ડો. ચંદ્રવદન મિસ્ત્રી, “વિનોદ વિહાર” ના શ્રી વિનોદભાઈ પટેલ, “હાસ્ય

દરબાર" ના ડો.રાજેન્દ્ર ત્રિવેદી, "વિજય નું ચિંતન જગત" ના શ્રી વિજય શાહ, "શબ્દોનું સર્જન" ના બહેન પ્રજ્ઞા દાદભાવાલા, "Net-ગુર્જરી"ના શ્રી જુગલકિશોર વ્યાસ, અને "નિરવ રવે"ના બહેન પ્રજ્ઞા વ્યાસ. આ બધા મહાનુભવોએ મને ખૂબ ઉત્સાહ આપી લખવાનું ચાલુ રાખવા પ્રેર્યો છે, નહિં તો કદાચ થાકી જઈ ને મેં બ્લોગ્સમા લખવાનું બંધ કર્યું હોત.

બ્લોગ્સે મને નિવૃત્તિમા પ્રવૃતિ પૂરી પાડી છે. અમેરિકામા મારી એકલતા દૂર કરવાનું માધ્યમ આપ્યું છે. ભારત, અમેરિકા, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલીઆ, આફ્રીકા અને મિડલ ઈસ્ટના લોકો સાથે સંપર્ક કરાવ્યો છે. અનેક લોકો મને માનથી  દાવડા સાહેબ કહી સંબોધે છે. જીવનના ૭૯ મા વર્ષમા આનાથી વિશેષ જોઈએ પણ શું?

# શ્રી જુગલકિશોર વ્યાસ



જુગલકિશોરભાઈનો જન્મ ૧૯૪૪માં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ઉમરાળામાં અને રંધોળા ગામોમાં થયું. આ Formative વર્ષોમાં ધર્મમૂર્તિ માતા અને જ્ઞાનમાર્ગી પિતાજી, અને ઉમરાળા પંથકના ગાંધી કહેવાયેલા એમના ફૈબાના દીકરા વનમાળીભાઈ વ્યાસ, જે 'મોટાભાઈ' ના નામે જાણીતા હતા, તેમની એમના ઉછેરમાં બહુ મોટી અસર થઈ.

જુગલકિશોરભાઈ માધ્યમિક શાળાના શિક્ષણ માટે જૂનાગઢ જીલ્લાના શાપુર ગામે ગયા. અહીં ૧૯૫૫થી ૧૯૬૦ સુધી સર્વોદય આશ્રમ લોકશાળામાં રહી, S.S.C. સુધીનો અભ્યાસ પૂરો કર્યો. આ સમય દરમ્યાન એમણે ૧૯૫૬થી ૧૯૫૯ દરમ્યાન ગુજરાતના પ્રખર હવેલી સંગીતકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાજી પાસેથી શાસ્ત્રીય સંગીતમાં તાલીમ મેળવી. આ સમયગાળાને યાદ કરી જુગલકિશોરભાઈ કહે છે, “શાપુર સર્વોદય આશ્રમ લોકશાળામાં ૧૧-૧૨ વરસની ઉંમરે (૧૯૫૫) દાખલ થઈને ત્યાં છ વરસ ગાળ્યાં, તે મારા જીવનનો પાયો નાખનારાં બન્યાં. શાપુરનું વાતાવરણ

કાચી ઉંમરને કારણે આકરું લાગતું. વતનથી દૂર, કુટુંબની ઓછી આવક, અને લોકશાળાના નિયમોને લઈને શાપુર કસોટી કરનારું બનેલું. પણ એ જ લોકશાળા

મને કસનારી બની. શરીર અને મન કસાયાં. ત્યાંનું મુક્ત વાતાવરણ અને બુનિયાદી તાલીમનાં બહુ ગમતા અભ્યાસક્રમો અને પદ્ધતિઓએ મને તૈયાર કર્યો."

શાળાનો અભ્યાસ પૂરો કરી, જુગલકિશોરભાઈ વધુ અભ્યાસ માટે ભાવનગર જિલ્લામાં આવેલી, ગુજરાતના પ્રથમ કક્ષાના કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ દ્વારા સ્થાપિત લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં કૃષિ વિજ્ઞાન વિષય લઈ જોડાયા. અહીં ૧૯૬૨થી ૧૯૬૬ દરમ્યાન અભ્યાસ કરી, કૃષિ વિજ્ઞાનમાં પ્રથમ વર્ગમાં સ્નાતકની પદવી મેળવી. આ સમયગાળા વિષે જુગલકિશોરભાઈ કહે છે કે, "લોકભારતીમાં આવવાનું મોડું થતાં લોકશિક્ષણ (આર્ટસ)માં જગ્યા ન મળી. કૃષિ ગમતો વિષય ન હતો. પરંતુ આર. આઈ.ના બે વરસના કોર્સમાં દિલ્હીની શિષ્યવૃત્તી (રૂ. ૨૫૦/– વાર્ષિક) મળવાની શક્યતા હોઈ કૃષિમાં જ દાખલ થયેલો. એમ એક બાજુ અણગમતા વિષય સાથે પનારો પડ્યો અને બીજી બાજુ સમગ્ર જીવને પલટાવી નાખનારો લોકભારતીનો ખોળો મળી ગયો....ત્યાર પછીનાં સાડા ત્રણ વરસ મારાં આવનારાં જીવન માટે ખાતર–પાણી ને હવામાન–શાં બની રહ્યાં. પછીનો જે કાંઈ સારો પાક મારે જીવન–ખેતરે પાક્યો તે બધો જ લોકભારતી–માડીના પ્રતાપે."



**ગુજરાતના શિક્ષણાચાર્યો: સૌ પ્રાત:સ્મરણીય ન.પ્ર.બુચ, દર્શક, મૂ.મો.ભટ્ટ**

**પાછળ એમના શિષ્યો ડાબેથી રવીન્દ્ર અંધારિયા, પ્રવીણ ડાભી, જુગલકિશોર.**

સ્નાતક થયા બાદ તરત જ એમણે બાવળા હાઈસ્કૂલમાં કૃષિ વિષય શીખવવા શિક્ષક તરીકે નોકરી શરૂ કરી પણ થોડા સમય બાદ જીવન જરૂરિયાતોને પહોંચી વળવા એક કાપડની મિલમાં રોજના રૂપિયા પાંચના પગારવાળી નોકરી સ્વીકારી. આ નોકરી કરતાં કરતાં જ એમણે ગુજરાતી વિષય લઈ, અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં M.A.ની ડિગ્રી પ્રથમ વર્ગ સાથે મેળવી. આ સમયગાળા અને ત્યાર બાદના વ્યાવસાયિક જીવન અંગે એમના જ શબ્દોમાં કહું તો, "ગુજરાત વિદ્યાપીઠમાંથી અનુસ્નાતક થવા માટે મારે નોકરી કરવી પડે તેવી ઘરની સ્થિતિ હતી. તેથી ત્રણ વરસ મેં મીલમાં પટાવાળાની કક્ષાની – સેમી ક્લાર્ક તરીકેની – નોકરી કરેલી. અનુસ્નાતક થયા બાદ ઈડર કૉલેજમાં એક વરસ ગુજરાતી વિષયના લેકચરરની નોકરી કરી. સમોડા ગ્રામ વિદ્યાપીઠમાં ત્રણ

વરસ ગુજરાતી ભાષામાં લેક્ચરર ઉપરાંત છાત્રાલયનું તથા સંસ્થા–સંચાલનમાં પણ મદદરૂપ કાર્ય કર્યું. ગાંધીજીએ સ્થાપેલા મજૂર મહાજનમાં ચારેક વરસ વર્કર્સ એજ્યુકેશન વિભાગમાં ઇન્ચાર્જ તરીકે અને ત્યાંના મુખપત્ર 'મજૂર સંદેશ'ના સંપાદનમાં મદદનીશ તરીકે પણ કામ કર્યું. છેલ્લે ૨૪ વરસ ભારત સરકારના પ્રૌઢશિક્ષણ વિભાગના શ્રમિક વિદ્યાપીઠ, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સીટીના નેજા નીચે ૧૨ વરસ

કાર્યક્રમ અધીકારીરૂપે અને પછી નિવૃત્તી સુધીનાં ૧૨ વરસ નિયામક તરીકે કામગીરી કરી."

ચાર વર્ષની મજૂર મહાજનની કામગીરી વિષે જુગલકિશોરભાઈ કહે છે, "મજૂર મહાજનમાં પગારને નામે મશ્કરી જ હતી, છતાં ઝુંપડપટ્ટીમાં કામ કરવામાં જે સંતોષ મળ્યો એણે આર્થિક વેદનાને શીતળ લેપ કરી આપ્યો. દિવસરાત જોયા વિના મજૂરો સાથે કામ કરવા મળ્યું. આંગણવાડી માટે આધારસાહિત્ય અને અભ્યાસક્રમ તૈયાર કરીને સંચાલન કર્યું. ઉપરાંત, મજૂરોનાં બાળકો માટેની સાવ સસ્તી એવી એક સાથે ૧૫૦ જગ્યાએ ચાલી શકે તેવી ટ્યુશન–યોજના તથા કેટલીય જાતના વ્યાવસાયિક તાલીમ વર્ગોનું આયોજન અને તેનું સંચાલન કર્યું. આ કામનો બદલો ભારત સરકારમાંના શ્રમિક–શિક્ષણક્ષેત્રનું કામ સોંપાતાં મળી ગયો. અહીં મારા જીવનમાંના લોકભારતી અને મજૂર મહાજન બન્નેના વારસાનું સુંદર સંકલન હું કરી શક્યો."

યુનેસ્કોના સહકારથી ભારતમાં સૌથી પહેલી શ્રમિક વિદ્યાપીઠ મુંબઈમાં ૧૯૬૭માં સ્થપાઈ હતી. બીજી વિદ્યાપીઠ અમદાવાદમાં ૧૯૭૬માં સ્થપાઈ જેમાં એમને સૌથી સીનિયર અધિકારી તરીકે નિમવામાં આવ્યા. અહીં એમને નવો ઢાંચો અને નવી પ્રણાલીઓ પાડવાની તક મળી. અહીં એમનું કાર્ય, એમના શબ્દોમાં, "સાવ ઓછું ભણેલાં અનેક બહેનો–ભાઈઓને, સારા અને સફળ શિક્ષકો તરીકે તૈયાર કર્યા; આ જ શિક્ષકોએ, પછી તો ચાર્ટ વગેરે જેવાં શિક્ષણસાધનો તૈયાર કર્યાં; કેટલીક સાવ ઓછું ભણેલી બહેનોએ બચતમંડળો બનાવીને હજારો રૂપિયાનો વહીવટ કર્યો; કેટલાય લોકોનાં

વ્યસનો છોડાવી શકાયાં; અનેક લોકો પોતાના સ્વતંત્ર વ્યવસાયો કરીને પગભર થયાં...."

૧૯૯૮માં જુગલકિશોરભાઈએ લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં ૧૩૦ જેટલાં કુટુંબોને એકત્ર કરી 'નૉળવેલ' નામથી એક મંડળ ઊભું કર્યું.

બધાં કામો વચ્ચે પણ તેમનામાં રહેલી લેખન શક્તિ અને સંપાદન ક્ષમતા ખીલતી રહી જે આજે પણ લોકભારતીના મુખપત્ર "કોડિયું"ના સહતંત્રી તેમજ ગુજરાતી ભાષા પરિષદના જોડણી વિષયક પ્રચાર-પ્રસાર કાર્ય સુધી સક્રીય રહેવા પામી છે.

"શ્રમિક શિક્ષણની દિશામા", "એક ચણીબોરની ખટમીઠી", "ઔષધીય ગાન ભાગ ૧-૨", "સ્વ. શોભન સ્મૃતિ ગ્રંથ" અને "મારા વિષે હું અને એક વી.આઈ.પી. ની આત્મકથા" જેવા પુસ્તકોનું લેખન-સંપાદન તેઓએ કર્યું છે. એટલું જ નહિ, "શ્રમિક શિક્ષણ", "નૉળવેલ", "આયુક્રાંતિ" જેવાં સામયિકોનું સંપાદન પણ તેમણે કર્યું છે.

બ્લૉગ-જગતમાં જુગલકિશોર વ્યાસ નામ ન જાણતા હોય એવા બહુ ઓછા લોકો હશે. શરૂઆતમાં "ગાંધીદર્શન" અને "મારા ગુરુવર્યો" નામના બ્લૉગ્સનું સંચાલન કર્યા બાદ આજે પોતાનું આગવું "નેટ ગુર્જરી" અને સહિયારી સાઇટ "વેબ-ગુર્જરી" નામના બે ખૂબ જાણીતા બ્લૉગમાં તેઓ સક્રિય છે.

વિશ્વભરમાંના ગુજરાતી બ્લૉગમાંથી પોતાની પસંદગીના બ્લૉગ અંગેનો સર્વે થયો ત્યારે સેંકડો ગુજરાતી બ્લૉગમાં પ્રથમ ૧૦ બ્લૉગમાં તેમનો બ્લૉગ 'નેટગુર્જરી' પસંદગી પામ્યો હતો જ્યારે ઇન્ડિબ્લૉગર દ્વારા થયેલી પસંદગીમાં ગુજરાતી બ્લૉગ્સમાં તેમનો ઉપરોક્ત બ્લૉગ પ્રથમ આવ્યો હતો.





**The Indian Blogger AWARDS 2013 Winner**

**GUJARATI : JUGALKISHOR (NET-ગુર્જરી)**

જુગલકિશોરભાઈના જીવનનાં અનેક પાસાં આ નાનકડા લેખમાં આવરી લેવાનું શક્ય નથી. સાહિત્ય ક્ષેત્રમાં એમનું યોગદાન, ગુજરાતી ભાષાની જોડણી, વ્યાકરણ અને કવિતાઓના બંધારણ શીખવતું પિંગળશાસ્ત્ર વગેરેનો ઉલ્લેખ કરવા બેસું તો બીજાં બે પાનાં ઉમેરવા પડે. એમના વધારે પરિચય માટે તો તમારે માત્ર ગુગલની મદદ જ લેવી રહી.

# શ્રી દીપક ધોળકિયા



દીપકભાઈનો જન્મ ૧૯૪૮માં કચ્છ જિલ્લાના ભુજ શહેરમાં થયેલો. ૧૯૫૦ માં જ્યારે એ માત્ર બે વર્ષના હતા ત્યારે એમના દાદા શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા ભારતની બંધારણ સભાના સભ્ય હતા, અને ૧૯૫૨ માં ભારતની પહેલી લોકસભામાં તેઓ કચ્છના પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા. ફરી પાછા ૧૯૬૨માં ગુજરાત વિધાનસભામાં ભુજના પ્રતિનિધિ તરીકે ચૂંટાયલા. દીપકભાઈના પિતા ભાઇકાકા દસમા ધોરણ સુધી ભણેલા હતા. એમના બા માત્ર લખી-વાંચી શક્તા, અને છતાં પણ એમનો વાંચનનો શોખ એટલો જબરો હતો કે લાયબ્રેરીમાંથી રોજ એક પુસ્તક મંગાવીને પુરૂં કરતા. આટલું મોટું રાજદ્વારી Background ધરાવતા હોવા છતાં એ એક મધ્યમ વર્ગી કુટુંબ હતું.

દીપકભાઈનો પ્રાથમિક શાળાનો અભ્યાસ ભુજની ઘર નજીકની સરકારી શાળામાં થયો. એ સમયના રિવાજ અનુસાર, શાળામાં દાખલ થયા ત્યારે નાળિયેર અને પાવલી (ચાર આના) લઈ ગયેલા અને શિક્ષકાના પગપાસે મૂકી શિક્ષિકાને પગે પડેલા. શિક્ષકો પ્રત્યેનો આવો આદરભાવ દીપકભાઈએ જીવનભર જાળવી રાખ્યો. પાંચમા થી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ એમણે મહારાણી શ્રીગંગાબાસાહેબ મિડલ સ્કૂલમાં કર્યો. અહીં એક નાટકમાં એમને વિલિયમ ટેલનું પાત્ર મળેલું. એમનો એક મિત્ર રોહિત વોલ્ટર બનેલો. દીપકભાઈએ તીર મારી રોહિતના માથા ઉપરથી સફરજન નીચે પાડવાનું હતું. તીર ક્યાંક વાગી જશે એ બીકે નાટક દરમ્યાન, તીર છૂટે એ પહેલા જ રોહિતે માથું હલાવી સફરજન નીચે પાડી દીધું.

આઠમા ધોરણથી SSC સુધીનો અભ્યાસ એમણે ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં કર્યો. આ ગાળા દરમ્યાન એમણે વિદ્યાર્થી ચળવળમાં ભાગ લઈ ભવિષ્યની સામાજીક પ્રવૃતિઓ માટેનું ભાથું બાંધી લીધું. ૧૯૬૫ માં SSC પરીક્ષામાં પાસ થઈ ભુજની લાલન કોલેજમાં Science Branch માં જોડાયા. પહેલે વર્ષે જ Maths વિષયમાં ફાવટ ન આવતાં નાપાસ થવાથી, આર્ટસ વિભાગમાં બદલી કરાવી. પરંતુ નાપાસ થવાનો કે એક વર્ષ બગડવાનો એમને અફસોસ નથી. એમનું કહેવું છે કે આ વર્ષ તો એમના માટે બહુ સારું રહ્યું. એ વર્ષ દરમિયાન એમણે જે વિષય હાથમાં આવ્યો તે વાંચ્યું. આમ, એ નિષ્ફળતાનું વર્ષ એમના વિચારો અને દૃષ્ટિકોણને આકાર આપવામાં આશીર્વાદ સમું બની રહ્યું. એમને જુદા જુદા વિષયોમાં રસ કેળવાયો તે તો આ જ વર્ષનું સુફળ છે. ૧૯૭૦ માં ઈકોનોમિક્સને મુખ્ય વિષય બનાવી બી.એ. ની ડિગ્રી પ્રાપ્ત કરી.

એ દરમ્યાન, ૧૯૬૫ની કચ્છ સરહદ પરની ભારત-પાકિસ્તાન લડાઈ પછી આંતરરાષ્ટ્રીય ટ્રાઇબ્યુનલે ચુકાદો આપ્યો તેમાં છાડબેટ. કંજરકોટ વગેરે કચ્છના વિસ્તારો પાકિસ્તાનને મળ્યા. એની સામે મોટો સત્યાગ્રહ થયો, જેમાં જ્યોર્જ ફરનાન્ડિસ, અટલ બિહારી વાજપેયી, મધુ લિમયે વગેરે જોડાયા હતા. ત્રેવીસ વિદ્યાર્થીઓની એક ટુકડીના નેતા

તરીકે દીપકભાઈ પણ સત્યાગ્રહમાં જોડાયા. સરહદે જઈને રાષ્ટ્રધ્વજ સાથે એક પૉઈંટ પાર કરવાનો હતો. પોલીસે પકડી લીધા, તે પછી પંદર દિવસની જેલની સજા થઈ, અને જેલમાં પડતી તકલીફો સહેવી પડેલી.

ગ્રેજ્યુએટ થઈ નોકરીની શક્યતાઓ વધારવા ગુજરાત રાજ્ય સરકારી સેવા પસંદગી મંડળની પરીક્ષા આપી, અને એમાં એમનું પ્રદર્શન પણ સારૂં હતું, પણ કલેક્ટરના રીપોર્ટમાં ચળવળિયો છે, એવું આવ્યું, એટલે પસંદગી ન થઈ. ત્યાર બાદ આકાશવાણીના ભુજના કેંદ્ર માટે એનાઉંસરની પોસ્ટ માટે અરજી કરી. સરકારી નોકરીમાં પોલીસખાતા દ્વારા તપાસ જરૂરી છે. એમણે દાદાની સલાહથી ફૉર્મમાં સાચું લખી દીધું કે એક વાર જેલમાં જઈ આવ્યા છે, પણ પોલીસના અફસરને લાગ્યું કે સત્યાગ્રહ એ કંઈ ફોજદારી ગુન્હો ન કહેવાય એટલે એણે સારો રિપોર્ટ આપ્યો, અને અંતે ૧૯૭૦ માં આકાશવાણી ભુજમાં એનાઉંસર બની ગયા. પણ આંદોલનકારી જીવ એટલે અહીં પણ યુનિયનની પ્રવૃતિઓમાં સક્રિય હતા. ૧૯૭૪ માં એમની પસંદગી ગુજરાતી સમાચાર વાચક અને અનુવાદક તરીકે દિલ્હીમાં થઈ. તમારામાંથી ઘણાએ રેડિયોમાં સાંભળ્યું હશે, “આ આકાશવાણી છે. સમાચાર દીપક ધોળકિયા વાંચી સંભળાવે છે.” અહીં પણ એમની યુનિયન પ્રવૃત્તિઓ ચાલુ જ રહી. ૨૦૦૮ સુધી આકાશવાણીમાં કામ કરી, ૨૦૦૮ માં ૬૦ વર્ષની ઉંમરે નિવૃત્ત થયા.



દિલ્હીમાં બદલી થયા બાદ ચાર વર્ષ રહી, ૧૯૭૮ માં દીપકભાઈના લગ્ન ઉત્તર પ્રદેશના પૂનમ બહેન સાથે થયા. પુનમ બહેન બી.એસસી., બી.એડ.મૂળ ઉત્તર પ્રદેશનાં છે અને લગ્ન પહેલાં શિક્ષિકા હતાં. લગ્ન બાદ દીપકભાઈને  ગુજરાતી ભાષાના નિષ્ણાત તરીકે રેડિયો મોસ્કોની સર્વિસમાં ત્રણ વર્ષ માટે મોકલેલા. દીપકભાઈ અને પૂનમ બહેનની દીકરી “પરા” દિલ્હીની Shaheed Rajguru College of Applied Sciences માં Foods and Nutritionનાં Senior Assistant Professor છે, જ્યારે પુત્ર મનન કલ્પાકમ (ચેન્નાઈ) માં Indira Gandhi Centre for Atomic Researchમાં Scientist છે.

દીપકભાઈનું કુટુંબ National Integration નો જીવતો જાગતો દાખલો છે. ગુજરાતી દીપકભાઈ ઉત્તર ભારતીય પૂનમને પરણ્યા. એમની પુત્રી “પરા” કોંકણી રાકેશને પરણ્યાં અને પુત્ર મનન રાજસ્થાની શુભા શર્માને પરણ્યા. હાલમાં આ એક દ્વિભાષી કુટુંબ છે. એમના જ શબ્દોમાં કહું તો , “આ કૌટુંબિક સંયોગોમાં અમારા ઘરમાં ગુજરાતી અને હિન્દી બન્ને ભાષાઓ ચાલે છે. હું ગુજરાતીમાં પૂછું તેનો એ લોકો હિન્દીમાં જવાબ આપે. બૃહદ કુટુંબના બીજા સભ્યો સાથેની વાતચીતમાં મારી  પત્ની અને બન્ને ભાઈબહેન ગુજરાતી જ વાપરે. હું ભૂલથી હિન્દી બોલી જાઉં તો મને રોકે –“તુમ ક્યોં હિન્દી બોલતે હો? ગુજરાતી બોલો.” પણ પોતે મારા ગુજરાતીમાં પુછાયેલા સવાલનો હિન્દીમાં જવાબ આપે !”

દીપકભાઈ નોકરીમાંથી નિવૃત્ત થયા છે પણ સામાજિક પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત નથી થયા. હજી પણ તેઓ Indian Community Activists Network (ICAN) ના સક્રિય સભ્ય છે. આ દેશમાં ચાલતાં જનઆંદોલનોની સામૂહિક સંસ્થા છે જે પ્રાકૃતિક સંપદા પર જનતાના અધિકારની હિમાયત કરે છે. ICAN ના ન્યુઝલેટરના તંત્રીમંડળમાં મુખ્ય જવાબદારી દીપકભાઈ સંભાળે છે. દિલ્હીમાં પાણીના ખાનગીકરણ વિરુધ્ધ જનઆંદોલન સમિતિના તેઓ જનરલ સેક્રેટરી છે, અને પાણી અને સેનિટેશનની સમસ્યાઓ માટેની ફોરમના Founder Member અને સલાહકાર છે. ઉપરાંત સરકારી

કર્મચારીઓનું સંગઠન Indian Public Service Federation (IPSEF) માં સલાહકાર અને Ideologue છે.

બ્લોગ જગતમાં એમનો અંગત બ્લોગ "મારી બારી" છે, પણ છેલ્લા થોડા સમયથી વેબગુર્જરીના સંપાદક મંડળમા સક્રિય છે. એમના જીવનની ફિલોસોફી છે, "કોઈનું સમજીવિચારીને નુકસાન ન કરવું. કોઈ કામ કરવાની હા પાડી હોય તો એ હા આપણે આપણી જાતને જ કહીએ છીએ. એટલે કોઈ કહે કે ન કહે, જેના માટે હા કહી હોય તે કામ સારામાં સારી રીતે કરવું. સમજ્યા વિચાર્યા વિના હા ન કહેવી." વધુમાં તેઓ કહે છે,

"ભૂતકાળમાં જોવાનું હું બહુ પસંદ કરતો નથી", અને તેમ છતાં મારી વિનંતિને માન્ય રાખી એમણે ભૂતકાળમાં ડોકિયું કરી મને જરૂરી માહિતી આપી.

# શ્રી ચીમન પટેલ 'ચમન'



ચીમનભાઈનો જન્મ ૧૯૩૩ માં બર્મામાં રંગુન શહેરમાં થયો હતો. બીજા વિશ્વયુધ્ધ વખતે જાપાનના બોમ્બમારાથી બચવા એમનું કુટુંબ ઉત્તર ગુજરાતના કૈયલ ગામમાં આવી ગયું. ત્યારે એમની ઉમ્મર સાત વર્ષની હતી.

કૈયલની પ્રાથમિક શાળાનો, અને ત્યારબાદ કડીની સર્વવિદ્યાલય હાઈસ્કૂલનો અભ્યાસ પુરો કરી, ચીમનભાઈએ ૧૯૫૨ માં S.S.C. ની પરીક્ષા પાસ કરી. હાઈસ્કૂલના સાત વર્ષોમાં નિયમિતતા, શિસ્ત, સ્વાવલંબી જીવન, નાટકોમાં, ચિત્રોમાં, સંગીતમાં, બેન્ડમાં ડ્રમ અને વાંસળી, કસરતમાં લેઝીમ, વોલીબોલ વગેરે અભ્યાસની સાથે મેળવી જીવનનો પાયો નંખાયો.

મેટ્રીક પાસ થતાં જ પિતાની  પસંદગીની અભણ કન્યા સાથે એમના લગ્ન કરાવી દેવાયા. કન્યા જોવાની માગણી કે લગ્ન વિરોધ કરવા જેવી પરિસ્થિતિ ત્યારે નો'તી!


અમદાવાદની ગુજરાત કોલેજમાં F.Y.Sc. માં દાખલ થયા. પરીક્ષા વખતે માંદા પડ્યા ને પરીક્ષા ન આપી શક્યા!  વતન પાસેની એક હાઈસ્કુલમાં નોકરી લીધી અને F.Y.Scની પરીક્ષા આપી પાસ થયા એટલે અભ્યાસ આગળ વધારી Int.Sc. કરીને અમદાવાદની

એન્જિનિયર કોલેજમાં પ્રવેશ કર્યો. સામાજિક સમસ્યાઓને કારણે અભ્યાસમાં ચિત્ત ચોટ્યું નહીં અને નાપાસ થયા. એન્જિનિયર કદાચ નહીં થવાય એટલે પાછા ગુજરાત કોલેજમાં Jr.B.Sc થરું કર્યું. એન્જિનિયરની અને Jr.B.Sc ની બંનેમાં પાસ થયા. બીજા વર્ષે ઈલેક્ટ્રિકલને બદલી સિવિલમાં જવાની પરવાનગી ન મળતાં,વલ્લભ વિદ્યાનગરની BVM એન્જિનિયર કોલેજમાં પ્રવેશ મેળવી તેમણે ૧૯૫૯ માં B.E.(Civil) ડીગ્રી મેળવી અને PWD સિંચાઈ ખાતામાં અમદાવાદ લાલ દરવાજે નોકરી શરું કરી.

PWD ની નોકરી દરમ્યાન એમણે વાર્તાઓ લખવાનું શરું કર્યું. પ્રથમ વાર્તા “કળશ”, અમદાવાદથી પ્રકાશિત “ચાંદની” માસિકમાં પ્રગટ થઈ. ત્યાર પછી “ચાંદની”માં “એક પાનાની વાર્તા” શિર્ષક હેઠળ બીજી વાર્તા પ્રગટ થઈ. ત્યાર પછી મુંબઈથી પ્રગટ થતા “નવ વિધાન” માસિકમાં ત્રીજી વાર્તા પ્રગટ થઈ, અને આમ એમની સાહિત્ય પ્રવૃતિની શુભ શરૂઆત થઈ.

આ ગાળામાં નિયંતિકા સાથે અકસ્માતે પરિચય થયો જે ધીરે ધીરે પ્રેમ સ્વરૂપે પાંગર્યો. સમાજ અને સગાઓને આ પ્રેમ પ્રકરણ ગમ્યું નહીં! અમદાવાદની નોકરી છોડી, ભાવનગરની ભાવસિંહજી પોલિટેકનીકમાં લેકચરર તરીકેની નોકરી સ્વીકારી. અહીં એમણે શિક્ષણ ઉપરાંત કોલેજના મેગેઝીનના સંપાદન, વાર્ષિક નાટકોનું દિગદર્શન કરી, નાટકોમાં ભાગ લઈ અનેક પ્રવૃતિઓમાં રસ લઈ વિદ્યાર્થીઓમાં પ્રિય પ્રોફેસર થયા.

નિયંતિકાથી દુર રહીને કાગળોમાં કાવ્યો લખવાને મોકો મળ્યો. ભાવનગરના “સૌરાષ્ટ્ર સમાચારમાં” ૧૧જુલાઈ’૬૫માં ‘ઉકળાટ’ કાવ્ય  પ્રકાશિત થયું.




ભારતમાં રહીને પ્રથમ લગ્નનો ઉકેલ લાવવા પાછળ સમય બગાડવા કરતાં  ઉચ્ચ અભ્યાસાર્થે  જાન્યુ. ૧૯૬૭માં અમેરિકા આવી ગયા. University of Houston માંથી ૧૯૬૮ માં M.S. (Civil) ની ડીગ્રી પ્રાપ્ત કરી અને Fluor Daniel કંપનીમાં નોકરીએ લાગી ગયા.

હ્યુસ્ટનની કોર્ટમાંથી પ્રથમ  લગ્નના  છૂટાછેડા મેળવ્યા. ૧૯૬૯માં નિયંતિકાને અમેરિકા બોલાવી હ્યુસ્ટનની કોર્ટમાં લગ્ન કરી લીધા.

૩૦એપ્રિલ૧૯૭૬ના અમેરિકન સીટીઝન થઈ, બે અનુજ ભાઈઓ અને એક બેનને પરિવાર સાથે અમેરિકા બોલાવી લીધા.

નિયંતિકા સાથેના ૪૨ વર્ષના સુખી  સંસાર બાદ ૭ફેબ્રુઆરી૧૯૧૧માં નિયંતિકાબેનનું કેન્સરમાં અમદાવાદ ખાતે અવસાન થયું. એમના લગ્નથી બે પુત્રીઓ, એક પુત્ર  અને ચાર  પૌત્રો હ્યુસ્ટનમાં જ રહે છે.







૧૯૬૭ માં અમેરિકા આવ્યા બાદ પણ ચીમનભાઇનો સાહિત્યમાં રસ જળવાઈ રહ્યો, બલકે વધ્યો. હ્યુસ્ટનના ગુજરાતી સમાજના મુખપત્ર ‘દર્પણ’માં એમણે દર મહિને હાસ્ય લેખ લખવાના શરૂ કર્યા એટલું જ નહીં પણ એમની ચિત્રકલાની આવડતનો ઉપયોગ કરી, દર્પણના Cover page તૈયાર કર્યા. ૧૯૯૭ માં એમના હાસ્યલેખોને પ્રથમ પુસ્તક “હળવે

હૈયે" માં સમાવી લેવામાં આવ્યા. હ્યુસ્ટનના બીજા એક માસિક "ધરા ગુર્જરી" માં એમણે કવિતા અને હાસ્યલેખ લખવા ઉપરાંત માસિકના કલાનિયોજક તરીકેની કામગીરી પણ નિભાવી અને એમના ચિત્રોથી માસિકના મુખપૃષ્ટને શણગાર્યા. ૧૯૮૫ માં એમના આ કાર્ય બદલ એમને "ધરાગુર્જરી એવોર્ડ" અપાયો.

આ ઉપરાંત એમના લેખો અમેરિકાના કેટલાક માસિકોમાં પ્રગટ થતા રહ્યાઃ (૧)નવવિધાન (૨)ગુંજન (૩)ગુર્જરી ડાયજેસ્ટ (૪)ગુજરાત દર્પણ (૫) ગુર્જરી (૬) ગુજરાત લાઈન(કેનેડા)

ચીમનભાઈની કવિતાઓ અને લેખો "પુસ્તકાલય" વેબ સાઈટ ઉપર પ્રથમ મુકાયા અને ત્યારબાદ એમણે પોતાનો બ્લોગ "ચમનકે ફૂલ" શરૂ કર્યો. વર્ષોથી ચીમનભાઈ હ્યુસ્ટનની સાહિત્ય સરિતાના સભ્ય છે અને ત્યાં પોતાની રચનાઓ રજૂ કરી સૌને હસાવે છે. એમની બધી રચનાઓ એમણે "ચમન" ઉપનામથી પ્રગટ કરી છે.

મિત્રો અને સગાઓની વર્ષગાંઠ અને એનીવર્ષરી વખતે 'હઝલ' લખી, રજુ કરી પેક્ષકોને હસાવવામાં મોખરે છે.

ચીમનભાઈની રચનાઓની ખાસ ખૂબી એ છે કે જે કહેવું હોય તે સીધે સીધું કહી દે છે; ગોળ ગોળ શબ્દોમાં નહિ.

એક ગઝલમાં તેઓ કહે છે;

"વ્યક્તિ ઓળખું કે ન ઓળખાય, તાલી પાડું છું!
ભાષણ સમજાય કે ન સમજાય, તાલી પાડું છું!"

બીજી એક રચનામાં એ કહે છે;

"કરી રાખ્યું છે ધન ભેગું આજ સુધી તો ઘણું,
દઇ દો દાનમાં થોડુ, લેનારા વળી મળે ન મળે!

કરી છે વાતો તમે ખોટી ઘણી બધી આજ સુધી,
કહિ દો હવે સાચું, સાંભળનાર ફરી મળે ન મળે!

એક રચનામાં સલાહના રૂપમાં કહે છે,

"જીભ ચાલે છે તો બોલો, બીજાને દુભાવવા તો નહિ!
હાથ લંબાવો તો મદદ માટે, લાફો મારવા તો નહિ!"

એમની ટેકનોલોજી ઉપર લખેલી "બેસતા કરી દીધા"

રચના તો બ્લોગ્સમાં હજુ પણ ફરતી જોવા/સાંભળવા મળે છે,

"ખાવાનો ચસ્કો બધાનો જુઓ વધતો જાય છે આજે,

'સ્પેસ'માં સુનીતાને પણ સમોસા ખાતા કરી દીધા!

કથાઓ કરાવીને પણ વ્યથાઓ કોઈની ઘટી નથી,

કુટુંબો વચ્ચેના ક્લેશો ભઈ, કેમ વધારતા કરી દીધા?

સ્મશાન વૈરાગ્ય આવવો શક્ય નથી 'ચમન' હવે?

'ઈલેક્ટ્રીક' ભઠ્ઠામાં મડદાં ઝટ બાળતા કરી દીધા!



ચિત્ર નંબર ૧



ચિત્ર નંબર ૨

ચિત્રકલામાં ખાસ કરીને ચારકોલ આર્ટમાં એમને સારી મહારથ છે. ચિત્ર નંબર-૧ એમની સ્વર્ગસ્થ પત્ની નિયંતિકાનો ફોટોગ્રાફ છે અને ચિત્ર નંબર-૨ માં ચીમનભાઈએ દોરેલું ચારકોલ ચિત્ર છે. ચિત્રકલા ઉપરાંત ફોટોગ્રાફી પણ એમની એક હોબી છે. અહિ ઘણા વર્ષો સીન્ગલ ટેનીસ રમી, હવે હળવી કસરતોની સાથે ફાસ્ટ ચાલવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. રાતના ૯ વાગે સુઈ જઈ સવારે ૪ વાગે ઉઠવાનો ક્રમ આજે ૮૨ વર્ષની વયે પણ ચાલુ છે. સવારના ૨૫ મિનિટમાં યોગ સાથે શરીરુપિયોગી હળવી કસરત કરી નોકરીએ જાય છે

અને ફુરસદના સમયમાં શાકભાજીની ખેતી કરી, મકાન ફરતે એવરગ્રીનને માળીની જેમ આકૃતિઓ આપી શોભાવે છે.

ચીમનભાઈ 'ચમન' એટલે પોતાની શર્તે પોતાનું જીવન વ્યતિત કરતી એક Vibrant પ્રતિભા

# શ્રીમતિ દેવિકા રાહુલ ધ્રુવ



દેવિકાબહેનનો જન્મ ગુજરાતના એક ખુબ નાના ગામ ભૂડાસણમાં ૧૯૪૮ માં એક મધ્યમવર્ગી કુટુંબમાં થયો હતો. પિતા મેટ્રીક પાસ થયેલા જ્યારે માતા પાંચ ધોરણ સુધી ભણેલા હતા.
દેવિકાબહેનનો પ્રાથમિક અને માધ્યમિક શાળાનો અભ્યાસ ૧૯૫૪ થી ૧૯૬૪ સુધી અમદાવાદની મ્યુનિસિપાલિટિ કન્યાશાળામાં થયો. નબળી આર્થિક પરિસ્થિતિને લઈ પરીક્ષા વખતે એમને મ્યુનિસિપાલિટિના દીવા નીચે બેસીને અભ્યાસ કરવો પડતો. અભ્યાસમાં તેજસ્વી હોવાથી હંમેશાં પહેલો નંબર આવતો. શાળામાં શિક્ષણ ફ્રી હતું, નોટબુક અને પુસ્તકો કોઈને કોઈ સહાયક પાસેથી મળી રહેતા. અભ્યાસ ઉપરાંત વકતૃત્વ સ્પર્ધા, નૃત્ય-નાટક વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા. વાંચનનો શોખ ખૂબ નાની ઉંમરથી જ હતો અને ખૂબ નાની વયે શેર શાયરીનો શોખ પણ કેળવેલો. પંદર વર્ષની વયે એમણે પહેલી કવિતા લખીને એમના શિક્ષકને આપી હતી.


૧૯૬૪ માં S.S.C. ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ અમદાવાદની એચ. કે. આર્ટસ કોલેજમાં એડમીશન લીધું. સંસ્કૃત અને ગુજરાતીને મુખ્ય વિષય લઈ, ૧૯૬૮ માં B.A. ની ડીગ્રી પ્રાપ્ત કરી. B.A. પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ

થયેલા અને સોમૈયા ગોલ્ડ મેડલ ઉપરાંત અન્ય ચાર ઈનામો પ્રાપ્ત કરેલા. નગીનદાસ પારેખ, મધુસુદન પારેખ અને યશવંત શુક્લ જેવા શિક્ષકોનો એમને લાભ મળેલો. એક કાવ્ય પઠન સ્પર્ધામાં ઉમાશંકર જોશીને હસ્તે એમને ઈનામ મળેલું. કોલેજની ઈતર પ્રવૃતિઓમાં એમના એક નાટકને પ્રથમ ઈનામ મળેલું અને એમની એક નૃત્ય નાટિકાની દિલ્હીમાં રજૂઆત થયેલી. સંસ્કૃત ભાષામાં બોલવાની હરિફાઈમાં પણ એ પ્રથમ આવેલા.



(શ્રી ઉમાશંકર જોશીને હસ્તે ઈનામ)

S.S.C. માં ખૂબ જ સારા માર્કસ આવ્યા હોવા છતાં કુટુંબને મદદરૂપ થઈ શકાય એટલા માટે આર્ટસ શાખા પસંદ કરેલી. સવારની કોલેજ પતાવી, બપોરે ટ્યુશનો અને ટાઈપીંગ વગેરેના પાર્ટ ટાઈમ જોબ્સ કરવાનું શરૂ કર્યું. આર્થિક કારણોસર જ બી.એ. પાસ થયા પછી એમ.એ. કરવાને બદલે પૂરા સમયની નોકરી સ્વીકારી. ૧૯૬૮ માં ગુજરાત યુનિવર્સિટિના પોસ્ટ ગ્રેજ્યુએશન વિભાગમાં કામ મળ્યું.



૧૯૭૧ માં નાગર પરિવારના, રણજી ટ્રોફીના પ્લેયર અને અમદાવાદના જાણીતા ક્રિકેટર રાહુલ ધ્રુવ સાથે પ્રેમલગ્ન કર્યા. લગ્ન બાદ પણ ગુજરાત યુનિવર્સિટિની નોકરી ૧૯૮૦ સુધી ચાલુ રાખી. દરમ્યાનમાં એમના બે પુત્રોનો જન્મ થયો. ૧૯૮૦ માં દેવિકાબેનના મોટાં બહેનની સ્પોન્સરશીપ મળતાં ચારે જણ ગ્રીનકાર્ડ પર કાયમી વસવાટ માટે અમેરિકા આવી ગયા. એમનાં બધાં જ ભાઈ બહેનો અમેરિકામાં જુદા જુદા શહેરમાં છે અને બધાં જ કલાકાર છે. નસીબ જોગે, દેવિકાબહેનને એમના યુનિવર્સિટિના એકાઉન્ટ વિભાગના અનુભવને લીધે, ન્યુયોર્કની બેંક ઓફ બરોડામાં નોકરી મળી ગઈ. ૧૯૮૦ થી ૨003 સુધી, ૨૩ વર્ષ સુધી બેંકની આ નોકરી જાળવી રાખી. ૨003માં કુટુંબે ન્યુયોર્કથી હ્યુસ્ટન સ્થળાંતર કરવાનું નક્કી કર્યું એટલે દેવિકાબહેને બેંકની નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. હ્યુસ્ટનમાં પણ એમને સ્થાનિક શાળામાં નોકરી મળી ગઈ. ૨003 થી ૨૦૦૮ સુધી શાળામાં પૂરા સમયની નોકરી કરી. હાલ શાળામાં પાર્ટટાઈમ કાર્યરત છે. આમ એમણે જીવનમાં સતત કાર્યરત રહી મહિલાઓ માટે એક અનુકરણિય ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

આ બધા વર્ષ દરમ્યાન એમનો સાહિત્ય પ્રત્યેનો પ્રેમ એવો ને એવો જળવાઇ રહેલો. હ્યુસ્ટનમાં આવ્યા બાદ ગુજરાતી સાહિત્ય સરિતામાં સક્રીય થયા અને પછી એમની લેખનપ્રવૃત્તિ વેગવંત બની. એમણે ગુર્જરી, ગુજરાત દર્પણ, ફીલીંગ્સ, ઓપિનીયન, કુમાર વગેરે સામયિકો અને ટહુકો, અક્ષરનાદ, લયસ્તરો, રીડ ગુજરાતી, વેબ ગુર્જરી, આસ્વાદ જેવા જાણીતા બ્લોગ્સમાં પોતાના ગીત અને ગઝલ મૂકવાના શરૂ કર્યા. એમની રચનાઓ ડલાસના રેડિયો આઝાદ, લંડનના સંસ્કાર રેડિયો અને અન્ય લોકલ રેડિયો સ્ટેશનો ઉપર પ્રસારિત થવા લાગ્યા. યુ ટ્યુબમાં પણ એમની અનેક રચનાઓ જોવા મળે છે.

એમના ગીત, ગઝલ અને કાવ્યોના બે પુસ્તકો, શબ્દોને પાલવડે અને અક્ષરને અજવાળે પ્રસિધ્ધ થઈ ચૂકયા છે. એમની એક રચનામાં દેવિકાબહેન યમરાજને કહે છે, “તું ગમે ત્યારે આવજે, તારી સાથે ચાલી નીકળવાની કોઈ આનાકાની નહિ કરૂં, માત્ર એક જ વિનંતી છે કે યાદગાર રીતે આવજે, ભવ્યતાથી આવજે, સૌને ગમે એવી રીતે આવજે અને હા, થોડી આગાહી આપજે જેથી હું સજી ધજીને તૈયાર રહું, અને જેમ જન્મનું સન્માન થાય છે તેમ તારૂં પણ સન્માન થાય.”
બીજી એક અનોખી સિધ્ધિ તે ‘શબ્દારંભે અક્ષર એક’નો તેમનો નવીન પ્રયોગ જેમાં ‘ક’થી ‘જ્ઞ’ સુધીના તમામ અક્ષરો પર જુદી જુદી ગૂંથણી કરી છે. દા.ત.
“કોમળ કોમળ કરમાં કંગન,કંચન કેરાં કસબી કંકણ...”
“પહેરી પાયલ પનઘટ પર,પનિહારી પલકે પાંપણ પલપલ..”
“મેવાડની મીરાંને માધવની મમતા,માધવને મથુરાના માખણની મમતા.”વગેરે..
ગદ્યમાં પણ તેમને સારી ફાવટ છે.

દેવિકાબહેનની રચનાઓમાં આનંદ-ઉલાસ છે, ભક્તિ છે, જીવનની સચ્ચાઇઓ છે, કુદરત છે અને સુફી તત્વજ્ઞાન પણ છે. મિત્રો, ગુગલની મદદ લઈ એમની રચનાઓ જરૂર માણજો.

# શ્રી નવીન બેંકર



નવીનભાઈનો જન્મ ૧૯૪૧ માં અમદાવાદ નજીકના ભુડાસણ ગામમાં થયેલો. પિતાએ મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલો અને એક મીલમાં નોકરી કરતા હતા. માતા ચાર ધોરણ સુધી ભણેલા હતા. આ એક મધ્યમવર્ગી કુટુંબ હતું. નવીનભાઈનું શાળા કોલેજનું ભણતર અમદાવાદમાં જ થયેલું.

કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિને લઈને ૧૦ મા અને ૧૧ મા ધોરણના અભ્યાસ દરમ્યાન એમને થોડા પૈસા કમાવવા માટે અનેક પ્રકારના નાના મોટા કામો કરવા પડેલા. એમના જ શબ્દોમાં લખું તો, “ધોરણ ૧૦ અને ૧૧ના અભ્યાસ દરમ્યાન ‘સંદેશ’માં ટ્રેડલ મશીન પર કેલેન્ડરના દટ્ટા કાપવાની નોકરી રાત્રિના સમયે કરી છે. રસ્તા પર બુમો પાડીને છાપાં વેચ્યા છે, અને ૧૫૦ બાંધેલા ગ્રાહકોને, ઉઘાડા પગે, છાપાં પહોંચાડ્યા છે. સ્કુલમાંથી દાંડી મારીને ‘સેવક’ છાપાંના વધારા ભરબપોરે વેચ્યા છે, એટલું નહિં પણ દિવાળી ટાણે ખભે પાટિયું ભરાવી માણેકચોકમાં ફટાકડા વેચતો અને ઉતરાણના આગલા દિવસોમાં પતંગ-દોરી પણ વેચવા નીકળતો. આ સમય દરમ્યાન, ફેરિયાઓ સાથે મારામારી પણ થતી. મફતિયા પોલીસોનો માર પણ ખાધો છે.”

૧૯૫૮ માં નવીનભાઈએ S.S.C. ની પરીક્ષા પસાર કરી. ૧૯૫૮ થી ૧૯૬૦ સુધી બે વર્ષ અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાં અભ્યાસ કર્યો અને ત્યારબાદ ૧૯૬૦ થી ૧૯૬૨ સુધી અમદાવાદની એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં અભ્યાસ કર્યો. આ સમય

દરમ્યાન લો કોલેજ ગાર્ડનમાં એ વખતે ચાલતી બીઝી બી રેસ્ટોરન્ટમાં ૫૦ રુપિયાના પગારે વેઇટરની પાર્ટ ટાઈમ નોકરી પણ કરી હતી.

નવીનભાઈએ ૧૯૬૨ માં એડવાન્સ એકાઉન્ટીંગ એન્ડ ઓડીટીંગ સાથે બી. કોમ. ની ડીગ્રી મેળવી.

સિનેમા અને નાટકો પ્રત્યેના અનુરાગે નવીનભાઈને  લેખનનો છંદ લગાડ્યો અને પછી તો એ જ જીવનનો રંગ બની ગયો. ૧૯૬૨માં નવીનભાઈની પહેલી વાર્તા ‘પુનરાવર્તન’ કોલેજના વાર્ષિક અંકમાં છપાયેલી. અનંતરાય રાવળ, રમણલાલ જોશી, અશોક હર્ષ અને પીતાંબર પટેલે તેમને નવલિકાલેખન અંગે માર્ગદર્શન આપેલું. ત્યાર પછી ‘સ્ત્રીઓ અને સરકારી નોકરી’ કટાક્ષિકા, અને ’દિલ એક મંદિર’ ‘ વાર્તા  ચાંદની’ માં પ્રગટ થઈ. ત્યારથી વાર્તાલેખનમાં વેગ આવ્યો. ઉપરાછાપરી સવાસો જેટલી તેમની નવલિકાઓ સ્ત્રી, શ્રી, મહેંદી, શ્રીરંગ ડાયજેસ્ટ, આરામ, મુંબઈ સમાચાર, કંકાવટી, જન્મભૂમિ પ્રવાસી, નવચેતન વગેરેમાં છપાતી રહી. તેમની ઘણી વાર્તાઓને ઈનામો પણ મળ્યાં. આમાંથી પાંચ વાર્તાસંગ્રહો બન્યાં. ” હેમવર્ષા’, ‘અરમાનોની આતશબાજી’, ’રંગભીની રાત્યુંના સમ’, ’કલંકિત’ અને ‘પરાઈ ડાળનું પંખી’.  ૧૮ જેટલી રોમેન્ટીક પોકેટબુક્સ પણ ૧૯૬૪ થી ૧૯૭૧ દરમ્યાન પ્રસિધ્ધ થઈ હતી.

૧૯૬૨ માં સેન્ટ્રલ ગવર્નમેન્ટની એકાઉન્ટન્ટ જનરલની ઓફીસમાં, ઓડીટર તરીકે નોકરી મળી.



(નવીનભાઈ અને કોકિલાબહેન લગ્ન સમયે)

૧૯૬૩માં નવીનભાઈના કોકિલાબહેન સાથે લગ્ન થયા. પોતાના લગ્ન વિશે નવીનભાઈ કહે છે, "એ એક ગરીબ માણસના લગ્ન હતા, ન બેન્ડ ન બાજા, ન બારાત ન રીસેપ્શન, ન ભોજન સમારંભ, સોનું દાગીના કંઈ જ નહીં ! લગ્નના માત્ર છ બ્લેક એન્ડ વાઈટ ફોટા મિત્રોએ પાડેલા. ચાર છ દોસ્તોને બે બે રૂપિયા ચાંલ્લામાં આપેલા. પત્ની કોકિલા સીધી સાદી, ભલીભોળી, દસ ચોપડી ભણેલી, મા વગરની, લોકોને આશરે , ઘરના કામ કરીને, હડસેલા ખાઇને મોટી થયેલી ગરીબ છોકરી હતી." એ વખતે પોતાની પરિસ્થિતિ વિશે તેઓ કહે છે, "હું બહોળા કુટુંબમાં, એકમાત્ર કમાનાર, ૧૬૧ રુપિયા અને ૬૨ પૈસા નો માસિક પગાર લાવતો માણસ હતો. ભાડાના ઘરમાં ચોકડીમાં સ્નાન કરતા. એક જ ખાટલો હતો જે દાદીમા વાપરતા. બીજા ફર્શ પર પથારીઓ નાંખીને સૂઇ જતા અને સવારે ડામચીયા પર ગોદડા નાંખી દેતા." પત્ની વિશે તેઓ કહે છે, "પત્ની ખુબ સારા સ્વભાવની અને હરહંમેશ સુખદુખમાં સાથ આપનાર મળી છે. ક્યારેય સાડીઓ કે ઘરેણા માંગ્યા નથી. અત્યારે ૭૨ વર્ષની વયે શ્રીનાથજીના સત્સંગ અને ભજન સિવાય ક્યાંયે જતી નથી."



(લગ્નના ૫૦ વર્ષ બાદ)

૧૯૬૪થી ૧૯૭૭ સુધી નવીનભાઈએ ડઝનેક એકાંકીઓ અને કેટલાક ત્રિઅંકી નાટકોમાં કામ કર્યું હતું. ૧૯૭૦ થી ૧૯૭૪ દરમ્યાન ગુજરાતી રંગમંચ અને ફિલ્મી જગતના જાણીતા કલાકારોની વ્યક્તિગત મુલાકાત અંગેના લેખો 'નવચેતન'માં દર મહિને નિયમિત છપાતા.

૧૯૭૯ માં નવીનભાઈના અમેરિકા સ્થિત બહેન ડો. કોકિલા પરીખની સ્પોન્સોરશીપ મળતાં નવીનભાઇ અને પત્ની કોકિલા બહેનને અમેરિકાનું ગ્રીન કાર્ડ મળ્યું. ભારતની નોકરી ચાલુ રાખીને ગ્રીન કાર્ડના નિયમ અનુસાર ૧૯૭૯ અને ૧૯૮૬ વચ્ચે ત્રણ ચાર વાર અમેરિકા આવવું પડેલું. પ્રત્યેક વખતે આવીને તરત જ કોઇ દેશીના સ્ટોર પર કે અમેરિકન ફેક્ટરીમાં કામ મળી જતું. ઇન્ડિયન વિસ્તારમાં એક સ્ટુડીયો અપાર્ટમેન્ટ ભાડે રાખી લેતા અને દસ-બાર મહિના કાઢી નાંખતા. ઓફીસમાંથી નોટીસો આવે એટલે પાછા અમદાવાદ અને ડ્યુટી જોઇન કરી લેતા. પાછા

અગિયારમે મહિને ત્રણ માસની રજા લઈને અમેરિકા ભેગો થતા. આખરે ૧૯૮૬ માં સ્વેછીક નિવૃતિ લઈને કાયમ માટે અમેરિકા આવી ગયા.

૧૯૮૬થી અમેરિકા આવીને ડોક્ટર કોકિલાબેનની ઓફીસમાં જ એકાઉન્ટ્સ મેનેજરની નોકરી કરી. અમેરિકા આવીને એમની ઇતર પ્રવૃતિઓ વધારે ખીલી ઊઠી. ફિલ્મો, ગુજરાતી નાટકો વગેરેના અહેવાલ અને અવલોકનો વિષય પરના તેમના અભ્યાસપૂર્ણ લેખો 'ગુજરાત ટાઈમ્સ', ગુજરાત સમાચાર', 'નયા પડકાર' વગેરેમાં આવતા રહ્યાં. ૧૯૮૬માં ન્યુયોર્કના ગુજરાતી સમાજે યોજેલી એક નાટ્ય હરિફાઈમાં નવીન બેંકર દિગ્દર્શિત નાટક 'ધનાજીનું ધીંગાણુ' રજૂ થયેલું જેમાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૧૯૮૮માં હ્યુસ્ટન સ્થળાંતર કર્યા પછી હ્યુસ્ટન નાટય કલાવૃંદ સાથે જોડાયા અને ક્યારેક 'મહાભારત'ના અંધ ધૃતરાષ્ટ્ર બને તો 'શોલે'ના કાલિયાનો રોલ કરે. જૂની રંગભૂમિના નાટકોથી માંડીને આજના નાટકો સુધીનું, તેમનું જ્ઞાન અજોડ છે.



(બેંકર દંપતિ જયા ભાદુરી સાથે)

હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતા, અને સીનીયર સિટીઝન એસોસિયેશન સાથે પણ નવીનભાઈ જોડાયા.દરેક સંસ્થાની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે તે અચૂક હાથ બઢાવે જ. ભારતથી અમેરિકાના ઈસ્ટ કોસ્ટની મુલાકાતે આવેલા સિનેમા અને નાટકો અથવા સંગીત જગતના કલાકારોમાંથી ભાગ્યે જ કોઇ એવું હશે કે જેમની મુલાકાત નવીનભાઈએ ન લીધી હોય.

આટલી બહોળી પ્રસિધ્ધી હોવા છતાં નવીનભાઈ કોઈ સંસ્થામાં આગેવાનીનું પદ ન લે, કોઇ કમિટીમાં મેમ્બર ન બને. પોઝીશનનો જરા યે મોહ નહિ, માત્ર મૂક સેવક રહેવાનું વધારે પસંદ કરે. ૨૦૧૦ની સાલમાં હ્યુસ્ટનના વરિષ્ઠ મંડળે નવીનભાઈના આ પ્રદાનને સન્માન-પત્રથી નવાજ્યું. ઇન્ડિય કલ્ચરલ સેન્ટર ઓફ હ્યુસ્ટને તેમને 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ' ભારતના કોન્સ્યુલર જનરલના શુભ હસ્તે ,૧૫મી ઓગસ્ટના સમારોહમાં, એનાયત કર્યો હતો

તેમનો ' એક અનૂભુતિ એક અહેસાસ' નામનો એક બ્લોગ પણ છે જેમા 'મારા સંસ્મરણો' શિર્ષક હેઠળ પોતાની આત્મકથાના પાનાં એમણે ખુલ્લા કર્યા છે. કેટલાક રેખાચિત્રો પણ આલેખ્યા છે.

બહુરંગી વ્યક્તિત્વ અને બહુમુખી પ્રતિભા ધરાવતા નિખાલસ નવીન બેંકરના ખજાનામાં આવું ઘણું બધું છે. કશી યે ઓછપની, ક્યારે ય ફરિયાદ કર્યા વગર, નાની નાની વાતોમાંથી મોટો આનંદ માણવો એ એમનો જીવન મંત્ર છે.

# શ્રીમતિ હીરલ શાહ



હીરલબહેનનો જન્મ ૧૯૮૦ માં અમદાવાદમાં થયો હતો. માતા-પિતાને વરસોની ઈંતેજારી બાદ સંતાન પ્રાપ્તિ થઈ એટલે દીકરીને પુષ્કળ લાડમાં ઉછેરી. હીરલબેનના પિતાએ ઈલેક્ટ્રીકલ એંજીનીઅરીંગના ડિપ્લોમા સુધીનો અભ્યાસ કરેલો, પણ બાંધકામના વ્યવસાયમાં કાર્યરત હતા. હીરલબેનના માતાએ ઈતિહાસનો વિષય લઈ બી.એ. ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

હીરલબહેનનો બાળમંદિરથી ૧૨ મા ધોરણ સુધીનો શાળાનો અભ્યાસ અમદાવાદના નવરંગપુરાની એક ગુજરાતી માધ્યમની શાળામાં થયો. અભ્યાસમાં તેજસ્વી હોવાથી કોઈ મુશ્કેલી ન આવી. અભ્યાસ ઉપરાંત શાળાની ઈત્તર પ્રવૃતિઓમાં પણ ઉત્સાહથી ભાગ લીધો. સામાન્ય અભ્યાસ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ લેવાતી હીંદી, સંસ્કૃત અને ડ્રોઈંગ જેવી પરીક્ષાઓમાં પણ ભાગ લઈ સફળતા મેળવી. ગણિતના શિક્ષક શ્રી યજ્ઞેશભાઇની ઘણી વાતોએ એમના માનસપાટ પર ઉંડી અસર છોડી.

મધ્યમવર્ગી કુટુંબ હોવા છતાં મા-બાપ હીરલની ઈતર પ્રવૃતિના ખર્ચની બાબત આનાકાની ન કરતા. એમના પિતા કહેતા, “આ બધા અનુભવો તને ઘણું શીખવશે.

જરૂર પડસે તો અમે વધારે મહેનત કરીશું,” ધાર્મિક કુટુંબમાં જન્મેલી હીરલ ૧૦ મા ધોરણ સુધી રોજ સવારે દેરાસર અને સાંજે પાઠશાળામાં જતી. વેકેશનમાં પણ તે

પ્રવૃત્તિમય રહેતી. ઘણીવાર વેકેશનમાં પણ આવતા ધોરણના પુસ્તકો ખરીદીને અગાઉથી વાંચી અને સમજી લેવાની એની આદત એને વર્ગમાં આગળ રહેવામાં મદદરૂપ થતી. ૧૦ મા ધોરણમાં સારૂં પરિણામ આવવાથી માતા-પિતાએ હીરલને લ્યુના સ્કૂટર ભેટ તરીકે આપેલું અને ત્યારે ઉત્સાહમાં હિરલે ભણીગણીને ખૂબ પૈસા કમાઈ પિતાને કાર ભેટ આપવાનું વચન આપેલું.

૧૨ ધોરણમાં થોડા ઓછા માર્કસ આવવાથી હીરલબહેનને એંજીનીઅરીંગના ડીગ્રી કોર્સમાં એડમીશન ન મળ્યું. એમણે તરત બીજો રસ્તો વિચારી લીધો અને એંજીનીઅરીંગના ડીપ્લોમા કોર્સમાં એડમીશન લઈ લીધું. સારા નશીબે ડીપ્લોમાના આખરી વર્ષમાં એમનો ગુજરાતમાં ચોથો નંબર આવ્યો. નિયમ અનુસાર પ્રથમ છ વિદ્યાર્થીઓને ફ્રીસીટ સાથે ડીગ્રી કોર્ષના બીજા વર્ષમાં એડમીશન મળે એટલે હીરલબહેનને ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશનના ડીગ્રી કોર્ષમાં એડમીશન મળી ગયું. આ અભ્યાસ એમણે સ્કોલરશીપ અને ફેલોશીપ મેળવી પુરો કર્યો. આ અભ્યાસ દરમ્યાન હીરલબહેન પાંચમા સેમીસ્ટરમાં હતા ત્યારે એમના પિતાને એક ગંભીર અકસ્માત નડ્યો. ત્યારે આર્થિક મુશ્કેલીઓ વેઠીને હીરલબહેને B.E. ની ડીગ્રી ડીસ્ટીંકશન સાથે મેળવી.

ભણતર પૂરૂં થયું કે તરત જ એમને નિરમા કોલેજમા વિઝીટીંગ લેકચરરની નોકરી મળી. થોડા સમય બાદ એક નાની સોફ્ટ્વેર કંપનીમા નોકરી મળી. આ સમય દરમ્યાન પૂજ્ય અજય સાગરજી મહારાજ સાહેબનો પરિચય થયો અને એમની પાસેથી જીવનઘડતર માટે ઘણું ઉપયોગી ભાથું બાંધ્યું.

૨૦૦૬ માં એમને બેંગલોરમાં મલ્ટી નેશનલ કંપની લ્યુસન્ટ ટેકનોલોજીમાં સોફ્ટવેર એન્જીનીયર તરીકે ખુબ જ સારા પગારની જોબ મળી. હવે એમનું મમ્મી-પપ્પા માટે કાર

ખરીદવાનું સ્વપ્ન સાકાર થતું લાગ્યું, સાથે સાથે એમની બહેન અને ભાઇની કારકિર્દી માટે પણ મદદરૂપ થવાની તક મળી. અહીં એક વરસમાં જ એમનું સિનિયર સોફ્ટવેર એન્જીનિયર તરીકે પગાર વધારા સાથે પ્રમોશન થયું.

એમની બેંગલોરમાં જોબ પોસ્ટીંગ દરમ્યાન હીરલબહેન, મિલન શાહના પરિચયમાં આવ્યા અને આ દોસ્તી પ્રેમલગ્નમાં પરિણમી. મિલનભાઇ પૂનાની સિમેન્ટેક કોર્પોરેશનમાં નોકરી કરતા હતા. ૨૦૦૮ માં લગ્ન બાદ હીરલબેનના જોબમાં ખલેલ ન પડે એટલે મિલનભાઇએ પોતાની નોકરી છોડી. પણ ઘણાં પ્રયત્નો છતાં મંદીના મોજા નીચે, મિલનભાઇનું નવી જોબનું લોકેશન પૂના જ રહ્યું. હીરલબહેન પૂના જાય તે પહેલા જ મિલનભાઈને ઓન-સાઈટ એસાઇન્મેન્ટ માટે યુ.કે. જવાનું થયું. હવે હીરલબેને પોતાની નોકરી છોડીને મિલનભાઈ સાથે યુ. કે. પ્રયાણ કર્યું. આ બધું લગ્ન પછીના એક વર્ષમાં જ બન્યું.

યુ. કે. માં બન્ને પાસે વર્ક પરમીટ હતી એટલે હીરલબહેને પણ એક સ્ટાર્ટઅપ કંપનીમાં R & D માં નોકરી લીધી. અહીંના હવામાન અને નોકરીની દોડધામની હીરલબહેનના સ્વાસ્થ્ય પર ખરાબ અસર થઈ. એમણે વિચાર્યું, “કારકિર્દી માટે જિંદગી નથી પણ જિંદગી માટે કારકિર્દી છે”, આથી એમણે કારકિર્દીમાંથી વિરામ લીધો.

પ્રવૃતિ વગર બેસી રહેવાનું હીરલબહેનના સ્વભાવમાં નથી. નોકરી છોડ્યા બાદ તરત તેઓ યુ.એસ.એ. ની ઈ-જૈના લાયબ્રેરીની એજ્યુકેશન કમિટીમાં મેમ્બર બની અને પુસ્તક સંપાદન અને અનુવાદના કામમાં લાગી ગયા, અને લીડ્સમાં જૈન સત્સંગ અને ઉત્સવોમાં સક્રીય રીતે ભાગ લેવાનું શરૂ કર્યું. સાથે સાથે ઇ-વિદ્યાલય અંતર્ગત યુ-ટ્યુબ ચેનલ પર ગણિત અને ગુજરાતી વિષયના વિડીયો બનાવવા શરુ કર્યા.

દરમ્યાન પ્રેગનન્સી વખતે ડોકટરી સલાહ મુજબ અમદાવાદ માતા-પિતા સાથે રહેવા જતા રહ્યા. મા-બાપ પાસે ફરી લાડ-કોડમાં સમય પસાર કરી દીકરી જિના ના જન્મ બાદ યુ. કે. પાછા આવી ગયા.

ઇવિદ્યાલયના કાર્યને વધુ વ્યાપક અને અસરકારક બનાવવા હીરલબેન યુ.કેમાં રહીને પણ મથામણ કર્યા કરતાં. એકલા હાથે એમણે લગભગ ૩૦૦ જેટલા વિડીયો બનાવ્યા. તેઓ વિચારે છે કે સરકારી શાળાના બાળકોને આપણાં બાળકો જેવી સગવડ

ક્યારે નસીબ થશે? બધાને એકસમાન ભણતર કેવી રીતે મળે? અંગ્રેજીમાં તો ઘણું સહજતાથી ઉપલબ્ધ છે પણ ઉંચા સ્વપ્ના સેવતા, ગુજરાતી માધ્યમાં ભણતા ગરીબ વિદ્યાર્થીના અંતરમનમાં કેટલો વલોપાત થતો હશે? આ પ્રશ્નોના જવાબરૂપે એમણે વિચાર્યું કે ટેકનોલોજીનો લાભ ગુજરાતના પ્રત્યેક ગામને મળે, અને જ્યાં વ્યવસ્થિત શાળાઓ નથી, ત્યાં ટેકનોલોજીની મદદથી શિક્ષણનો પ્રસાર થઈ શકે એટલા માટે એક સહિયારૂં આયોજન કરવું. ૨જી ઓકટોબર ૨૦૧૩ નાં શ્રી સુરેશભાઈ જાની અને અન્ય મિત્રોની મદદથી એમણે ઈ-વિદ્યાલયને નેટજગત પર ગુંજતુ કર્યું. આ કામ હજી શરૂઆતની સ્થિતિમાં છે, એમ છતાં એક વર્ષમાં સાડા ચાર લાખ લોકોએ મુખ્ય વેબ સાઈટ અને બે લાખ લોકોએ યુ ટ્યુબમાં મૂકાયલા વિડીયોસની મુલાકાત લીધી છે. ઇવિદ્યાલય યુ-ટ્યુબ ચેનલને યુટ્યુબ-એજ્યુકેશન વિભાગમાં સમાવવામાં આવી છે. જે ગુજરાતી ભાષાનું આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ છે. આ કાર્યને સફળ બનાવવા એમણે સૌને આગળ આવી શક્ય હોય તે મદદ કરવાની અપીલ કરી છે.

જિનાની દેખભાળને વધારે મહત્વનું ગણી હમણાં નોકરીમાં ન જોડાવાનો નિર્ણય લીધો હોવાથી, ઘરે બેસીને M.B.A. નો અભ્યાસ અને શોખ ખાતર હાઈડ્રોફોનિક ખેતીમાં સમયનો સદઉપયોગ કરે છે.



(હીરલબહેન, પતિ મિલન અને પુત્રી જિના સાથે)

# શ્રી શકુર સરવૈયા



(શકુરભાઈ એમના માનીતા પક્ષી સાથે)

શકુરભાઈનો જન્મ ૧૯૩૯ માં મુંબઈના એક ઉપનગર ઘાટકોપરમાં થયો હતો. એમના પિતાની ઘાટકોપરના મુખ્ય માર્ગ ઉપર વાસણોની બે નાની દુકાનો હતી. એમની માલિકીની દસ ભાડુતો વાળી એક પતરાંની ચાલ હતી. પ્રત્યેક ભાડુત પાસેથી મહિને દસ રૂપિયા ભાડું આવતું.

શકુરભાઈનું શાળાનું ભણતર ઘાટકોપરની પ્રખ્યાત શાળા રામજી આસર વિદ્યાલયમાં થયેલું. મારૂં પણ શાળાનું ભણતર એ જ શાળામાં થયું હતું. શકુરભાઈ જ્યારે નવમા ધોરણમાં હતા ત્યારે અમારી એક શિક્ષિકા વત્સલા મહેતાએ શકુરભાઈનો ગુજરાતી સાહિત્યમાં રસ ઓળખી લઈને એમને લખવા માટે પ્રોત્સાહન આપ્યું. શાળાના વાર્ષિક

મેગેજીન ‘પૂષા’ માં બે વાર એમના લેખ છપાયા. દશમાં ધોરણમાં યોજાયેલી કાવ્ય સ્પર્ધામાં એમને બીજું ઈનામ મળેલું.

શાળાનો સમય છોડી, શકુરભાઈ સાહિત્યનાં વાંચન, કવિસમેલનોમાં શ્રોતા તરીકે હાજરી આપવી, વાસણની દુકાને પિતાની મદદમાં રહેવું વગેરે પ્રવૃતિઓમાં બાકીનો સમય

પસાર કરતા. ખાનદાનીના સંસ્કાર એમને નાનપણમાં જ મળી ગયેલા. એકવાર એમના પિતાએ એમને એમના એક ભાડુતને ત્યાં ભાડું વસુલ કરવા મોકલેલા. ભાડુતને ત્યાં ગયા તો ખબર પડીકે ભાડુતની નોકરી છૂટી ગયેલી એટલે ભાડું આપી શક્યા ન હતા. શકુરભાઈએ એમના પિતાને આ વાત કરી તો એમના પિતાએ કહ્યું કે એમને આપણા કરિયાણાવાળા પાસેથી જોઈતું અનાજ અપાવી દેજે, અને નોકરી ન મળે ત્યાં સુધી ભાડું માગવા ન જતો.

૧૯૫૮ માં SSC પરીક્ષા પાસ કરી મુંબઈની ખાલસા કોલેજમાં વિજ્ઞાનની શાખામાં F.Y. Sc. અને Int. Sc. નો કોર્સ કર્યો. Int. Sc. માં ખૂબ જ સારા માર્કસ આવ્યા એટલે મુંબઈની ભારતભરમાં પ્રખ્યાત UDCT માં એડમીશન મળ્યું. અહીંથી એમણે ૧૯૬૫ માં B.Pharm. ની ડીગ્રી મેળવી.

કોલેજ અભ્યાસના આ વર્ષો દરમ્યાન પણ એમનો સાહિત્ય પ્રત્યેનો પ્રેમ વધતો જ રહ્યો. એમની પ્રથમ કવિતા નવનીત સામયિકમાં છપાઈ, અને ત્યારથી એમનું સર્જન સમયાંતરે પ્રગટ થતું રહ્યું. આ ગાળા દરમ્યાન એ સમયના જાણીતા કવિઓ અને લેખકોને મળવાનો અને એમની સાથે મૈત્રી બાંધવાનો સિલસિલો પણ શરૂ થઈ ગયો, જેમા રાજેન્દ્ર શાહ અને સિતાંસુ યશચંદ્ર જેવા જાણીતા સાહિત્યકારોનો પણ સમાવેશ થઈ જાય છે.

એમનો સાહિત્યમાં રસ માત્ર ગુજરાતી ભાષાના સાહિત્ય પ્રત્યે સિમીત ન રહી, બંગાલી અને અંગ્રેજી સાહિત્યમાં પણ એમનું વાંચન જારી રહ્યું. કોલેજના દિવસોમાં જ ખાસ બંગાલી ભાષા શીખવાના વર્ગોમાં જોડાઈને એમણે બંગાલી ભાષા શીખી લીધી હતી.

૧૯૬૫ માં B.Pharm. ની ડીગ્રી મેળવી થોડા સમય માટે તેઓએ ૧૫૦ રૂપિયા પગારની Medical Reprentative તરીકે નોકરી કરી, અને ત્યારબાદ ૧૯૬૬ થી ૧૯૭૨ સુધી અલગ અલગ કંપનીઓમાં Manufacturing ક્ષેત્રમાં નોકરી લીધી.

૨૬ વર્ષની વયે શકુરભાઇના લગ્ન હવ્વાબેગમ સાથે થયા. આ વડિલોએ નક્કી કરેલા લગ્ન હતા. ૧૯૬૭ અને ૧૯૭૨ વચ્ચે એમને ત્યાં સલીમ અને સાહીર બે પુત્ર અને એક પુત્રી નસીમ નો જન્મ થયો.



(સરવૈયા દંપતિ)

૧૯૭૨ માં એમના મિત્રો પ્રતાપ ભટ્ટ, અશ્વિન શાહ, અરૂણ ઠાકર અને પ્રવીણ ભાયાણીના આગ્રહથી સહકુટુંબ અમેરિકા આવ્યા અને કામય માટે અમેરિકામાં સ્થાયી થયા. પ્રતાપ ભટ્ટે એમને સ્પોન્સોર કરેલા. અમેરિકામાં ન્યુયોર્કમાં આવ્યા પછી તરત જ એમને એક ડ્રગ સ્ટોરમાં નોકરી મળી ગઈ. ત્યારબાદ ૧૯૮૪ માં ન્યુયોર્ક અને ન્યુજર્સીની અલગ અલગ ફાર્મસીઓમાં નોકરી કરી.

વેપારીના પુત્ર હોવાથી એમના લોહીમાં વેપારી મનોવ્રતિ તો હતી જ એટલે ૧૯૮૪ માં એમણે ન્યુયોર્કમાં SHERMAN PHARMACY ખરીદી લીધી અને અલ્લાહની મહેરબાનીથી આજે ૭૫ વર્ષની વયે પણ એમના કુટુંબની મદદથી એ ફાર્મસી ચલાવે છે. શકુરભાઈના ત્રણે સંતાનો સલીમ, સાહિર અને નસીમ ત્રણે અલગ અલગ ક્ષેત્રોમાં ઉચ્ચ ડીગ્રીઓ ધરાવે છે.




(શકુરભાઈની શર્મન ફાર્મસી)

વિજ્ઞાનના વિષયમાં અભ્યાસ કર્યો, Pharmacy જેવી લાઈનમાં વ્યવસાય કર્યો છતાં સાહિત્યની દુનિયામાં એમણે જે પ્રગતિ કરી એ આશ્ચર્યજનક છે. અત્યાર સુધીમાં એમના ત્રણ પુસ્તકો પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે અને બે થોડા સમયમાં જ પ્રસિધ્ધ થશે. એમના બધાજ પુસ્તકો ગીત, કવિતા, ગઝલ અને અછંદાસ કાવ્યોના છે. 'ઘરની સાંકળ સુધી' કવિતા સંગ્રહમાં એમની આસરે ૧૧૪ વિચારપ્રેરક કવિતાઓ છે, જ્યારે 'બે દમ ચલમના' નામના ગઝલ સંગ્રહમાં, વાંચતાં જ ગમી જાય એવી ૧૦૧ ગઝલ છે. આ લેખની મર્યાદામાં રહી હું

એ પાંચે પુસ્તકોનું વિવેચન ન કરી શકું છતાં એમની ગઝલોની થોડી પંક્તિઓ નમુના તરીકે રજુ કરૂં છું. 'બે દમ ચલમના" ની પહેલી ગઝલમાં જ શકુરભાઈ કહે છે,

"મારી કલમની વાત છે, બળતી ચલમની વાત છે,

બે દમ ભરો ને પરમ સુખ, ઊંડા મરમની વાત છે."

અને ભાઈ ખરેખર મેં એ ચલમ હાથમાં પકડી ત્યાં જ મને તો નશો ચડી ગયો.

શકુરભાઈની ગઝલો ચોટીલી છે, થોડા સરળ શબ્દોમાં સ્પષ્ટ વાત કહી દે છે, કશું ગોળ ગોળ નહિં.

" ચાંદ કાઢો ચાંદનીમાંથી પછી બાકી શું રહે? વાત કાઢો ખાનગીમાંથી બાકી શું રહે?

જીંદગી આખી વિચારીને હવે થાકી ગયો છું, મન કાઢો માનવીમાંથી બાકી શું રહે?"

આત્મવિશ્વાસથી ભરેલા શકુરભાઇ કહે છે,

“કામ મારૂં છે જ આવું શરત માર; દિવસના તારા બતાવું શરત માર;

એક ઈશારો કરીને, તું કહે તો, આ દિવાલને ચલાવું શરત માર !

કયારેક ગૂઢ વાતો કરતા શકુરભાઈ એક ગઝલમાં કહે છે,

“કોઈ રસ્તો મળતો નથી છટકવાનો, આકાશને ધરતી વચ્ચે ફસાયો છું;

તમે માનો નહિં પણ વાત સાચી છે, હજારો વાર મર્યો ને દટાયો છું.’

એક ગઝલમાં તેઓ કહે છે કે ખોટું ખોટું હસીને હું હવે થાકી ગયો છું હવે મારે મારા મન મુજબ રડવું છે, બીજી એક ગઝલમાં કહે છે, “તું બધું કર પણ કોઈને નડ નહિં, જે વાત ન સમજાય એમા પડ નહિં.” હદ તો ત્યારે થાય છે કે જ્યારે એ ખુદાને કહે છે, “જો તું પાછી લઈ લેવાનો છે એવી ખબર હોત તો તું તારી પાસેથી જીંદગી લેત જ નહિં ! “

ગઝલ અને કવિતાઓ લખવા માટે શકુરભાઈને વિષય ઓછા પડે છે, એટલા માટે તેઓ કહે છે કે હવે, “કંઈ નવું જોવા મળે તો લખું, આકાશ નીચે જો પડે તો લખું; વાચા વિશે મારે કહેવું નથી, મૂંગા બધા બોલી ઊઠે તો લખું.”


અમેરિકાના પૂર્વ કિનારાના ગુજરાતી સાહિત્ય મંડળોમાં શકુરભાઈ એમની કવિતાઓ અને ગઝલો માટે જાણીતા છે. ૨૦૧૨ માં એમને ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રતિષ્ઠાવાળો રમેશ પારેખ એવોર્ડ એનાયત કરેલો.

થોડા સમયમાં જ એમના બીજા બે કાવ્ય સંગ્રહો સાહિત્યની દુનિયામાં પ્રવેશ કરશે.

ખૂબ નજીકના ભવિષ્યમાં શકુરભાઈના જીવન ઉપર ગુજરાતના જાણીતા સાક્ષર શ્રી બલવંત જાની દ્વારા લખાયલા પુસ્તકનું વિમોચન ન્યુજર્સીની જાણીતી સાહિત્ય સંસ્થા દ્વારા, અમેરિકા સ્થિત ગુજરાતી સાહિત્યકારોની હાજરીમાં થવાનું છે, અને ત્યારે શકુરભાઈનું સન્માન પણ કરવામાં આવશે.

અંતમાં મારા શાળાના સહપાઠી અને એક પાક-નેક ઈન્સાન શકુરભાઈને સલામ કહી લેખ પુરો કરૂં છું.

# શ્રી સુરેશચંદ્ર શેઠ



સુરેશચંદ્રભાઈનો જન્મ વર્ષ ૧૯૪૩માં ભાવનગર જિલ્લાના નિંગાળા ગામમાં, એક દશાશ્રીમાળી કુટુંબમાં થયો હતો. પિતા ચાર ધોરણ સુધી ભણેલા હતા, પણ એ એક બહાદુર સ્વતંત્રતા સેનાની હતા. જીવનનો સારો એવો ભાગ એમણે ભારતની આઝાદીની લડત માટે વિતાવ્યો હતો. માતા બે ધોરણ સુધી ભણેલાં હતાં, પણ એમને વાંચનનો ઘણો શોખ હતો.

પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ મુંબઈની મરીના મોડર્ન સ્કૂલમાં કરેલો, પણ ત્યારબાદ પિતાને ધંધામાં આર્થિક નુકસાન જવાથી શહેરમાં રહેવું શક્ય ન હતું; તેથી તેમણે જોરાવરનગરની જૈન સ્કૂલમાં ચોથા અને પાંચમા ધોરણનો અભ્યાસ કર્યો. છઠ્ઠા ધોરણથી SSC સુધીનો અભ્યાસ સુરેન્દ્રનગરની શેઠ એન.ટી.એમ. હાઈસ્કૂલમાં કર્યો. ૧૯૫૯માં SSC પરીક્ષામાં પાસ થઈને સુરેન્દ્રનગરની જ એમ.પી.શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં દાખલ થયા. અહીંથી B.A. સુધીનો અભ્યાસ પૂરો કરી એમ.જે. કોલેજ ઓફ કોમર્સમાંથી B.Com. નો અભ્યાસ કર્યો.

૧૯૬૮ના જૂન મહિનામાં એમને ધ ગુજરાત રાજ્ય સહકારી બેંકમાં નોકરી મળી. પગાર માત્ર ૧૫૦ રૂપિયા ! બેંકની નોકરીમાં એમની લેખનકળા કામ લાગી. એમની ઑફિસનોંધો અને પત્રવ્યહવારની ક્ષમતા વખણાવા લાગ્યાં. એમને એમના રસ અનુસાર જ કામગીરી મળી એનો એમને આનદ હતો. બેંકમા ક્લાર્ક તરીકે જોડાઈને ડેપ્યુટી ચીફ ઑફિસરની પોસ્ટ સુધી પહોંચ્યા, જેમાં એમની નિષ્ઠા, ધગશ અને અવિરત કામ કરવાની આદતનો મુખ્ય ફાળો હતો. એમણે બેંકના મુખપત્ર "સહકાર"નું તંત્રીપદ પણ સંભાળ્યુ અને નિવૃત્ત થયા પછી બેંકની એકડેમિક ઇન્સ્ટિટ્યૂટમાં અને અર્બન બેંક્સ ફેડરેશનમાં મંત્રી તરીકે પણ કામગીરી સંભાળી.

આ બેંકની નોકરીની શરૂઆતમાં એક રસિક વાત બનેલી. શ્રી શેઠ જ્યારે બેંકમાં જોડાયા અને પ્રોબેશન પર હતા, ત્યારે જ બીજા એક શ્રી શેખ પણ નવા જોડાયેલા અને પ્રોબેશન પર હતા. કામ દરમ્યાન શેખની ભૂલો શેઠના નામે રિપોર્ટ થતી. સારા નસીબે સમયસર એ ભૂલો સુધારી લેવામા આવી અને શેઠ કાયમ થયા અને શેખને છૂટા કરવામાં આવ્યા.

એમને લખવાનો શોખ બહુ જ નાની વયથી હતો. છેક બાળપણમાં "બાલજીવન" નામના એક સામયિકમાં એમની એક બાળવાર્તા છપાઈ હતી. એ પછી કોલેજકાળમા મુંબઇથી નીકળતા " મહેંદી" નામના માસિકમાં પણ એમની ઘણી વાર્તાઓ છપાઈ હતી. આજસુધીમાં ઐતિહાસિક ભૂમિકાના આધાર ઉપર ચાર મોટી નવલકથાઓ એમણે લખી છે, જે એમણે વર્ડપ્રેસના બ્લોગ્સમાં અને ફેસબુકમાં મૂકી છે. સાહિત્ય પ્રત્યેના પ્રેમની વાત કરતાં તેઓ કહે છે, “સાહિત્યસંગ એ મારી મનગમતી પ્રવૃત્તિ છે. બેન્કમાં લીલીછમ નોટોની સંગત કરતાંકરતાં પણ સાહિત્યનો સાથ જળવાઈ રહ્યો. ઘણું લખ્યું છે, લખ-વા જ થયો છે એમ કહો ને ! અને એનો ક્યાં કોઈ ઇલાજ છે ?”

નિવૃત્તિ પછી બેસી રહેવું એમને ગમ્યું ન હતું, એટલે કોમ્પ્યુટરના ક્લાસ ભરીને તેઓ કોમ્પ્યુટરના પ્રાથમિક પાઠ શીખ્યા. એમને લાગતું હતું કે નવા યુગનું આ શસ્ત્ર શીખવા જેવું તો છે જ. તેઓ કહે છે કે "કોમ્પ્યુટર હોય અને નેટ કનેક્શન હોય તો વખત ક્યાં પસાર થઈ જાય એ ખબર પણ પડતી નથી. નિવૃત્તિએ મને વધારે પ્રવૃત્તિમય બનાવી દીધો છે. જિંદગી જીવવાની મજા માણી રહ્યો છું. હરેક દિવસ એક નવી શીખ લઈને આવે છે. શીખતો રહ્યો છું, શીખતો રહીશ."

એમના લખાણ વિષે સુરેશચંદ્રભાઈ કહે છે, "અલગઅલગ સાંપ્રત સમસ્યાઓ જ્યારે મનને વલોવી નાખે, ત્યારે વિચારવમળો પેદા થાય એ અહીં રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરું છું. આ મારા અંગત વિચારો છે. મને કોઈ પ્રત્યે પૂર્વગ્રહ નથી. મારા વિચારોને કારણે જો કોઈને મનદુઃખ થાય તો ક્ષમા પ્રાર્થું છું."

વધુમાં તેઓ કહે છે, "કામમાં કદાપિ આળસ કે બેવફાઈ કરવાનો વિચાર સુદ્ધાં મને નથી આવ્યો. નોકરી દરમિયાન મેં બહુ ઓછી રજાઓ લીધી છે. નિવૃત્તિ વખતે મેં એકત્ર થયેલી લગભગ ૧૦૦ જેટલી રજાઓનો પગાર encash કરાવ્યો છે, કારણ કે મને મારું કામ એટલું બધું ગમતું કે કારણ વગર ઘરે બેસવું ગમતું નહીં."



સુરેશચંદ્રભાઈનાં લગ્ન ૧૯૬૬માં થયાં હતાં. એમનાં પત્ની પુષ્પાબેન બહુ જ ધાર્મિક વ્યક્તિ છે. એમની બે પુત્રીઓ, વિશાખા અને મલ્લિકા પરણીને અમદાવાદમાં જ સ્થિર થયેલ છે.  હાલની પ્રવૃતિઓ વિષે સુરેશચંદ્રભાઈ કહે છે, “દર રવિવારે બધાં મળીએ છીએ. સંગીત, ગીતો ગાવાં, હારમોનિયમ-કેશિયો પર ધૂન વગાડવી, ફ્લ્યુટ ઉપર એ ગીતોની તર્જ વગાડવી, ઇતિહાસનું વાંચન, ઐતિહાસિક વાર્તાઓ લખવી એ મારી આજની પ્રવૃત્તિ છે. ફેસબુક અને  બ્લોગ્સમાં લેખો અને વાર્તાઓ લખતો રહું છું. વર્ડપ્રેસમાં " વિચારધારા'"નામથી મારો બ્લોગ ચલાવું છું.”

“સાદગીપૂર્ણ, તેમજ સાંપ્રત સમાજની રીત મુજબની જીવનપદ્ધતિ છે. બહુ સંઘર્ષ વેઠવો પડ્યો નથી, ગરીબી જોઈ છે, પણ એ વખતે ગરીબી સામે બહુ ફરિયાદ ન હતી. હાથખર્ચી માટે મેં એક માર્ગ શોધી કાઢ્યો હતો. પિતાની રાજકીય પ્રવૃત્તિઓના કારણે ઘરમાં રેંટિયો એક અગત્યનું સાધન હતું. હું અને મારો ભાઇ જોરાવરનગરના શાંત વાતાવરણમાં રેંટિયો ચલાવતા. વઢવાણ વિકાસ વિદ્યાલયમાં ખાદી વિભાગમાંથી પૂણીઓનાં બંડલ લઈ આવતા અને તેનું સુતર કાંતીને તેમને પાછું આપતા. મારું સુતર 40 નમ્બરથી પણ બારીક આવતું, એટલે એના પૈસા વધુ મળતા.”

“માતાપિતા પાસે કદી કોઈ વસ્તુ લઈ આપવા જિદ કરી નથી. જે હતું એમાં જ ચલાવ્યું છે. ઘરમા વીજળી ન હતી. કેરોસિનનાં ફાનસોના અજવાળે વાંચીને ભણ્યા છીએ, પણ એ સમયે કોઈ ફરિયાદ ન હતી.”

સુરેશચંદ્રભાઈ એટલે સાદગી, સંતોષ અને આનંદનો ત્રિવેણી સંગમ.

# શ્રીમતિ રેખાબહેન સિંઘલ



રેખાબહેનનો જન્મ ૧૯૫૬ માં ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ ગામે થયો હતો. એમના પિતા મેટ્રીક સુધીનો અભ્યાસ કરી મામલતદારના હોદ્દા સુધી પહોંચેલા, જ્યારે માતા અભણ હતા. પિતાએ રીટાયર્ડ થયા બાદ ગીરમાં કેસર કેરીનો બગીચો બનાવ્યો હતો, અને આમ કરનારા એ જીલ્લાના પ્રથમ ખેડૂત હતા.

રેખાબહેને સાતમા ધોરણ સુધીનો અભ્યાસ વેરાવળની જે.પી. પ્રાથમિક ખાનગી શાળામાં કરેલો. તેઓ જ્યારે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે જ એમના માતા-પિતાએ એમનું સગપણ નક્કી કરી દીધું. ત્યારે તેમની ઉમ્મર માત્ર દસ વર્ષની હતી. આઠમા ધોરણથી S.S.C.સુધીનો અભ્યાસ વેરાવળ ગર્લ્સ હાઈસ્કૂલમાં કર્યો અને ૧૯૭૧ માં તેમણે S.S.C. પરીક્ષા પાસ કરી. શાળાના અભ્યાસ દરમ્યાન રેખાબહેન ગણિત, ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃતમાં હંમેશાં સૌથી આગળ રહેતા.

S.S.C. માં ઉત્તીર્ણ થઈ એમણે રાજકોટની માતુશ્રી વીરબાઈમા મહિલા કોલેજમાં અભ્યાસ કરી, ૧૯૭૬ માં Micro-Biology વિષય સાથે B.Sc. ની ડીગ્રી પ્રાપ્ત કરી. B.Sc. નું છેલ્લું વર્ષ બાકી હતું ત્યારે જ, ૧૯૭૫ માં, એમના લગ્ન કરી દેવામાં આવ્યા. સાસરિયાની ઉતાવળને લીધે રેખાબહેનના માતા-પિતાને આવું કરવું પડેલું. આનાથી નારાજ થઈ, રેખાબહેને

ભણવાનું અધવચ્ચે જ છોડી દેવાનું નક્કી કરેલું, પણ અભણ છતાં હૈયાંસુઝ વાળી માતાએ શીખામણ આપી કે ભણતર નહિં હોય તો ખેતરોમાં મજૂરી કરવી પડશે, માટે ભણતર પૂરૂં કરી લે. રેખાબહેને આ સલાહ સ્વીકારી લઈ અભ્યાસ પૂરો કર્યો.



(રેખાબહેન અને એમના પતિ શ્રી પ્રતાપભાઈ)

૧૯૭૬ માં B.Sc. ની ડીગ્રી મેળવ્યા પછી આગળની કારકીર્દીનો વિચાર કરે તે પહેલાંજ, એટલે કે ૧૯૭૭ માં એમણે બેલડાની બે દિકરીઓને જન્મ આપ્યો. દિકરીઓ ત્રણ-ચાર વર્ષની થઈ એટલે તરત જ, શિક્ષકની નોકરી માટે અત્યંત જરૂરી એવી B.Ed. ની પરીક્ષા ૧૯૮૧ માં પસાર કરી. કુટુંબની વિચાર સરણીને અનુરૂપ થવા, ઉદ્યોગમાં સારી નોકરી મળતી હોવા છતાં એમણે  શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી. ૧૯૮૫ માં એમણે ત્રીજી દિકરીને જન્મ આપ્યો. ૧૯૮૯ સુધી શિક્ષક તરીકે કામ કર્યા બાદ, પોતાના અને સંતાનોના સારા ભવિષ્ય માટે અમેરિકા ભણી દૃષ્ટી કરી. ૧૯૮૯ માં અમેરિકા સ્થિત એમની બહેને Sponsor કરેલા Visa હેઠળ એમને ગ્રીનકાર્ડ મળતાં પતિ અને ત્રણ દિકરીઓ સાથે અમેરિકા આવી ગયા.

અમેરિકા આવ્યા બાદ એક-દોઢ મહિનામાં જ પતિ-પત્ની બન્નેને નોકરીઓ મળી જતાં અમેરિકામાં જીવનની શરૂઆત થઈ ગઈ. રેખાબહનને Medical Technologist તરીકે

Clinical Laboratory માં કામ મળ્યું. અહીં કામ પ્રત્યેની ઇમાનદારી, સખત મહેનત, નવું નવું શીખવાની ધગસ વગેરેને લઈને જીવનમાં સ્થિરતા આવવા લાગી. અમેરિકનોની જેમ અંગ્રેજી બોલતાં શીખવા એમણે ખાસ વર્ગોમાં પ્રશિક્ષણ લીધું. ૧૯૯૪ સુધી આ ક્રમ જારી રહ્યો.

આ સમયગાળામાં એમણે ગુજરાતી ભાષા પ્રત્યેના એમના પ્રેમને વાચા આપવાનું શરૂ કર્યું, એટલું જ નહિં પણ અમેરિકા સ્થિત અનેક ગુજરાતી સંસ્થાઓ સાથે જોડાઈ અને એમના કાર્યોમાં સહભાગી થઈ અનેક લોકોનો પ્રેમ સંપાદન કર્યો.

૧૯૯૪ થી ૧૯૯૮ સુધી એમણે Chiorn કંપનીમાં Quality Control Technician તરીકે કામ કર્યું. આ દરમ્યાન એમણે New England ના ભારતીય વિદ્યાભવનના Public Relation કાર્યકર તરીકે પણ સેવાઓ આપી. ગુજરાતી સાહિત્ય રસિકો સાથે મળીને એમણે રમેશ પારેખ, અનિલ જોષી, વિનોદ જોશી, આદિલ મનસુરી જેવા કવિઓને સાંકળી લઈને કવિ ચંદ્રકાન્ત શાહ સાથે કવિસંમેલનોનું આયોજન કર્યું અને તારક મહેતા જેવા મહાનુભવના કાર્યક્રમો યોજવામાં અગ્રેસર રહી  ગુજરાતી પ્રજાને એનો લાભ આપ્યો.

૧૯૯૭માં રેખાબહેનના કુટુંબે બોસ્ટનથી નેશવિલે-ટેનેસી સ્થળાંતર કર્યું અને ત્યાં એક Mini Market ચલાવવાનું શરૂ કર્યું. ૨૦૦૧ થી ૨૦03 સુધી Vanderbilt University ના Pediatric cardiology માં Research Assistant તરીકે કામ કર્યું. અહીં એમણે DNA અને DNA cloning નો અનુભવ મેળવ્યો. આ સમયગાળામાં પણ એમણે Non-profit સામાજીક સંસ્થાઓમાં સેવાઓ આપી અને સારા કામો માટે સંસ્થાને રકમ જમા કરવામાં મદદ કરી.

૨૦૦૫ માં રેખાબહેનને OUR LAB તરફથી Best trainer at a research and medical laboratory award આપવામાં આવ્યો. હવે એમણે વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન્સ આપવાની શરૂઆત કરી. ૨૦૦૭ થી ૨૦૦૯ ની વચ્ચે આ પ્રવૃતિને વેગ આપી પોતાના નિવાસસ્થાને વર્ગો ચલાવવાનું શરૂ કર્યું. સાથે સાથે ૨૦૦૭ માં South Asian Heritage Group ની સ્થાપના કરી સંગીતકાર શેખર સેનને ‘કબીર’ના મોનો એક્ટ માટે સ્પોન્સર

કર્યા તેમજ પરેશ રાવલના નાટકો યોજ્યા. અને અમેરિકનો સહિત ભારતિય લોકો માટે લાયબ્રેરી અને Cooking classes શરુ કર્યા. ૨૦૦૮ માં એમણે રીડ ગુજરાતીની વાર્તા સ્પર્ધામાં બીજું ઈનામ મેળવ્યું. ૨૦૦૮ માં જ પોતાનો સ્વતંત્ર બ્લોગ અને South Asian Heritage Group માટે વેબ સાઈટ શરૂ કરી. રેખાબહેનના લખાણોની મજા માણવી હોય તો એમના બ્લોગની મુલાકાત જરૂર લેજો. એમણે ત્રણ વર્ષ સુધી GAMT (Gujarati Association of Middle Tennessee–a non profit organization) નું ટ્રસ્ટીપદ પણ સંભાળ્યું.

૨૦૧૨ માં Mathfactorial નામ આપી લાયસન્સ સાથે ગણિતના વર્ગો શરૂ કર્યા. ૨૦૧૧ મા એમને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'મારો અવિસ્મરણીય અનુભવ લખવા' માટે પારિતોષિક આપવામાં આવ્યુ. ૨૦૧૧ માં જ એમણે મુંબઈની SNDT યુનિવર્સીટીમાંથી ગુજરાતી વિષય સાથે M.A. ની ડીગ્રી પ્રાપ્ત કરી. ૨૦૧૩ થી વેબ ગુર્જરીની સાહિત્ય સમિતિમાં જોડાયા બાદ એક વિભાગના સંપાદનનું કાર્ય સંભાળી લીધું. ૨૦૧૩ માં એમની એક વાર્તા ઓસ્ટ્રેલીયાના રેડિયો સીડની ઉપર પ્રસારિત કરવામાં આવી, આ અગાઉ ૧૯૮૨ માં પણ આકાશવાણી રાજકોટ ઉપરથી યુવાવાણી કાર્યક્રમમાં ઉત્તમ શિક્ષક વિષે એમનો એક વાર્તાલાપ પ્રસારિત થયો હતો.

રેખાબહેનમાં લીડરશીપના ગુણો તો શાળાના સમયથી વિકસતા રહેલા, તરૂણ વયે જ ફાધર વોલેસ જેવા ફીલોસોફર સાથે નિયમિત પત્રવ્યહવાર પણ કરતા. મુશ્કેલીઓ સામે લડી લેવાનું વલણ એમણે નાનપણથી કેળવેલું. ગરીબી, ભેદભાવ, અવગણના વગેરે રૂકાવટોને ઓળંગી જઈ, જીવનમાં એમણે જે પ્રગતિ કરી છે એ જોઈને સહેજે જ મારો હાથ એમને સલામ કરવા ઉપડી જાય છે. ફક્ત વીસ ડોલરની નોટ સાથે અમેરિકા આવ્યા બાદની મનોદશા વ્યક્ત કરતાં રેખાબહેન કહે છે, "અહીં અમેરીકા આવ્યા ત્યારે શરૂઆતમાં તો ખોવાઈ ગયા જેવી દશા! એક મહિનામાં નોકરી ન મળે તો માથે કરજ લઈ વીલા મોંએ દેશ પાછું ફરવાનું હતું. ભાષાનો પ્રશ્ન સૌથી મોટો! પાસે કાર નહી (અમેરિકામાં કાર વગરનો માણસ એટલે કેદી). દીકરીઓને ઘરે એકલી રખાય

નહી. ભાઈ-બહેન સાથ આપતા હતા પણ એ ટેમ્પરરી વ્યવસ્થા હતી મુંઝવણનો પાર નહી.. કેમ કરીશું ? એ પ્રશ્ન અજગરની જેમ ભરડો લઈને ભીંસતો હતો...આખરે મને લેબોરેટરીમાં રાતની નોકરી મળી કે તરત કારના હપ્તા શરૂ કર્યા. દિવસે દીકરીઓને માટે હું ઘરે રહું અને મારા પતિ કામ પર જાય. બંનેએ તનતોડ મહેનત કર્યા વગર છૂટકો ન હતો, કારણ કે મારા પતિ પાસે ઉચ્ચ ડીગ્રી ન હતી અને આજીવિકા માટેના પૈસાની જરૂર માટે પરમાત્મા સિવાય કોઈનો આધાર નહી. ધીરે ધીરે આર્થિક તકલીફના વાદળો વિખરાવા માંડ્યા, પણ યુવાન દીકરીઓ અને ભિન્ન સંસ્કૃતિ ! એક ઘડી ય રેઢી મૂકતા મન ન માને એટલે સાહિત્ય કે શિક્ષણમાં ડૂબવું પોસાય નહી..વળી એમના કોલેજના શિક્ષણ માટેની વ્યવસ્થાની ચિંતા તો ખરી જ ! પરણાવવાની ચિંતાને તો દૂર જ રાખી હતી પણ આ બધી સાંસારિક ચિંતાઓ જે બધાને જ હોય છે તે પરદેશની ભૂમિ પર અજાણ્યા સમાજ વચ્ચે અનેક ગણી વધી જાય છે તે દેશવાસીઓ ન સમજાય તેવી વાત છે."



(રેખાબહેનના દોહિત્ર અરમાન અને રોનિત)

આજે પ્રભુ કૃપાએ રેખાબહેનનો સંસાર સુખી છે. બે દોહીત્ર સાથે અતિ આનંદની પળો પસાર કરતા રેખાબહેન સામાજીક અને સાહિત્યની પ્રવૃતિઓમાં ઉમંગની ભાગ લે છે.

સ્વભાવે ખૂબ જ ઊર્મિલ રેખાબહેન જીવનની ફીલોસોફી તરીકે કહે છે, “ જીવન એક આધ્યાત્મિક સફર છે અન્ય જીવનયાત્રીઓ સાથેના સંબંધોમા આપણે આપેલા ભાવોના એવા જ પ્રતિભાવો આપણને મળે છે તેથી જો શુદ્ધ ભાવો આપીએ તો શુદ્ધ સંબંધો વીકસે. અન્યના દોષો જોવાથી આપણા પોતાના અંતરની શુદ્ધિ જ આપણે ગુમાવીએ છીએ. અન્યના ગુણ અને પોતાના દોષ જોવાની દ્રષ્ટિ કેળવવાથી દિલમાં પ્રકાશ પથરાય છે.”

# શ્રી. ભૂપેન્દ્રસિંહ રાઓલ



શ્રી. ભૂપેન્દ્રસિંહ રાઓલનો જન્મ ૧ જાન્યુઆરી, ૧૯૫૭માં મહેસાણા જિલ્લાના વિજાપુર ગામમાં થયો હતો. એમનું વતનનું ગામ માણસા છે જે હાલ ગાંધીનગર જિલ્લામાં આવેલું છે. આઝાદી પહેલા માણસા ત્રીજા વર્ગનું રજવાડું ગણાતું અને એના રાજકર્તા પાટણના સ્થાપક વનરાજ ચાવડાના વંશજો હતા. આમ વનરાજ ચાવડાના સીધા વંશજ એવા ભૂપેન્દ્રસિંહ માણસા રાજવીના ભાયાત ગણાય. એમના દાદા શ્રી. મોતીસિંહજી જુના કડાણા સ્ટેટના દીવાન સાહેબ હતા, જ્યારે પિતાશ્રી રતનસિંહજી વકીલ હતા અને વિજાપુરમાં વકીલાત કરતા. માતા ત્રિકમકુંવરબા શાળાના શિક્ષણથી વંચિત હતા.

ભૂપેન્દ્રસિંહનો ધોરણ ૧ થી ૪ સુધીનો અભ્યાસ નડિયાદની ન્યુ શોરોક પ્રાથમિક શાળામાં થયેલો. પાંચમાં ધોરણનો અભ્યાસ વિજાપુરની પ્રાથમિક શાળામાં કરેલો. ધોરણ ૬ થી ૧૦ સુધીનો અભ્યાસ વિજાપુરની આશ સેકન્ડરી હાઈસ્કૂલમાં થયો. અભ્યાસમાં તેજસ્વી હોવાથી ધોરણ ૧ થી ૪ ફક્ત બે જ વર્ષમાં પાસ કરી નાખેલા અને ત્યાર પછી માધ્યમિક સ્કૂલમાં પણ હંમેશાં ત્રીજો ચોથો નંબર આવતો. ગુજરાતી, ઇતિહાસ અને ભૂગોળ એમના પ્રિય વિષય હતા. ૧૧ માં ધોરણમાં વડોદરાની એચ. જે. પરીખ હાઈસ્કૂલમાં હતા, અને અહીંથી ૧૯૭૨ માં એમણે SSC ની પરીક્ષા પાસ કરી.

શાળાજીવનના સંભારણામાં તેઓ કહે છે, “તમામ શિક્ષકો ખૂબ સારા મળેલા. પુરાણી સાહેબ નિસ્વાર્થભાવે સાર્વજનિક અખાડામાં સવારે બોલાવી કુસ્તી અને દેશી વ્યાયામ શીખવતા. શાળા અભ્યાસ દરમ્યાન ગુજરાતી પાઠ્યપુસ્તકમાં જે પાઠ આવે તેના લેખકનો પરિચય અને એમના સર્જન કૃતિઓ વિષે માહિતી ટૂંકમાં અપાતી. હું તે લેખકના તમામ પુસ્તકો, નવલકથાઓ, વાર્તા સંગ્રહો વિજાપુરની સાર્વજનિક લાઇબ્રેરીમાંથી લાવીને વાંચી જતો. આમ સૌથી પહેલા મેં ક.મા. મુનશી પછી ર.વ. દેસાઈ, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, ગુલાબદાસ બ્રોકર, ચુનીલાલ મડિયા, ગુણવંતરાય આચાર્ય જેવા અનેક નામી-અનામી સાહિત્યકારોને વાંચી નાખેલા. આ બધું સાહિત્ય શાળા અભ્યાસ દરમ્યાન દસ ધોરણ સુધીમાં વાંચીને પૂરું કરેલું.”

“અગિયારમાં ધોરણમાં હતો ત્યારે બરોડામાં બહુચરાજી રોડ પર આવેલા રજનીશ સ્વરૂપમ ધ્યાન કેન્દ્રમાં બુધ અને શનિ-રવિ ઓશો રજનીશજીના પ્રવચનોની કેસેટ મૂકતા, તે સાંભળવા જતો. આમ ઓશો રજનીશને વાંચવાનું વ્યસન લાગેલું. ઓશોના લગભગ તમામ પુસ્તકો વાંચી નાખ્યા હશે.”

ભૂપેન્દ્રસિંહ SSC પછી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રી-યુનિટમાં કૉમર્સ વિભાગમાં દાખલ થયા. અહીં જાણીતા સાહિત્યકાર સુરેશ જોષી ગુજરાતીનો ક્લાસ લેતા. ત્યાર બાદ કૉમર્સ ફેકલ્ટીમાં દાખલ થઈ B. Com. ની ડિગ્રી મેળવી. કૉલેજના આ વર્ષો દરમ્યાન એમનો ઘણોખરો સમય હંસા મહેતા લાઇબ્રેરીમાં જતો.” તેઓ કહે છે કે, “મૂળ સાહિત્યનો જીવ એટલે કોઈ સારા સાહિત્યકાર લેખકની કૃતિ

હાથમાં આવી જાય તો એક બેઠકે પૂરી.”



(રજવાડી સાફા સાથે ભૂપેન્દ્રસિંહ)

B.Com. ની પરીક્ષા પસાર કરી ભૂપેન્દ્રસિંહ માતા-પિતા પાસે માણસા પાછાં ફર્યા અને આઠ વર્ષ સુધી ઘરની ખેતી સંભાળી અને ક્રોસ બ્રીડ ગાયોની પણ દેખરેખ કરી. દરમ્યાનમાં ૧૯૮૨ માં એમના દક્ષાકુમારી સાથે લગ્ન સાથે થયા. આ એમની પસંદગી સાથેના એરેન્જડ મૅરેજ હતા. ૧૯૯૨ માં પત્ની સાથે વડોદરા પાછાં ફરી અને વીડીઓ શુટિંગ અને ફોટોગ્રાફી ને વ્યવસાય તરીકે અપનાવેલો. ભૂપેન્દ્રસિંહ અને દક્ષાકુમારીના ધ્રુવરાજસિંહ, યુવરાજસિંહ અને હરપાલસિંહ એમ ત્રણ પુત્ર છે. ભૂપેન્દ્રસિંહને દીકરી ન હોવાનો થોડો અફસોસ હતો પણ થોડા મહિના પહેલાં પુત્ર યુવરાજસિંહને ત્યાં પૌત્રી તનીષાનો જન્મ થવાથી એમની એ ખોટ પણ પૂરી થઈ ગઈ.



(ભૂપેન્દ્રસિંહ અને દક્ષાકુમારી)

૨૦૦૫ માં એમના સાસરિયાએ Sponser કરેલા Visa ઉપર ભૂપેન્દ્રસિંહ અમેરિકામાં સ્થાયી થયા. હાલમાં એમના ત્રણે પુત્ર સહિત સમગ્ર કુટુંબ અમેરિકામાં જ સ્થાયી છે.

અમેરિકામાં આવ્યા બાદ એમણે અલગ અલગ કંપનીઓમાં નોકરી કરી. હવે એ અમેરિકાના નાગરિક બની ગયા છે. એમના બચપણથી લાગેલા સાહિત્યના રસને હંમેશાં જાળવી રાખ્યો. અહીં અમેરિકામાં ગુજરાત દર્પણની સાહિત્ય સભામાં નિયમિત હાજરી આપી અનેક સાહિત્ય રસિક મિત્રો સાથે દોસ્તી કરી લીધી. ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ અમેરિકાના તેઓ સભ્ય છે.

ગુજરાતી બ્લોગ જગતમાં ભૂપેન્દ્રસિંહ રાઓલ નામ ખૂબ જ જાણીતું છે. બ્લોગીંગની પ્રવૃતિ વિષે તેઓ કહે છે, "ઘેર ઘેર ફરી સમાજસેવા કરવી બધા માટે શક્ય નાં હોય. ૨૦૧૦મા બ્લોગ બનાવી લખવાનું શરુ કર્યું છે. અંધશ્રદ્ધા અને અવૈજ્ઞાનિક માન્યતાઓ વિરુદ્ધ લખીને લોકોને વિચારતા કરવાનું ધ્યેય છે. બ્લોગ કુરુક્ષેત્રમાં ૪૨૪ લેખો લખીને મૂક્યા છે. ૩,૬૭,૮૧૬ હિટ્સ મેળવીને બ્લોગ ગુજરાતી બ્લોગ વિશ્વમાં ખૂબ પ્રસિદ્ધિ મેળવી ચૂક્યો છે." ભૂપેન્દ્રસિંહના તેજ તરાર લખાણો વાંચવા તમારે કુરુક્ષેત્રની મુલાકાત http://raolji.com/ લિંક વાપરી લેવી પડસે. ફેસબુકના ગુજરાતી સમૂહમાં પણ ભૂપેન્દ્રસિંહનું નામ ખૂબ પ્રસિદ્ધ છે. ફેસબુકમાં એમના ૫૦૦૦ મિત્રો સાથે અનેક ફોલોઅર્સ છે.

ભૂપેન્દ્રસિંહ પોતાને હિંદુ નાસ્તિક કહે છે. તેઓ કહે છે, "હિંદુ કોઈ ધર્મ નહિ જીવન જીવવાનો એક તરીકો છે. હું ઈશ્વર વગેરેમાં માનતો નથી, રીઅલીસ્ટીક એપ્રોચ ધરાવું છું.  વાસ્તવવાદી અને માનવતાવાદી એવા મને હ્યુમન બિહેવીઅર અને ઉત્ક્રાન્તિના મનોવિજ્ઞાન ઉપર આધારિત લેખ લખવાનું ગમે છે."

એમના બે પુસ્તકો બહાર પડ્યા છે  ૧) કુરુક્ષેત્ર મારા વિચારોનું અને ૨) માનવ મન એક ચક્રવ્યૂહ. 'માનવ મન એક ચક્રવ્યૂહ'  પુસ્તકની પ્રસ્તાવના જાણીતા લેખક જય વસાવડાએ લખી છે, અને આ પુસ્તક નવભારત સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તક ઉત્ક્રાંતિના મનોવિજ્ઞાન ઉપર આધારિત છે.

# ડો. ચિંતન વૈશ્નવ



ચિંતનભાઈનો જન્મ ૧૯૭૧ માં અમદાવાદમાં થયેલો. માતા-પિતા બન્ને ડોકટર હોવાથી પૈસે-ટકે સુખી કુટુંબ ગણાતું. ચિંતનભાઈએ પ્રાથમિક અને માધ્યમિક શાળાનો અભ્યાસ વડોદરાની એલેંબિક વિદ્યાલયમાં કરેલો અને અહીંથી જ એમણે ૧૯૮૬ માં SSC અને ૧૯૮૮ માં HSC ની પરિક્ષાઓ પાસ કરી. શાળામાં ચિંતનભાઈની ગણના તેજસ્વી વિદ્યાર્થીઓમાં થતી, પણ એમનું બારમા ધોરણમાં એમનું પરિણામ થોડું નબળું આવ્યું. આજે પાછું ફરીને જોતાં એમને લાગે છે કે કદાચ બારમા ધોરણમા અભ્યાસ સિવાયની ઈતર પ્રવૃતિઓમા વધારે પડતો સમય આપવાથી આવું થયું હશે, દાખલા તરીકે એમણે ૧૯૮૭ માં જ ક્લાસિકલ સંગીતમાં B.A. ની ડીગ્રી મેળવી લીધેલી.

HSC માં ઓછા માર્કસ આવ્યા છતાં એમના માતા-પિતાએ ભવિષ્યનો વિચાર કરી એમને બેંગ્લોરની R.V. કોલેજમાં Electronics and Communications ના કોર્સમા દાખલ કર્યા અને ૧૯૯૨ માં એમણે અહીંથી B.E. ની ડીગ્રી પ્રાપ્ત કરી. આજે પણ ચિંતનભાઈ માને છે કે ઘરથી દૂર બેંગલોરમાં ગાળેલા આ ચાર વર્ષ દરમ્યાન એમને

જે ગુણીજનો અને વાતાવરણ મળ્યું કે તેણે જીવન વિષે વિચારવાની એમની દ્રષ્ટી જ બદલી નાખી.

બે વર્ષ ભારતમાં કામ કરી, ૧૯૯૪ માં ઉચ્ચ અભ્યાસ માટે ચિંતનભાઈ અમેરિકા આવ્યા અને અમેરિકામાં રહી એમણે ૧૯૯૬ માં M.S. in Electrical Engineering ની ડીગ્રી મેળવી. ડીગ્રી મેળવ્યા બાદ એમણે Lucent Technologies-Bell Laboratories માં નોકરી સ્વીકારી. મારો દિકરો ભાવેશ પણ આ જ કંપનીમાં કામ કરતો હતો. ચિંતનભાઈ અને ભાવેશ મિત્રો બની ગયા હોવાથી, મારો ચિંતનભાઈ સાથે આ સમય ગાળામાં પરિચય થયો. એ સમયે મારા અમેરિકામાં ટુંકા રોકાણ દરમ્યાન જ હું ચિંતનભાઈની કેટલીક ખાસીયતોથી પ્રભાવિત થયો હતો. એમની વાતચીતમાં ગંભીરતા, એમની મિત્રો પ્રત્યેની લાગણી, એમનો સંગીત પ્રેમ અને એમની Brain Storming ની આદતે મારૂં ખાસ ધ્યાન દોરેલું.



જાન્યુઆરી ૨000 માં ચિંતનભાઈના લગ્ન હેતલ બુચ નામની ગુજરાતી યુવતી સાથે થયા. આજે ચૌદ વરસ પછી ચિંતમભાઈ કહે છે કે મારા જીવનમાં મળેલી અતિ પ્રેમાળ અને લાગણીશીલ વ્યક્તિઓમાં હેતલ મોખરે છે. લગ્નબાદ અમેરિકા આવ્યા પછી તરત જ હેતલબેને પણ વધારે ભણવાનું શરૂ કરી દીધું અને Computer વિષયક

M.S. ડીગ્રી મેળવી લીધી.. હાલમાં આ દંપતી પોતાની સાડાચાર વર્ષની પુત્રી સાન્વીના ઘડતરમાં ફાળો આપી રહ્યા છે.



રીસર્ચ-ક્ષેત્રે અગ્રેસર એવી Bell Laboratory માં નોકરી કરવા છતાં પણ એક વાત ચિંતનભાઈને વારંવાર ખટકતી કે, ટેકનોલોજીમાં એટલી પ્રગતિ પછી પણ ગરીબી અને ભૂખમરા જેવી મૂળભૂત સમસ્યાઓનો હલ આપણે શામાટે લાવી શક્યા નથી? થોડા વિચાર પછી તેમને એમ સમજાયું કે આ પ્રશ્નનો જવાબ આપવા તેમણે engineering ઉપરાંત વિષયો સમજવા પડશે। આથી, 2003 માં આ સારા પગારની નોકરી છોડી એમણે 2005 સુધી SM in Technology and Policy નો અભ્યાસ કર્યો અને 2005 થી 2009 સુધી Technology, Policy, and Management નો અભ્યાસ કરી Ph.D ની ડીગ્રી પ્રાપ્ત કરી. આ જ્ઞાન પ્રાપ્તિ યજ્ઞ દરમ્યાન પાંચ વર્ષ માટે ઘર ચલાવવા એમને અને એમની પત્નીને MIT ની Under Graduate Students Hostel ના વોર્ડન તરીકે કામ કરવું પડેલું. આ પરિસ્થિતીને પણ Positive દ્રસ્ટીથી જોતાં ચિંતનભાઈ કહે છે, “આ કામ કરતાં કરતાં મને યુવા માનસમાં ડોકિયું કરવાની તક મળી. મોટા ભાગના ગોરા વિદ્યાર્થીઓથી ભરેલી આ MIT ની હોસ્ટેલના ઇતિહાસમાં, અમે પહેલા જ અમેરિકામાં નહિં જન્મેલા, અને ગોરા નહિં એવા વોર્ડન હતા. પણ પ્રેમ અને સમજદારીથી અમે વિદ્યાર્થીઓનો સારો એવો પ્રેમ સંપાદન કરેલો.”

ચિંતન વૈશ્નવ MIT ની Sloan School માં સીનીયર લેકચરર છે.તેમની રીસર્ચ મહદઅંશે બે વિષયો ઉપર કેન્દ્રિત છે. મુખ્યત્વે, તેઓ આર્થિક અને સામાજિક ભીડમાં જીવી રહેલ વિસ્તારોની સમસ્યાઓ માટે ટેક્નોલોજી અને વ્યવાસ્થાત્મક ઉપાયો ઉપર શોધખોળ કરી રહ્યા છે. તદોપરાંત, તેઓ ટેકનોલોજી માં આવતા ઝડપી ફેરફારો ને કાર્યકરો, પ્રશાશકો અને નિયમનકારો કઈ રીતે સમજી શકે તેનો અભ્યાસ કરી રહ્યા છે. તેમનું આ કામ ખેતીવાડી, ઈન્ટરનેટ અને ટેલીકોમ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી, અને શહેરીકરણ ને સમજવામાં ફાળો આપી શકે તેમ છે. ચિંતનભાઈ કહે છે કે તેમના કાર્યકાળ દરમ્યાન સૌથી યાદગાર પ્રસંગ એ રહ્યો છે તેઓ MIT માં જે ક્લાસને ભણાવે છે તેમાં એક વાર રતન ટાટા આવેલા.
ચિંતનભાઈની હાલની પ્રવૃતિઓ માત્ર બે વસ્તુઓ ઉપર કેંદ્રીત છે. (૧) શિક્ષણ આપવું, અને લોકોને પોતાનું જીવન સુધારવાની શક્તિ પ્રદાન કરવા શોધખોળ કરવી. અને (૨) એમની આસપાસના લોકોને એમની શક્તિની ચરમ સીમા સુધી પહોંચવામાં મદદરૂપ થવું. સ્કોલરશીપ વડે લોકોની મૂળભૂત મુશ્કેલીઓનું અધ્યયન કરી સમાધાન શોધવા માટે આજે પણ ચિંતનભાઈ કાર્યરત છે. ચિંતનભાઈ માને છે કે સર્જનશીલતા નો ધ્યેય જનકલ્યાણ છે.

ચિંતનભાઈ કહે છે એ ઈશ્વરનો આભાર માને છે કે ગાંધીજી સાથે નજીકનો સંબંધ ધરાવતા એમના નાના શ્રી પ્રતાપરાય તુલજાપ્રસાદ છાયાએ એમને પ્રમાણિકતા અને પરિશ્રમનું જે મહત્વ સમજાવેલું એનું એ પોતે કુતુહલ અને હિંમતથી અનુસરણ કરવાની કોશીશમાં રહ્યા છે.

# કેપ્ટન નરેન્દ્ર ફણસે



નરેન્દ્રભાઈનો જન્મ ૧૯૩૪ માં વડોદરામાં એક સમ્પન્ન પરિવારમાં થયો હતો. પિતાએ મુંબઈની વિલ્સન કોલેજમાં અભ્યાસ કર્યો હતો. માતાનો જન્મ એક જમીનદાર કુટુંબમાં થયો હતો. તે સમયે સ્ત્રી શિક્ષણ પ્રત્યે ઉદાસિનતા દર્શાવવામાં આવતી હોવાથી માતાનું શિક્ષણ કેવળ ચોથા ધોરણ સુધી જ થયો.

નરેન્દ્રભાઈની ઉમ્મર માત્ર નવ વર્ષની હતી ત્યારે એમના પિતાનું અવસાન થયું. પરિસ્થિતિમાં એવો બદલાવ આવ્યો, રહેવા માટે ફક્ત શહેરમાં એક ઘર રહી ગયું. આજીવીકાનું અન્ય કોઈ સાધન ન હોવાથી માતા શહેરનું ઘર ભાડે આપી ગામમાં રહેવા ગયા. ભાડાની અલ્પ આવકમાં પણ માતાએ આત્મનિર્ભરતા અને ગૌરવપૂર્ણ રીતે ચાર સંતાનોને ઉછેર્યા. નરેન્દ્ર તેમાં સૌથી મોટો. માત્ર ૫૫ વર્ષની ઉમ્મરે માતાનું પણ અવસાન થયું.

નરેન્દ્રભાઈનો પ્રાથમિક શાળાનો અભ્યાસ સૌરાષ્ટ્રના અને બનાસકાંઠાના અલગ અલગ શહેરોમાંથયો. તે માત્ર સાત વર્ષના હતા ત્યારે એમના અપહરણનો એક નિષ્ફળ પ્રયત્ન થયો હતો. એમના જ નોકરે એમને રાજકોટથી મુંબઈ લઈ જવાનો પ્રયત્ન કર્યો હતો, પણ પિતાના એક મિત્ર પોલીસ અમલદાર હોવાથી, તાત્કાલીક કારવાઈ કરી નરેન્દ્રભાઈને સુરેન્દ્રનગરથી બચાવી લેવામાંઆવ્યા.

માધ્યમિક શાળાનો અભ્યાસ એક વર્ષ ભાવનગર અને છ વર્ષ અમદાવાદમાં થયો. ૧૯૫૧માં ૧૬ વર્ષની વયે એમણે SSC ની પરિક્ષા પસાર કરી. માધ્યમિક શાળાના અભ્યાસ દરમ્યાન એમને તેમના એક શિક્ષકે વર્ગમાં લપડાક મારી હતી. આ અપમાન સહન ન થતાં એમણે એજ્યુકેશન ઈન્સપેકટર પાસે ફરિયાદ કરી અને ન્યાય મેળવ્યો હતો. આમ અન્યાય સામે લડી લેવાની વૃતિ એમણે નાનપણથી જ કેળવેલી. આ સમયગાળામાં એમણે શ્રી અરૂણકાન્ત દિવેટિયાના માર્ગદર્શન હેઠળ ગુજરાતી સાહિત્યમાં રસ કેળવ્યો.

SSC બાદ એમણે ભાવનગરની મંગળદાસ જેશીંગભાઈ કોલેજ ઓફ કોમર્સમાંથી ૧૯૫૮ માં B.Com. ની ડીગ્રી મેળવી. આ અભ્યાસક્રમ દરમ્યાન સંજોગોવશાત ૧૯૫૫ થી ૧૯૫૭

સુધી અભ્યાસમાં રૂકાવટ પેદા થયેલી. કોલેજના અભ્યાસ દરમ્યાન એમને શ્રી વિજયરાય ક. વૈદ્ય પાસેથી ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરવાનો મોકો મળ્યો હતો. B.Com. ની ડિગ્રી મેળવ્યા પછી, ૧૯૬૩ સુધી નરેન્દ્રભાઈએ L.I.C. ના એકાઉન્ટસ અને ક્લેઈમ્સ વિભાગમાં નોકરી કરી.

૧૯૬૨ના ચીન સાથેના યુધ્ધમાં ભારતની હાર થતાં દેશના યુવાનોમાં સૈન્યમાં જોડાઇ દુશ્મન સામે લડવાનો જુવાળ આવ્યો હતો. સરકારે આ ગાળા દરમ્યાન ઈમરજન્સી કમીશન્ડ ઓફીસરોની ભરતી શરૂ કરી, જેમાં નરેન્દ્રભાઈની પસંદગી થઈ. છ મહિના પૂનામાં જેન્ટલમન કૅડેટની ટ્રેનિંગ પૂરી કરી નરેન્દ્રભાઈ સેકન્ડ લેફ્ટેનન્ટ તરીકે રેગ્યુલર આર્મીમાં જોડાઈ ગયા. આર્મીમાં જોડાવા માટેની પ્રેરણા એમને એમની માતાએ આપેલી.



૧૯૬૫માં પાકિસ્તાન સાથેના યુધ્ધમાં એમને મોખરાની હરોળમાં ઠેઠ સિયાલકોટ સુધી લડવાનો મોકો મળ્યો. ભારતે આ યુધ્ધમાં શાનદાર વિજય મેળવ્યો હતો. ૧૯૬૭ના વર્ષમાં તેમની નિમણૂંક કૅપ્ટન તરીકે થઈ. ૧૯૬૮ માં તેઓ બોર્ડર સિક્યુરીટી ફોર્સમાં કેપ્ટનના સમકક્ષ હોદ્દા સાથે જોડાયા. અહી પણ એમને ૧૯૭૧ ના પાકિસ્તાન સાથેના યુધ્ધમાં પંજાબમાં મોખરાના મોરચે લડવાનો મોકો મળેલો, અને એમણે દાખવેલા શૌર્ય બદલ એમને  રાષ્ટ્રપતિ દ્વારા ગેલેન્ટ્રી એવોર્ડ આપવામાં આવ્યો. એમણે એમના આ બન્ને યુધ્ધના અનુભવો પોતાના પુસ્તક "જિપ્સીની ડાયરી" માં લખ્યા છે. અમદાવાદના ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત આ પુસ્તક ખરેખર વાંચવા લાયક છે.

નરેન્દ્રભાઈના લગ્ન ૧૯૬૫ માં ટાન્ઝાનિયાના અનુરાધાબહેન સાથે થયા હતા. આ એક arranged marriage હતા. ૧૯૬૫ માં એમની દિકરી કાશ્મીરાનો જન્મ થયો અને ૧૯૭૦ માં એમના દિકરા રાજેન્દ્રનો જન્મ થયો હતો. ૧૯૭૬ માં કેપ્ટન નરેન્દ્ર સૈન્યમાંથી રાજીનામું આપી, એમના કુટુંબને લઈને  કાયમી વસવાટ માટે લંડન ગયા. રાજીનામું નામંજૂર થવાથી કેપ્ટન નરેન્દ્રને ત્રણ મહિનામાંજ ભારત પાછા ફરવું પડ્યું. એમનું કુ ટુંબ લંડનમાંજ રોકાયું. પાંચ વર્ષ સુધી અનુરાધા બહેને લંડનમાં નોકરી કરી અને બે બાળકોને ઉછેર્યા.

૧૯૮૧ માં કેપ્ટન નરેન્દ્ર સેનામાંથી નિવૃતિ લઈ લંડન આવ્યા. લંડનમાં નોકરી દરમ્યાન, ૧૯૮૭માં લંડનની એક બરો કાઉન્સીલના સમાજ સેવા વિભાગે ચાલુ પગારે બે વર્ષનો ફૂલ ટાઈમ પોસ્ટ ગ્રૅજ્યુએટ કોર્સ કરવા મોકલ્યા. લંડનની સાઉથ બૅંક યુનિવર્સિટીમાંથી તેમણે સોશ્યલ સાયન્સીઝમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો.

લંડનના રહેવાસ દરમ્યાન, અંડરગ્રાઉન્ડ ટ્રેનમાં પ્રવાસ કરતી વખતે ગુજરાતી લેખનની પ્રવૃતિ ફરી શરૂ કરી અને એમના લખાણ અખંડ આનંદમાં 'કૅપ્ટન નરેન્દ્ર'ના તખલ્લુસથી પ્રગટ થવા માંડ્યા. આમ તો એમનો સૌથી પહેલો લેખ ૧૯૫૭માં સ્વ. ચાંપશીભાઈ ઉદેશીના 'નવચેતન'માં છપાયો હતો અને ત્યાર પછી ૧૯૭૯માં જનસત્તાની રવિવારની

આવૃત્તિમાં 'નરેન્દ્ર'ના તખલ્લુસથી અવાર નવાર લેખ છપાતા. જો કે લેખનની ખરી કસોટી સ્વ. આચાર્યશ્રી દિલાવરસિંહજી જાડેજાની રાહબરી નીચે નીકળતા 'અખંડ આનંદ'માં થઈ. તેમાં લગભગ દસેક જેટલા લેખ અને એક એકાંકિ નાટક પ્રસિદ્ધ થયાં, જેમને ઘણો સારો આવકાર મળ્યો હતો.

લંડનના રોકાણ દરમ્યાન એમણે ૧૯૮૫માં, લંડનમાં રહેતા ભારતીય અંધજનો માટે બોલતું

અખબાર 'કિરણ', મૂળ કેન્યાનાં કલ્પનાબહેન પટેલની સાથે શરૂ કર્યું. આજે પણ આ અખબારની ડિજીટલ આવૃત્તિ લગભગ ચારસો દૃષ્ટીની ક્ષતિ ધરાવતા શ્રોતાઓને દર અઠવાડિયે મોકલવામાં આવે છે.

નરેન્દ્રભાઈના બન્નેબાળકો બ્રિટનમાંઅભ્યાસ પુરો કરી, આગળની કારકીર્દી માટે અમેરિકા ગયા. ૨000 માં નરેન્દ્રભાઈ અને એમના પત્ની પણ કાયમી વસવાટ માટે અમેરિકા આવી ગયા. અમેરિકામાં એમની સાહિત્ય પ્રવૃતિ ચાલુ રહી. ૨૦૦૮ માંએમણે

જિપ્સીની ડાયરી નામે બ્લોગ શરૂ કર્યો. તમે www.captnarendra.blogspot.com લીંક

વાપરી આ બ્લોગની મુલાકાત લઈ શકો છો.

નરેન્દ્રભાઈના ઘડતરમાંએમની માતાનું યોગદાન અતિશય મહત્વનું છે. આ લખતી વખતે, શિવાજી મહારાજનું વીરમાતા જીજાબાઈએ કરેલું ઘડતર યાદ આવી જાય છે. આ માતૃઋણ ચૂકવવા નરેન્દ્રભાઈએ "બાઈ" (મા) નામે એક પુસ્તક લખ્યું છે, જે મૂળ એમની માતાએ મરાઠીમાં લખેલ ડાયરીનો અનુવાદ છે.

નરેન્દ્રભાઇ કહે છે, "મહાભારતમાં કર્ણનું વાક્ય: 'કયા કુળમાં જન્મ આપવો તે દૈવનેઆધિન છે; પરંતુ પુરુષાર્થ તો મારે આધિન છે , મને બહુ ગમે છે." આ ઉપરાંત ભાવનગર રાજ્યનો motto - 'મનુષ્ય યત્ન, ઈશ્વર કૃપા' આ કથન પણ એમને ખૂબ પ્રિય છે.

આમ તો આ જીપ્સીનો પ્રવાસ હજી ચાલુ જ છે.

અંતમાં કેપ્ટન નરેન્દ્ર ફણસેને એક મિલીટરી ઢબની સલામ કરી આ લેખ પૂરો કરૂં છું.

# શ્રી અરવિંદ અડાલજા



અરવિંદભાઈનો જન્મ ૧૯૩૯ માં જામનગરમાં થયો હતો. એમના જન્મના ત્રણ-ચાર મહિના બાદ જ એમના પિતાનું અકાળ અવસાન થયું. અરવિંદભાઈ અને એમની મોટી બહેનને ઉછેરવાની જવાબદારી એમના માતા, નાની અને પરદાદાએ નિભાવી. પરદાદાને મળતું નજીવી રકમનું પેનશન અને માતા અને નાની ને નાના-મોટા કામો કરી મળતી આવકમાંથી કુટુંબનો નિભાવ થતો.

અરવિંદભાઈનું પ્રાથામિક શાળાનું શિક્ષણ ગામની શાળામાં થયું. માધ્યમિક શાળાનું શિક્ષણ નવાનગર હાઈસ્કૂલમાં થયું. અહીંથી તેમણે ૧૯૫૬ માં SSC પરીક્ષા પાસ કરી. SSC બાદ તેમણે જામનગરની ડી. કે. વી. કોલેજમા આર્ટસમાં પ્રવેશ મેળવી, ૧૯૬૦ માં અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર (Political Science) માં B.A. ની ડીગ્રી મેળવી. શાળા અને કોલેજના અભ્યાસ દરમ્યાન એમને મોઢ-વણિક જ્ઞાતિની સંસ્થાએ ખૂબ જ સહાય કરી. વાંચનનો શોખ એમનો શાળાના સમયની શરૂ થઈ ગયેલો, જે કોલેજના અભ્યાસ દરમ્યાન પણ જળવાઈ રહ્યો. અરવિંદભાઈ કહે છે, “વાંચને મને તટસ્થાતાથી વિચારવા પ્રેર્યો અને મારાં વિચારો પૂર્વગ્રહ રહિત તથા પ્રી કંડીશન્ડ નહિ થતાં ખૂલ્લા મને વિચારી મારાં પોતાના વિચારો ઘડતા શીખવ્યો.”

B. A. નો અભ્યાસ પુરો કરી, બેંકમાં નોકરી કરતાં કરતાં એમણે રાજકોટની લૉ કોલેજમાં અભ્યાસ કરી, ૧૯૬૨ માં L. L. B. ની ડિગ્રી મેળવી. નોકરી હોવાથી આર્થિક ભીંસમાંથી થોડી રાહત મળી. વકીલાત કરવા તેમની પસંદગી જામનગર ઉપર હતી, એટલે એમણે બેંકને વિનંતી કરી, પોતાની બદલી જામનગર ખાતે કરાવી લીધી. અહીં વકિલાત શરૂ કરતાં પહેલાં જ એમના હાથમાં "An Art Of An Advocate" પુસ્તક આવ્યું. આ પુસ્તકની પ્રસ્તાવનામાં એક લાઈનમાં લખેલું, "WE HAVE TO LIVE ON OTHERS MISFORTUNE". આ વાક્યે એમને વિચારતા કરી મૂક્યા. એમણે વકિલાત કરવાને બદલે બેંકની નોકરીમાં જ રહેવાનો નિર્ણય કર્યો.

૧૯૬૩ માં અરવિંદભાઈના લગ્ન હસુમતિબેન (કલ્પનાબેન) સાથે અત્યંત સાદાઈ પુર્વક થયા. આ દંપતીને બે પુત્રીઓ અને એક પુત્રની પ્રાપ્તી થઈ. ૩૭ વર્ષના અત્યંત સુમેળ ભર્યા દાંપત્ય જીવનબાદ, કલ્પના બહેનનો ૨૦૦૦ માં કેન્સરની બિમારીથી અવસાન થયું. અરવિંદભાઈ કલ્પના બહેન વિષે કહે છે, "મારી જીવનસંગીનીએ અભ્યાસ ઈંટર આર્ટ્સ સુધી કરી છોડી દીધો હતો. પિયરમાં એકની એક દિકરી તરીકે લાડ-કોડમાં ઉછરેલી, સાસરવાસમાં એક અત્યંત સમજદાર, કુશળ અને પરગજુ ગૃહિણિ પુરવાર થઈ."



અરવિંદભાઈ, કલ્પનાબેન, ત્રણ બાળકો અને અરવિંદભાઈના માતા, એમ છ જણાના સુખેથી ચાલતા પરિવારમાં ૧૯૭૬ માં કટોક્ટી ઉભી થઈ. અચાનક એમના બનેવીનું અવસાન થતાં બહેન અને એના ચાર બાળકોની તમામ જવાબદારી અરવિંદભાઈ ઉપર

આવી પડી. આ સમયે તેઓ જૂનાગઢમાં હતા.આમ એમના કુટુંબના છ અને બહેનના કુટુંબના પાંચ મળી ૧૧ વ્યક્તિની તમામ પ્રકારની જવાબદારી નિભાવવામાં એમની પત્ની કલ્પનાબેને  સિંહનો ફાળો આપ્યો. એ સમયને યાદ કરી અરવિંદભાઈ કહે છે, “કપરા કાળમાં જ વ્યક્તિની સમજદારી-કુનેહ, કુશળતા તથા વ્યવહારિક સમજની કસોટી થતી રહે છે, જેમાં મારી કલ્પુએ અમોને પાર ઉતાર્યા. આ સમય દરમિયાન એણે નોકરી કરી, કરકસરથી બંને પરિવારને સાચવ્યા, ઉપરાંત પાંચ વર્ષ સુધી પોતાના માટે એક કપડું નહિ ખરીદ્યું. અમારા બાળકોને પણ સાદાઈ અને કરકસરથી જીવન બસર કરવાના સંસ્કાર આપ્યા.બહેનની ત્રણ દિકરી અને એક દીકરાના શિક્ષણ, લગ્ન વગેરે સમજદારી પૂર્વક સાદાઈથી કરી, તેમને સર્વેને પોતાના પગ ઉપર ઉભા કરી તેમનો સંસાર વસાવી આપ્યો. સંસાર ચલાવવાની તેની કુનેહ અને હોંશિયારીને કારણે અમે અમારાં સ્વપનનું પોતીકું ઘર " વિસામો " બનાવી શક્યા, ઉપરાંત બાળકોના લગ્ન વગેરે પણ સારી રીતે ઉકેલી શકયા.”

અરવિંદભાઈ અને કલ્પનાબહેનના વિચારોનું એમના બાળકોએ પણ એમના પોતાના જીવનમાં અનુસરણ કર્યું છે. સ્વાલંબન, સાદગી અને કુટુંબ વત્સલતાના ગુણો એમના ત્રણે બાળકોએ અપનાવ્યા છે. જરૂરત વખતે સખત પરિશ્રમ કરી કુટુંબની મુશ્કેલીઓનો સામનો કરવામાં હાથ બઢાવ્યો છે, અને સમાજના ખોટા રીત રિવાજને તિલાંજલી આપી, એમણે સાદાઈથી લગ્ન કર્યા છે. ત્રણે બાળકો હવે જીવનમાં ઠરીઠામ થઈ પોતપોતાનું જીવન વ્યતિત કરે છે.

અરવિંદભાઈ અંધ શ્રધ્ધાથી ખૂબ જ દૂર રહે છે. ગ્રહદશા, બાધા-આખડી, શુકન-અપશુકન વગેરેમાં જરાપણ વિશ્વાસ ધરાવતા નથી. આજકાલ મંદિરોના હાલચાલ વિષે તેઓ કહે છે, “આપણાં દેશમાં મંદિરો વ્યવસાય બની ચૂક્યા છે. મંદિરોની ભવ્યતા, અઢળક ધનરાશી, સાધુ-સ્વામીઓ અને મહંતોની વૈભવી જીવન શૈલી જોઈ મગજ ચકનાચુર બની જાય છે. પશ્ચિમના દેશોને વાર તહેવારે ભાંડતા આ લોકો તેમના દ્વારા શોધાયેલી તમામ ચીજ-વસ્તુઓ પ્રેમથી વાપરે છે, અને ઉનાળાના ચાતુર્માસ પણ વિદેશમાં વિતાવે છે. આ લોકોની ધાર્મિકતા-આધ્યાત્મિકતા, નિષ્ઠા કેટલી પ્રમાણિક હોઈ શકે તેવો પ્રશ્ન મને સતત સતાવ્યા

કરે છે.” વધુમાં તેઓ કહે છે, “દેશભરમાં અનેક મંદિરો અસ્તિત્વમાં હોવા છતાં સંપ્રદાયોની હરીફાઈને કારણે નવા મંદિરો બંધાયે જાય છે. આ મંદ્દિરો બાંધવા કે પુરાણા મંદિરોને ભવ્યાતિભવ્ય બનાવવા દાનવીરો દાન આપતા રહે છે. આવી દાનમાં આવતી ધનરાશી કયા વ્યવસાયમાંથી દાનવીરે પ્રાપ્ત કરી છે તે કોઈ દાન સ્વીકારનાર સાધુ-સંત-સ્વામી કે મંહત પૂછતા હોવાનું જાણ્યું નથી. મોટે ભાગે આ ધનરાશી ગેરરીતી દ્વારા મેળવેલી હોય છે. આવા દાનવીરોનો આત્મા કદાચ ક્યારેક ડંખતો હોવાને કારણે થોડું દાન આપી આત્માને મૂંગો કરવા સાથે કીર્તિ અને પ્રતિષ્ઠા મેળવી, સમાજમાં ધાર્મિક હોવાનું બીરૂદ પણ અંકે કરવા કોશિશ કરતા રહે છે. આવી ગેરરીતી દ્વારા મેળવેલ ધનથી બંધાયેલા મંદિરોમાં પ્રાણ -પ્રતિષ્ઠા કરવા છતાં ઇશ્વર આવે ખરો? “

આપણે ત્યાં મૃત્યુ પાછળ પણ અનેક કર્મકાંડ અને કુરિવાજો અસ્તિત્વ ધરાવે છે. જો આ કર્મકાંડ કે રિવાજો ના કરવામાં આવે તો મૃતકનો મોક્ષ ના થાય, સ્વર્ગ ના મળે અને નર્કની યાતનાઓ ભોગવવી પડે વગેરે અનેક પ્રકારનો ભય દેખાડી લાગણીઓનું બ્લેકમેલીંગ કરવામાં આવે છે, આવી માન્યતાઓને જાકારો આપી, અરવિંદભાઈએ એમના માતુશ્રી અને પત્નીના મૃત્યુ બાદ કોઈ જાતના કર્મકાંડની વિધિઓ નહિ કરી, સમાજને આ ઉપજાવેલી ભયાવહ વાતોમાંથી બહાર નિકળવા પ્રેરણા આપી છે.

આજે ૭૫ વર્ષની વયે અરવિંદભાઈ, બાળકો બધી રીતે સગવડ કરી આપવા તૈયાર હોવા છતાં, એકલા રહે છે અને રાંધવાના અને અન્ય ઘરના કામો જાતે કરે છે. એમના બ્લોગ http://arvindadalja.wordpress.com/ માં પોતાના વિચારો કોઈપણ જાતના આડંબર સિવાય નિર્ભયતાથી રજૂ કરતા રહે છે. એમના સ્વતંત્ર, un-biased વિચારો એમને મળવા જેવા માણસ બનાવે છે.

# શ્રી ગિરીશ ચિતલીયા



ગિરીશભાઈનો જન્મ અમરેલી જીલ્લાના ચલાલા ગામમાં ૧૯૨૯ માં એક મધ્યમ વર્ગીય કુટુંબમાં થયો હતો. એમના પિતા શ્રી કમલશી કરશનદાસ ચિતલીયા મુંબઈ યુનિવર્સીટીએ શરૂ કરેલા B.Com. ડીગ્રી કોર્સના પ્રથમ બેચના વિદ્યાર્થી હતા. તેઓ મુંબઈના જય ભારત સાપ્તાહિકના માલિક અને તંત્રી હતા.

ગિરીશભાઈનું પ્રાથમિક અને માધ્યમિક શાળાનું શિક્ષણ મુંબઈની પ્રખ્યાત અંગ્રેજી મિડિયમની કબુબાઈ સ્કૂલમાં થયેલું. અહીંથી તેમણે ૧૯૪૭ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી, મુંબઈની વિલ્સન કોલેજમાં એડમિશન લીધું. વિલ્સન કોલેજમાં ચાર વર્ષ અભ્યાસ કરી, ૧૯૫૧ માં B.A.(Hon.) with Economics and Statistics ની ડીગ્રી મેળવી. શાળા કોલેજના આ વર્ષોમાં સામાજીક અને સાંસ્કૃતિક ઈતર પ્રવૃતિઓમાં ભાગ પણ લીધેલો.

B.A. ની ડીગ્રી મેળવી એમણે Law College માં એડમીશન લીધું. અહીં એમણે એમના બે મિત્રો સાથે મળીને ૧૯૫૧ માં Rhythm Group ની સ્થપના કરી. આ ગ્રુપે મુંબઈમાં અનેક સંગીતના અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા, જેમાં એ સમયના અતિ પ્રસિધ્ધ કલાકારોને આમંત્રી સફળ કાર્યક્રમોની હારમાળા આપી. કલાકારોમાંથી જો થોડા નામો ગણાવું તો મુકેશ, તલત મહેમુદ, મહમદ રફી, જગમોહન, હેમંતકુમાર, મન્ના ડે, ગીતા દત્ત,

અનિલ બિશ્વાસ, સી. એચ. આત્મા, ગુરૂદત્ત, વહીદા રહેમાન, માલા સિંહા, રહેમાન, જોની વોકર અને નુતન. એમની આ પ્રવૃતિ ૧૯૫૫ સુધી અવિરત ચાલતી રહી. આ સમય ગાળા દરમ્યાર એમના પિતાની તબિયત બગડતાં એમણે કાયદાનો અભ્યાસ અધવચ્ચે જ મૂકી દીધો અને પિતાના સાપ્તાહિક જય ભારતના કારોબારમાં જોડાઈ ગયા.


(ઈન્દુમતિ બહેન)

૧૯૫૫ માં ગિરીશભાઈના જીવનમાં બે મહત્વના બનાવો બન્યા. ૧૯૫૫ માં એમના arranged marriage ઈન્દુમતીબહેન સાથે થયા અને ૧૯૫૫ માં જ તેઓ મુંબઈના અતિપ્રતિષ્ઠીત The Progressive Group માં જોડાયા. બસ અહીંથી ગિરીશભાઈની સામાજીક પ્રતિષ્ઠાએ હરણફાળ ભરવાની શરૂઆત કરી. આ ગ્રુપમાં જોડાવાના બે વર્ષની અંદર જ, એટલે કે ૧૯૫૭ માં એમને ગ્રુપના જનરલ સેક્રેટરીનો હોદ્દો આપવામાં આવ્યો જે એમણે ૧૯૬૦ સુધી સંભાળ્યો. ૧૯૬૦ માં એમને ગ્રુપના ઉપ-પ્રમુખ બનાવવામાં આવ્યા, અને ૧૯૬૫માં એમને ગ્રુપના પ્રમુખનો હોદ્દો આપવામાં આવ્યો. The Progrssive Group ના ઇતિહાસમાં ગિરીશભાઈ સૌથી નાની ઉમ્મરના પ્રમુખ હતા. આ હોદ્દો એમણે ૧૯૬૭ સુધી એટલે કે બે વર્ષ સુધી સંભાળ્યો. ત્યારબાદ પણ તેઓ આ ગ્રુપના Executive Member તો રહ્યા જ. બધા મળીને પંદર વર્ષ તેઓ આ ગ્રુપના મહત્વના કાર્યકર્તા રહ્યા.



(ડો. રાધાકૃષ્ણન તરફથી ગિરીશભાઈનું સન્માન)

યોગાનુયોગ પ્રોગ્રેસીવ ગ્રુપના પ્રમુખ તરીકે નો કાર્યકાળ પૂરો થતાં જ તેઓ The Indo-American Society, Bombay ના સંપર્કમાં આવ્યા. ૧૯૬૯ થી ૧૯૭૩ સુધી આ સંસ્થાના ઓનરરી સેક્રેટરી અને ટ્રેઝરર રહ્યા અને ૧૯૭૩ થી ૧૯૭૬ સુધી એના ઉપ-પ્રમુખ રહ્યા અને ૧૯૭૭-૭૮માં પ્રમુખ પદે નિમાયા. આ સંસ્થાના પણ કાર્યકારી બોર્ડના ૧૪ વર્ષ સુધી સભ્ય રહ્યા.

આ બે સંસ્થાઓમાં એમના કાર્યકાળ દરમ્યાન ગિરીશભાઈ અનેક આગેવાન વ્યક્તિઓના અંગત સંપર્કમાં આવ્યા. અહીં હું વધારે વિગતમાં ન ઉતરતાં માત્ર આ મહાનુભાવોના નામ જ આપું છું. ડો. માર્ટીન લ્યુથર કીંગ જુનીઅર અને એમના પત્ની કોરેટા કીંગ, વિજ્યાલક્ષમી પંડિત, શ્રી વી.વી. ગિરી, ડો. રાધાકૃષ્ણન, શ્રી સંજીવ રેડ્ડી, શ્રી મોરારજી દેસાઈ, ડો. કરણસિંહ, વી.પી.સિંહ, અર્જુનસિંહ, પી.એ. સંગમા, ટી. ટી. કૃષ્ણમાચારી, તાર્કેશ્વરી સિંહા, મધુ લીમયે, આચાર્ય કૃપલાણી, એમ. સી. ચાગલા, સી. ડી. દેશમુખ, નાની પાલખીવાલા, મીનુ મસાની, આદિત્ય બિરલા, જે. આર. ડી. તાતા, ટી. એન. શેશન, પ્રણવ મુકરજી, ખુશવંતસિંહ, કે. એમ. મુનસી, એમ. સી. સેટલવાડ અને ડો. સુબ્રમનિયમ સ્વામી. આ બધી વ્યક્તિઓનો પરિચય ગિરીશભાઈને આ બે સંસ્થાઓ માટે પ્રવચન

આપવા આમંત્રેલા ત્યારે થયો હતો, જો કે આમાની કેટલીક વ્યક્તિઓ સાથે એમને અંગત મિત્રતાના સંબંધો પણ હતા. ગિરીશભાઈના લગભગ બધા જ કાર્યક્રમોની મુંબઈના આગળ પડતા સમાચાર પત્રોમાં નોંધ લેવાતી અને એમની કાર્યકુશળતાના વખાણ થતા.

આ બધા કામો વચ્ચે એમના પિતા દ્વારા શરૂ કરાયલા સાપ્તાહિક “જય ભારત” ના તંત્રી તરીકેની જવાબદારી પણ સંભાળતા અને મુખ્યત્વે એમના ઈનસ્યુરન્સ કંપનીના કામકાજને પણ સંભાળતા. ૧૯૭૧ માં એમને ફ્લેગ ડે નિમિત્તે બોક્ષ કલેક્શનના વડા નિમવામાં આવેલા, એ વર્ષે એમણે રેકોર્ડ કલેકશન કરી બતાવેલું. ૧૯૭૧ થી ૧૯૭૮ સુધી એમને ફ્લેગ ડે કમીટીના ઉપ-પ્રમુખ બનાવવામાં આવ્યા, અને ૧૯૭૮ માં એમને ચેરમેનનું પદ સોંપેલું.

ગિરીશભાઈ એટલી બધી સંસ્થાઓ સાથે જોડાયલા હતા કે જેની નોંધ આ નાના સરખા પરિચય લેખમાં લેવાનું શક્ય નથી, એના માટે તો એમણે આત્મકથા જ લખવી જોઈએ. છતાં અહીં હું થોડી વધારે સંસ્થાઓનો ઉલ્લેખ કરીશ. ૧૯૮૧ માં તેઓ Indo Japanese Association ના ઉપ-પ્રમુખ નિમાયા. ૧૯૮૫ માં પ્રેસ ગિલ્ડ ઓફ ઈંડિયાના માનદ ખજાનચી નિમાયા. ૧૯૮૭ થી મુંબઈની સર હરકિશનદાસ નરોત્તમદાસ હોસ્પિટલના માનદ સેક્રેટરી અને માનદ ખજાનચીના પદે નિમાયા. ૧૯૮૮ માં તેઓ Urban Development Institude ના ચેરમેનના પદે નિમાયા. ૧૯૯૦ થી ૧૯૯૨ તેઓ ફિલ્મ સેંસર બોર્ડના સભ્ય રહ્યા. આ સિવાય રોટરી કલબમાં વર્ષો સુધી એક યા બીજા પદ ઉપર કાર્યરત હતા. મહારાષ્ટ્ર સરકારે એમને Honorary Executive Magistrate તરીકે પણ નિમેલા. આ સિવાય પણ ભારતીય વિદ્યાભવન અને બીજી અનેક સંસ્થાઓને પોતાની સેવાઓ ઉપલબ્ધ કરાવેલી. પોપ જોન પોલની ભારતની મુલાકાત વખતે જે સમિતી નિમાયલી તના ગિરીશભાઈ ખજાનચી હતા અને આ પ્રસંગે યોજાયલા કાર્યક્રમમાં ઈન્દીરા ગાંધી પણ હાજર હતા.

સર હરકિશનદાસ નરોત્તમદાસ હોસ્પિટલના લાભાર્થે એમણે બી. આર. ચોપડાની મદદથી ટી.વી. સિરીયલ મહાભારતનો પાંચ કલાકનો લાઈવ શો, ૨૫૦૦૦ પ્રક્ષકોની હાજરીમાં, મુંબઈના બ્રેબોર્ન સ્ટેડીયમમાં યોજેલો.

ગિરીશભાઈ આટલી બધી સામાજીક પ્રવૃતિઓ કરી શક્યા એની પાછળ એમના જીવન-સાથી ઈન્દુમતિ બહેનનો ખૂબ જ મોટો ફાળો હતો. ઘરની તમામ જવાબદારીઓ ઉપરાંત બાળકોની દેખભાળ અને એમના ભણતર અને કારકીર્દીના ઘડતરની સંપૂર્ણ જવાબદારી પણ ઈન્દુબેને જ ઉપાડી લીધેલી.

ગિરીશભાઈના ત્રણે પુત્ર ભણી ગણીને ઠરીઠામ થયા છે. એક પુત્ર ભારતમાં અને બે પુત્રો અમેરિકામાં સ્થાયી થયા છે. ૨૦૦૦ માં ગિરીશભાઈ પણ ભારતમાની એમની બધી જવાબદારીઓમાંથી નિવૃત્તિ લઈ, ગ્રીનકાર્ડ મેળવી અમેરિકા આવ્યા. ૨૦૦૬ માં તેઓ અમેરિકાના નાગરિક થઈ ગયા. હમણાં કેલીફોર્નિયાના Bay Area માં ચાલતી અનેક ગુજરાતી સામાજીક અને સાહિત્યીક સંસ્થાઓમાં રસ લઈ નિવૃતિનું જીવન વ્યતિત કરે છે. મારા સદનશીબે મારો એમની સાથે થોડા સમય પહેલા જ પરિચય થયો. હજીસુધી મારૂં આશ્ચર્ય અકબંધ છે કે એક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાન આટલું બધું કઈ રીતે કરી શકે?

ગિરીશભાઈ માને છે કે કામ એજ ઈશ્વર છે અને સાથે સાથે તેઓ માને છે કે જીવનમાં ઓછી જરૂરિયાતો જ સુખ આપી શકે છે.

# શ્રી પ્રભુલાલ ટાટારીઆ



પ્રભુલાલભાઈનો જન્મ ૧૯૪૩ માં કચ્છ જીલ્લાના માંડવીમાં થયો હતો. એમના જન્મથી માત્ર દોઢ મહિના પહેલા જ એમના પિતાનું અવસાન થયું હતું. તે સમયે એમના મોટાભાઈ શામજીભાઈ માત્ર દસ વર્ષના હતા. એમના માતા રાધાબેન માત્ર ચોથા ધોરણ સુધી ભણેલા હતા. આવા સંજોગોમાં પ્રભુલાલભાઈનું બાળપણ આર્થિક સંકળામણમાં પસાર થયું. એમના માતા બાંધણી બાંધવાના અને સિલાઈના નાનામોટા કામ કરી ઘર ચલાવતા. થોડા સમયબાદ એમ મુસ્લિમ શખ્સની ભલામણથી એમને અન્જુમન ઈસ્માઈલ સ્કૂલમાં મામુલી પગારની નોકરી મળેલી.

પ્રભુલાલભાઈને આઠ વર્ષની વયે શેઠ ત્રિભુવનદાસ ભવાનજી પ્રાથમિક શાળામાં દાખલ કરવામા આવ્યા. પાંચમા ધોરણથી સાતમા ધોરણ સુધી શેઠ લીલાધર મુરારજી ભીમાણી સ્કૂલમાં અભ્યાસ કર્યો અને ત્યાર બાદ આઠમાં ધોરણથી અગિયારમા ધોરણ સુધીનો અભ્યાસ રામકૃષ્ણ હાઈસ્કૂલમાં કર્યો. હાઈસ્કૂલના અભ્યાસ દરમ્યાન જ્યારે વર્ગમાં એમનો નંબર ૧૦ કે ૧૫ સુધીમાં આવે તો એમને માસિક એક થી બે રૂપિયાની સ્કોલરશીપ મળતી. શાળાના સમયમાં એમને વાંચન અને ડ્રોઈંગમાં વિશેષ રસ હતો.

હાઈસ્કૂલના અભ્યાસ દરમ્યાન જ એમને Migraine ની તકલીફ ઊભી થવાથી, એમણે ૧૯૬૨ માં SSC કર્યા પછી વધારે ન ભણવાનું અને ઘરની આર્થિક સ્થિતી સુધરે એટલે નોકરી શોધવાનું શરૂ કર્યું. થોડા પ્રયત્નો બાદ એમને અમરાવતીની શ્રી લક્ષ્મી કોટન ટ્રેડર્સ પ્રા.લી. માં નોકરી મળી. આ કંપનીની ૧૪ બ્રાંચીસ હતી. પ્રભુલાલભાઈને કાટોલા બ્રાંચમાં વેઈન્ગ કલાર્ક તરીકે નિમવામાં આવ્યા. ખાવું,પીવું અને રહેઠાણની સગવડ ઉપરાંત માસિક ૫૦ રૂપિયા પગાર નક્કી થયેલો. . કાટોલમાં વેઇન્ગ કલાર્કની ડ્યુટી કરતાં કરતાં તેમણે કોટન સિલેકશન અને એકાઉન્ટ શીખી લીધું અને બંધાતી કપાસની ગાંસડીનું સુપરવિઝન પણ કર્યું. કપાસની સીઝન પુરી થતાં એમના કામથી સંતોષ પામી એમનો પગાર ૫૦ ને બદલે ૬૦ રૂપિયા પ્રમાણે ગણવામાં આવ્યો.

બીજી સીઝનમાં એમને ઓફીસમાં હેડકલાર્કના હાથ નીચે એકાઉંટનું કામ સોંપવામાં આવ્યું. થોડા સમય બાદ કોટનસીડ ડિપાર્ટમેન્ટમાં અને ત્યારબાદ ઓઈલમીલમાં એમ એમની બદલી થતી રહી. ઓઈલમીલના મેનેજર રીટાયર્ડ થતાં પ્રભુલાલભાઈને મેનેજર બનાવવામાં આવ્યા, ત્યારે તેમનો પગાર ૧૯૦ રૂપિયા હતો. આ કંપનીમાં એમણે ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી કામ કર્યું.

૧૯૬૮ માં સારા ભવિષ્ય માટે તેમણે મેસર્સ ખીમજી રામદાસ – મસ્કત (સલ્તનત ઓફ ઓમાન) માં નોકરી સ્વીકારી. ૧૯૬૮ થી ૧૯૭૪ સુધી સલાલા (ધુફાર)માં કંપનીમાં અલગ અલગ ખાતામાં જવાબદારી સંભાળી. ત્યારબાદ ૧૯૭૫ થી ૨૦૦૬ સુધી મશિરાહ બ્રાંચમાં અને હેડ ઓફીસમાં અલગ અલગ હોદ્દાઓમાં કામ કરી, ૨૦૦૬ માં નિવૃતિ લીધી.

અહીં પરદેશમાં રહીને એમનું ગુજરાતી ભાષા પ્રત્યેનું આકર્ષણ ટકી રહ્યું. નોકરી દરમ્યાન એમણે ખીમજી રામદાસ કંપની માટે ગુજરાતીમાં સરક્યુલર બનાવવા,મુંબઇ ઓફિસ સાથે ગુજરાતી પત્ર વહેવાર કરવો, દિપોત્સવી પર્વ નિમિતે ચોપડા પુજન માટેના લખાણ તૈયાર કરવા, બ્રાન્ચના સ્ટાફ માટે કંપની તરફથી નવા વર્ષની ભેટના કવર તૈયાર કરવા તથા વિતરણની વ્યવસ્થા કરવી વગેરે કાર્યો એમણે હોંસે હોંસે કર્યા.

માત્ર કંપનીમાં જ નહિં પણ ત્યાંના ગુજરાતી સમાજની સેવામાં પણ એમણે ઉત્સાહ પૂર્વક ભાગ ભજવ્યો. હિન્દુ મહાજન એસોસિએશનના બધા ગુજરાતી સરક્યુલર લખવા, સોહાર ખાતેની હિન્દુ સ્મશાનભૂમીમાં અગ્ની સંસ્કાર કરાવવા જરૂરી વ્યવસ્થા કરવામાં પણ મદદરૂપ થવું વગેરે પ્રવૃતિઓ સ્વેચ્છાપૂર્વક સ્વીકારી. મસ્કત ગુજરાતી સમાજ તરફથી થનાર બધા આયોજનના ગુજરાતી બેનર તથા સ્મરણિકાઓ તૈયાર કરવી, ગુજરાતી સરક્યુલર લખવા તથા થયેલ આયોજનના રિપોર્ટ તૈયાર કરી કચ્છમિત્રને મોકલવા જેવા કામો પ્રભુલાલભાઈએ જવાબદારી પુર્વક સંભાળ્યા. "પ્રયત્ન"સાહિત્ય પરિવાર તરફથી આયોજીત મુશાયરામાં ભાગ લેવો તથા તેના નેજા હેઠળ પ્રકાશિત "પ્રયત્ન"હસ્તલિખિત દ્વિમાસિક તૈયાર કરવો(૧૯૮૮-૧૯૯૪) તેમજ ફોટોકોપી કરાવી વિતરણ કરવું વગેરેનો એમની મન ગમતી પ્રવૃતિઓમાં સમાવેશ થતો. કોઇની પણ અંગદ જરૂરિયાત પ્રમાણે ગુજરાતી લખાણની અમુલ્ય સેવા આપવા માટે તેઓ ખૂબ જ જાણીતા હતા.

પરદેશમાં નોકરી સ્વીકાર્યા બાદ બે વર્ષમાં, એટલે કે ૧૯૭૦ માં એમના લગ્ન એમની જ્ઞાતિના જ જયાબહેન સાથે થયા. આ arranged marriage હતા. લગ્ન માટે દોઢ મહિનાની રજા લઈ પ્રભુલાલભાઈ ભારત આવેલા. રજા પુરી થતાં તેઓ એકલા જ ધુફાર પાછા ગયા. ત્યાર બાદ વર્ષો સુધી નોકરી અને કુટુંબજીવન વચ્ચેની સમતુલા જાળવવા એમને દેશ અને પરદેશમાં સમયની ફાળવણી કરવી પડી. વર્ષો પછી એમની પત્નીને વિસા મળતાં બન્ને સાથે રહી સામાન્ય જીવન બસર કરી શક્યા. પ્રભુલાલભાઈ અને જયાબહેનને બે દિકરીઓ અને એક દિકરો એમ ત્રણ સંતાનો છે.

૩૭ વર્ષ સુધી એક જ કંપનીમાં ઈમાનદારી પુર્વક નોકરી કરી, એમણે સ્વાથ્ય કારણોથી ૨૦૦૬ માં નિવૃતિ લીધી અને કુટુંબ સાથે ભારતમાં કાયમી વસવાટ માટે આવી ગયા. આ દરમ્યાન બાળકો મોટા થઈ પોત પોતાના જીવનમાં ઠરીઠામ થઈ ગયા હતા. નિવૃતિના સમયનો સદઉપયોગ કરવા પ્રભુલાલભાઈએ ૨૦૦૮ માં ધુફારી નામે એક બ્લોગ શરૂ કર્યો. એમના ધૂફારના સમયને કાયમી યાદગીરી આપવા એમણે પોતાના લખાણ માટે


ધૂફારી ઉપનામ અપનાવ્યું. (http://dhufari.wordpress.com). હવે એમણે પોતાના ગુજરાતિ અને કચ્છી ભાષા પ્રત્યેના પ્રેમને વાચા આપી. કચ્છી અને ગુજરાતીમાં કવિતા,ગીત,ગઝલ.રાસ, ભજન,મુક્તક, હાઇકુ, છપ્પા, દોહા તથા અછાંદસ, અને નવલિકા પોતાના તેમજ અન્ય લોકોના બ્લોગ્સમાં મૂકી, ખૂબ ઝડપથી લોક ચાહના પ્રાપ્ત કરી. પોતાના જન્મ સ્થાનની બોલી કચ્છી પ્રત્યે એમના ખાસ પક્ષપાતને લીધે એમણે અનેક ઉચ્ચ કક્ષાની કચ્છી કવિતાઓ લખી છે, એમાની કચ્છી સંગરમાં લખાયલી એમની કવિતાઓ મને બહુ ગમી છે. ખાસ કચ્છી ભાષાનો એમનો બ્લોગ “કચ્છીજો મજૂસ” માત્ર કચ્છી ભાષાઓની રચનાઓ જ રજૂ કરે છે.

પ્રભુલાલભાઈની બહુમુખી પ્રતિભાને આ નાના લેખમાં આવરી લેવું મારા માટે શક્ય નથી. સાહિત્ય ઉપરાંત એમના શોખના વિષય છે, પેઇન્ટીંગ, ગ્લાસ એનગ્રેવિંગ, ફોટોગ્રાફી,અને એકટીન્ગ. એમણે ત્રણ ગુજરાતી નાટક ‘દે દામોદર દાળમાં પાણી’, ‘બાવીસ વરસનો બાબો’ અને ‘પત્તાની જોડ’ નાટકોમાં અભિનય કરેલો.

પ્રભુલાલભાઈ માને છે કે, “ જે મળે ટાણે તે ન મળે નાણે. અન્નનો કોઇ દિવસ અનાદાર ન કરવો. થાળીમાં એટલું જ લેવું જે તમે ખાઇ શકો. થાળીમાં આવ્યા પછી એઠું ન મુકવું. થાળી પર બેસીને રસોઇનો વાંક ન કાઢવો. જે છે એમાં જ આનંદ માણવો કદી નથી નથીની માળા ન જપવી.”

પ્રભુદાસભાઈનો પુરો પરિચય જાણવો હોય તો એમના બ્લોગ્સની મુલાકાત લઈને જ મળી શકે.

# શ્રીનગીનભાઈ જગડા



Naginbhai Jagada with the prestigious award

નગીનભાઈનો જન્મ ૧૯૩૮ માં ગોંડલમાં થયો હતો. પિતા આઠમા ધોરણ સુધી ભણેલા હતા અને રેલ્વેમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા હતા. માતા પાંચમાં ધોરણ સુધી ભણેલા હતા. નગીનભાઈનો પ્રાથમિક શાળાનો અભ્યાસ ગોંડલની એક ખાનગી શાળામાં થયો હતો, અને માધ્યમિક શાળાનો અભ્યાસ ગોંડલની સંગ્રામજી હાઈસ્કૂલમાં થયો હતો જયાં શિક્ષણ માટે કોઈ ફી લેવામા આવતી ન હતી. અહીંથી એમણે ૧૯૫૫ માં SSC ની પરીક્ષા પાસ કરી. શાળાના અભ્યાસ દરમ્યાન ખાસ કોઈ નોંધનીય પ્રસંગ બન્યો હોય એવું એમને યાદ નથી.

SSC પાસ કર્યા પછી એમણે રાજકોટની ધર્મેંધ્ર કોલેજમાંથી ૧૯૬૧ માં B.A. with Economics નો અભ્યાસ સફળતાથી પૂરો કર્યો અને ૧૯૬૩ માં રાજકોટની પી.ડી. માલવિયા કોમર્સ કોલેજમાંથી B.Com. with Accountacy and Auditing ની ડીગ્રી પ્રાપ્ત કરી.

અભ્યાસ પૂરો કરી એમણે ત્રણ વર્ષ સુધી જામનગરમાં સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં નોકરી કરી. ૧૯૬૫ માં એમને કુવેતમાં ડેનીસ ડેરીમાં સારી નોકરી મળી જેમા એમણે લાગલગાટ ૩૫ વર્ષ સુધી કામ કર્યું. અહીં શરૂઆતના પાંચ વર્ષ અનેક અડચણોનો સામનો કરવો પડેલો, દા.ત. ૪૦ ડીગ્રી સેં. તાપમાનમાં પતરાના ઘરમાં રહેવું પડેલું. પછીના ૨૦ વર્ષ સુખચેનમાં પસાર થયેલા. ૮૦૦ માણસોના સ્ટાફવાળી આ કંપનીમાં શરૂઆત તો એમણે એક ક્લાર્ક તરીકે કરેલી, પણ ખંત અને ઈમાનદારીથી આગળ વધી માર્કેટીંગ બજેટ સુપરવાઈઝરની પોસ્ટ સુધી પહોંચેલા.

સુખચેનથી બસર થતી જીંદગીમાં અચાનક મહામુશીબત આવી ગઈ. ૧૯૯૦ માં ઈરાકે કુવેત ઉપર હુમલો કરી, રાતોરાત કુવેત ઉપર કબજો જમાવી લીધો. ભયંકર અંદધાધુંધી વચ્ચે પહેરેલે કપડે, હાથવગા પૈસા લઈ, ઘરબાર છોડી, મુશીબતોથી બચવા કુવેત છોડી ભાગવું પડેલું. નશીબ ઉપર ભરોસો રાખી આખું ઈરાક પાર કરી જોર્ડન પહોંચ્યા. ત્યાંથી ભારત સરકાર તરફથી ભારતીયોને બચાવવા વિમાન સેવાનો લાભ લઈ ભારત આવી ગયા.

બે વર્ષ સુધી રાજકોટમાં રહ્યા, દરમ્યાન અમેરિકાની મદદથી કુવેત પાછું સ્વતંત્ર થયું. નગીનભાઈ કુટુંબ સાથે કુવેત પાછા ફર્યા અને પોતાની જૂની નોકરીમાં પાછા જોડાયા. બીજા આઠ વર્ષ અહીં નોકરી કરી, કુટુંબની ઈચ્છાને માન આપી એમણે નોકરીમાંથી નિવૃતિ લીધી. આમાં પણ એક અડચણ આવી. સમય પહેલા નિવૃતિ લેનારાને એમના પેન્સન-ગ્રેચ્યુટીના અર્ધા પૈસા જ મળે, પણ એમની ઇમાનદારી અને નિષ્ઠાની કદર કરી, અર્ધા બેનીફીટ્સ કંપનીએ આપ્યા અને બાકીના અર્ધા કંપનીના મેનેજીંગ ડાયરેક્ટરે પોતાના ખીસામાંથી આપ્યા.

૨૦૦૦ માં એમણે નોકરીમાંથી નિવૃતિ લઈ, નગીનભાઈ એમના દિકરાઓ સાથે રહેવા અમેરિકા આવી ગયા. હાલમાં તેઓ અમેરિકન નાગરિક છે.

૧૯૬૨માં નગીનભાઈના લગ્ન મંજૂલાબહેન સાથે થયા. નગીનભાઈ કહે છે કે એમના પત્નીએ કુટુંબની બહુ સારી રીતે સાર-સંભાળ લીધી અને એકંદર સુખ-શાંતિ વાળી જીંદગી વિતાવી. દંપતીને એક દિકરી અને બે દિકરાના માતા-પિતા બનવાનું સુખ મળ્યું. દિકરી લગ્ન કરી ઈંગ્લેંડમાં સ્થાયી થઈ, જ્યારે બન્ને દિકરાઓએ બારમા ધોરણ સુધી કુવેતમાં અભ્યાસ ક્ર્યો અને ત્યારબાદ મનીપાલ એંજીનીયરીંગ કોલેજમાં ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ ભારતમાં કરી, અમેરિકામાં M.S. ની ડીગ્રી પાસ કરી અને અમેરિકામાં સ્થાયી થયા.



જીવનભર કાર્યરત રહેલા નગીનભાઈને નિવૃતિના સમયનો સદુપયોગ કરવો હતો. વિપાશના ધ્યાનના અભ્યાને લીધે એમને સમજાઈ ગયેલું કે “અત્યાર સુધી તેં જે કંઈપણ કર્યું તે તેં તારા માટે કર્યું, બીજાલોકો માટે તેં શું કર્યું?” બસ, નગીનભાઈએ પોતાનો મોટાભાગનો સમય સમાજ સેવામાં આપવાનું શરૂ કર્યું. સૌ પ્રથમ તો એમણે રાજકોટના શિયાળાની ઠંડીમાં રસ્તા ઉપર સૂતેલા ગરીબોને ધાબળા ઓઢાળવાનું શરૂ કર્યું. ત્યારબાદ એક પછી એક, એમ નવા નવા કાર્યો ઉમેરાતા ગયા. શાળાના ગરીબ બાળકોને આર્થિક મદદ આપવી, નબળા કુટુંબોને જીવન જરૂરીઆતની વસ્તુઓ આપવી, સ્ત્રીઓને પગભેર થવા સિલાઈ મશીનો આપવા, અપંગોને જયપૂર ફૂટ આપવા, વિકલાંગોને ટ્રાઈસિકલ્સ આપવી અને આવા અનેક કાર્યો, શિબીરો ગોઠવી શરૂ કરી દીધા. દર વર્ષે ત્રણ-ચાર મહિના માટે અમેરિકાથી ભારત આવી સમાજસેવામાં દિવસ-રાત લાગી જાય છે. એમના કામનો તમને અંદાજ આવે એટલે

થોડા આંકડા આપું તો અત્યાર સુધીમાં ૪૦ હજાર લોકોને ચપલ, ૮૦ શાળાના પ્રથમ ત્રણ બાળકોને દર વર્ષે ઈનામો, ૮૦૦ વિકલાંગોને ટ્રાઈસીકલ્સ, ૧૦૨૦ લોકોને જયપૂર ફૂટ, ૫૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ-નોટ બુક્સ-કંપાસ બોક્ષ, દર મહિને ૧૦૦ ગરીબ બાળકોને ભોજન, ૨૦૦ સ્ત્રીઓને સિલાઈ મશીન અને અસંખ્ય લોકોને ધાબળા ઓઢાળવા, સ્વેટર આપવા, મફલર અને ટોપીઓ આપવી વગેરેનો સમાવેશ થાય છે. એ ઉપરાંત છેલ્લા સાત વર્ષથી મેડીકલ અને એંજીનીઅરીંગમા અભ્યાસ કરતા ૬૦ જેટલા વિદ્યાર્થીઓને દરવર્ષે ૪૦,૦૦૦ રુપિયા જેટલી સ્કોલરશીપ્સ આપવી વગેરેનો સમાવેશ થાય છે, તેમના દ્વારા અત્યાર સુધીમાં જીલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળામાં ૨૦,૦૦૦ જેટલા બાળકોને મધ્યાહ્ન ભોજન મટે જમવાના વાસણ આપવામાં આવ્યા છે. રાજકોટ શહેર અને જીલ્લા પંચાયતની ૩૦૦ જેટલી આંગણવાડીઓમાં અનેક વાર સ્લીપર, નાસ્તો, રમકડાં, હીંચકા તથા ખુરસીઓ આપવામાં આવી છે. છેલ્લા ૧૪ વર્ષોથી એમની આવી સામાજીક પ્રવૃતિઓ વણથંભી ચાલ્યા કરે છે.



(વિકલાંગને જયપૂર ફૂટ લગાડવાના કાર્યનું નિરીક્ષણ)

નગીનભાઈની આ સમાજસેવાની વર્તમાન પત્રો અને સામયિકોએ બહોળી નોંધ લીધી છે. સૌરાષ્ટ્રના જાણીતા અખબાર ફૂલછાબ, ગુજરાતના પ્રખ્યાત અકીલા, ખુબ જ આદર પામેલ માસિક અખંડ આનંદ અને બીજા અનેક વર્તમાન પત્રો, સામયિકઓ

અને સંસ્થાઓના મુખપત્રોમાં નગીનભાઈના સેવા કાર્યોની નોંધ લેવાઈ છે. અનેક સામાજીક સંસ્થાઓએ પણ નગીનભાઈની સેવાઓની નોંધ લઈ એમને સન્માનીત કર્યા છે.

વાત એટલી જ કે એક સામાન્ય માણસ ધારે તો કેવો ભવ્ય બની શકે છે અને શું શું કરી શકે છે એનો જીવતો જાગતો ઉદાહરણ એટલે નગીનભાઈ જગડા.

# ડો. મહેશ રાવલ



મહેશભાઇનો જન્મ ૧૯૫૬માં, સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ગામમાં મધ્યમવર્ગી બ્રાહ્મણ કુટુંબમાં થયો. પિતા શ્રી વિનોદરાય, સરકારના લેન્ડ રેકર્ડ વિભાગમાં સર્વેયર તરીકે દાખલ થઈ પોતાની સ્વચ્છ કારકીર્દીને લીધે લેન્ડ રેકર્ડ સુપ્રિન્ટેન્ડન્ટના ઉચ્ચ હોદ્દા સુધી પહોંચ્યા. નોકરી દરમ્યાન એમની કડક, શિસ્તના આગ્રહી અને ઇમાનદાર ઓફિસર તરીકેની છાપને લીધે એમની બદલી અવાર-નવાર થતી અને કુટુંબને એ અગવડ ભોગવવી પડતી. મહેશભાઇના માતુશ્રી જયાગૌરીબહેનને વાંચનનો બહુજ શોખ અને આજે ૮૩ વર્ષની વયે પણ,એ શોખ જળવાઇ રહ્યો છે.

મહેશભાઇનું પ્રાથમિક શાળાનું શિક્ષણ ધાંગધ્રા અને રાજકોટમાં થયું હતું. ચોથા ધોરણમાં, સુલેખન અને વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ઇનામમાં તેમને ફૂલોનો હાર પહેરાવી અને ગાંધીજીનો એક ફોટો આપવામાં આવેલો.બાળસહજ ઉત્સાહમાં મહેશભાઇ એ હાર પહેરેલો રાખી મિત્રોની 'ટોળકી' સાથે સ્કૂલથી ઘરસુધી વાજતે-ગાજતે ચાલીને ગયેલા...! શાળાના સમયથી જ તેમણે પોતાની ભૂલ હોય તો, નિઃસંકોચ અને સરળતાથી સ્વીકારી લેવાની આદત કેળવી જે આજસુધી એમણે જાળવી રાખી છે.

૧૯૭૨માં એમણે રાજકોટની જી.ટી.શેઠ હાઇસ્કૂલમાંથી S.S.C.ની પરીક્ષા પાસ કરી,

જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં B.S.A.M.{બેચલર ઇન સર્જરી એન્ડ આયુર્વેદિક મેડીસીન}માં એડમીશન મેળવ્યું. ૧૯૭૩ થી ૧૯૭૮ સુધી મેડીકલ કોલેજના અભ્યાસ દરમ્યાન મહેશભાઇએ અભ્યાસ ઉપરાંત ઈત્તર પ્રવૃત્તિઓમાં પણ આગળ પડતો ભાગ લીધો. રમત ગમતના શોખને લીધે તેઓ કોલેજ યુનિયનમાં જીમખાના સેક્રેટરી પણ બન્યા. ગીત-સંગીતના બચપણથી કેળવાયેલા શોખને અહીં યોગ્ય પ્લેટફોર્મ મળી ગયું. જામનગર યુનિ.ની ઇન્ટર કોલેજ હરીફાઇમાં, પોતાની જ લખેલી ગઝલ પોતાના જ અવાજમાં રજૂ કરી એમણે દ્વિતિય ઇનામ મેળવ્યું. એજ ગાળામાં, શ્રી મનહર ઉધાસનાં કંઠે ગવાયેલી જનાબ કૈલાસ પંડિતની, ચમન તુજને સુમન...ગઝલમાં મૃત્યુ વિષેની પંક્તિઓએ મહેશભાઇના મનમાં વિચારોનું વાવાઝોડું ખડું કરી દીધું. બસ ત્યારથી એમના દિલ-ઓ-દિમાગનો કબ્જો ગઝલે લઇ લીધો.

૧૯૭૮માં, તેમણે લખેલી ગઝલો લઇ તેઓ બહુજ પ્રખ્યાત અને પ્રખર ગઝલકાર શ્રી અમૃત 'ઘાયલ' પાસે પહોંચી ગયા અને કહ્યું "જુઓ! આવું લખ્યું છે" ઘાયલસાહેબે આશીર્વાદ આપ્યા અને થોડી શિખામણ પણ આપી અને જોતજોતામાં મહેશભાઇનો પ્રથમ ગઝલસંગ્રહ "તુષાર" પ્રસિદ્ધ થયો અને એ પણ કોલેજનાં છેલ્લા વર્ષમાં. બસ, પછી તો ગઝલની આ વણથંભી વણઝાર ચાલતી રહી અને હજી પણ ચાલ્યા જ કરે છે. ગઝલ સાહિત્યનો ઊંડો અભ્યાસ કરી છંદ, રદિફ, કાફિયા પર પકડ જમાવી. એમની ગઝલોમાં જેમ-જેમ નિખાર આવતો રહ્યો તેમ-તેમ ગુજરાતભરનાં સામયિકોમાં એમની ગઝલોને સ્થાન મળવા લાગ્યું. ડૉ.મહેશ રાવલ- નામની ગુજરાતભરમાં એક આગવી ઓળખ ઊભી થઇ. કવિ સંમેલનો,મુશાયરા,આકાશવાણી અને દૂરદર્શનના કાર્યક્રમો દ્વારા એમની ગઝલો લોકો સુધી પહોંચવા લાગી.

અભ્યાસ પૂર્ણ કરી, આજીવિકા માટે રાજકોટમાં ફેમિલી ફીઝીશ્યન તરીકે જનરલ પ્રેક્ટીસ શરૂ કરી. સવારના ૯થી૧ અને સાંજે ૫થી૯ સુધી એકધારા ૩૫ વર્ષ સુધી દવાખાનામાં હાજરી આપી, દર્દીઓને સાજા કરવા અને ફૂરસદના સમયમાં ગઝલો લખવી અને લખેલી

ગઝલો મઠારવી, એ નિત્યક્રમ બની ગયો. કદાચ આ ક્રમને લીધે જ, જેમ દવા કડવી હોય તેમ, મને મહેશભાઇની ગઝલોમાં જીવનની કડવી વાસ્તવિક્તાની સચ્ચાઇ જોવા મળે છે.



૧૯૮૧માં મહેશભાઇના લગ્ન સુરેન્દ્રનગરના "છીંકણીવાળા જાની" પરિવારના હર્ષાબેન સાથે થયાં. દંપતિને સંતાનમાં ૨ પુત્રરત્ન છે. મોટો પુત્ર ભાવિન - મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે અને નાનો પુત્ર તુષાર - સોફ્ટવૅર એન્જીનીયર છે. બન્ને પોતપોતાની કેરિયરમાં વેલ સેટલ્ડ છે.

ખાસ નોંધવા જેવી વાત એ છે કે, આજના Nuclear Familiesના સમયમાં પણ એમનો પરિવાર મહેશભાઇ, એમના પત્ની, એમના બન્ને સુપુત્રો, બન્ને પુત્રવધૂ અને બે પૌત્રીઓ - બધા સંયુક્ત કુટુંબ તરીકે સાથેજ, કેલિફોર્નીયાનાં ફ્રિમોન્ટ શહેરમાં રહે છે.



૧૯૯૫માં મહેશભાઇનો બીજો ગઝલ સંગ્રહ 'અભિવ્યક્તિ' પ્રસિદ્ધ થયો.

અનેક વિષયોને આવરી લેતી વાસ્તવિક જીવનને સ્પર્શતી ગઝલોનો સિલસિલો વણથંભ્યો ચાલુ રહ્યો. ૨૦૦૬માં એમનો ત્રીજો ગઝલ સંગ્રહ 'નવેસર' પ્રકાશિત થયો જેણે ગુજરાતી ગઝલોના ક્ષેત્રમાં એમને અલગ ઓળખ આપી. હાલમાં જ ૨૦૧૪ના અંતમાં તેમનો ચોથો ગઝલ સંગ્રહ 'ખરેખર' પ્રકાશિત થયો. આમ, ચાર ચાર માતબર ગઝલ સંગ્રહો ગુજરાતને આપીને પણ મહેશભાઇ બેસી નથી રહ્યા.અર્વાચિન ઈ-યુગ સાથે કદમ મિલાવી એમણે પોતાનાં બે બ્લોગ drmahesh.rawal.us ગઝલોનો ગુલદસ્તો અને www.navesar.wordpress.com શરૂ કર્યા અને પોતાની ગઝલો લોકો સુધી પહોંચાડી રહ્યા છે.

આ ઉપરાંત, એમણે પોતાના અવાજમાં ગઝલો રજુ કરતી "શબ્દસ્વર" નામે CD પણ બહાર પાડી. આમાં ગઝલ પઠન અને તરન્નુમ એમ બન્ને પ્રયોગ કર્યા છે. એમના પોતાના બ્લોગ સિવાય ટહુકો.કૉમ,લયસ્તરો અને વૅબગુર્જરી જેવા જાણીતા ગુજરાતી બ્લોગ્સ અને બીજા અનેક ગુજરાતી બ્લોગ્સમાં એમની ઘણી ગઝલો પ્રસિદ્ધ થઈ છે અને થઈ રહી છે જેને અનેક પ્રતિભાવો મળ્યા છે.

ડૉ.મહેશ રાવલનો ખરો પરિચય આ નાનકડા લેખમાં આપવો શક્ય નથી.એમને પારખવા તો, તમારે એમની ગઝલોનો આસ્વાદ જ લેવો પડે. એમની ગઝલોના વિષયથી માંડીને ગઝલોનું બંધારણ,એમાં વપરાયેલા શબ્દો વગેરે એમને સાધારણ ગઝલ લખનારાઓથી અલગ પાડે છે. એમની કોઇપણ પંક્તિનો કોઇપણ શબ્દ બદલીને તમે એને મઠારી ન શકો, એમની પંક્તિ જ Full and Final. વ્યવસાયે ડૉક્ટર હોવાથી એમના વિચારોની deliveryમાં surgical preacision છે. તેઓ જીવનની કડવી સચ્ચાઇઓને અસલ સ્વરૂપમાં જ વ્યક્ત કરે છે.માનવીય સંવેદના,સંબંધોના સમીકરણ,લાગણી, સ્વાર્થ અને એના છળકપટને સરળ શબ્દોમાં, ગઝલના બંધારણ અને પરંપરામાં ગુંથીને રજુ કરે છે. એ પુડીંગનો સ્વાદ તો ચાખવાથી જ ખબર પડે!

તો ચાલો, અહીં થોડા ઉદાહરણ આપું...

આ પંક્તિઓ જુઓ,

હું હવે મારી દશાની વાત પણ કરતો નથી

કેમ છો? પૂછીજનારા ક્યાં મજામાં હોય છે

- લોકોના ઉપરછલ્લા વ્યવહારને આનાથી વધારે કઇ રીતે ઉઘાડા પાડી શકાય?

અને હવે આ જુઓ,

મજલ કાપીને બેઠો છું

મને, માપીને બેઠો છું

ઉઘાડા દ્વાર જેવો થઇ

બધું આપીને બેઠો છું

- હવે મારૂં કોઇ શું બગાડી લેશે, હવે મારી પાસે લૂટાવા જેવું વધ્યું જ શું છે !

અને, મહેશભાઇ સમયમાં કેવો બદલાય છે એની કલ્પના કરતાં કહે છે,

અરથ લાગણીનો સમજતાં થયાં છે

હવે, પથ્થરો પણ પલળતાં થયાં છે

બરડ હોય એનું બટકવું સહજ છે

સમય પારખી, લોક નમતાં થયાં છે

અને આ પંક્તિઓમાં તેઓ બેબાક સવાલ પૂછે છે -

ઠીકઠાક છે સઘળું તો આ રઘવાટ શેનો છે

છો સાવ હળવા ફૂલ, તો આ ભાર શેનો છે ?

-છે ને જવાબ આપવો મુશ્કેલ..!

આપણી રોજીંદી,બોલચાલની ભાષામાં એમણે આવી સમજવા જેવી ઘણી વાતો પોતાની ગઝલોમાં કહી છે. એમની ગઝલોમાં સવાલ છે,શીખ છે,સ્વીકાર છે, તો સત્યનો રણકાર અને ખુમારીનો ફુત્કાર પણ છે. પરંપરાને વળગીને લખાતી એમની ગઝલોમાં રદિફ-કાફિયાનું નાવિન્ય, અને છંદનું પરફેક્શન તથા સરળ-સહજ બોલચાલની ભાષા સાથે તળપદા શબ્દોનું સાયુજ્ય એ જમા પાસું છે.

એટલે જ, ગુજરાતી ગઝલોને લોકોના હૈયે અને હોઠે રમતી કરનાર મખમલી અવાજનાં માલિક શ્રી મનહર ઉધાસનાં "અભિલાષા" આલ્બમમાં

લાગણી જેવું જરાપણ હોય તો પાછાં વળો

નીકળે એવું નિવારણ હોય તો પાછાં વળો

અને

"અલંકાર" આલ્બમમાં,

તબક્કે-તબક્કે તફાવત નડે છે

મને, માત્ર મારી શરાફત નડે છે

એમ, બબ્બે આલ્બમમાં એમની ગઝલોનો સમાવેશ થયો અને મહેશભાઇને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળી. અમેરિકામાં ખૂબજ લોકપ્રિય 'રેડીઓ જિંદગી' એ થોડા સમય પહેલા જ એમનો એક કલાકનો ઇન્ટરવ્યુ પ્રસારિત કર્યો હતો.

આવા ઉચ્ચ દરજ્જાના સાહિત્યકાર હોવા છતાં એમની નમ્રતા જોઇને હું તો આશ્ચર્યચકિત થઇ ગયો. કોઇ ડોળ નહીં, કોઇ આડંબર નહીં, નકરો સામાન્ય માણસ હોવાનો અહેસાસ !

મહેશભાઇના કહેવા મુજબ, “સમાજમાં રહીને વ્યવસાય કર્યો, સમાજ સાથે રહ્યો અને સમાજ પાસેથી જે શીખ્યો તે ગઝલ દ્વારા રજુ કર્યું!”


તેઓ માને છે કે,

"જેવી ભાવના એવું ફળ" એજ એમના કર્મનો સિદ્ધાન્ત છે.

"મારૂં" નહીં પણ "આપણું" એ જીવન શૈલી જ સુખદાયક છે.”

"સંયુક્ત છે એ શ્રેષ્ઠ છે અને જે શ્રેષ્ઠ છે, એજ સંયુક્ત છે..!”

# શ્રી હરનિશ જાની




હરનિશભાઈનો જન્મ ૧૯૪૧ માં વડોદરા જીલ્લાના છોટાદેપુરમાં થયેલો. એમના દાદા વિશ્વનાથ જાની રાજપીપલાના રાજાના મંત્રી હતા અને એ હેસિયતે એમની પાસે સેંકડો એકર જમીન હતી. કુટુંબની જાહોજલાલી અનુસાર બાર ઓરડા વાળું ત્રણ માળનું ઘર અને ઘોડાઓવાળી બગી વગેરે પણ હતા એટલું જ નહિં ગામની બસ સર્વીસ પણ એમના નામે હતી. હરનિશભાઈના પિતા સુધનલાલ રાજપીપલાની ક્રીકેટ અને હોકી ટીમોમાં સામીલ હતા. આઝાદી પછી જમીનના કાયદા-કાનૂનમાં ફેરફાર થવાથી મોટાભાગની જમીન હાથથી જતી રહી, છતાં પણ સારી એવી જમીન એમના હાથમાં રહી અને એ જમીનમાં હરનિશભાઈના પિતા ખેતીનું કામકાજ સંભાળતા. હરનિશભાઈના માતા સુશીલાબહેન અતિશય ધાર્મિક મનોવૃતિવાળા ગૃહીણી હતા.

હરનિશભાઈનું પ્રાથમિક અને માધ્યમિક શાળાનું શિક્ષણ રાજપીપલામાં જ થયેલું. નાનપણમાં રાજપીપલાના ડુંગરોમાં રખડવાનું અને ત્યાંની કરજણ નદીમાં ભુસ્કા મારવાનું એમને બહુ ગમતું. ચોથા ધોરણમાં એમના શિક્ષક શિરવી સાહેબે એમના જીવનના ઘડતરને એક દિશા આપી. હરનિશભાઈ કહે છે, “મારી હાઈસ્કુલનો

૧૯૫૧થી ૧૯૫૮ સુધીનો સમય મારો સુવર્ણ સમય હતો. રાજપીપલા હાઈસ્કુલના ભવ્ય મકાનમાં ભણવા મળ્યું, જ્યાં મારા બાપા– કાકા પણ ભણ્યા હતા. નવમા ધોરણથી જ ફોરેન જવાનો નાદ મનમાં ભરાયો. અને ઈંગ્લિશ બોલવા લખવાની ગુજરાતી સ્કુલમાં જ તૈયારી કરવા લાગ્યો.. ચાર પાંચ યુરોપીયન  પેન ફ્રેંડઝ પણ બનાવ્યા."

૧૯૫૮ માં ફર્સ્ટ કલાસમાં S.S.C. ની પરીક્ષા પાસ કરી વડોદરાની M.S.University માં દાખલ થયા. ત્યાં એક વર્ષ અભ્યાસ કરી, બીજા વર્ષથી ભરૂચની સાયન્સ કોલેજમા એડમીશન લીધું. અહીં ઈન્ટર સાયન્સમાં એંજીનીયરીંગ કોલેજમાં દાખલ થવા જેટલા માર્કસ ન મળતાં એમણે B.Sc. નો અભ્યાસ કરવાનો નિર્ણય લીધો, પણ તે ભરૂચમાં રહીને નહિં; કારણ કે ભરૂચમાં માત્ર બે સિનેમા ઘર હતા. એમની પસંદગી દસ ટોકીઝ વાળા સુરત ઉપર ઉતરી. વળી સુરતથી મુંબઈ નજીક હતું, એટલે શનિ-રવીમાં મુંબઈ રખડવા જઈ શકાય. ૧૯૬૨ માં B.Sc. ની પરીક્ષા પાસ કરી યુ. કે. ની બેડફોર્ડ યુનિવર્સીટીમાં એડમીશન લીધું, પણ પૂરતું ફોરેન એક્ષચેંજ ન મળવાથી આખરે એમણે વડોદરાની એંજીનીયરીંગ કોલેજ માં D.T.C. (Diploma in Textile Chemistry) નો અભ્યાસ કર્યો. કરજણ નદીથી એમને લાગેલો તરવાનો શોખ અહીં વડોદરા યુનિવર્સીટીમા એમનો ઉપયોગી થયો. અહીં હરનિશભાઈ યુનિવર્સીટીની તરાકુ ટીમના સભ્ય હતા.

અભ્યાસ પૂરો કરી હરનિશભાઈએ વલસાડના અતુલ પ્રોડક્ટસમાં કલર કેમિસ્ટ તરીકે જોડાયા. નોકરી દરમ્યાન પણ એમણે અમેરિકાની કોલેજોમાં એડમીશન માટે એપ્લીકેશન્સ કરવાનું ચાલુ રાખ્યું. ૧૯૬૭ માં એમના હંસાબેન વ્યાસ સાથે લગ્ન થયા. હંસાબહેને ફર્સ્ટ કલાસમાં M.A. ની ડીગ્રી મેળવી હતી અને એ નવ ગુજરાત કોલેજમાં લેકચરર હતા. લગ્ન બાદ હરનિશભાઈએ નોકરી બદલી અને તેઓ અંબિકા મિલમાં જોડાયા.



૧૯૬૯ માં એક મિત્રની મદદથી એમણે વર્જિનિયાની એક કોલેજમાં એડમીશન મળ્યું. એક વર્ષનો કોર્સ કરી, હરનિશભાઈ ૧૯૭૦ માં ન્યુયોર્કના એક ટેક્ષટાઈલ પ્લાંટમા કલર સુપરવાઈઝર બન્યા. ફરી પાછું N.J.I.T. માં પ્લાસ્ટિક ટેકનોલોજીનો કોર્ષ કરી વિલ્સન ફાયબરફીલ માં રીસર્ચ કેમિસ્ટની નોકરી લીધી. ત્યારબાદ અનેક કંપનીઓમાં નોકરી બદલી આખરે જર્મન કલર કંપનીમાં ટેકનિકલ ડાયરેક્ટરના પદે પહોંચા. એમની આ પ્રોફેશનલ જીવન યાત્રા દરમ્યાન એમને ઘણાં એવોર્ડસ મળ્યા જેમાં વાયર એન્ડ કેબલ એસોશિએશનન એવોર્ડસ મહત્વના છે. ૧૯૯૦ માં ટાટા-વોલ્ટાસના ગેસ્ટ તરીકે ભારતના અનેક શહેરોમાં દોઢ મહિનાની એમની લેકચર ટૂર એમની સર્વોચ્ચ પ્રોફેશનલ કામગીરી હતી.



એમના સંતાનોમાં બે દિકરીઓ, આશિની અને શિવાની, અને એક દીકરો સંદિપ છે. આશિની કોમપ્યુટર સાયન્ટીસ છે અને સરસ કવિતાઓ લખે છે જે ઘણાં સામયિકોમાં છપાય છે. શિવાની ન્યુયોર્કની એક કોસ્મેટિક કંપનીમાં માર્કેટીંગ ડાયરેકટર છે, અને તે પણ લખે છે. દીકરો સંદીપ ડોકટરેટ માટે વિદ્યાર્થી છે.

અમેરિકા આવ્યા પછી હરનિશભાઈનું ગુજરતીમાં લખવા વાંચવાનું છૂટી ગયેલું. ભારત સાથે સંપર્ક પણ બહુ ઓછો હતો. અંગ્રેજી પુસ્તકો વાંચવાનું અને અંગ્રેજી પ્લે જોવાનું બનતું. અગાઉ ભારતમાં હતા ત્યારે ૧૯૬૦ માં એમની એક વાર્તા ચાંદની સામયિકમાં છપાઈ હતી અને ૧૯૬૫ માં ચિત્રલેખાની વાર્તા હરિફાઈમાં એમને પાંચમું ઈનામ મળેલું. છેક ૧૯૯૧માં આદિલ મન્સુરી, રોહિત પંડ્યા અને ડો. આર. પી. શાહ જેવા સાહિત્યકારોના સંપર્કમાં આવ્યા અને ત્યારથી ફરી લખવાનું શરૂ થયું. ૧૯૯૧ થી ૧૯૯૪ સુધી ટી.વી. માં અર્ધા કલાકના ગુજરાતી કાર્યક્રમનું સંચાલન કર્યું, જેમા રાઈટર, ડાયરેકટર અને પ્રોડ્યુસર હરનિશભાઈ જ હતા. ૧૯૯૧ થી લાગલગાટ ૧૨ વર્ષ સુધી અલગ અલગ સ્થળોએ ૫૦ જેટલા હાસ્ય કાર્યક્રમો આયોજ્યા.

એમનો પહેલો વાર્તા સંગ્રહ “સુધન” (સુધન એમના પિતાજી નામ હતું) છપાયો અને એ વાંચી રઘુવીર ચૌધરીએ એમને હાસ્યલેખકનું બીરૂદ આપ્યું. સુધન પુસ્તકને સાહિત્ય એકેડેમીનું બીજું ઈનામ મળ્યું. ત્યારબાદ એમના બા ના નામ ઉપરથી


"સુશીલા" નામે નિબંધ સંગ્રહ બહાર પાડ્યું, જેને સાહિત્ય એકેડેમીનું શ્રેષ્ઠ હાસ્ય પુસ્તકનું પ્રથમ ઈનામ અને સાહિત્ય પરિષદનું જ્યોતીન્દ્ર દવે પારિતોષીક મળ્યા. હાલમાં જ ગાર્ડી ઈન્સટીટ્યુટે "હરનિશ જાનીનું હાસ્ય વિશ્વ" નામનો એમના ચૂંટેલા લેખોનો સંગ્રહ બહાર પાડ્યો છે.

હાલમાં સુરતના વર્તમાન પત્રમાં નિયમિત એમની કોલમ પ્રસિધ્ધ થાય છે.

હરનિશભાઈ કહે છે, " હું લખું છું દિલથી, બોલું છું દિલથી, અને જીવું છું પણ દિલથી. એટલે તો પાંચ એન્જીયોપ્લાસ્ટી અને એક બાયપાસ સર્જરી કરાવવી
પડી! અમદાવાદથી મુંબાઇ દોડતા ગુજરાત એક્સ્પ્રેસનું હું સંતાન છું, તેથી માણસ-ભૂખ્યો છું. વાતો ગમે છે. માણસો ગમે છે...."

હરનિશભાઈની ખરી ઓળખાણ મેળવવી હોય તો તમારે એમના લખાણ વાંચવા પડસે.

# શ્રી ગોપાલ પારેખ



ગોપાલ પારેખનો જન્મ ૧૯૪૧માં સુરેંદ્રનગરમાં થયો હતો. એમનું પૈત્રિક ગામ ભાવનગર છે. કુટુંબ પુષ્ટિમાર્ગી, ધાર્મિક અને મધ્યમવર્ગી હતું. થોડાં વર્ષો બાદ એમનું કુટુંબ મુંબઈના એક ઉપનગર ઘાટકોપરમાં રહેવા આવી ગયું. ગોપાલભાઈનો શાળાનો સંપૂર્ણ અભ્યાસ એ સમયની ખૂબ જ લોકપ્રિય શાળા રામજી આસર વિદ્યાલયમાં થયો. હું પોતે પણ આ જ શાળામાં ભણેલો.

કુટુંબની આર્થિક પરિસ્થિતી નબળી હોવાથી ગોપાલભાઈ જ્યારે નવમા ધોરણમાં હતા ત્યારથી જ એમણે ખાનગી ટ્યૂશન આપવાનું કામ શરૂ કરી દીધું. ૧૯૫૮માં SSCમાં પાસ થઈ એમણે કીર્તિ કૉલેજ દાદર, પારલે કૉલેજ અને કે.જે.સોમૈયા કૉલેજ ઘાટકોપર એમ ત્રણ કૉલેજોમાં બદલીઓ લઈ, ૧૯૬૨માં B.Sc.(Hon.) સુધીનો અભ્યાસ પૂરો કર્યો. કૉલેજો બદલવા પાછળ આર્થિક પરિસ્થિતિ જ જવાબદાર હતી. F.Y. B.Sc. પછી તો એમણે ભણવાનું છોડી રૂ બજારમાં નોકરી પણ શરૂ કરી હતી, પણ મામાની સમજાવટ બાદ ફરી પાછું Inter Scienceમાં એડમિશન લીધું હતું. આ ભણતર પુરું કરવા રોજના ત્રણ કલાક તેમને ટ્યૂશનો આપવા પડતાં. Inter

Scienceમાં એડમિશન લીધા પછી ફી ભરવામાં મોડું થવાથી પ્રિન્સિપાલને મળવા જવું પડ્યું. પ્રિન્સિપાલે પૂછ્યું કે, "ફી કેમ સમયસર ન ભરી?" તેના જવાબમાં છટકબારી તરીકે જવાબ આપ્યો કે, "હું માંદો હતો." પ્રિન્સિપાલે કહ્યું, "તું માંદો હતો પણ પોસ્ટ–ઑફિસ તો માંદી ન હતી ને?" આખરે પ્રિન્સિપાલે ફી સ્વીકારી.

B.Sc.ની પરીક્ષા પતી એના બીજા દિવસે જ ગોપાલભાઈએ ૧૯૦ રૂપિયા પગારવાળી ઝંડુ ફાર્મસીમાં નોકરી સ્વીકારી. અહીં એમણે ૧૯૬૫ સુધી ઝંડુની લેબોરેટરીમાં કામ કર્યું. ૧૯૬૫માં રાજસ્થાનમાં ઉદયપુરની એક ફર્મસીમાં વધારે સારી શરતો મળવાથી ત્યાંની નોકરી સ્વીકારી. એક વર્ષ બાદ ઉદયપુરમાં જ બીજી એક આયુર્વેદિક કંપનીમાં નોકરી લઈ, ૧૯૬૬થી ૧૯૮૨ સુધી કામ કર્યું. ફરી પાછું ૧૯૮૨માં ઝંડુની વાપી ખાતેની લેબોરેટરીમાં જોડાઈ ૧૯૯૪ સુધી કામ કર્યું. ૧૯૯૪માં સન ફાર્મામાંથી સારી ઓફર મળતાં ૧૯૯૪થી ૧૯૯૮ સુધી ત્યાં નોકરી કરી આખરે નિવૃત્તિ લીધી.

૧૯૬૪માં ગોપાલભાઈનાં લગ્ન ઇંદુબહેન સાથે થયાં. ઇંદુબહેને S.S.C. સુધીનો અભ્યાસ કર્યો છે. એમને બે પુત્રીઓ અને એક પુત્ર એમ ત્રણ સંતાનો છે.



ગોપાલભાઈ નિવૃત્તિ બાદ પણ ખરા અર્થમાં પ્રવૃત્તિમાં રહ્યા છે. ગુજરાતી સાહિત્ય અને ભાષા પ્રત્યે નાનપણથી વિશેષ રુચિ હોવાના કારણે ગોપાલભાઈએ માતૃભાષા ગુજરાતીનો ફેલાવો વધુ ને વધુ થાય અને વિશ્વના દરેક ખૂણામાં વસતા ગુજરાતી સુધી પહોંચે તે માટેના પ્રયત્નો વર્ષ ૧૯૯૮થી જ શરૂ કરી દીધેલા. તેમને લાગ્યું કે આજની કોન્વેટિયા સ્કૂલમાં ભણતું બાળક ભલે ને ટવિંકલ *ટવિં*કલ લિટલ સ્ટાર ગાતો હોય તેની સામે કોઈ વાંધો નથી, પરંતુ તેની સાથે ‘જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા’ પણ ગાતો હોવો જોઈએ. આજે પરિસ્થિતિ એવી છે કે ગુજરાતી હોવા છતાં ગુજરાતી બોલવામાં લોકો નાનમ અનુભવતા હોય છે. એટલે ગુજરાતી ભાષા પ્રત્યેના ઘટી રહેલા પ્રેમને પુન: એક વખત જગાડવાનો પ્રયાસ એમણે શરૂ કરી દીધો. લોકોને વાંચતા કરવા એમની પાસેથી લવાજમો ઉઘરાવી લાગતા વળગતા માસિકો એમને પહોંચાડતા. ૧૯૯૮માં માત્ર અખંડઆનંદનાં જ ૨૦૦ લવાજમો ઉઘરાવેલાં. સારાં પુસ્તકો ખરીદીને લોકોને વહેંચવાની પ્રવૃત્તિમાં એમણે લોકમિલાપ (ભાવનગર)ના આશરે દોઢ લાખ પુસ્તકો વહેંચેલાં.

ગોપાલભાઈ સ્વભાવે મોજીલા માણસ છે. મનમાં આવે તો કોઈ પણ કામ પૂરી ઇમાનદારીથી ઉપાડી લે છે અને એને અંજામ સુધી પહોંચાડે છે, ભલે એ કામમાં ગમે એટલી મહેનત કરવી પડે. ૨૦૦૭માં એમને વિચાર આવ્યો કે ગુજરાતી સાહિત્યનો આસ્વાદ ખૂબ જ સરળતાથી આબાલ વૃદ્ધ લઈ શકે તે માટે આખેઆખું સાહિત્ય, ઇન્ટરનેટના માધ્યમથી કેમ ન પહોંચાડવું?

એવામા એક મિત્રે એમને ગટેનબર્ગ ઓ આર જી વિશે વાત કરી કે આ વેબસાઇટે ૩૩૦૦૦ અંગ્રેજી પુસ્તકો ઇ-બુક્સમાં ફેરવેલાં. ગોપાલભાઈને થયું કે આવું ગુજરાતી પુસ્તકો માટે કેમ ન કરી શકાય? અત્યાર સુધીમાં એમણે ૧૫૦ પુસ્તકોને ઇ-બુક્સમાં ફેરવ્યાં છે. આ પ્રવૃત્તિ વિષે ગોપાલભાઈ કહે છે, “શરૂઆતમાં રોજનો મોટા ભાગનો સમય ઇ-બુકના ટાઇપિંગમાં જતો, હવે સિનિયર બી.કૉમમાં ભણતી બે દીકરીઓ મદદ

કરે છે. ગોપાલભાઈને ઇ-બુકની પ્રવૃત્તિમાં અક્ષરનાદવાળા ભાઈ શ્રી જિગ્નેશ અધ્યારુ, શ્રી જુગલકિશોરભાઈ તથા શ્રી અશોકભાઈ મોઢવાડિયાનો સહયોગ મળ્યો.

આ સિવાય "મા ગુર્જરીને ચરણે" નામનો પોતાનો એક બ્લૉગ પણ શરૂ કર્યો. હાલમાં તેઓ વેબગુર્જરીના સંચાલકમંડળમાં સભ્ય છે. બાળકોને વૈદિક ગણિત પણ શીખવે છે. ગમતાનો ગુલાલ કરવાનો એમનો સ્વભાવ બની ગયો છે.

એમના જીવનની ફિલોસૉફી છે, "મારા જેવા અનેકોનો ભલે ક્ષય થાઓ પણ, સત્યને માપતો ગજ કદી ટૂંકો ન બનો." અને "જો મિલ ગયા ઉસીકો મુકદ્દર સમઝ લિયા, જો ખો ગયા ઉસે ભૂલાતા ચલા ગયા."

ગોપાલભાઈ સાથેનો મારો અનુભવ લખું તો તેઓ ખૂબ જ માયાળુ, નિખાલસ અને નમ્ર માણસ છે. જે મનમાં હોય તે કહી નાખે છે. ધર્મમાં ખૂબ જ આસ્થા રાખે છે, ક્યારેક તો મને ટેલિફોનમાં ભજન ગાઈ સંભળાવે છે. સાદા શબ્દોમાં કહું તો એ ભોલે ભંડારી છે.

# શ્રીમતિ બાનુમા (સપના) વિજાપુરા



(બાનૂમા વિજાપુરાને આજે આપણે સપના વિજાપુરા નામે ઓળખીએ છીએ, એટલે આ પરિચયમાં હું એમનો ઉલ્લેખ સપના તરીકે જ કરીશ)

સપનાબહેનનો જન્મ ૧૯૫૩ માં ભાવનગર તાલુકાના મહુવા ગામમાં, છ બહેનો અને બે ભાઈયો વાળા  મુસ્લીમ પરિવારમાં થયો હતો. પરિવારની આર્થિક પરિસ્થિતિ ખૂબ સારી હતી. એમના પિતા મમુભાઈ મેટ્રીક સુધી ભણેલા. ગામમાં એમની રેડિયોની દુકાન હતી. એ સમયની મુસ્લીમ કુટુંબોની સ્ત્રીઓમાં ભણનારા ખૂબ જ ઓછા હતા, એટલે એમના માતા અશિક્ષિત હતા, પણ તેઓ શિક્ષણનું મહત્વ સમજતા, અને એટલે જ એમણે એમની બધી દિકરીઓને શિક્ષણ આપ્યું.

સપનાબહેનનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મહુવાની એમ.એન. કન્યાશાળામાં થયું હતું. હિન્દુસ્તાનના ભારત અને પાકીસ્તાન એમ બે ભાગલા પડ્યા પછી, સપનાબહેનના નાના-નાની પાકીસ્તાન જતા રહેલા. ૧૯૬૪ માં સપનાબહેન કુટુંબ સાથે નાના-નાનીને મળવા પાકીસ્તાન ગયેલા. પાકીસ્તાનથી પાછા આવ્યા બાદ શાળાની એક શિક્ષીકાએ સપનાબહેનને પાકીસ્તાની કહ્યા. આનાથી નારાજ થઈ એમણે પ્રીન્સીપાલ પાસે જઈ ફરીયાદ કરી અને પ્રીન્સીપાલે શિક્ષીકાને ઠપકો આપ્યો, આમ બચપણથી જ એમને ભારતીય હોવાનો ગર્વ હતો જે આજ સુધી અકબંધ છે.

આઠમા ધોરણમાં એમણે એક ટેકનીકલ વિષય લીધેલો, જે એમ.એન.કન્યાશાળામાં ઉપલબ્ધ ન હોવાથી એમણે જે.પી.પારેખ હાઈસ્કૂલમાં દાખલ થવા અરજી કરી. આ શાળા માત્ર છોકરાઓ માટે જ હતી તેમ છતાં ખૂબ સમજાવટ બાદ એમને એડમીશન મળ્યું. આઠમાં ધોરણમાં પચાસ છોકરાઓ વચ્ચે આ એકલી છોકરી હોવાથી એમને ખૂબ મુંઝવણનો સામનો કરવો પડતો તેથી આખરે કંટાળી જઈ એ પાછા કન્યાશાળામાં આવી ગયા.

૧૯૭૧ માં સપનાબેને S.S.C. પરીક્ષા પાસ કરી, કે.વી. પારેખ સાયન્સ કોલેજમાં એડમીશન લીધું. એમની ઈચ્છા મેડીકલમાં એડમીશન લઈ ડોકટર બનવાની હતી, પણ પૂરતા માર્કસ ન મળવાથી મેડીકલમાં એડમીશન ન મળ્યું. નર્સીંગ કોલેજમાં જવાનો વિચાર કર્યો પણ એમના પિતાના મત પ્રમાણે એ સમયમાં નર્સની નોકરીને બહુ સારી ન ગણવામાં આવતી એટલે એ વિચાર પણ પડતો મૂક્યો, અને B.Sc. with Chemistry સુધીનો અભ્યાસ પૂરો કર્યો.

૧૯૭૭ માં સપનાબહેનના લગ્ન અમેરિકા સ્થિત શરીફ વિજાપુરા સાથે થયા. શરીફ વિજાપુરા ફાર્માસીસ્ટ છે. એ સમયમાં ફાર્મસીની ડીગ્રીવાળાને ગ્રીનકાર્ડ સહેલાઈથી મળી જતું, એટલું જ નહિં પણ એમના પતિ અથવા પત્નીને પણ સહેલાઈથી ગ્રીનકાર્ડ મળી જતું. લગ્ન ભારતમાં થયા હતા પણ લગ્નબાદ છ મહિના રહી સપનાબહેન અમેરિકા આવી ગયા.



અમેરિકા આવ્યાબાદ સૌથી પહેલા એમને એક ફેકટરીમાં કામ મળ્યું. થોડા સમય બાદ એમને એક સ્ટોરમાં કેશિયરની નોકરી મળી. આ જોબ દરમ્યાન એક ગોરી સ્ત્રી એમની સાથે ખૂબ ખરાબ વ્યહવાર કરતી અને રેસિસ્ટ સ્વભાવની હતી. બચપણથી અન્યાય સામે લડી લેવાની વૃત્તિવાલા સપનાબહેને એને અદાલતમાં લઈ ગયા.

લગ્ન જીવનના તેર વર્ષોબાદ એમને ત્યાં પુત્રનો જન્મ થયો. બાળકને સારી રીતે ઉછેરી શકાય એટલા માટે એમણે દસ વરસ સુધી નોકરી ન કરી, જયારે દિકરો પૂરા સમયની શાળામાં જવા લાગ્યો ત્યારે એમણે બેંકની નોકરી સ્વીકારી, જે આજદિવસ સુધી ચાલુ છે. એમનો પુત્ર પણ અભ્યાસ પૂરો કરી, ફેસબુકમાં સોફ્ટ્વેર એંજીનીઅર તરીકે નોકરી કરે છે.

સપનાબહેનને સાહિત્યનો શોખ તો નાનપણથી જ હતો પણ સંજોગો વશાત એ છૂટી ગયેલો. ૨૦૦૯ માં નાદુરસ્ત તબિયતને લીધે જીવનમાં થોડી નિરાશા આવી ગઈ હતી, અને એ દરમ્યાન મનમાં ચાલી રહેલા વિચારો કાગળમાં ટપકાવી લેતા. એમના દિકરાને એમને રસ્તો સૂઝાડ્યો, એણે "ખૂલી આંખના સપના" નામ આપી એક બ્લોગ બનાવી આપ્યો, અને એમના વિચારો આ બ્લોગમાં મૂકવા કહ્યું. બસ શરૂઆત થઈ ગઈ અને ત્યારબાદ વણથંભી ચાલુ જ છે. સપનાબહેન કહે છે, "એ જ મારી દવા છે, એજ મારી થેરાપી છે."

શિકાગોમાં "શિકાગો આર્ટ સર્કલ" નામનું સાહિત્યનું એક ગ્રૂપ, જે અસરફભાઈ ડબાવાલા અને મધુમતી મહેતાની દોરવણી હેઠળ ચાલે છે, સપનાબહેન એમાં સક્રીય ભાગ લે છે. ૨૦૦૯ અને ૨૦૧૫ ના ગાળામાં એમના બે ગઝલ સંગ્રહ પ્રકાશિત થઈ ચૂક્યા છે, "ખૂલી આંખના સપના" અને "સમી સાંજના સપના". સમીસાંજના સપનાનું વિમોચન શ્રી ખલીલ ધનતેનવી સાહેબના હસ્તે અમદાવાદ વિશ્વકોષ ભવનમાં થયું હતું. થોડા સમયમાં જ એમની એક નવલકથા પણ પ્રકાશિત થશે.

સપનાબહેન Print Media માં પણ સક્રીય છે. જન ફરિયાદ, અકીલા, ધ મેસેજ, ગુજરાત ટુ ડે, અને ગુજરાત ટાઇમ્સમાં એમના લખાણો પ્રગટ થાય છે. અખંડ આનંદમાં પણ એમની વાર્તાઓ આવી ચૂકી છે. ગુજરાતી સિવાય તેઓ હીન્દી અને ઉર્દુમાં પણ કવિતાઓ અને ગઝલ લખે છે. સપનાબહેને ઘણાં કવિસંમેલનોમાં ભાગ લીધો છે, ખાસ કરીને ફલોરીડામાં શ્રી દીનેશભાઈ શાહને ત્યાં પોએટ્રી ફેસ્ટીવલમાં શ્રી અદમભાઈ ટંકારવી તથા શ્રી કૃષ્ન દવે સાથે કાવ્ય પઠન કરેલું..તે સિવાય હ્યુસ્ટનમાં સાહિત્ય સરિતામાં, ઓસ્ટિનમાં,કે નેડામાં, તથા શિકાગોમાં શ્રી અદમભાઈ ટંકારવી તથા શ્રી કૃષ્નભાઈ દવે સાથે ભાગ લીધેલો. શ્રી  અનિલ જોશી તથા ડો વિવેક ટેલર અને શ્રી રઈશ મણીયાર સાહેબ સાથે પણ કાવ્ય પઠનનો મોકો એમને મળ્યો છે. ભારતમાં, સુરતમાં "ગઝલ સાધના" મંડળે એમને મુખ્ય અતિથિ તરીકે બોલાવેલા. જેમાં ભાવેશ ભટ્ટ સાથે અને પાલનપૂરમાં શ્રી મુસાફીર પાલનપૂરી સાથે કાવ્યપઠન કરવાનો મોકો મળેલો.

એમની કવિતાઓ અને ગઝલોનો આસ્વાદ લેવા તમારી એમના બ્લોગ્સ "ખૂલી આંખના સપના".

અને http://kavyadhara.com

http://kavyadhara.com/hindi

ની મુલાકાત લેવી પડસે. અહીં માત્ર તમને નમૂના ચખાડું છું,

એમની મૌલા નામની ગઝલમાં એ ખૂદાને કહે છે,

"બચે નિર્દોષનાં કતલથી દુનિયા
તું ખંજરને કલમ  કરી દે મૌલા"

કેવી ઉમદા કલ્પના કરી છે, સપનાબહેને? અને પછી કરગરીને કહે છે,

"ફરી સપનાએ હાથ ઉઠાવ્યાં છે
દુઆમાં, તું અસર કરી દે મૌલા"

બીજી એક ગઝલમાં તેઓ કહે છે,
“રહેશે આ દ્વાર ખૂલાં સદા તારી પ્રતીક્ષામાં
તું મન ચાહે બેધડક આવજે દિલથી વચન આપું”

છે ને “મેરા ઘર ખૂલા હૈ, ખૂલાહી રહેગા, તુમારે લિયે…”?

સપનાબહેન માને છે કે “પ્રેમ એ સૌથી મોટી લાગણી છે.. અને આ વિશ્વ એક કુટુંબ છે, તો જીવોં અને જીવવા દો…પ્રેમથી લોકોને જીતો તલવારથી નહીં, સૌથી મોટો ધર્મ માનવતાનો છે.”

સપનાબહેન પાસેથી આપણને હજીપણ વધારે સાહિત્ય મળતું રહે એવી શુભેચ્છા સાથે આ લેખ અહીં સમાપ્ત કરૂં છું.

# શ્રીમતિ રાજુલ શાહ



રાજુલ બહેનનો જન્મ ૧૯૫૪ માં અમદાવાદમાં એક શિક્ષિત પરિવારમાં થયો હતો. પિતા શશિકાંત નાણાવટી એમના સમયના પ્રખ્યાત જર્નાલિસ્ટ, લેખક, વિવેચક, નાટ્યકાર, ચિત્રલોક સામયિકના સંપાદક અને આઈ. એન.ટી. નાટ્ય-સ્પર્ધાના પ્રણેતા હતા. માતા ઈન્દુબેન નાણાવટી ડોકટર હતા અને અમદાવાદના ફેમિલી ફીઝીશીયન તરીકે જાણીતા હતા. આમ આર્થિક દ્રષ્ટીએ આ એક સુખી પરિવાર હતું. રાજુલ બહેનનો ઉછેર ખૂબ લાડકોડમાં થયો હતો. બચપણમાં એમને કોઈપણ વસ્તુથી વંચિત રહેવું નહોતું પડ્યું.

માતા-પિતા જૈન ધર્મમાં માનતા હોવા છતાં, અંધ શ્રધ્ધા અને ક્રિયા-કાંડથી દૂર રહેતા. ઘરમાં વાતાવરણ શિસ્તબધ્ધ છતાં મુકત રીતે વિચારોની આપ-લે કરી શકાય એવું હતું. ૧૯૫૯ માં પાંચ વર્ષની વયે એમને ત્યાંની સારી ગણાતી શાળામાં દાખલ કરવામાં આવ્યા, જેમાં તેમણે સાતમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. આઠમા ધોરણથી અગિયારમાં ધોરણ સુધી એમણે અમદાવાદની એ.જી.હાઇસ્કુલમાં અભ્યાસ કરી, ૧૯૭૦માં S.S.C.ની પરીક્ષા પાસ કરી. શાળાના આ વર્ષો દરમ્યાન એમણે ખૂબ વાંચન કર્યું. ઘરમા અનેક પુસ્તકો, અખબારો અને સામયિકો ઉપલબ્ધ હતા અને ગુજરાત વિદ્યાપીઠની લાયબ્રેરી ઘરની નજીક હતી. વાંચવાનો એમનો શોખ જાણે કે એક વ્યસન બની ગયું હતું. શાળાના વર્ષો દરમ્યાન જ એમણે કનૈયાલાલ મુનશી,

શરદબાબુ, ગોવર્ધનરામ ત્રિપાઠી, પન્નાલાલ પટેલ, ર.વ.દેસાઈ, હરિન્દ્ર દવે, હરકિશન મહેતા, અશ્વિન ભટ્ટ, કુંદનિકા કાપડીયા અને સુરેશ દલાલ જેવા નામી સાહિત્યકારોના પુસ્તકો વાંચી લીધેલા. આ વાંચન પ્રવૃત્તિને લીધે એમને ક્યારે એકલતાનો અહેસાસ નહોતો થતો, અને આજે પણ નથી થતો.

S.S.C. પસાર કર્યાબાદ કઈ કેરિયર અપનાવવી એમની ગડમથલ એમના મનમાં થોડા વર્ષો અગાઉ જ શરૂ થઈ ગયેલી. મમ્મીની જેમ ડોકટર બનું, કે કુટુંબના અન્ય સફળ મિત્રો જેવા પ્રોફેશનમાંથી કોઈ એકની પસંદગી કરૂં? આખરે એમણે નિર્ણય લઈ ૧૯૭૦ માં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલજમાં એડમિશન લઈ, ૧૯૭૪ માં સાઇકોલોજી વિષય સાથે B.A. ની ડીગ્રી મેળવી. કોલેજના વર્ષો દરમ્યાન પણ એમણે ગરબા-રાસ અને નાટકોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો.

શાળા-કોલેજના સમયથી ગુજરાતી સાહિત્યમાં અપાર રસ હોવાથી પોતે પણ કંઈક સાહિત્ય સર્જન કરે એવી તીવ્ર ઈચ્છા એમના મનમાં સદાય રહેતી.



અભ્યાસ પૂરો થાય તેથી થોડા દિવસ પહેલા જ, ૧૯૭૩ માં એમના લગ્ન કોશિક શાહ સાથે થયા. કોશિકભાઈ ઉત્સાહી અને સાહસિક હોવાથી, પેઢીઓથી ચાલતા આવતા કાપડના ધંધામાં ન પડતાં મેન્યુફેક્ચરીંગનો અલગ વ્યવસાય શરૂ કર્યો, અને એમાં સફળતા હાંસિલ કરી. રાજુલબહેનની દરેક પ્રવૃતિને તેઓ પ્રોત્સાહન આપે છે અને

એમનો જુસ્સો ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. દંપતિને બે સંતાન છે, દિકરી મિલીએ અમદાવાદમાં M.Sc. સુધીનો અભ્યાસ કર્યો છે અને અમેરિકામાં M.S. અને Ph.D. નો અભ્યાસ કર્યો છે અને હાલમાં અમેરિકામાં સ્થાયી થઈ છે. પુત્ર ઋષદ યુ. કે.માં મેડિકલ એંજીનીઅરીંગમાં માસ્ટર્સ કરી, હાલમાં અમેરિકામાં સ્થાયી થયો છે.



(રાજુલબહેન કુટુંબ સાથે)

મિલી અને ઋષદ અલગ અલગ શહેરોમાં રહેતા હોવાથી, રાજુલબહેને સમયનો સદઉપયોગ કરવા ટ્યુશન્સ આપવાનું શરૂ કર્યું. એ સિવાય વેકેશનમાં બાળકોને ડ્રોઈંગ શીખવવાનું પણ શરૂ કર્યું. એમના માટે આ પૂરતું ન હતું. સાહિત્યની પ્રવૃતિની શરૂઆત એમણે અમદાવાદના “દિવ્ય ભાસ્કર” અખબારના “માધુરિમા” માટે વાર્તા લખી. ત્યારબાદ ફીલ્મ રિવ્યુ લખવાનું શરૂ કર્યું. સાથે સાથે "કળશ" અને "માધુરિમા" માટે આર્ટીકલ આપવાના શરૂ કર્યા. ‘કળશ’ અને ‘માધુરીમા’ માટે અવનવા વિષય લઈને આર્ટીકલ આપવામાં અનેક લોકોને મળવામાં એમને ખૂબ આનંદ થતો, ફરવાનો શોખ તો હતો જ એટલે એ શોખને વાચા આપી, “ દિવ્ય ભાસ્કર”ની રવિવારની પૂર્તિમાં. કુંભલ ગઢ , રાણકપુર, ચાંપાનેર , રાણી ની વાવ, થોળ બર્ડ સેન્ચ્યુરી જેવા હેરીટેજ સ્થળો પર લેખ આપવાના શરૂ કર્યા. ૨૦૦૬થી અમેરિકા

અવર-જવર શરૂ થઈ  ત્યારે યાત્રા-પ્રવાસ વર્ણનમાં લંડન, વેલ્સ, કોનવૉલ, સ્કોટલેન્ડ, આટલાન્ટા, વોશિંગ્ટન ડી. સી.  ન્યુયોર્ક, બોસ્ટન પર લેખો લખ્યા.

૨૦૧૦ માં ગ્રીનકાર્ડ મળવાથી રાજુલબહેન કાયમી વસવાટ માટે અમેરિકા રહેવા આવી ગયા. અમેરિકામાં આવીને એમણે બ્લોગ્સ માટે લખવાનું શરૂ કર્યું. એમણે "રાજુલનું મનોજગત" નામે પોતાનો બ્લોગ પણ શરૂ કર્યો.

(http://www.rajul54.wordpress.com)

બ્લોગ્સમાં લખવાથી એમની નવી નવી ઓળખાણો થવા માંડી. આ ઓળખાણોમાં એક ઉલ્લેખનીય ઓળખાણ શ્રી વિજય શાહની થઈ. એમની સાથે મળીને રાજુલબહેને "એષા ખુલ્લી કિતાબ" નામે લઘુ નવલકથા લખી. ત્યારબાદ એમણે પોતે "છીન્ન" અને "આન્યા મૃણાલ" નામની બે નવલકથાઓ લખી. સાથે સાથે કેનેડા ન્યુઝ લાઈન માટે ફીલ્મ રિવ્યુ પણ આપે છે. અમદાવાદના "નવગુજરાત ટાઈમ્સ" માટે પ્રવાસ વર્ણનો લખે છે.

રાજુલબહેન કહે છે, "ગુજરાતી સાહિત્ય ખુબ વિશાળ અને ઊંડાણભર્યું છે. ગુજરાતી હોવાના ગૌરવને આપણે ઉજાળી શકીએ તો એ આપણા સદનસીબની વાત છે." વધુમાં તેઓ કહે છે, "જીવન પરમ તત્વ તરફથી મળેલી મહામૂલી ભેટ છે. બીજું કશું જ ન કરી શકું પણ એટલું તો જરૂર ઇચ્છીશ કે સૌના સુખનું હું નિમિત્ત બનું. જીવનમાં આજ સુધી અનેક સ્વરૂપે અત્યંત સ્નેહ મળ્યો છે. એ સ્નેહને અનેક ઘણો કરીને પાછો વાળી શકું એવી સાચા હૃદયની ઇચ્છા છે."

# શ્રી અનિલ ચાવડા



અનિલભાઈનો જન્મ ૧૯૮૫માં સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના કારેલા ગામમાં થયો હતો. એમના પિતા માત્ર ત્રીજા ધોરણ સુધી ભણેલા હતા અને માતા નિરક્ષર. અનિલભાઈના જન્મ સમયે અને ત્યારબાદ ઘણાં વર્ષો સુધી તેમના માતા-પિતા ખેતમજૂરી કરી જીવન ગુજારતા રહ્યા. કોઈ વાર ગામમાં મજૂરી ન મળે તો બીજા ગામમાં જઈ મજૂરી કરવી પડતી, આ સમય દરમ્યાન કોઈના ઢોર બાંધવાની ગમાણમાં કે ગામના બસસ્ટોપમાં પણ સૂઈ રહેવું પડતું. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ આવું જીવન વ્યતિત કરવું પડતું.

આવી કારમી ગરીબીમાં પણ અનિલભાઈના માતા-પિતાએ નિશ્ચય કર્યો કે અમારે અમારા દીકરાને ભણાવવો છે, જેથી એણે અમારા જેવું જીવન વ્યતિત ન કરવું પડે. સંજોગો અનુસાર અનિલભાઈનું પ્રાથમિક, માધ્યમિક અને હાઈસ્કૂલનું શિક્ષણ અલગ અલગ ગામમાં, અલગ અલગ શાળાઓમાં થયું. કેટલાંક વરસ એમને બોર્ડિંગમાં રહીને અભ્યાસ કર્યો. અભ્યાસ પ્રત્યે થોડી પણ અરૂચિ દર્શાવે ત્યારે એમના માતા એમને સ્પષ્ટ શબ્દોમાં કહી દેતા કે ભણીશ નહિં તો જિંદગીભર અમારી જેમ મજૂરી કરીશ. અનેક કઠણાઈઓ વેઠી, અનિલભાઈએ ૨૦૦૦માં S.S.C.ની પરીક્ષા પાસ કરી. અગિયારમું અને બારમું ધોરણ એમણે અમદાવાદની બે અલગ અલગ શાળાઓમાં ભણી ૨૦૦૨માં H.S.C.ની પરીક્ષા પાસ કરી. આ સમય દરમ્યાન વેકેશનોમાં મજૂરી કરી શાળાના ખર્ચ

જેટલું કમાઈ લેતા. ૨૦૦૨થી ૨૦૦૫ દરમ્યાન અમદાવાદની એચ. કે. આર્ટ્સ કોલેજમાંથી B.A.ની ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાંથી ૨૦૦૭માં M.A.ની ડીગ્રી મેળવી. ૨૦૦૮માં B.Ed.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૨૦૦૯માં એમણે ખાનપુરની ભવન્સ કોલેજમાંથી જર્નાલિઝ્મનો કોર્ષ કરી અભ્યાસની સમાપ્તિ કરી.

આ અભ્યાસકાળ દરમ્યાન પણ ૨૦૦૫-૦૬થી અનિલભાઈ નવભારત સાહિત્ય મંદિરમાં નોકરીએ લાગી ગયેલા. આજે પણ તેઓ ત્યાં જ નોકરી કરી રહ્યા છે.

અનિલભાઈના લગ્ન ૨૦૧૧માં, રંજનબહેન સાથે થયા હતા. આજે દંપતીને એક પુત્ર છે.




અભ્યાસ દરમ્યાનના કપરા સમય દરમ્યાન પણ માસરસ્વતીની એમના ઉપર કૃપા હતી. બહુ નાની ઉંમરથી તેઓ સાહિત્યસર્જન કરતા રહ્યા અને કવિતા લખવાનો આ શોખ એટલી હદે હતો કે એમનો એક મિત્ર પોતાની પત્નીને મોકલવાનો પત્ર એમની પાસે લખાવવા આવતો તો એમા પણ કવિતા લખી નાખતા. એમને પોતાને એક છોકરી પ્રત્યે આકર્ષણ થયેલું ત્યારે એને જે પત્ર લખતા એમાં પણ કવિતા તો ખરી જ. અમદાવાદમાં મળતી બુધસભા, જે ધીરુભાઈ દ્વારા ચલાવવામાં આવે છે અને આજે પણ નિયમિત ચાલે છે તેમાં, અને શનિસભા, જે ચિનુ મોદી દ્વારા ચલાવવામાં આવતી

હતી, જે આજે બંધ છે, તેમાં, જ્યાં ચિનુ મોદી, ધીરુ પરીખ, લાભશંકર ઠાકર, માધવ રામાનુજ, રઘુવીર ચૌધરી, શોભિત દેસાઈ અને અનિલ જોષી જેવા નામાંકિત કવિઓ પણ આવતા, તેમાં અંકિત ત્રિવેદી, અશોક ચાવડા, ચંદ્રેશ મકવાણા, ભાવેશ ભટ્ટ વગેરે યુવાન કવિઓ આવતા, જેમાં અનિલ ચાવડા પણ પોતાની કવિતાઓ રજૂ કરતા રહેતા.

આજે ત્રીસ વર્ષની નાની વયે પણ એમના સાહિત્યસર્જનના વ્યાપને લીધે, સાંપ્રત ગુજરાતી સાહિત્યના પ્રવાહમાં તેમની હાજરીની નોંધ લેવાય છે. તાજેતરમાં એમને એમના ગઝલસંગ્રહ ‘સવાર લઈને’ માટે સાહિત્ય અકાદમી–દિલ્લી દ્વારા ગુજરાતી ભાષા માટેનો ‘યુવા પુરસ્કાર’ અર્પણ કરવામાં આવ્યો છે. ૨૦૧૦ માં એમને ગુજરાત સરકારનો ‘યુવાગૌરવ પુરસ્કાર’ સાંપડ્યો અને તે જ વર્ષમાં I.N.T. ઇન્ડિયન નેશનલ થિયેટર - મુંબઈ) દ્વારા અપાતો ‘શયદાએવોર્ડ’ પણ તેમને અર્પણ થયો. ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૦૧૨-૨૦૧૩નું ‘તખ્તસિંહ પરમાર પારિતોષિક’ મેળવનાર અનિલભાઈએ ગદ્યસ્વરૂપોમાં કલમ અજમાવી, પ્રસિદ્ધ વાર્તામાસિક ‘મમતા’ સંચાલિત વાર્તાસ્પર્ધાનું પ્રથમ પારિતોષિક પણ મેળવ્યું છે. હાલમા ‘સંદેશ’ અખબારમાં તેમની કટાર ‘મનનીમોસમ’ પ્રગટ થઈ રહી છે.




(યુવા ગૌરવ પુરસ્કાર)

એમનું સર્જન કવિતા, વાર્તા, નિબંધ, અનુવાદ, સંપાદન એમ વિવિધ સ્વરૂપે જોવા મળે છે. એમના સાહિત્યમાં યોગદાનનો અંદાઝ આપું તો એમનો એક કાવ્યસંગ્રહ, એક

લઘુવાર્તાઓનો સંગ્રહ અને એક નિબંધસંગ્રહ પ્રસિદ્ધ થયા છે. એક સહિયારું કાવ્યસંગ્રહનું પુસ્તક અને પાંચ સંપાદનોનાં પુસ્તકો પણ છપાઈ ચૂક્યાં છે. એ ઉપરાંત એમણે ૧૯ પુસ્તકોનો અનુવાદ પણ કર્યો છે.

પોતાનાં કાવ્યસર્જન વિશે અનિલભાઈ કહે છે, “કવિતા સથેનો મારો સંબંધ માત્ર લોહીનો નથી, પરસેવાનો પણ છે. કારણ કે હું સાવ સાદા-સામાન્ય ખેડૂતનો દીકરો. રોજનું કમાઈને રોજ ખાનારા કામદારનો છોકરો. નાનપણથી શબ્દને ઘુંટતો રહ્યો, અને એ શબ્દ કવિતા સુધી લઈ જશે એવી કલ્પના પણ નહોતી."

સાહિત્યસર્જનમાં એમની વિશેષ પહેચાન ગઝલકાર તરીકેની છે. અનિલભાઈ કહે છે, “ગઝલ મારા ભાવોને, મારા વિચારોને, મારી મનોસ્થિતિને વ્યક્ત થવા માટે વધુ માફક આવે એવું સ્વરૂપ છે.” એમની કવિતાઓમાં પ્રકૃતિનું વર્ણન ધ્યાન ખેંચે એવું છે. આ અંગે તેઓ કહે છે, “પ્રકૃતિ સાથે નાનપણમાં જીવ્યો છું. જે પ્રકૃતિ સાથે જીવ્યો છું એ પ્રકૃતિએ, મને ઘણી બધી બારીઓ ખોલી આપી છે. મારા શબ્દોને વહેવા માટે પ્રકૃતિએ રસ્તો કરી આપ્યો છે.”

વર્તમાનપત્રોમાં કોલમ લખવા માટે નિખાલસતાથી કહે છે, “લેખન જરૂરિયાતને આધીન અને ફરમાયશને આધીન રહીને પણ થાય છે. છાપાંમાં કોલમ લખવાથી મને પૈસા મળે છે. જે મારી જરૂરિયાત પણ છે.”

એમનાં લખાણોની તમારે ખરેખરી મજા માણવી હોય તો તમારે એમની વેબસાઇટ http://www.anilchavda.com/ ની મુલાકાત લેવી પડશે. તમને એમની વેબસાઇટ જોવાનું મન થાય એટલા માટે અહીં થોડા નમૂના રજૂ કરું છું.

નીચે આપેલી પ્રત્યેક બે પંક્તિઓ આખેઆખી વાત કહી જાય છે અને તે પણ બહુ વેધક રીતે.

(૧) બેઉં ભેગાં મોકલીને આમ ના ગૂંચવ મને તું,
સુખ અને દુઃખની વચાળે કોઈ રેખા પાતળી મૂક.

(૨) એકદમ ગંભીર એવા હાલ પર આવી ગયા.
ડૂસકાંઓ પણ બરાબર તાલ પર આવી ગયાં.

(૩) જેને ડૂબાડી શક્યા નૈં કોઈ સરવર કે નદી-દરિયા,
એવી ઇચ્છાઓ ડૂબી ગઈ આપમેળે ઢાંકણી લઈને.

(૪) સાચ્ચું પડવું હોય તો તું આવજે નહિતર નહીં,
સ્વપ્નને મોઢા ઉપર ચોખ્ખું જ પરખાવી દઈશ.

(૫) સંપ માટીએ કર્યો તો ઇંટ થઈ,
ઈંટનું ટોળું મળ્યું તો ભીત થઈ.

અનિલભાઈની કલમે હજી આપણને ઘણું બધું મળવાનું બાકી છે.

# શ્રીમતિ નીલમ દોશી



નીલમબહેનનો જન્મ ૧૯૫૫ માં પોરબંદરમાં થયો હતો. એમના પિતાનો અભ્યાસ અને બચપણ આફ્રીકામાં ગુજરેલું જ્યારે માતા જામખંભાળીયાના નગરશેઠની પુત્રી હતા. પિતા એલ.આઇ.સી.માં બ્રાન્ચ મેનેજર હતા. દાદાનો  પોરબંદરમાં ક્પડાંનો મોટો સ્ટોર  હતો. નીલમબહેનના જન્મ સમયે કુટુંબ આર્થિક રીતે સંપન્ન હતું.

નીલમબહેનનું પ્રાથમિક અને નવમા ધોરણ સુધીનું માધ્યમિક શિક્ષણ પોરબંદરની શાળામાં થયું હતું. ભણવામાં તેજસ્વી હોવાથી હંમેશાં પહેલો નંબર આવતો. જ્યારે નીલમબહેન ત્રીજા ધોરણમાં હતા ત્યારે એમનો બીજો નંબર આવ્યો એમ કહ્યું ત્યારે અતિ સંવેદનશીલ સ્વભાવને લીધે લાગી આવતા નીલમબહેનને મરી જવાનો વિચાર આવ્યો. મરવું કેવી રીતે એ મૂંઝવણમાં પહેલા એ સમુદ્ર કિનારે ગયા, પછી વિચાર બદલી જંગલમાં ધ્રુવની જેમ તપ કરવા ગયેલા.  પણ આખરે  કોઇ પરિચિત વ્યક્તિએ  એમને ઘરે પહોંચાડી દીધા.

દસમા અને અગિયારમા ધોરણનો અભ્યાસ નીલમબહેને જેતપુરમાં કર્યો. અહીં એમની સાહિત્યમાં રૂચિ કેળવાઇ.  અહીંથી ૧૯૭૧ માં એમણે S.S.C. ની પરિક્ષા, તાલુકામાં પ્રથમ આવીને, પાસ કરી.

શાળાજીવન દરમ્યાન એમનો ફાજલ સમય અને વેકેશનનો સમય મોટેભાગે એમના શિક્ષકોને ત્યાં પસાર થતો. અહીં એમને નવા નવા પુસ્તકો વાંચવા મળતા, શું વાંચવું એનું માર્ગદર્શન મળતું, ચર્ચાઓ થતી, અને લખવા માટે પ્રેરણા મળતી. સાહિત્ય સર્જનનો પાયો નાખનાર શિક્ષકો સંધ્યાબહેન, ઉષાબહેન અને પ્રભાબહેનને નીલમબહેન આજે પણ પ્રેમથી યાદ કરે છે. નીલમબહેનનું લઘુકથાનું પુસ્તક "પાનેતર" એમણે એમના આ ત્રણ શિક્ષકોને અર્પણ કર્યું છે.

S.S.C. પાસ કર્યા પછી નીલમબહેનની ઈચ્છા આર્ટસમાં જવાની હતી, પણ પિતાની ઇચ્છાને લીધે રાજકોટની કોલેજમાં સાયન્સમાં એડમીશન લીધું. બે વર્ષ રાજકોટની હોસ્ટેલમાં રહી અભ્યાસ કર્યા બાદ એમણે જામનગરની કોલેજમાંથી ૧૯૭૫ માં Distinction સાથે B.Sc. ની ડીગ્રી મેળવી.

૧૯૭૮ માં નીલમબહેનના લગ્ન બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ સાથે B.Tech. (Chemical Engineering) ડીગ્રી મેળવેલા હરીશભાઈ દોશી સાથે થયા. દંપતીને એક પુત્ર અને એક પુત્રી છે, બંને ડોકટર છે અને અમેરિકામાં સ્થાયી થયા છે. પતિ સાથે ફકત સહજીવન નહીં સખ્ય જીવન જિવાય છે એનું ગૌરવ છે. એમની નવલકથા " દોસ્ત, મને માફ કરીશ ને ? " પુસ્તક જીવન સાથી હરીશને અર્પણ કરતા લખ્યું છે.

" દોસ્ત, મને માફ કરીશને ? એમ પૂછવાની જેને કદી જરૂર નથી પડી એવા દોસ્ત અને જીવનસાથી હરીશને સ્નેહપૂર્વક.."




.

લગ્ન પછી નીલમબહેને મીઠાપુર હાઈસ્કૂલમાં ૧૮ વર્ષ શિક્ષિકા તરીકે નોકરી કરી. તેઓ કહે છે, "મારા શિક્ષકોએ મને ઘણું આપ્યું છે એનો થોડો અંશ હું પણ મારા વિધ્યાર્થીઓને આપી શકું અને એ રીતે ગુરૂદક્ષિણા ચૂકવી શકું.એવી ભાવના છે. આજે હું જેમ મારા શિક્ષકોને ભાવથી યાદ કરું છું, એ જ રીતે મારા અનેક વિધ્યાર્થીઓ, દેશ કે પરદેશમાંથી દર શિક્ષક દિવસે મને  અચૂક ફોન કરે છે. અને ઘણાં સાથે જીવંત સંપર્ક આજે પણ છે, જેને હું મારા જીવનની અમૂલ્ય મૂડી ગણું છું."

કોલેજના વર્ષો દરમ્યાન અને લગ્ન બાદ પણ નીલમબહેનનો સાહિત્ય પ્રત્યેનો લગાવ જારી રહ્યો. સંદેશ, સ્ત્રી, જનસત્તા, ગુજરાત ગાર્ડિયન, મુદ્રાલેખ, માર્ગી વગેરેમાં નિયમિત કોલમ ઉપરાંત, વાર્તાઓ, લેખો, અખંડ આનંદ, નવનીત, પરબ, શબ્દ સૃષ્ટિ, છાલક, સંવેદન,અભિયાન, ચિત્રલેખા, અભિષેક, નવચેતન, જલારામ દીપ વગેરે જુદા જુદા સામયિકોમાં નિયમિતપણે પ્રકાશિત થતા રહે છે. વીસ પુસ્તકો પ્રકાશિત થઇ ચૂકયા છે.અને હજુ સર્જન ચાલુ છે.




એમના ચાર પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અને કલાગુર્જરી મુંબઇ દ્વારા એવોર્ડ મળેલા છે. એમનું "ઝાલરટાણું" નાટક રેડિયો ઉપર પ્રસારીત થયું છે, અને અનેક શૈક્ષણિક કાર્યક્રમો અને કાવ્યોનો રસાસ્વાદ આકાશવાણી રાજકોટ પરથી,પ્રસારિત થયા છે, ઉપરાંત એમની વાર્તા અને એમનો

ઇંટરવ્યુ  ઓસ્ટ્રેલિયા રેડિયો પરથી તથા રેડિયો આઝાદ ( ટેક્ષસાસ, ડલાસ ) પરથી પણ  પ્રસારિત  થયા છે. નીલમબહેનનો વધારે પરિચય મેળવવા તો તમારે એમના બ્લોગ "પરમ સમીપે" https://paramujas.wordpress.com ની મુલાકાત લેવી પડસે. માત્ર એમની સમયની વ્યાખ્યા કરતી થોડી પંક્તિઓ અહીં નમુના રૂપે રજૂ કરૂં છું.

કણ કણ બની વેરાતો સમય
સપનાઓમાં વિખેરાતો સમય
રેતી સમ હથેળીમાંથી સરતો સમય
બંધ મુઠીમાં કદી સચવાતો સમય
સાતતાળી દઇ સદા છટકતો સમય
યાદોની કરવતથી કપાતો સમય
પારાની જેમ દદડતો સમય
પલપલ રંગ બદલતો સમય
વ્યસ્તતાના વાઘા પહેરી ફરતો સમય
'હાશકારા'થી સદા આઘો રહેતો સમય
અહમના હાથપંખાથી વીંઝાતો સમય
સ્મરણોના ખાલીપાથી નીતરતો સમય
'સ્ટેચ્યુ' કહેતાં યે ન થંભતો સમય
પ્રસૂતિગૃહથી સ્મશાન સુધીનો રસ્તો સમય.

નીલમબહેન કહે છે, " જીવન અનેક આયામમાં વિસ્તરતું હોય છે.  એક લેખક તરીકેની સામાજિક નિસ્બત ગણીને  સામાજિક વિષયો પર હકારાત્મક અભિગમ સાથે સતત લખતી રહું છું. જનસેવા એ જ પ્રભુ સેવા...એ એક જ સૂત્રનો અમલ શકય અંશે કરી રહી છું. મને ગરીબ, અનાથ બાળકો માટે વિશેષ પક્ષપાત છે, એમને માટે કંઇ

પણ થઇ શકે એ જ જીવનનું ધ્યેય..એ જ સપનું અને એ જ કર્મ.અને મારે માટે એ જ ધર્મ. હું કંઇ મોટી સંત મહાત્મા નથી. એક સામાન્ય માણસ છું. મૌન રહીને જે પણ થઇ શકે તે નાના નાના કાર્ય કરતા રહેવું ગમે છે."

"મળવા જેવા માણસ" લેખમાળામાં નીલમબેનનો પરિચય લખવાનો મને મોકો મળ્યો એને હું મારૂં સદભાગ્ય સમજું છુ.

# શ્રી વિશ્વદીપ બારડ



વિશ્વદીપભાઈનો જન્મ ૧૯૪૬ માં ભાવનગરમાં થયો હતો. ચાર ભાઈ બહેનોમાંથી એ સૌથી નાના હતા. એમના પિતા શ્રી ભગવાનભાઈએ માત્ર પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું અને બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના નાના મોટા કામ કરતા હતા. માતા મણીબેન શિક્ષણથી વંચિત હતા. મધ્યમવર્ગી કુટુંબમાં રહીને વિશ્વદીપભાઈએ કરકસરનો પાઠ નાનપણમાં જ શીખી લીધેલો.

વિશ્વદીપભાઈનું પ્રાથમિક શાળાનું શિક્ષણ ભાવનગરની શામળદાસ સ્કૂલમાં થયેલું. ગાંધીજી પણ આ જ શાળામાં ભણેલા. આજે ૬૫ વર્ષો બાદ પણ એ શાળામાં ગવાતી પ્રાર્થના "અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા" એમની પ્રિય છે. ત્યારબાદ એમણે ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી, ૧૯૬૫ માં S.S.C. ની પરીક્ષા પાસ કરી. પ્રાથમિક શાળાના અભ્યાસ દરમ્યાન, ગામમાં યોજાતા કથા-કિર્તનમાં હાજરી આપી, એમણે રામાયણ અને મહાભારતની કથાઓ સાંભળેલી. હાઈસ્કૂલ કોર્ટની નજીક હોવાથી ક્યારેક ક્યારેક કોર્ટમાં ક્રીમીનલ કેસની સુનાવણી સાંભળવા જતા.

S.S.C. ની પરીક્ષા પાસ કરી, ભાવનગરની  શામળદાસ કોલેજમાં આર્ટસ વિભાગમાં એડમીશન લઈ એક વર્ષ પૂરૂં કર્યું. ૧૯૬૬ માં સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની સ્થાપના થઈ, અને એમની કોલેજ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીમાં આવી, પણ એમને તો ગુજરાત યુનીવર્સીટીમાં જ ભણવું હતું એટલે એ ભાવનગરથી અમદાવાદ એમના બહેનને ઘરે આવી ગયા, અને અમદાવાદની એસ.વી. કોલેજમાં દાખલ થયા. અહીંથી તેમણે ૧૯૭૦ માં ગુજરાતી અને ઈતિહાસના વિષયો સાથે B.A. ની ડીગ્રી મેળવી. કોલેજના આ વર્ષો દરમ્યાન એમણે સવારના ૭ થી ૧૦ વાગ્યા સુધી કોલેજમાં અભ્યાસ અને ૧૧ થી રાત્રે ૮ વાગ્યા સુધી સોના-ચાંદીની દુકાનમાં એકાઉન્ટીંગનું કામ કર્યું, જેથી કોલેજના ખર્ચને પહોંચી વળાય.

વિશ્વદીપભાઈને શાળાના સમયથી જ કવિતા પ્રત્યે લગાવ હતો પણ એમણે કવિતાઓ લખવાની શરૂઆત કોલેજના અભ્યાસ દરમ્યાન કરી. ૧૯૬૭ માં એમણે પહેલી કવિતા “અદયભીંત” અને બીજી કવિતા “કોઈબિચારી”. લખી. કોઈબિચારી કવિતા “સ્ત્રી” સામયિકમાં છપાઈ. કોલેજની કાવ્ય સ્પર્ધામાં “ કહેશો  નહી”-“હસતો  રહ્યો”  કવિતા પ્રથમ સ્થાને આવી. એમની કેટલીક કવિતાઓ કોલેજના બુલેટીન બોર્ડ પર પણ મૂકાઈ.



૧૯૭૦ માં ગ્રેજ્યુએટ થયા બાદ એમને ગુજરાત આયુર્વેદ  યુનીવર્સીટીમાં નોકરી મળી. ૧૯૭૨ માં એમના રેખાબહેન સાથે લગ્ન થયા. રેખાબહેને પણ સાયકોલોજી વિષય સાથે B.A. સુધીનો અભ્યાસ કર્યો છે. ૧૯૭૩  માં દંપતિએ પુત્રી દિપ્તીને જન્મ આપ્યો.

રેખાબહેનના ભાઈયો અમેરિકામાં સ્થાયી થયા હતા. ૧૯૭૫ માં રેખાબહેનના ભાઈની સ્પોન્સરશીપથી વિશ્વદીપભાઈ એમની પુત્રી અને પત્ની સાથે કાયમી વસવાટ માટે અમેરિકા આવ્યા. શરૂઆતમાં એમણે Chicago માં વસવાટ કર્યો. અહીં ૧૯૭૭ માં એમના પુત્ર આશિષ નો જન્મ થયો. Chicago ની સખત ઠંડી અને હીમવર્ષા સહન ન થતાં, ૧૯૭૯ માં એમણે ટેક્ષાસ રાજ્યના હ્યુસ્ટન શહેરમાં સ્થળાંતર કર્યું. એમના અમેરિકાના વસવાટ માટે વિશ્વદીપભાઈ કહે છે, “મારા માટે ભારત એટલે જન્મભુમી અને અમેરિકા એટલે કર્મભુમી..એક દેવકીમૈયા અને બીજા યશોદા મૈયા..યશોદામૈયાએ પણ ઘણું ઘણું આપ્યુ છે. મારી કાર્યશિલતાની કદર થઈ છે. બેંકની જોબ દરમ્યાન જ્યારે મને..એમપ્લોઈ ઓફ ધ મન્થ (Employee Of The Month)ના બિરુદ સાથે સન્માન થયું અને બેંકનાં મેગેઝીનમાં મારો પરિચય સાથે ફોટો પબ્લીશ થયો એ બતાવે છે કે અમેરિકા જેવા દેશમાં તમારા કામની કદર થાય છે. અહીં જ મને ૧૯૮૧માં હ્યુસ્ટન ઈન્ડિપેન્ડ્ન્ટ સ્કુલ ડિસ્ટ્રીકમાં પ્રોક્યુરમેન્ટ ઓફિસર (ખરીદી ઓફીસર) તરીકે જોબ મળી, મારી પત્નિ પણ સ્કુલ ડીસ્ટ્રીકમાં એકાઉન્ટીગમાં જોબ કરતાં હતાં. અહીં જ દીકરી કમ્પુટર એન્જિનર થયાં બાદ એમ.બી.એ. સાથે ટેક્ષાસ ઈન્સ્ટ્રુમેન્ટમાં એન્જિનયર તરિકે જોડાઈ.અને દિકરાએ મેડિકલફિલ્ડમાં આગળ વધી એમ.ડી કરી પિડિયાટ્રીક ગેસ્ટ્રોએન્ટોલોજીસ્ટમાં સ્પેસ્યાલીસ્ટ થયો. માત્ર એટલું જ નહિં, ૨૦૦૯માં ‘ઈન્ટરનેશન વુમન ફૉરમ’ સંસ્થા જેમાં હિલરી ક્લિન્ટન, માર્ગારેટ થેચર જેવી, વિશ્વની ટૉપ ૨૦ મહિલાનો સમાવેશ થાય છે, તેમાં મારી દીકરી દિપ્તિની પસંદગી થવાથી એ પ્રસંગ મારા અને મારી પત્ની, સમગ્ર ગુજરાત માટે અતિ-આનંદ અને ગૌરવની વાત હતી.”

અમેરિકામાં ઠરીઠામ થયા પછી એમનું મન પાછું સાહિત્યપ્રવૃતિ પાછળ દોડ્યું. હ્યુસ્ટનમાં એના માટે યોગ્ય વાતાવરણ પણ હતું. હ્યુસ્ટનમાં અનેક સાહિત્યપ્રેમીઓ સાહિત્ય સરિતા નામે મંડળ ચલાવે છે, અહીંની સભાઓમાં વિશ્વદીપભાઈને પોતાની રચનાઓ રજૂ કરવાનો મોકો મળ્યો. ૨૦૦૨ માં “કાવ્ય સુંદરીની સાથે સાથે” નામના પુસ્તકનું શ્રી આદિલ મન્સૂરીના હાથે વિમોચન થયું. ત્યારે એમણે કહેલું, “આવતી કાલે આ નાનકડી

કલમ એક વૃક્ષ બનશે”, આમ કલમ શબ્દના બેવડા અર્થમાં એમણે ભવિષ્ય ભાખી લીધું. લગભગ આ સમયમાં જ ગુજરાતી બ્લોગ્સ લોકપ્રિય થવા લાગ્યા. બ્લોગ્સમાં એમના કાવ્યો, નિબંધો અને વાર્તાઓ મૂકાવા લાગી. પ્રો. સુમન  અજમેરી, શ્રી રાધેશ્યામ શર્મા, શ્રી ધીરૂભાઈ પરીખ જેવા જાણીતા સાહિત્યકારોના માર્ગદર્શન હેઠળ એમનું સર્જન અવિરત ચાલુ રહ્યું. એમની ઘણી લઘુ કથાઓ “કુમાર” માસિકમાં પણ પ્રસિધ્ધ થઈ. એમના સર્જનોના રસાસ્વાદ પણ થયા.



(રેડિયો સ્ટેશનમાં કાર્યક્રમની રજૂઆત)

એમના સર્જનનો આનંદ મેળવવા તમારે એમની રચનાઓ વાંચવી જોઈએ, છતાં આ લેખની મર્યાદામાં રહી, એમની થોડી કાવ્ય પંક્તિઓ અહીં રજૂ કરૂં છું.

માર્ગમાં અમથા મળેલા ગમ હજુંએ યાદ છે,

ખાલી મળેલા સ્મિત મહીંના ભાર હસતો  રહ્યો..

બીજા એક કાવ્યમાં તેઓ કહે છે,

ક્યાં હતું  મારું અહીં  કોઈ  ઠેકાણું આ શહેરમાં?
ઝાંઝવાના  ઝળ મને  કેમ અહીં શોધવા નીકળ્યાં ?

એમના સર્જનો માટે તમે એમના બ્લોગ્સ

https://vishwadeep.wordpress.com/ અને

http://vishvadeep.gujaratisahityasarita.org/

ની મુલાકાત લઈ શકો છો.

૨૦૦૮ માં શ્રી રાધેશ્યામ શર્માએ વિશ્વદીપભાઈનો પરિચય જનસત્તામાં પ્રકાશિત કર્યો જે ત્યારબાદ "સાક્ષરનો સાક્ષાત્કાર" પુસ્તકમાં સામિલ કરવામાં આવ્યો. આજે અમેરિકામાં ચાલતી સાહિત્યપ્રવૃતિમાં એમનું નામ જાણીતું છે. ૨૦૦૪ માં એમના બાળકોએ કહ્યું, "ડેડી, તમે તમારી ફરજ બજાવી, આર્થિક-માનસિક બધી રીતે શિક્ષણ અને સંસ્કાર આપી આપની ફરજ બજાવી, હવે આપ નિવૃતિ લઈ આપનું જે સ્વપ્ન છે ગુજરાતી સા.હિત્યમાં કવિતા-વાર્તા લખવાનું તે હવે પુરુ કરો." બાળકોની વાત માની એમણે ૨૦૦૪ માં ૫૭ વર્ષની વયે નિવૃતિ લીધી. ૨૦૦૪ માં જ ત્રણ મહિના માટે વતનમાં રહી આવ્યા, અને એ દરમ્યાન અનેક કવિ, લેખકો અને ચિંતકોને મળી એમનું માર્ગદર્શન લીધું. અમેરિકામાં ૨૦૧૨માં હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાનું પ્રમુખપદ સંભાળેલ. તેઓ કહે છે, "મારું મૂખ્ય ધ્યેય પરદેશમાં આપણી માતૃભાષા અને આપણાં સંસ્કાર  સદા જવલંત રહે એના માટેના પ્રયાસ રુપે, વતનમાંથી આવતા આપણાં સાહિત્યકારોનો લાભ લઈ, એમના કાર્યકમોનું આયોજન કરી, અહીં વસ્તા ગુજરાતીઓમાં ભાષનો રસ જળવાય રહે તેવા અથાંગ પ્રયાસો ચાલું રાખાવાનો છે."

નિવૃતીની અન્ય પ્રવૃતિ વિશે તેઓ કહે છે, "હું અને મારી પત્ની રેખા દર વર્ષે મા-ભોમની મુલાકત લઈએ છીએ.ભાવનગરમાં માનવતાભર્યા કાર્યમાં રસ લઈ પ્રવૃત રહીએ છીએ.ખાસ કરીને...શિક્ષણક્ષેત્રે ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી આગળ ભણવામાં પ્રોત્સાહિત કરવા,.બાળકોને આગળ અભ્યાસમાં માર્ગ-દર્શન,.જોબ શોધવામાં માર્ગ-દર્શન

તેમજ તેમને લગતા સેમિનાર યોજવા, આરોગ્યક્ષેત્રે "આઈ-કેમ્પ", બ્લડકેમ્પ, હેલ્થકેર-કેમ્પ યોજવા. આવા  કાર્યમાં ત્રણ મહિના ક્યાં પસાર થઈ જાય છે તેનો ખ્યાલ પણ નથી રહેતો..આમાં જે આનંદ મળે છે તેનું વર્ણન શબ્દમાં આલેખી શકાય તેમ નથી."

એમના જીવનનો મંત્ર છે "થઈ શકે તો કોઈનું ભલું કરજો, પણ કોઈનું બુરૂં કદી ન ઇચ્છજો, ન કરજો."

મારી શુભેચ્છા છે કે વિશ્વદીપભાઈ પોતાનો સાહિત્યસેવાનો અને સમાજસેવાનો દીપ સદાય પ્રજ્વલિત રાખે.

# શ્રીમતિ પ્રજ્ઞાબહેન દાદભાવાળા



પ્રજ્ઞાબહેનનો જન્મ ૧૯૫૭ માં રાજકોટમાં થયો હતો. એમના પિતા શ્રી જયંતિલાલને કોલેજના બે વર્ષ સુધીનું શિક્ષણ પ્રાપ્ત થયેલું, જ્યારે માતા અનસુયાબહેન પાંચ ધોરણ સુધી ભણેલા હતા. પિતા બ્રૂક બોન્ડ ટી કંપનીમાં નોકરી કરતા હતા.

પ્રજ્ઞાબહેનનું પ્રાથમિકશાળાનું શિક્ષણ મુંબઈની જાણીતી અમુલખ  અમીચંદ ભીમજી વિવિધલક્ષી વિદ્યાલયમાં થયેલું. અહીં ભણતર ઉપરાંત બાળકોની પ્રતિભા નિખારવા, વિવિધ વિષયો શીખવવામાં આવતા, અને છઠા ધોરણ થી વિવિધ લાઈન પસંદ કરવા મળતી. આ શાળામાંથી પ્રજ્ઞાબહેને ૧૯૭૫ માં SSC પરીક્ષા પાસ કરી. SSC ની પરીક્ષા પાસ કરી, પ્રજ્ઞાબહેન મુંબઈની SIES કોલેજમાંથી ફિલોસોફી અને સાઈકોલોજી વિષય સાથે ગ્રેજ્યુએટ થયા.

કોલેજ કાળ દરમ્યાન એમણે કવિતાઓ લખી, જેમાની કેટલીક કુમાર માસિકમાં પ્રગટ થઈ. આ સમય દરમ્યાન જ એમણે SNDT યુનિવર્સીટીમાંથી પત્રકારિતાનો કોર્સ પણ કર્યો, અને એ દરમ્યાન હરીન્દ્ર દવે, સુરેશ દલાલ અને પ્રદીપ તન્ના  જેવા નામી

સાહિત્યકારોના સંપર્કમાં આવ્યા. આ ઉપરાંત એમણે જુદા-જુદા ઘણાં ક્ષેત્રોમાં અભ્યાસ કર્યો. જેવા કે કોમર્સિયલ આર્ટ, ફેશન ડીઝાઈનીંગ, નૃત્ય અને પછી બ્યુટી પાર્લરનો કોર્ષ. એકવાર પુરૂષોત્તમ ઉપાધ્યાયને હસ્તે સંગીત સ્પર્ધામાં ઈનામ પણ મેળવ્યું. ત્યારબાદ નાટક-સિનેમાના કલાકાર દીના પાઠકની દોરવણી નીચે અભિનય શિખવાનું શરૂ કર્યું, ત્યારે એક બે વાર રેડિયોમાં નાટકના પાત્રો પણ નિભાવ્યા. એમના પિતાએ એમની કારકિર્દી ઘડવામાં ખુબ મદદ કરી અને પ્રોત્સાહન આપ્યું, અને માતાએ ઘરકામની સમજ આપી.

૧૯૮૦ માં પ્રજ્ઞાબહેનના લગ્ન એક મોભાદાર દાદભાવાળા કુટુંબના સુપુત્ર શરદભાઈ સાથે થયા. શરદભાઈ વ્યવસાયથી Chartered Accountant છે. આધુનિક વિચારશ્રેણીવાળા આ કુટુંબમાં પ્રજ્ઞાબહેનને પોતાની આવડત અને શક્તિનો ઉપયોગ કરવાની પુરેપુરી છૂટ અને સગવડ હતી. નોકરી કે વ્યાપાર આ બે પર્યાયમાંથી પ્રજ્ઞાબહેને વેપારને પસંદગી આપી. વિમા એજંટ ના કામ ઉપરાંત એમણે ફેશન ડિઝાઈનીંગ અને મેન્યુફેકરીંગનું કામ ઘરમાંથી જ શરૂ કર્યું. આ કામ ખૂબ જ ધીરજ અને પરિશ્રમ માગી લે તેવું છે, પણ પ્રજ્ઞાબહેને ઉત્સાહ અને ખંતથી આ કામમાં સારી સફળતા મેળવી. સાડી, દુપટ્ટા વગેરે ઉપર જાતે ડીઝાઈન કરી તૈયાર કરેલા વસ્ત્રોનું પ્રદર્શન અને વેચાણ ગોઠવી સફળતા મેળવી. મોટા ઓર્ડર હોય ત્યારે કારીગરો રોકી, સમયસર માલ ગ્રાહકોને પહોંચતો કર્યો. લંડન જઈ ત્યાં પ્રદર્શન કરી ઓર્ડર લઈ આવતા, અને વસ્ત્રો સપ્લાય કરતા. આ બધા કામની વચ્ચે ૧૯૮૩ માં એમની પહેલી દિકરી નેહાનો અને ૧૯૮૬ માં એમની બીજી દિકરી ભૂમિકાનો જન્મ થયો હતો.

દિકરીઓને સારૂં શિક્ષણ મળે અને જીવનમાં પ્રગતી કરવાની તક મળે એટલે ૧૯૯૯ માં ગ્રીનકાર્ડ મેળવી પ્રજ્ઞાબહેન સહકુટુંબ અમેરિકા આવ્યા. એકવર્ષ સુધી અન્ય કામકાજને લીધે શરદભાઈ લંડનમાં રહ્યા. લંડનમાં એક વર્ષ રોકાયા બાદ શરદભાઈ અમેરિકા આવ્યા અને એમને કેલિફોર્નિયામાં નોકરી મળી., એક વર્ષ એકલા હાથે ,બે

દિકરીઓ સાથે પ્રજ્ઞાબહેન નોર્થ કેરોલીનામાં રહ્યા,  અજાણી ધરતી અને અજાણ્યા લોકો અને તદન અલગ સંસ્કૃતિ માં American Way of Life સમજવાની મથામણમાં કરતા રહ્યા . કાર ચલાવતા શીખ્યા, બાળકોને શાળામાં દાખલ કર્યા, અને સાથે સાથે સેફ વે માં આઠ કલાક ઊભા રહીને કામ કરવાની નોકરી પણ કરી. આમ અહીં આવનારા બધાને જે સ્ટ્રગલ કરવી પડે છે તેવી સ્ટ્રગલ એમને પણ કરવી પડી. કેલીફોર્નીયામાં આવ્યા બાદ એમને બેંકમાં નોકરી મળી, જે એમણે છ-સાત વર્ષ સુધી જાળવી રાખી. બન્ને ની આવક હોવા છતાં ભાડાના એપાર્ટમેન્ટમાંથી પોતાના ઘર સુધી પહોંચવામાં સાત વર્ષ લાગ્યા. શરદભાઈ અત્યારે ઇન્ડિયા કોમ્યુનીટી સેન્ટરમાં ડિરેક્ટર ઑફ ફાઈનાન્સ તરીકે કામ કરે છે.

અમેરિકામાં આવ્યા બાદ પણ પ્રજ્ઞાબહેનનો તરવરિયો સ્વભાવ એમને પગવાળીને બેસવા દે એવું ક્યાં હતું? એમણે વૃધ્ધ નાગરિકોને માર્ગદર્શન આપવા અને મદદ કરવાની ટ્રેનીંગ લીધી, અને સમાજ સેવામાં લાગી ગયા. આ વિષય ઉપર એમણે અમેરિકાના રેડિયો જીંદગી ઉપરથી વાર્તાલાપ પણ આપેલો. વિદેશની ધરતી પર ભારતના પારંપારિક સાંસ્કૃતિ અને પારિવારીક સંસ્કારોને અવિરત ધબકતું રાખવા ડગલો" અને "બેય એરિયા ગુજરાતી સમાજ" આ બે ગુજરાતી સંસ્થાઓ Bay Area માં જાણીતી છે. "DAGLO" એટલે Desi Americans of Gujarati Language Origin. 'ડગલો' સંસ્થા બે એરીઆ માં ગુજરાતી સાહિત્ય, સંગીત દ્વારા ભાષાને જીવંત રાખવાનો પ્રયત્ન કરી રહી છે. (કેલિફોર્નિયામાં સાન ફ્રાન્સિસ્કો અને એની આજુબાજુનો વિસ્તાર બેય એરીઆ કહેવાય છે). આ  બન્ને સંસ્થાઓમાં પ્રજ્ઞાબહેન અને શરદભાઈ ખૂબ જ સક્રિય  ભાગ ભજવી રહ્યા  છે. છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત ગૌરવ દિનની ઉજવણી માટે સંસ્થાના અગ્રણી કાર્યકર તરીકે પજ્ઞાબેન સાહિત્ય સભર સુંદર પ્રોગ્રામનું આયોજન કરે છે. ૨૦૧૪ માં એમણે રજૂ કરેલો કાર્યક્રમ "નરસૈંયો" એમની કલાકુશળતાનો પૂરાવો હતો. પ્રજ્ઞાબહેન બેય એરીઆમાં  'પુસ્તક પરબ' નું સંચાલન પણ સક્રિયરીતે સંભાળે છે. આમ માતૃભાષા જીવંત રાખી, કલા-સંગીત પ્રત્યેની

અભિરૂચીને વાચા  આપી, ગુજરાતી ભાષાની અસ્મિતાને જાળવવાનું અને  ભાષાને ધબકતી રાખવાનું ખુબ જ સુંદર કાર્ય કરી રહ્યા છે.




(બેય એરિયા ગુજરાતી સમાજના વાર્ષિક કાર્યક્રમમાં ડાબીબાજુ શ્રી શરદભાઈ દાદભાવાળા, જમણીબાજુ શ્રિમતી પ્રજ્ઞાબહેન દાદભાવાળા, વચ્ચે મુખ્ય અતિથીઓ)



(બેઠકનું સંચાલન કરતા પ્રજ્ઞાબહેન)

છેલ્લા એક વર્ષથી એમણે મિલપીટાસમાં ગુજરાતીઓનો સાહિત્યમાં રસ જાણી લઈ, એમને મૌલિક લખાણ માટે ઉત્તેજન આપવા પુસ્તક પરબને નવું સ્વરૂપ આપી, "બેઠક" નામે એક પ્રવૃતિ શરૂ કરી છે. અહીં લેખક, પ્રેક્ષક, અને કલાકાર વચ્ચે સુંદર સેતુ બંધાય છે. દર મહિનાના છેલ્લા શુક્રવારે ગુજરાતીઓ ત્રણ કલાક માટે ભેગા થાય છે અને કોઈપણ એક વિષય ઉપર એમના મૌલિક વિચારો, લેખ અને કવિતા દ્વારા રજૂ કરે છે. બેય એરિયામાં ગુજરાતી ઉત્સવના સંચાલન માટે, અને ખાસ કરીને એમની વક્તૃત્વ કલા માટે પ્રજ્ઞાબહેનની ખૂબ જ પ્રસંશા થાય છે. જે વિષય ઉપર એમને બોલવાનું હોય છે એ વિષયનું તેઓ ઊંડું અધ્યયન કરે છે અને સચોટ માહિતી રજૂ કરે છે. સીનિઅર સિટિઝન ને પ્રેરણા આપવા, તેમના જીવનના વિવિધ પાસાઓને સ્પર્શતા તેમના અનુભવોને અભિવ્યક્તિ આપવા , તેમજ તેમની માતૃભાષાની ચાહતને વ્યક્ત કરવા, અને નવોદિત લેખક-કવિઓને પ્રોત્સાહન આપવા પ્રજ્ઞાબહેન "શબ્દોનું સર્જન" નામના બ્લોગનું સંચાલન કરે છે. એ સિવાય "ડગલો", "બેય એરિયા ગુજરાતી સમાજ" ની પ્રવૃતિઓની માહિતી આપવા અને સીનીયર્સને માર્ગદર્શન કરતા બ્લોગ્સનું સંચાલન પણ કરે છે. અમેરિકામાં સ્થાયી વસવાટ માટે આવેલા ગુજરાતી કુટુંબોને અહીં મળતી સરકારી સગવડોની માહિતી આપી, એમને જોઈતી મદદ કરવા માટે પ્રજ્ઞાબહેન કાયમ ઉત્સુખ રહે છે. હું ગ્રીનકાર્ડ લઈ, કાયમી વસવાટ માટે અમેરિકા આવ્યો, ત્યારે મનેપણ પ્રજ્ઞાબહેનનું ઉપયોગી માર્ગદર્શન મળેલું. બેય એરિયાના જાણીતા ગુજરાતીઓ સાથે મારો સંપર્ક કરાવીઆપવામાં પણ પ્રજ્ઞાબહેનનો મોટો ફાળો છે. તમે પ્રજ્ઞાબહેનનો સંપર્ક pragnad@gmail.com માં કરી શકો છો.

# શ્રી સુરેશ પટેલ



સુરેશભાઇનો જન્મ ૧૯૫૨ માં સુરત જીલ્લાના, બારડોલી તાલુકાના, વઢવાણિયા ગામમાં થયો હતો. પિતા શ્રી કરસનભાઈ એમના સમયના મોટા ગજાના ખેડુત હતા. ગામમાં એમની ૫૦૦ વીંઘા જમીન હતી અને ગામથી દૂર ખેડબ્રહ્મામાં અને ઈડરમાં એટલી જ વિશાળ જમીનો હતી. આ ઉપરાંત સુરત જીલ્લાના વ્યારામાં એક ઓઈલ મીલ હતી. સમાજમાં એમની છાપ દાનવીર તરીકે હતી. માતા દિવાળી બહેન કુટુંબ વત્સલ, આધ્યાત્મિક વૃત્તિના અને પરોપકારી હતા. પિતા કરસનભાઈએ આઝાદીની લડત દરમ્યાન સરદાર પટેલની આગેવાની હેઠળ  શરૂ થયેલી બારડોલીના કિસાનોની ચળવળમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો, અને કેદની સજા પણ ભોગવેલી, પણ આઝાદી બાદ સ્વતંત્ર સૈનિકોને આપવામાં આવતા પેન્સનનો સ્વેચ્છાએ અસ્વીકાર કર્યો હતો. પોતાની હૈયાતિમાં જ એમણે સમાજના વિવિધ કાર્યો માટે રુપિયા ચોદ લાખ દાનમાં આપી, કરસનભાઈ હીરાભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ અને દિવાળીબેન કરસનભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટસ બનાવેલા.

સુરેશભાઈનો સાતમા ધોરણ સુધીનો અભ્યાસ વઢવાણિયામાં અને આઠમા ધોરણથી S.S.C. સુધીનો અભ્યાસ વડોદરા હાઈસ્કૂલમાં થયેલો, ત્યારબાદ આર્ટસ બ્રાંચમાં પહેલા વર્ષે સુરતની અને બીજા વર્ષે આણંદની કોલેજમાં અભ્યાસ કરેલો. ૧૯૭૩ માં

સુરેશભાઈના લગ્ન અમેરિકા સ્થિત ઉર્વશી બહેન સાથે થયા, અને ૧૯૭૪ માં સુરેશભાઈ કાયમમાટે અમેરિકા રહેવા આવી ગયા.

અમેરિકા પહોંચીને એમણે કારોબારમાં ઝંપલાવ્યું. Hospitality ઉદ્યોગ એમની પસંદગીનો હોવાથી એમણે મોટેલ ખરીદવાનો નિર્ણય લીધો. એમને પોતાને મોટેલનો કોઈ અનુભવ ન હતો, એટલે એમણે પનામા સ્થિત એમના બે મોટા ભાઈયોને સાથે લઈ સંગમ ઈન્વેસ્ટમેન્ટની સ્થાપના કરી, અને કેલિફોર્નિયામાં સાનફ્રાંસિસ્કોમાં ૨૩ રૂમની મોટેલ ખરીદી. ૧૮ વર્ષ સુધી આ એક જ મોટેલ ચલાવીને એમણે મોટેલ ઉદ્યાગની સમગ્ર યંત્રણામાં મહારથ હાંસિલ કરી. બસ ત્યારબાદ મોટેલ ઈન્ડસ્ટ્રીમાં સુરેશભાઈની પ્રગતિ વિષે લખવા બેસું તો આ લેખ બહુ લાંબો થઈ જાય. આ લેખમાં મારે સુરેશભાઈએ પરિશ્રમ કરી પ્રાપ્ત કરેલી લક્ષ્મીનો, સમાજ માટે કેવી રીતે ઉપયોગ કર્યો એની ટૂંકાણમાં થોડી વાતો કરવી છે.

ઉર્વશીબહેન અને સુરેશભાઈએ પોતાના રહેઠાણનું નામ વૃંદાવન રાખ્યું છે. ૭ બેડરૂમવાળા, સુખ-સગવડના સાધનોથી સુસજ્જ, આ મકાનમાં અનેક સગાં-સંબંધી, મિત્રો, કલાકારો, રાજકીય અને સામાજીક કાર્યકરો મહેમાન બની ચૂક્યા છે. એ સિવાય પણ અમેરિકાની અને ખાસ કરીને કેલિફોર્નિયાની મુલાકાતે આવેલી અનેક જાણીતી વ્યક્તિઓના યજમાન કે સહ-યજમાન સુરેશભાઇ બન્યા છે. થોડાક નામોનો ઉલ્લેખ કરૂં તો, કલાકારોમાં પુરૂષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, રાસબિહારી મહેતા, વિભા દેસાઇ, મધુસુદન વ્યાસ, માર્કંડ ભટ્ટ, ઉર્મિલા ભટ્ટ, દિનયાર કોન્ટ્રેકટર, પુરુષોત્તમ જલોટા, હરિઓમ શરણ, નંદીની શરણ, હરિપ્રસાદ ચોરસિયા, હર્ષા ત્રિવેદી, અને સાધના દત્ત. ધાર્મિક પ્રવૃતિઓમાં આગળ પડતી વ્યક્તિઓમાં શ્રી રમેશભાઈ ઓઝા, શ્રી પ્રમુખ સ્વામી, શ્રી મોરારી બાપુ, શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, શ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠાવલે, સાહિત્યકારોમાં સુ.શ્રી કુંદનિકા કાપડિયા, શ્રી મકરંદ દવે, શ્રી સુરેશ દલાલ, શ્રી જયંતિ પટેલ, શ્રી બકુલ ત્રિપાઠી, શ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી રજની વ્યાસ અને શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રીનો સમાવેશ થાય છે.

અમેરિકામાં સ્થાયી થયેલા કલાકારોને પણ સુરેશભાઈએ સબળ ટેકો આપ્યો છે જેમા કેલિફોર્નિયા સ્થિત માધવી મહેતા, અસીમ મહેતા, દર્શના ભૂતા, પ્રવિણ ચક્ષુ અને અમૃત ગજ્જરનો સમાવેશ થાય છે. કેલિફોર્નિયાના Bay Area માં ભાગ્યે જ ગુજરાતીઓનું કોઈ સંગઠન હશે કે જેમા સુરેશભાઈનો સક્રીય ફાળો ન હોય. કેટલાક જાણીતા સંગઠનોનો ઉલ્લેખ કરવો હોય તો Indian Cultural Association, Devotion Association of Sitaram Trust, Federation of Indo-Americans Association in North California, Bay Area Gujarati Samaj, Charitable Care Foundation અને Bay Area ના, અને ભારતમાંના, અનેક નાનામોટા ટ્રષ્ટ અને મંડળોને એમનો સક્રીય સહકાર મળતો રહ્યો છે.

હવે બીજા એક મહત્વના ક્ષેત્રમાં સુરેશભાઈના કામની વાત કરૂં. ભારત અને અમેરિકા વચ્ચે grassroot level ની મિત્રતા માટે સુરેશભાઈએ વીસમી સદીમાં જ પ્રયત્નો શરૂ કરી દીધેલા. આમાં અમેરિકાના અલગ અલગ શહેરોને ભારતના અલગ અલગ શહેરો સાથે મૈત્રીભર્યા સંબંધોથી જોડવા એટલે કે Sister Cities નું બિરૂદ આપવું, એકબીજાના મેયરને આમંત્રણ આપી એમનો સત્કાર કરવો વગેરેનો સમાવેશ થાય છે. ૨૦૦૧ માં આ પ્રવૃતિનો વિસ્તાર કરી, એમણે અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યને ભારતના ગુજરાત રાજ્ય સાથે Sister State નો સંબંધ સ્થાપવામાં આગળ પડતો ભાગ ભજવેલો.

સુરેશભાઈનું સામાજીક કાર્ય માત્ર અમેરિકા પુરતું જ મર્યાદિત ન હતું. ગુજરાતમાં આવેલા મહાવિનાશક ધરતીકંપના સમાચાર મળતાંજ એમણે સાનફ્રાંસિસ્કોમાં, કેલિફોર્નીયામાં વસતા ભારતીઓ અને સેવાભાવી સંસ્થાના પ્રતિનિધીઓની એક સભા બોલાવી, અને એમાં ૬૦ લાખ ડોલરની સામગ્રી અને રોકડ રકમ એકઠી કરી, ગુજરાત પહોંચાડેલી. આટલી મોટી રકમ એકઠી કરવામાં સુરેશભાઈના સામાજીક સ્થાને જરૂર ભાગ ભજવ્યો હશે. કારગીલના યુધ્ધમાં શહીદ થયેલા જવાનોની

વિધવાઓ માટે એમણે જાતે લાલકિલ્લામાં યોજાયલા એક સમારંભમાં હાજરી આપી, રુપિયા છ લાખનો ચેક આપેલો.

એમની જે સૌથી વધારે ધ્યાન ખેંચે એવી વાત કહું તો, આટલી સમૃધ્ધી અને આટલી સામાજીક માન્યતા હોવા છતાં તેઓ અતિ નમ્ર વ્યક્તિ છે. કોઈપણ નાના માણસને પ્રેમથી આલિંગન આપે છે, અને એમની વાત ધ્યાનથી સાંભળે છે. જે જે સંસ્થાઓના કાર્યક્રમોમાં તેઓ હાજરી આપે છે, એ સંસ્થાઓની જરૂરિયાતો સમજી લઈને એમને આર્થિક મદદ આપે છે. સુરેશભાઈ એમની સુરેશમામા તરીકેની ઓળખને સાર્થક કરે છે, કારણ કે જેમ લોકો મામાને સહેજ રીતે approach કરી શકે એમ સુરેશભાઇને approach કરી શકે છે, અને "મામાનું ધર કેટલે, દીવો બળે એટલે", કહેવતને સાચી ઠેરવે છે.

સુરેશભાઈ અને ઉર્વશી બહેનના પુત્રો સંદિપ અને આનંદ બન્ને ભણતર પુરૂં કરીને હવે સ્વાલંબી થયા છે, પણ કુટુમ્બની સામાજીક પ્રતિષ્ઠાથી ભલીભાંતી પરિચિત છે, અને સુરેશભાઈના પગલે ચાલવાના એંધાણ એમનામાં સ્પષ્ટ રીતે દેખાય છે.

મળવા જેવા માણસ લેખમાળાના આ અંતિમ મણકામાં મેં એવી વ્યક્તિનો પરિચય કરાવ્યો છે કે જે બીજા અનેક લોકોની જેમ સંપત્તિનું સર્જન કરવાનું જાણે છે, પણ બહુ થોડા લોકોની જેમ સંપત્તિનો સદઉપયોગ કરવાનું પણ જાણે છે.